શુદ્ધાદ્વૈત વેદાંત

PHILOSOPHICAL ASPECTS OF SHUDDHADVAIT-VEDANT

(ભાગ-૧)

મુંબઈ યુનિવર્સિટીના
વલ્લભ વેદાંત - સર્ટિફિકેટ કોર્સ આધારિત સંકલન



સંકલન અને આલેખન :- શ્રી જયેન્દ્ર સોની (શુદ્ધાદ્વૈત વિશારદ)

પ્રસ્તાવના :- પૂ.પા.ગો. ૧૦૮ શ્રી શ્યામ મનોહરજી

॥ શ્રી દ્વારકેશો જયતિ ॥

પૂ.પા.ગો. ૧૦૮ શ્રી [illegible]બાવાને -
સદૈન્ય દંડવત સાથે અર્પણ

- [illegible]
- જયેન્દ્ર શાસ્ત્રી

શુદ્ધાદ્વૈત વેદાંત

PHILOSOPHICAL ASPECTS OF SHUDDHADVAIT-VEDANT

PHILOSOPHICAL ASPECTS OF
SHUDDHADVAIT-VEDANT

© પ્રકાશક / મુદ્રક :
શ્રીમતી ભાગીરથી ચેરિટેબલ ટ્રસ્ટ,
'વ્રજવિહાર' વૈષ્ણવ હવેલી, આશાનગર,
કાંદિવલી (પૂર્વ), મુંબઈ-૪૦૦ ૧૦૧.
ટે. ૨૮૫૪૨૩૦૦

મુદ્રણ : રાધા અષ્ટમી, ૧ સપ્ટેમ્બર, ૨૦૦૬
મૂલ્ય : રૂા.૧૫૦/-

પ્રાપ્તિ સ્થાન :
શ્રીમતી ભાગીરથી ચેરિટેબલ ટ્રસ્ટ,
'વ્રજવિહાર' વૈષ્ણવ હવેલી, આશાનગર, કાંદિવલી (પૂર્વ), મુંબઈ-૪૦૦ ૧૦૧.
ટે. ૨૮૫૪૨૩૦૦

॥ શ્રી વલ્લભ ॥
॥ શ્રી દ્વારકેશોજયતિ ॥

આચાર્ય ચરણ દ્વન્દ્વં ભક્તિજ્ઞાનાબ્જ ભાસ્કરમ્ ।
નમસ્યામિ મન : કર્મ વાગ્ભિરન્તસ્તમોડપહામ્ ॥

'અંતઃકરણના અંધકારને દૂર કરનાર, ભક્તિથી
પ્રાપ્ત થતા ભગવજજ્ઞાનરૂપ કમલને ખીલવનાર
સૂર્યરૂપ,
શ્રીમદ્ વલ્લભાચાર્યજીનાં બે ચરણોને હું મન-કર્મ
અને વાણીથી નમસ્કાર કરું છું.'

નમો ભગવતે તસ્મૈ કૃષ્ણાયાદભુત કર્મણે ।
રૂપનામવિભેદેન જગત કીડતિ યા યતઃ ॥

જે રૂપ અને નામના ભેદ વડે કીડા કરે છે, જે જગદ્રુપ છે, જેમથી (જગત છે), તે અદ્‌ભુત કર્મવાળા ભગવાન શ્રીકૃષ્ણને નમન હો.'

વાક્‌પતિ જગદ્‌ગુરુ શ્રીમદ વલ્લભાચાર્યજી જેમના દિવ્ય સિદ્ધાંત માનવજીવનના ઉત્કર્ષ માટે સર્વતોધિક ઉપયુક્ત છે, જેના દ્વારા મનુષ્ય આત્મકલ્યાણના માર્ગે પ્રશસ્ત થઈ પરમોચ્ચ લક્ષ્યને પ્રાપ્ત કરી શકે છે, તેમનાં યુગ્મ ચરણકમલોમાં સાદર સમર્પણ.

ઋણસ્વીકાર

આ પુસ્તકના સંકલનમાં નીચેના ગ્રંથ સાહિત્યમાંથી સંદર્ભ લેવામાં આવેલા હોઈ તેમના લેખકોનો આલેખક વિનમ્રભાવે આભાર વ્યક્ત કરે છે

સંદર્ભ ગ્રંથો

(૧)	Shrimad Vallabhacharya- His Philosophy and Religion	Prof. J.G.Shah
(૨)	Manual of Devotional Path of Pushti	Shri Sharad Goswami
(૩)	શ્રીમદ્ વલ્લભાચાર્ય-વ્યક્તિત્વ-સિદ્ધાંત ઔર સંદેશ	ડૉ. ગજાનન શર્મા
(૪)	પ્રમેય રત્ન સંગ્રહ	ગો. શ્રી શરદ શ્રી અનિરુદ્ધલાલજી
(૫)	શુદ્ધાદ્વૈત ચિંતન	ગો. શ્રી વાગીશ કુમારજી મહોદય
(૬)	પ્રસ્થાન ચતુષ્ટય	ગો. શ્રીચંદ્રગોપાલજી મહોદય
(૭)	પુષ્ટિ પૂલીન	નવનિતપ્રિય શાસ્ત્રી
(૮)	પુષ્ટિ સ્વાધ્યાય	શ્રી યોગેશ શાસ્ત્રી (આં. પુ. વૈ. પ.)
(૯)	Hindu Philosophy	Theos Bernard
(૧૦)	શુદ્ધાદ્વૈત માર્ડણ્ડ	નિ. લી. ગો. શ્રી ગિરિધરજી મહારાજ (કાશી)
(૧૧)	ભારતીય દર્શન	પ્રો. સી. વી. રાવળ
(૧૨)	અ-વૈદિક દર્શનો	પ્રો. સી. વી. રાવળ

એવમ્ Class Lectures delivered by Dr.S.G.Nigal, Prof.Purnima Dave, Dr.Shubhda Joshi of Mumbai University, Dr.Mariano Iturbe, Dr.S.R.Talagheti, Rev. Goswami Sharadbawa and Reverend Goswami Shri Shyam Manoharji Maharaj.

આશીર્વચન

શ્રીમતી ભાગીરથી ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા પ્રાયોજિત અને મુંબઈ વિશ્વ વિદ્યાલય દ્વારા સંચાલિત, વલ્લભ વેદાંતના સર્ટીફિકેટ કોર્સમાં એક વરસ દરમિયાન જે ભણાવવામાં આવ્યું તેની ક્લાસનોટ્સ, તેમ જ નિર્ધારીત થયેલ કોર્સની વિષયસૂચિને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવી રહેલી પુસ્તિકા આવતા વરસમાં આ અભ્યાસક્રમમાં સામેલ થનાર અભ્યાસાર્થીઓને ઉપકારક થશે. એના પ્રકાશન માટે લેખક અને પ્રકાશક બન્નેને મારાં અભિનંદન!

જે કોર્સના અધ્યયન પછી ડિગ્રી મળતાં નોકરીમાં વધારે પગાર મળવાનો નથી કે નથી ધંધામાં વધારે કમાણી થવાની, તેવાં ડિગ્રીકોર્સમાં લોકો આટલી સારી સંખ્યામાં પોતાનાં નામો નોંધાવવા લાગ્યા! આ આજે ચાલી રહેલ ફેશનના પ્રદૂષિત વાયુથી નોખી ભાડ પાડતા સ્વસ્થ વાયરા વાવાનાં એંધાણ છે. વિદ્યોપાર્જન ભૌતિક જીવનમાં ફક્ત સુખ-સમૃદ્ધિ પ્રદાન કરનારી કમાણી માટે જ નહીં બલ્કે સદ્વાણી, સદ્વિચાર અને શાશ્વત મૂલ્યોને જીવનમાં હાંસલ કરવા માટે પણ હોવું જોઈએ!

ઘણાં વર્ષોથી પુષ્ટિમાર્ગમાં ફક્ત નયનોને ગમતી ઝાંખીઓનાં ધંધાકીય મનોરથોથી બંધાણી વૈષ્ણવ જનતાને બનાવી રાખીને આપણે જોઈ લીધું કે મહાપ્રભુ શ્રી વલ્લભાચાર્યને ગમે તેવા પુષ્ટિમાર્ગ પર નથી આપણે પોતે આગળ વધી શક્યા કે નહીં સર્વસાધારણ જનતામાં પુષ્ટિમાર્ગ માટે સારી છાપ ઊભી કરી શક્યા. હવે સમયની માગણી છે કે એક વખત જનતાને મહાપ્રભુનાં ધર્મ અને દર્શનની સાચી સમજ જે રીતે આપી શકાતી હોય તે રીતે આપીને પોતે મહાપ્રભુને ગમે તેવી દિશા તરફ થોડાક પણ અગ્રસર થવાનો પ્રયાસ આપણે કરી જોઈએ.

ગોસ્વામી શ્યામ મનોહર

૬૩, સ્વસ્તિક સોસાયટી, ૪થો રસ્તો,
જુહુસ્કીમ, પારલે, મુંબઈ-૪૦૦ ૦૫૬.

આમુખ

શ્રીમદ્ વલ્લભાચાર્યજીના સિદ્ધાંતો ઉપર આધારિત વિદ્વાનો અને નિષ્ણાતો દ્વારા તૈયાર થયેલા વલ્લભવેદાંત અને વૈષ્ણવિઝમના સર્ટીફિકેટ તથા અનુસ્નાતક ડિપ્લોમા કોર્સ મુંબઈ યુનિવર્સિટી અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના તત્ત્વજ્ઞાન વિભાગ અંતર્ગત શરૂ થયા છે અને એમાં વૈષ્ણવસંપ્રદાય અને વિદ્યાર્થીવિશ્વનો ઉત્સાહભર્યો પ્રતિસાદ મળ્યો છે એથી મહાપ્રભુજીની અસીમ કૃપાની અમને અનુભૂતિ થાય છે.

કોલકત્તા અને ચેન્નાઈ યુનિવર્સિટીના સકારાત્મક પ્રતિસાદથી અમારો ઉત્સાહ વધ્યો છે અને હવે દેશની અન્ય યુનિવર્સિટીમાં આ અભ્યાસક્રમ તથા અનુસ્નાતક તેમ જ સંશોધન માટેના વિવિધ ઉપક્રમોની યોજના વિચારાધીન છે.

વૈષ્ણવસંપ્રદાય અને અન્યો આ શૈક્ષણિક અભ્યાસક્રમ દ્વારા શ્રીમદ્ મહાપ્રભુજીના સિદ્ધાંતો અને તત્ત્વદર્શનનો અધ્યયન કરી ધર્મ વિષે સમ્યક દૃષ્ટિ કેળવી શકશે એવી શ્રદ્ધા છે.

સમગ્ર ગોસ્વામી પરિવારો અને વિશેષતઃ પૂ. પા. ગો. ૧૦૮ શ્રી શ્યામમનોહરજીના અમૂલ્ય માર્ગદર્શન અને દિશાસૂચન બદલ ઋણસ્વીકારની ભાવના વ્યક્ત કરતા અમે કૃતજ્ઞતાની લાગણી અનુભવીએ છીએ.

શ્રી જયેન્દ્ર સોની દ્વારા સંકલિત આ પુસ્તક સર્વને ઉપયોગી થશે એવા વિશ્વાસ સહ-

અવિનાશ બી. પારેખ

પ્રમુખ ટ્રસ્ટી :

શ્રીમતી ભાગીરથી ચેરિટેબલ ટ્રસ્ટ

સ્થાપક :

વલ્લભવેદાંત એકેડમી અને રિસર્ચ સેન્ટર

યુનિવર્સિટી ઓફ મુંબઈ / સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

પ્રસ્તાવના

પ્રાચીન ભારતીય સંસ્કૃતિનો પટ વિવિધરંગી છે. એમાં અનેક ધર્મપરંપરાઓના રંગ ભળેલા છે, તે પૈકી શ્રમણ પરંપરા અને વૈદિક પરંપરા એ બે મુખ્ય છે. ધર્મપરંપરાનાં આંતર (તત્ત્વજ્ઞાન) અને બાહ્ય (ધર્મ) એ બે પાસાં છે. જેટલું ભારતીય જીવન ભાતીગળ છે એટલું તેનું તત્ત્વજ્ઞાન પણ વૈવિધ્યપૂર્ણ છે. આપણી સંસ્કૃતિમાં ધર્મનો અર્થ ચોક્કસ પૂજાપદ્ધતિ નથી પણ જીવનશૈલી કે આચારસિદ્ધાંત છે. ધર્મ એ તાત્ત્વિક સિદ્ધાંતોની આધારશીલા પર રચાયેલો વૈયક્તિક તેમ જ સામૂહિક જીવનવ્યવહાર છે. તેથી ધર્મને સમજવા માટે તત્ત્વજ્ઞાનના પાયાના સિદ્ધાંતો સમજવા અત્યંત જરૂરી છે.

મુંબઈ વિદ્યાપીઠમાં જૈન અને બૌદ્ધ એ બે શ્રમણ પરંપરાનો અભ્યાસક્રમ ચાલતો હતો. શ્રીજીબાવાની કૃપા, ધર્માચાર્યોની પ્રેરણા અને વલ્લભવેદાંત એકેડમી અને રિસર્ચ સેન્ટરના પ્રણેતા શ્રી અવિનાશભાઈ પારેખ અને સહયોગીઓના ભગીરથ પ્રયાસથી વલ્લભવેદાંત અને વૈષ્ણવ પરંપરાનો અભ્યાસક્રમ ગત વર્ષથી શરૂ થયો. શ્રીમદ્ વલ્લભાચાર્ય દ્વારા પ્રસ્થાપિત વલ્લભવેદાંતનો વૈદિક પરંપરામાં સમાવેશ છે. ભારત દેશમાં દાર્શનિક આચાર્યોએ જ્ઞાનની ગંગા વહેતી મૂકી અને સંતોએ ભક્તિની ગંગા વહાવી હતી. આચાર્યો અને સંતોએ સમાજને ભક્તિધર્મના તાંતણે બાંધી સુદૃઢ અને એકત્રિત રાખ્યો. પ્રેમલક્ષણા ભક્તિ દ્વારા અસમર્થ અને સાધનહીન માટે પરમાનંદનો માર્ગ સુલભ કર્યો. વૈષ્ણવ પરંપરાએ ઉત્તમ સંતકવિઓની ભેટ સમાજના ચરણે ધરી. ભારતના ચારે ખૂણે આ સંતકવિઓએ જાતિ, વર્ણ, રંગ, લિંગ વગેરે ભેદભાવ મિટાવી લોકોને શ્રીકૃષ્ણની ભક્તિમાં નિમગ્ન કર્યા. બિનસાંપ્રદાયિકતાના અધૂરા ખ્યાલોમાં અને ભૌતિક પ્રલોભનોમાં અટવાયેલી આપણી ઊછરતી પેઢીને આપણા સમૃદ્ધ સાંસ્કૃતિક વારસાની સમજ આપવી જરૂરી છે. તત્ત્વજ્ઞાન, ધર્મ, સાહિત્ય, સંગીત, કલા જેવાં વિવિધ પાસાંને આવરી લેતા આ વલ્લભવેદાંતના અભ્યાસક્રમ દ્વારા મુંબઈ વિદ્યાપીઠમાં જિજ્ઞાસુ વિદ્યાર્થી માટે તુલનાત્મક અભ્યાસ, આંતર્ધર્મ સંવાદ અને એ દિશામાં સંશોધન માટે એક સુંદર પ્લેટફોર્મ તૈયાર થયું છે. ગત વર્ષે પૂજ્યપાદ શ્યામ મનોહર ગોસ્વામીજીના વિદ્વત્પૂર્ણ વક્તવ્યનો તથા પૂજ્યપાદ શરદ ગોસ્વામીજીના

તલસ્પર્શી જ્ઞાનનો વિદ્યાર્થીઓને લાભ મળ્યો. વિક્રમ યુનિવર્સિટી, ઉજ્જૈને જેમને D. Lit. ઉપાધિથી નવાજ્યા છે. એવા પૂજ્યપાદ ગોસ્વામીજી ગોકુળોત્સવ મહારાજના સામવેદ સંગીતે વિદ્યાર્થીઓને દિવ્યનાદનો આસ્વાદ કરાવ્યો.

આ અભ્યાસક્રમને મૂર્ત સ્વરૂપ આપવામાં જેમણે જહેમત ઉઠાવી એ **પૂ. પા. ગો. ૧૦૮ શ્રી શ્યામમનોહરજી, પૂ. પા. ગો. ૧૦૮ શ્રી શરદબાવા ગોસ્વામી,** ડો. શુભદા જોશી, પૂનાના વિદ્વાન ડો. તલઘટ્ટી, સ્પેનની નવેરા યુનિવર્સિટીના રિસર્ચ સ્કોલર પ્રો. મારીઆનો ઈતુર્બે, ડો. નિગળ અને પ્રો. પૂર્ણિમા દવેએ વિવિધ વિષયો પર વક્તવ્ય આપ્યાં તેને આ પુસ્તકના સંકલનકાર શ્રી જયેન્દ્રભાઈ સોનીના પ્રયત્નોથી પુસ્તકરૂપે પ્રગટ કરતા આનંદ અનુભવીએ છીએ. મુંબઈ વિદ્યાપીઠના ઉપકુલપતિ, તત્ત્વજ્ઞાન વિભાગ અને તત્ત્વજ્ઞાન વિભાગનાં અધ્યક્ષા ડો. કંચના મહાદેવન તથા સહુના સહકારથી આ કાર્યક્રમે સફળતાપૂર્વક એક વર્ષ પૂરું કર્યું.અત્રે એ સહુનો આભાર.

ડો. એસ. જી. નિગળ
રિટાયર્ડ રીડર, અધ્યક્ષ,
તત્ત્વજ્ઞાન વિભાગ,
બી. એન. એન. કોલેજ, ભિવંડી,
અધ્યાપક, વલ્લભવેદાંત અને
વૈષ્ણવિઝમ કોર્સ યુનિવર્સિટી ઓફ મુંબઈ

પ્રો. પૂર્ણિમા મ. દવે
અધ્યક્ષ, તત્ત્વજ્ઞાન વિભાગ,
સાઠયે કોલેજ ઓફ આર્ટ્સ, સાયન્સ
એન્ડ કોમર્સ, વિલે પાર્લા (પૂર્વ)
સંયોજક, વલ્લભવેદાંત અને
વૈષ્ણવિઝમ કોર્સ યુનિવર્સિટી ઓફ મુંબઈ

પાક્ કથન

એક સવારે મિત્ર અવિનાશભાઈનો ફોન આવ્યો - 'જયેન્દ્રભાઈ, આપણે મુંબઈ યુનિવર્સિટીમાં વલ્લભવેદાન્તનો કોર્સ શરૂ કરવો છે.' આ એક સુખદ આશ્ચર્ય હતું. પુષ્ટિમાર્ગનાં સવા પાંચસો વર્ષમાં શ્રી વલ્લભાચાર્યજીના તત્ત્વદર્શનને પ્રસ્થાપિત યુનિવર્સિટી લેવલ પર ભણાવવાનો સર્વપ્રથમ પ્રયાસ હતો. શ્રી આચાર્યશ્રીની કૃપાથી બધું ઝડપથી ગોઠવાઈ ગયું. શ્રી વલ્લભકુલ કૌસ્તુભ પૂ.પા.ગો.૧૦૮ શ્રી શ્યામ મનોહર મહારાજશ્રીનું સક્ષમ માર્ગદર્શન અને આશીર્વાદ સાંપડ્યા અને ૨૦૦૫ના અભ્યાસ સત્રથી શ્રી વલ્લભવેદાંતનો સર્ટિફીકેટ અભ્યાસક્રમ મુંબઈ યુનિવર્સિટીમાં શરૂ થઈ ગયો. દોઢસો જેટલા જિજ્ઞાસુ અભ્યાસાર્થીઓનો ખૂબ સારો પ્રતિસાદ સાંપડ્યો. મુંબઈ યુનિવર્સિટીના અભ્યાસની ભાષા અંગ્રેજી હોઈ તે માટેનાં પુસ્તકો પણ અંગ્રેજીમાં હોવાં આવશ્યક હતાં. જે અભ્યાસક્રમ નક્કી કરવામાં આવેલો તેને લગતાં સંપૂર્ણ પુસ્તકો તો અસ્તિત્વમાં ન હતાં છતાં કેટલાંક અંગ્રેજી ભાષામાં લખાયેલ કે અનુવાદિત પુસ્તકો જેમાં ઈચ્છિત વિષયો આવરી લેવામાં આવ્યા હતા, તેનો કોર્સ મટિરિયલ તરીકે ઉપયોગ કરવામાં આવ્યો. પરંતુ તે પુસ્તકો સમગ્ર અભ્યાસક્રમને આવરી લેવા માટે અપૂરતાં હતાં.

સદ્ભાગ્યે યુનિવર્સિટીમાં ભણનારા પ્રોફેસરોએ અંગ્રેજી સાથે યથાસંભવ ગુજરાતી-હિન્દી ભાષામાં પણ જે તે વિષયોને સમજાવવાની કોશિશ કરી. અભ્યાસાર્થીઓ અંગ્રેજી ભાષાથી માહિતગાર હોવા છતાં વર્ષોનો અભ્યાસ છૂટી જતાં પાઠ્યવસ્તુને ગ્રહણ કરવામાં મુશ્કેલી અનુભવવાથી શ્રી અવિનાશભાઈએ જે તે લેક્ચરોની ગુજરાતી નોટ્સ તૈયાર કરવાની જવાબદારી મને સોંપી. શ્રી મહાપ્રભુજીની કૃપાથી આ જવાબદારી સંભાળવાની મેં યથાસંભવ કોશિશ કરી અને જેમ જેમ અભ્યાસ આગળ વધતો ગયો તેમ સંપૂર્ણ અભ્યાસક્રમની નોટ્સ તૈયાર કરી, જે અભ્યાસાર્થીઓને વહેંચવાની વ્યવસ્થા કરવામાં આવી. આ નોટ્સ લખતાં મને અનુભવ થયો કે તેમાં પાઠ્યક્રમની સંપૂર્ણ માહિતી યોગ્ય ક્રમબધ્ધ રીતે આવરી લેવાઈ ન હતી, જેથી કોઈ એક વિષયનો સુવ્યવસ્થિત અભ્યાસ કરવા માટે

મુશ્કેલી સર્જાતી હતી. સાથે સાથે વિષયવસ્તુની સંપૂર્ણ માહિતી કોઈ એક ચોક્કસ પુસ્તકમાંથી પ્રાપ્ત થઈ શકતી ન હતી અને અભ્યાસાર્થીએ અનેક પુસ્તકમાંથી છણાવટ કરી સંકલિત કરવી પડે તેમ હતી, જે એક મુશ્કેલ કાર્ય હતું. એને કારણે આ અભ્યાસક્રમને આવરી લેતું વિશિષ્ટ પુસ્તક સંકલિત કરવાનો વિચાર ભગવદ્કૃપાથી મને સ્ફૂર્યો, અને મેં ક્લાસની નોટ્સ ઉપરાંત અન્ય પુસ્તકોના આધારે સુવ્યવસ્થિત રીતે પુનઃ લખાણ ચાલુ કર્યું જે આજે સંપૂર્ણપણે લિપિબદ્ધ થઈ પુસ્તકાકારે તૈયાર થયું છે. આ કાર્યમાં સંપ્રદાય વિષયક મારો અલ્પ પૂર્વ અભ્યાસ મને ઉપયોગી બન્યો છે. સાથે ઈશ્વરકૃપા અને ગુરૂદેવના આશીર્વાદ પ્રાપ્ત થતાં આ પુસ્તક સંકલિત કરવાની સફળતા મળી છે.

આ પુસ્તક **શુદ્ધાદ્વૈત વેદાંત** ભાગ ૧માં વલ્લભવેદાંતના સર્ટિફિકેટ કોર્સના પ્રથમ પેપરના વિષયોને આવરી લેવામાં આવ્યા છે. આશા રાખું છું કે આ સંકલિત પુસ્તક અભ્યાસાર્થીઓને ગુજરાતી ભાષામાં વિષયવસ્તુને યથાર્થરૂપે સમજવામાં ઉપયોગી બનશે. તેના બીજા પેપરના અભ્યાસક્રમને આવરી લઈ સંકલનકાર્ય પણ ચાલુ છે. ટૂંક સમયમાં તે પુસ્તક પણ પ્રસિદ્ધ થશે તેવી આશા છે. આ પુસ્તકમાં વિવિધ પ્રમાણિત ગ્રંથોમાંથી આવશ્યક માહિતી સંકલિત કરી આલેખન કરવામાં આવ્યું છે. છતાં મારી પોતાની મર્યાદાઓને કારણે ત્રુટીઓ રહી જવા સંભવ છે જે માટે વાચકવૃંદ દરગુજર કરશે તેવી આશા સેવું છું. આ પુસ્તક તૈયાર કરવામાં મુંબઈ યુનિવર્સિટીનાં પ્રોફેસર ડૉ. શુભદા જોશી વગેરેનું યોગદાન અમૂલ્ય રહ્યું છે, જે માટે હું હૃદયપૂર્વક તેમના પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરુ છું. શ્રી અવિનાશભાઈની પ્રેરણા વગર આ પુસ્તક તૈયાર કરવું અસંભવ હતું માટે તેમનો વિશેષ ઋણી છું. જે પુસ્તકોના આધારે આ પુસ્તક સંકલન સંભવ બન્યું છે જેનો ઉલ્લેખ છેલ્લે પરિશિષ્ટમાં કરવામાં આવ્યો છે તેના લેખકોનો પણ દૈન્યભાવે ઋણસ્વીકારું કરૂ છું. પૂ.પા.ગો. ૧૦૮ શ્રી શ્યામ મનોહરજી મહારાજશ્રીની કૃપાદષ્ટિ માર્ગદર્શન એવમ્ આશીર્વાદ આ ભગીરથ કાર્યમાં સહાયક બન્યા છે તેમ ચોક્કસપણે માનું છું. આપશ્રીએ એ હેતુ કે અનુગ્રહ કરી આ પુસ્તકની પ્રસ્તાવના લખી આપી છે તે બદલ આપના પ્રત્યે દૈન્યભાવે આપશ્રીનાં યુગ્મ ચરણકમલોમાં દંડવત્ પ્રણામ સાથે વિરમું છું.

જયેન્દ્ર સોની

શુદ્ધાદ્વૈત વેદાંત

(Philosophical Aspects of Vallabh Vedant)

વિષય સૂચિ

૧. શુદ્ધાદ્વૈત વેદાંતની પાર્શ્વભૂમિકા (Background of Shuddhadvait Vedant)

૨. ભારતીય શાસ્ત્રો (Indian Scriptures)

ચૌદ/ અઢાર શાસ્ત્રો- વેદ-વેદાંગ-શ્રુતિ-સ્મૃતિ-પુરાણ-ઉપવેદ, ન્યાયશાસ્ત્ર-મીમાંસા.

૩. તત્ત્વજ્ઞાન (Philosophy)

Introduction- પશ્ચિમ તત્ત્વજ્ઞાનનું મૂળ-પાશ્ચાત્ય તત્ત્વજ્ઞાનનો વિષય-વિસ્તાર (શાખાઓ- Epistemology-ontology- Logic etc. ભારતીય તત્ત્વજ્ઞાન - પૌર્વાત્ય અને પાશ્ચાત્ય દર્શનમાં ભેદ (Comparision), ભારતીય તત્ત્વજ્ઞાનના મુખ્ય મુદા (Salient Features), ભારતીય દર્શનનો કાળખંડ- ભારતીય દર્શનની પરંપરા (Traditions), ભારતીય દર્શનોમાં સામ્ય (Similar Aspects) - ભારતીય દર્શનોની સંખ્યા (Categories).

૪. આસ્તિક દર્શન (Vedic Darshan)

સંક્ષિપ્ત માહિતી - ન્યાય-વૈશેષિક-સાંખ્ય-યોગ-પૂર્વ મીમાંસા-ઉત્તર મીમાંસા.

૫. નાસ્તિક દર્શન (Non Vedic Darshan)

સંક્ષિપ્ત માહિતી ચાર્વાક-બૌદ્ધ-જૈન

૬. પ્રમાણ ચતુષ્ટય (Praman Chatushtay in Shuddhadvait)

શ્રુતિ-સ્મૃતિ-ન્યાય શાસ્ત્રો- (વેદ-ગીતા-બ્રહ્મસૂત્રો) ચાર પ્રમાણ- વેદ, ગીતા-બ્રહ્મસૂત્રો-ભાગવત

૭. પ્રમાણ શાસ્ત્ર જ્ઞાનના સ્રોત (Sources of Knowledge)

પ્રમાણ-પ્રમેય-પ્રમા. પ્રમાણના પ્રકારો-પ્રત્યક્ષ-અનુમાન-ઉપમાન-શબ્દ પ્રમાણ.

૮. કાર્યકારણભાવ. (Theory of Causation)

કારણ (Cause) - કાર્ય (Effect) - કારણની વિશેષતાઓ- કારણના પ્રકાર-ઉપાદાન-નિમિત્ત કારણ- જગતની ઉત્પત્તિનાં કારણ - સંઘાતવાદ -' અસત્ કાર્યવાદ (આરંભવાદ). સત્કાર્યવાદ -વિવર્ત વાદ- પરિણામવાદ. - અભાવ-તેના

પ્રકાર.

૯. આચાર્યો અને તેમની વિચારધારા (Acharyas and their School of Thoughts)

શંકરાચાર્ય (કેવલાદ્વૈતવાદ - માયાવાદ), રામાનુજાચાર્ય (વિશિષ્ટાદ્વૈતવાદ), મધ્વાચાર્ય (દ્વૈતવાદ), નિમ્બાર્કાચાર્ય (દ્વૈતાદ્વૈત વાદ) વલ્લભાચાર્ય-શુદ્ધાદ્વૈત વાદ.

૧૦. શ્રી વલ્લભાચાર્યજી અને શુદ્ધાદ્વૈત તત્ત્વદર્શન (Shri Vallabhacharyaji and his Philosophy)

શ્રી વલ્લભાચાર્યજીના સમયની દેશકાળ પરિસ્થિતિ- પૂર્વની અને જન્મ, જીવનયાત્રા, તેમનું ગ્રંથ સાહિત્ય, એક વિરલ વ્યક્તિત્વ, શુદ્ધાદ્વૈત તત્ત્વદર્શન.

૧૧. શુદ્ધાદ્વૈતમાં બ્રહ્મ (સગુણ-નિર્ગુણ) જીવ, જગત, સંસાર, લીલા (Nature of Brahm, Jiv, Jagat, Sansar, Lila in Shuddhadvait

બ્રહ્મનાં સ્વરૂપો, સગુણ-નિર્ગુણ બ્રહ્મ, ગુણોના પ્રકાર, બ્રહ્મવાદ, જીવ, જગત, સંસાર, લીલા.

૧૨. મુક્તિ અથવા મોક્ષ (Liberation)

મુક્તિના પ્રકાર, મુક્તિનાં ચરણ, મુક્તિના ઉપાય, કર્મમાર્ગ- જ્ઞાનમાર્ગ- ભક્તિમાર્ગ.

૧૩. ભક્તિ અને તેના પ્રકાર- પુષ્ટિમાર્ગ (Devotion- Path of Guru)

કર્મ- જ્ઞાન- ભક્તિમાર્ગ- ભક્તિની વ્યાખ્યા, ભક્તિના ભેદ, ભક્તિના પ્રકાર, નવધા ભક્તિ, પુષ્ટિમાર્ગની વ્યાખ્યા, પૂજા અને સેવામાં ભેદ, ભક્તની ત્રણ અવસ્થાઓ, પુષ્ટિમાર્ગનાં મુખ્ય લક્ષણો.

૧૪. શુદ્ધાદ્વૈતમાં 'પુરુષ' (Person) **વિશે સંકલ્પના** (Concept of Human person in Shuddhadvait)

વેદમાં 'પુરુષ', સંત સાહિત્યમાં 'પુરુષ', 'પુરુષ' વિચારનું મૂળ, પુરુષ (Person) વિશે પાશ્ચાત્ય દૃષ્ટિકોણ, ભારતીય તત્ત્વજ્ઞાનમાં ધર્મ, ધર્મ અને મોક્ષનો સંબંધ- ધર્મની બાધાઓ.

૧૫. કાશ્મીર શૈવિઝમ (Kashmir Shaivism)

શૈવદર્શનના પ્રકાર, શૈવદર્શનનો મૂળભૂત સિદ્ધાંત, કાશ્મીર શૈવિઝમનો વિકાસ, કાશ્મીર શૈવિઝમનું તત્ત્વદર્શન, શૈવદર્શનના મુખ્ય મુદ્દા.

૧

શુદ્ધાદ્વૈતવેદાંતની પાર્શ્વભૂમિકા

(Background of Shuddhadvait Vedant)

વલ્લભવેદાંતને **'શુદ્ધાદ્વૈત વેદાંત'** પણ કહેવામાં આવે છે. શુદ્ધાદ્વૈત વેદાંતમાં ચાર પ્રમાણો સ્વીકારવામાં આવ્યાં છે. (૧) વેદ, (૨) ગીતા, (૩) બ્રહ્મસૂત્રો અને (૪) ભાગવત. આ ચાર પ્રમાણોને આધારે શ્રી વલ્લભાચાર્યજીએ પોતાના તત્ત્વદર્શનની ઇમારત ચણી છે. આ પ્રમાણોને બે વિભાગોમાં વહેંચી શકાય. એક વેદ અને બ્રહ્મસૂત્ર, બીજો ગીતા અને ભાગવત. બ્રહ્મસૂત્ર એ ઉપનિષદોનું એક પ્રકારે વ્યાખ્યાન કરનારો ગ્રંથ છે, જ્યારે ભાગવત એ ગીતાનું સવિસ્તાર ભાષ્ય છે અને તેથી તે બે ગ્રંથોનો સંબંધ ગાઢ છે. ઉપનિષદોનું રહસ્ય સમજવા માટે બ્રહ્મસૂત્રો અને ગીતાનું રહસ્ય સમજવા માટે ભાગવત અતિ મહત્ત્વનાં છે. માટે જ બ્રહ્મસૂત્ર અને ભાગવતનું યથાર્થ તાત્પર્ય સમજવાની આવશ્યકતા રહે છે. તે જ કારણથી અનેક આચાર્યોએ આ પ્રસ્થાનો ઉપર ભાષ્ય રચી પોતપોતાની વિચારધારા જગત સમક્ષ રજૂ કરી છે.

શ્રી વલ્લભાચાર્યજી પહેલાંના આચાર્યો વિશેષતઃ શંકરાચાર્યે વેદ-બ્રહ્મસૂત્ર અને ગીતાને પ્રસ્થાનત્રયીના રૂપમાં સ્વીકારી તેના ઉપર ભાષ્યની રચના કરી છે. એ બધા પુરોગામી વિચારકોમાં શંકરાચાર્ય મહત્ત્વનું સ્થાન ભોગવે છે. તેમણે રચેલું શંકરભાષ્ય તર્કપ્રધાન છે જેમાં શ્રુતિ અને સ્મૃતિનાં વાક્યોથી પોતાની તર્કપ્રધાન વિચારસરણીની તેમણે રજૂઆત કરી છે. તેમની વિચારધારા 'કેવલાદ્વૈતવાદ'ના નામે પ્રસિદ્ધ છે. રામાનુજાચાર્ય ઇત્યાદિ અન્ય આચાર્યોએ પણ એ જ ત્રણ પ્રમાણોના આધારે પોતપોતાની વિચારધારાઓની રજૂઆત કરી 'વિશિષ્ટાદ્વૈતવાદ' - 'દ્વૈતવાદ' વગેરેને પ્રતિપાદિત કર્યા છે.

શ્રી વલ્લભાચાર્યજીએ શ્રુતિવાક્યોનું તેમ જ અન્ય પ્રમાણગ્રંથોનું સમન્વયાત્મક વિશ્લેષણ કરી પોતાના 'શુદ્ધાદ્વૈતવાદ'ને પ્રતિપાદિત કર્યો છે. ભાગવતને ચતુર્થપ્રમાણરૂપ સ્વીકારી તેના આધારે અન્ય પ્રમાણગ્રંથોનાં વિરોધાભાસી કથનોનાં યથાર્થ સ્પષ્ટીકરણ તેમણે કરેલાં છે. તેમના ત્રણ ગ્રંથો

અણુભાષ્ય - તત્ત્વદીપનિબંધ અને સુબોધિનીમાં બ્રહ્મસૂત્રો અને ગીતાનાં રહસ્ય, તેમ જ ભાગવતના ગૂઢાર્થને સ્પષ્ટ કર્યા છે. વેદનો પૂર્વકાંડ ભગવાનના યજ્ઞાત્મક-ક્રિયાત્મક સ્વરૂપનું પ્રતિપાદન કરે છે. એ દર્શાવવા તેમણે જૈમિનિ સૂત્ર ભાષ્ય પણ રચ્યું છે અને સમગ્ર વેદનું તાત્પર્ય ભગવાનમાં છે એમ દર્શાવ્યું છે. આ પ્રમાણે 'શુદ્ધાદ્વૈત વેદાંત'ની રચના થઈ છે.

જગતના બધા આચાર્યો પરમાત્માની વિભૂતિઓ હોય છે અને એમણે પરમાત્માની આજ્ઞા પ્રમાણે વિશ્વમાં કાર્ય કરવાનું હોય છે. ભગવાનની આજ્ઞાનું પરિપાલન એ જ આચાર્યોના આવિર્ભાવનું મુખ્ય પ્રયોજન હોય છે. શ્રી વલ્લભાચાર્યજી અગ્નિનું સ્વરૂપ હોવાનું મનાય છે. માટે વૈશ્વાનરના નામે પણ તેઓ પ્રસિદ્ધ છે. અગ્નિનું કાર્ય દહન કરવાનું છે, શોધન કરવાનું છે, મલિન અને અશુદ્ધ તત્ત્વોનું દહન કરીને સત્યને શુદ્ધ સ્વરૂપમાં પ્રગટ કરવાનું છે. અર્થાત્ શ્રી વલ્લભાચાર્યજીનું કાર્ય છે. સર્વ જીવોને ભગવાન પ્રતિ વાળવા, એમની જોડે સંબંધ કરાવવો અને શાસ્ત્રોનું યથાર્થ વ્યાખ્યાન કરીને વિશ્વને કલ્યાણને માર્ગે લઈ જવું તે છે એ પ્રમાણે ભગવાનની આજ્ઞાનું પરિપાલન કરવું એ જ શ્રી વલ્લભાચાર્યજીના પ્રાગટ્યનું પ્રયોજન છે.

શ્રી વલ્લભાચાર્યજીએ પોતાના જીવનમાં ભગવાનની આજ્ઞાનું પરિપાલન કરવા માટે ભારતવર્ષની ત્રણ વાર યાત્રા કરી અનેક શરણે આવેલા જીવોનો ઉદ્ધાર કર્યો છે. તેમના ચોરાશી વૈષ્ણવોનો ઈતિહાસ આ વિષય પર સારો પ્રકાશ પાડે છે. તેમણે અસંખ્ય જીવોને બ્રહ્મસંબંધ દીક્ષા આપી તેમની બહિર્મુખતા દૂર કરી અને ભગવાનની સન્મુખ બનાવ્યા. ગરીબ અને શ્રીમંત, બાલક અને વૃદ્ધ, સ્ત્રી અને પુરુષ, બ્રાહ્મણ અને અબ્રાહ્મણ એ સર્વ ધર્મના જીવોનો શ્રી વલ્લભાચાર્યે અંગીકાર કર્યો છે અને પોતે પ્રતિપાદિત કરેલ માર્ગની વ્યાપકતા અને સરળતા જગતને દર્શાવી છે. સામાન્ય જનસમાજ માટે શાસ્ત્ર ગ્રંથો સમજવા મુશ્કેલ હોઈ તેમણે 'ષોડશગ્રંથો' નામક લઘુગ્રંથોની રચના કરી છે, જેના દ્વારા સાધારણ લોકો પણ 'શુદ્ધાદ્વૈત વેદાંત'ના સિદ્ધાંતોને સમજી નિજ કલ્યાણાર્થે તેનું આચરણ કરી શકે.

ભગવાન સચ્ચિદાનંદ રસમય આનંદમય આનંદવિગ્રહ અને અનેક અલૌકિક ગુણોવાળા છે. જગતમાં જે પ્રાકૃત ગુણો જોવામાં આવે છે તે ભગવાનમાં નથી એ દૃષ્ટિએ ભગવાનને નિર્ગુણ કહેવામાં આવે છે. ભગવાનમાં અનેક વિરુદ્ધ

ધર્મો રહેલા છે અને એ ભગવાન પરમકાષ્ઠાપન્ન પદાર્થ છે એમ દર્શાવવા એ પૂરતા છે, એ પ્રમાણે આજના પાશ્ચાત્ય તત્ત્વચિંતકો પણ માને છે.

ભગવાન રસમય અને આનંદમય હોવાથી એમની સર્વ ક્રિયામાં રસ અને આનંદનો અનુભવ થાય છે. નિજાનંદ માટે, લીલાને માટે ભગવાને આ જગતની રચના કરી છે. **"હું બહુરૂપ ધારણ કરું અને પ્રગટ થાઉં"** એ શ્રુતિ વાક્ય પ્રમાણે ભગવાને ઈચ્છા કરી અને આ જગત અસ્તિત્વમાં આવ્યું. જગતના ઉત્પત્તિના પ્રકાર અનેક છે. પરમાત્મા જગતનું નિમિત્ત, કારણ અને ઉપાદન કારણ બન્ને છે. પરમાત્મા જગતરૂપે પરિણામ પામે છે છતાં એમનામાં કોઈ જાતનો વિકાર થતો નથી. આને **'અવિકૃત પરિણામવાદ'** કહેવામાં આવે છે. જગત એ પરમાત્માનો 'સત્' અંશ છે તેથી મિથ્યા નથી, તેમ શ્રી વલ્લભાચાર્યજી માને છે.

પરમાત્માએ પોતાના 'ચિત્' અંશમાંથી અનેક જીવ પ્રકટ કર્યા છે. જેમ અગ્નિમાંથી વિસ્ફુલિંગ-તણખા નીકળે છે તેમ બ્રહ્મમાંથી જીવ છૂટા પડ્યા છે અને તેથી જીવ એ બ્રહ્મનો અંશ છે. એ નિત્ય અને અણુ છે. એનામાં પરમાત્માના સત્ અને ચિત્ એ બે ધર્મ પ્રકટ રહેલા છે. જ્યારે આનંદ ધર્મ અપ્રકટ રહેલો છે. તેનામાંથી ભગવાનના ષડગુણો ઐશ્વર્ય, વીર્ય, શ્રી યશ, જ્ઞાન અને વૈરાગ્ય એ છ ધર્મ તિરોહિત થઈ ગયા છે અને તેથી જીવને બદ્ધ અવસ્થા પ્રાપ્ત થાય છે. જીવ પોતાનું સ્વરૂપ ભૂલી ગયો છે. અજ્ઞાનથી અહંતા મમતાવાળો સંસાર તે ઉત્પન્ન કરે છે અને તેમાં બદ્ધ થઈને પડે છે. સંસાર એ અવિદ્યાનું કાર્ય છે, તેથી મિથ્યા છે. એ પ્રકારનો સૂક્ષ્મ ભેદ શ્રી વલ્લભાચાર્યજીએ બહુ સારી રીતે સમજાવ્યો છે.

શ્રી વલ્લભચાર્યના મતે જગત એ પરમાત્માની આત્મસૃષ્ટિ છે. જગત એ ક્રીડાભાંડ છે, જીવો નટ છે અને ભગવાન નટવર છે. ભગવાન આ જગતની લીલામાં અનિર્વચનીય આનંદ અનુભવે છે અને બીજાઓને અનુભવ કરાવે છે.

શ્રી વલ્લભાચાર્યજી પરબ્રહ્મ કૃષ્ણને પરમતત્ત્વ તરીકે માને છે. તે આનંદમય છે, જેનો આનંદ માપી શકાય નહીં તેવો અગણિત છે. બ્રહ્મનું આધ્યાત્મિક સ્વરૂપ અક્ષર બ્રહ્મ છે, જેનો આનંદ પરિમિત અથવા મર્યાદિત છે. તૈત્તિરીય ઉપનિષદમાં આનંદની મીમાંસા કરવામાં આવી છે. આનંદની પરાકાષ્ટા પરબ્રહ્મ કૃષ્ણ છે અને તેથી જ તેને સર્વોત્કૃષ્ટ પદાર્થ તરીકે સ્વીકારવામાં આવે છે. જગતમાં વિવિધતા - ભેદ જણાય છે, છતાં તે વાસ્તવિક રીતે અદ્વૈત છે. જે ભેદ

છે તે ભગવાનની ઇચ્છાને લીધે થયેલો છે. ભેદ ઐચ્છિક છે તે માયીક કે સૌપાધિક અથવા વાસ્તવિક નથી.

જીવો પોતપોતાના સ્વભાવ પ્રમાણે જીવન વ્યતીત કરે છે. ભગવાનની ઇચ્છા માત્રથી ઉત્પન્ન થયેલ પ્રવાહીજીવો ભમરાની માફક બધે રખડે છે, સંસારના પ્રવાહમાં તણાય છે અને જન્મમરણના ચક્રમાં ફર્યા કરે છે. ભગવાનની વાણીમાંથી ઉત્પન્ન થયેલા મર્યાદા જીવો વેદ વગેરે શાસ્ત્રોનું અધ્યયન કરીને એ પ્રમાણે સદાચાર પાળે છે અને કર્મ-જ્ઞાન અને ભક્તિ દ્વારા મોક્ષ પ્રાપ્ત કરે છે. ભગવાનના શ્રીઅંગમાંથી ઉત્પન્ન થયેલ પુષ્ટિ જીવો એમનું સમસ્ત જીવન ભગવાનની સેવામાં વ્યતીત કરે છે. તેમની દિનચર્યામાં ભગવાન કેન્દ્રસ્થાને હોય છે. ભગવાનનું સતત ચિંતન તેઓ કરતા હોય છે જેના કારણે ખરેખર તેઓ ભગવન્મય બની જાય છે. જીવનને અંતે તેઓ ભગવાનની પૂર્ણ કૃપાના બળે ભગવાનના સ્વરૂપાનંદનો આનંદ ભોગવે છે.

શ્રી વલ્લભાચાર્યજીએ ભગવાનને પ્રાપ્ત કરાવવાના સરળતમ માર્ગ તરીકે 'પ્રેમલક્ષણા ભક્તિ'નો અર્થાત 'પુષ્ટિભક્તિ'નો માર્ગ બંતાવ્યો છે. તેને 'પુષ્ટિમાર્ગ'ના નામથી પણ સંબોધવામાં આવે છે. પુષ્ટિમાર્ગમાં ભગવાનની કૃપા અથવા અનુગ્રહ જ નિયામક છે. કઠોપનિષદના શ્રુતિવાક્ય પ્રમાણે **'નાયમાત્મા પ્રવચનેન લભ્ય, ન મેધયા, ન બહુના શ્રુતેન યમે વૈષ વૃણુતે, તેન લભ્ય'** અર્થાત્ કોઈપણ પ્રકારના સાધનથી ભગવાનને પ્રાપ્ત થતા નથી પણ જેના ઉપર ભગવાન સ્વયં કૃપા કરે છે તે જ જીવ ભગવાનને પ્રાપ્ત કરે છે. જ્યાં ભગવાનનો અનુગ્રહ જ સર્વ કાર્ય કરે છે ત્યાં કાળ વગેરે પદાર્થો બાધા અથવા નિયમન કરી શકતા નથી.

જીવોમાં ભગવાનના ષડગુણો તિરોહિત થઈ ગયા છે અને આનંદ પણ તિરોહિત થઈ ગયો છે, એટલે સ્વાભાવિક રીતે તે દોષયુક્ત બની ગયા છે. શ્રી વલ્લભાચાર્યજી સમજાવે છે કે ભગવદ્ આજ્ઞાનુસાર બ્રહ્મસંબંધ કરવાથી જીવોના દોષો દૂર થાય છે. ભગવાનની પાસે શાશ્વત સુખ અને અગણિત આનંદ છે. જીવો ભગવાનથી છૂટા પડેલા હોવાથી તેમનો આનંદ તિરોહિત થઈ ગયેલ હોઈ તેઓ દુઃખી છે. જેમ માતાની પાસેથી નાના બાળકને ખસેડી લેવામાં આવે ત્યારે તે બહુ રડે છે, પણ જ્યારે તેને પાછો માતાના ખોળામાં મૂકવામાં આવે ત્યારે તે બહુ હર્ષ પામે છે, એ જ પ્રમાણે જીવને જ્યારે ભગવાનની પાસે મૂકવામાં આવે અર્થાત્ બ્રહ્મસંબંધ કરાવવામાં આવે ત્યારે તેનાં બધાં દુઃખ દૂર થઈ તે શાશ્વત્ આનંદ પ્રાપ્ત કરી શકે છે. વાસ્તવમાં દુઃખ હોવાનું કારણ જીવને ભગવાનથી થયેલો વિયોગ છે. આ વિયોગ દૂર કરવા પુષ્ટિમાર્ગમાં બ્રહ્મસંબંધની પ્રક્રિયા મહત્ત્વ ધરાવે છે. બ્રહ્મસંબંધ દ્વારા જીવ પોતાની અહંતા, મમતાનું, પોતાના સર્વસ્વનું સમર્પણ ભગવાનનાં ચરણારવિંદમાં કરી પોતે ભગવાનનો દાસ હોવાનું કબુલે છે અને તેમની બીનશરતી શરણાગતિ સ્વીકારે છે.

જ્યાં સુધી જીવમાં અહંતા અને મમતા અર્થાત્ 'હુંપણું' અને 'મારાપણું' રહેલું હોય છે ત્યાં સુધી સંસાર રહે છે અને જ્યાં સુધી સંસાર રહે છે ત્યાં સુધી જીવ એમાં ડૂબેલો રહે છે. સર્વ સમર્પણ અને આત્મનિવેદન દ્વારા જીવ પોતાની અહંતા-મમતાનો ત્યાગ કરી દાસભાવે ભગવાનની પ્રેમપૂર્વક તેમજ નિઃસ્વાર્થભાવે સેવા કરવાનું સ્વીકારે છે. શ્રી વલ્લભાચાર્યજી સમજાવે છે કે ભગવાનમાં ચિત્ત પરોવવું એનું નામ સેવા છે. તનુ-વિત્તજા એ સાધનરૂપી સેવા કરતાં ઉત્તમ એવી માનસી સેવા સિદ્ધ થાય છે. ભગવાનનો સંપૂર્ણ આશ્રય સ્વીકારી ભગવાન જે કરશે તે યોગ્ય જ કરશે તેવો વિવેક રાખવાનું શ્રી વલ્લભાચાર્યજી સમજાવે છે. આ બધી ભગવાનની લીલા છે, ભગવાન પોતાની ઇચ્છા મુજબ સર્વ કાર્ય કરે છે એમ માનીને જીવે જે કાંઈ દુઃખ જગતમાં અનુભવવાં પડે તે ધૈર્યપૂર્વક સહન કરી ભગવાનનો આશ્રય કરવો જોઈએ. 'ભગવાન કૃષ્ણ જ મારું શરણ છે' એ ભાવના રાખી સમગ્રજીવન વ્યતીત કરવાથી જીવાત્મા કૃતાર્થ થાય છે. આ સિદ્ધાંત ભગવાનની વિધવિધ લીલાઓમાં સ્પષ્ટરૂપે ફલિત થાય છે.

આમ શ્રી વલ્લભાચાર્યજીના સિદ્ધાંતો અને તેમનું તત્ત્વદર્શન દુનિયાનાં અન્ય દર્શનોથી વિલક્ષણ અને વિશિષ્ટ છે અને સાંપ્રત સમયમાં દેશ-કાળ પરિસ્થિતિને અનુલક્ષીને તેમણે પ્રતિપાદિત કરેલ પુષ્ટિભક્તિમાર્ગ દ્વારા જીવાત્મા પરમ સુખ, શાંતિ અને શાશ્વત આનંદ પ્રાપ્ત કરવા માટે સૌભાગ્યશાળી બને છે.

◆

૨

ભારતીય શાસ્ત્રો

(Indian Scriptures)

‘ભારતીય શાસ્ત્રો’ ભારતીય તત્ત્વજ્ઞાનની આધારશીલા છે. શાસ્ત્ર શબ્દ ‘શાસ્’ ધાતુ પરથી બન્યો છે. ‘શાસ્’ એટલે ‘શાસન કરવું’ અથવા ‘નિયમન કરવું.’ અર્થાત્ શાસન કરે તે શાસ્ત્ર. શાસ્ત્રનું શાસન મનુષ્ય માટે છે. શાસ્ત્રના નિયમનથી માનવજીવન ઉર્ધ્વગતિ પામે, કલ્યાણકારી બને છે. શાસ્ત્રોએ લૌકિક તેમ જ પરલૌકિક બધી બાબતો માટે આપણને નિયમો આપ્યા છે, જીવન જીવવાની દિશા આપી છે. શાસ્ત્રમાં **‘વિધિ’** અને **‘નિષેધ’** બન્ને બતાવેલા હોય છે. તે જીવન વ્યવહારને નિર્વિઘ્ને ચલાવવા માટે હોય છે. શાસ્ત્ર જે કરવાનું કહે તેને ‘વિધિ’ કહેવાય. જે ન કરવાનું કહે તેને ‘નિષેધ’ કહેવાય. વિધિ પ્રમાણે ચાલવાથી સુખ મળે, નિષેધ ન પાળવાથી દુ:ખ મળે. વિધિ-નિષેધ તે બન્ને મળીને ‘ધર્મ’ કહેવાય છે. શાસ્ત્ર વિધિ-નિષેધાત્મક ધર્મ બતાવે છે. આમ, વિધિ-નિષેધથી શાસન કરે તે **‘ધર્મશાસ્ત્ર’** છે. તદાનુસાર વર્ણનથી યથાભૂત વસ્તુ-સ્વરૂપનું પ્રતિપાદન કરે તે **‘જ્ઞાનશાસ્ત્ર’** છે. તેને **‘દર્શનશાસ્ત્ર’** પણ કહેવાય છે. ધર્મશાસ્ત્રમાં કર્મ અને ફળનો સંબંધ તથા તેના ઉપાય બતાવેલા છે. દર્શનશાસ્ત્ર વસ્તુ-તંત્ર છે, તેમાં પ્રમાણ-પ્રમેય કે પ્રમાણ લક્ષણના સંબંધ તેમજ વસ્તુ-સ્વરૂપ સ્પષ્ટ થાય છે. અર્થાત્ સમજાય છે. શાસ્ત્ર એ ‘પ્રમાણ’ છે.

ગીતાજીમાં શ્રીકૃષ્ણ કહે છે-

યઃ શાસ્ત્રવિધિમુત્સજય વર્તતે કામકારતઃ ।
ન સ સિદ્ધિમવાપ્નોતિ ન સુખં ન પરાંગતિમ્ ॥
તસ્માચ્છાસ્ત્રં પ્રમાણં તે કાર્યા કાર્ય વ્યવસ્થિતૌ ।
જ્ઞાત્વા શાસ્ત્રવિધાનોકતં કર્મ કર્તુમિહાર્હસિ ॥

(અ. ૧૬-૨૩, ૨૪)

અર્થાત્ ‘જે મનુષ્ય શાસ્ત્રના આદેશોને છોડી મરજી મુજબ કર્મ કરે છે તે સિદ્ધિ, સુખ કે પરમગતિ (મોક્ષ ઇત્યાદિ) પામતો નથી. તેથી શું કરવું અને શું ન કરવું એનો નિર્ણય કરવામાં તારે માટે શાસ્ત્ર જ પ્રમાણભૂત છે. એટલા માટે શાસ્ત્રનાં વિધાન જાણીને તારે કર્મ કરવું તે જ યોગ્ય છે.’

ભારતીય શાસ્ત્રો

‘શ્લોક વાર્તિક’ નામક ગ્રંથમાં કુમારિલ ભટ્ટે શાસ્ત્રની વ્યાખ્યા આ રીતે કરી છે :

પ્રવૃત્તિર્વા નિવૃત્તિર્વા નિત્યેન કૃતકેન વા ।
પુંસાં યેનોપદિશ્યેત તચ્છાસ્ત્રમભિધીયતે ॥

અર્થાત્ - ‘અપૌરુષેય-નિત્ય (શબ્દ-વેદ) વડે અથવા તન્મૂલક કરેલા પૌરુષેય (શબ્દ-આપ્તવાક્યાદિ) વડે (જેનાથી) માનવોની પ્રવૃત્તિ (વિધિ) કે નિવૃત્તિ (નિષેધ) ઉપદેશાય તે શાસ્ત્ર કહેવાય.’

શાસ્ત્રોં ત્રણ પ્રકારે ઉપદેશ કરે છે - (૧) રાજાની જેમ આજ્ઞા કરે - વેદ ઇત્યાદિ જેમાં બાંધછોડ ન કરી શકાય, (૨) મિત્રની જેમ સમજાવે - પુરાણ વગેરે જેમાં બાંધછોડનો સંભવ પણ ખરો અને (૩) પ્રિયાની જેમ સમજાવે - કાવ્ય વગેરે, તેમાં બાંધછોડ સંભવે. **‘ભારતીય પરંપરાનુસાર ચૌદ વિદ્યાને શાસ્ત્રરૂપ મનાય છે.’**

પુરાણન્યાયમીમાંસા ધર્મશાસ્ત્રાઙ્ગમિશ્રિતા ।
વેદાઃસ્થાનાનિ વિદ્યાનાં ધર્મસ્ય ચ ચતુર્દશ ॥

(યાજ્ઞવલ્ક, ૧-૩)

પુરાણ, ન્યાય મીમાંસા, ધર્મશાસ્ત્ર, છ વેદાંગ અને **ચાર વેદ** મળીને વિદ્યા (જ્ઞાન) અને ધર્મ (કર્મ)નાં સ્થાન ચૌદ છે. ચાર ઉપવેદને પણ સાથે ગણવામાં આવે તો અઢાર વિદ્યા એ ભારતીય શાસ્ત્રરૂપ છે.

વેદ - ભારતીય સંસ્કૃતિનો મૂળભૂત ગ્રંથ તે **‘વેદ’** છે. વેદ શબ્દનો અર્થ છે ‘જ્ઞાન’. તે સંસ્કૃતના ‘વિદ્’ ધાતુ પરથી બન્યો છે. વિદ્ એટલે જાણવું. જેમાં પરમાત્મા વિષયક સર્વજ્ઞાન રહેલું છે તેને ‘વેદ’ કહેવામાં આવે છે. આ જ્ઞાન

સનાતન છે, ચિરંતન છે. તેને 'અપૌરૂષેય' કહેવાય છે. કારણ કે તે કોઈ વ્યક્તિ-પુરુષ દ્વારા રચાયેલ નથી. માટે તે અનાદિ છે. 'વેદ' એ ભગવાનના પ્રશ્વાસરૂપ મનાય છે માટે તે ઈશ્વરીય વાણી છે. તે અનંત અને શાશ્વત છે. ભારતીય તત્ત્વદર્શનની તે આધારશીલા છે.

ભગવાનના જ્ઞાનાવતાર વેદ-વ્યાસજીએ અલગ અલગ સ્થાનો પરથી વેદના જ્ઞાનને એકત્રિત કરી તેને ચાર વિભાગોમાં વ્યવસ્થિત કર્યા છે. આમ, એક જ વેદના ચાર વિભાગ અસ્તિત્વમાં આવ્યા છે. પ્રત્યેક વેદની અલગઅલગ શાખા છે. એ ચાર વેદ અને તેની શાખાઓ નીચે પ્રમાણે છે.

૧) **ઋગ્વેદ** - તેની ૨૧ શાખાઓ છે.

૨) **યજુર્વેદ** - તેની ૧૦૯ શાખાઓ છે.

યજુર્વેદ બે વિભાગોમાં વહેચાયેલા છે. (૧) **શુક્લ યજુર્વેદ** (૨) **કૃષ્ણ યજુર્વેદ.**

૩) **સામવેદ** - તેની ૧૦૦૦ શાખાઓ છે.

૪) **અથર્વવેદ** - તેની ૫૦ શાખાઓ છે.

ઋગ્વેદ સંહિતા સનાતન ધર્મનો સહુથી પ્રાચીન અને ઉત્તમ ગ્રંથ છે. એ વિશ્વનો સર્વોત્તમ ધર્મશાસ્ત્રીય ભંડાર છે. તેના પુરોહિતને **'હોતા'** કહેવામાં આવે છે.

યજુર્વેદ મોટે ભાગે ગદ્યમાં છે. તેના પુરોહિતને 'અધ્વર્યુ' કહેવાય છે. તે પાઠનો અધિકારી ગણાય છે. ઋગ્વેદના કેટલાક યજ્ઞ-યાગાદિ વિષયક મંત્રોનું સ્પષ્ટીકરણ તેમાં મળે છે.

સામવેદ મોટે ભાગે ઋગ્વેદની પુનરાવૃત્તિ છે અથવા ગેયરૂપે ગવાયેલ ઋગ્વેદ તે 'સામવેદ' છે. યજ્ઞ-યાગાદિમાં જેઓ તેનું ગાન કરે છે તેને 'ઉદ્‌ગાતા' કહેવામાં આવે છે. તેમને 'પુરોહિત' પણ કહેવાય છે.

અથર્વવેદના પુરોહિત **'બ્રહ્મા'** છે. આ સંહિતામાં અન્ય વેદોનાં ઉચ્ચારણ અને કાર્યકલાપના શુદ્ધ વિધિ-વિધાનનું વર્ણન છે.

વ્યાસજીએ વેદના ઉપરોક્ત ચાર વિભાગ અલગ અલગ ઋષિમુનિઓને

સોંપ્યા હતા. ઋગ્વેદ **પૈલમુનિ**ને, યજુર્વેદ **વૈશમ્પાયનમુનિ**ને, સામવેદ **જૈમિનિમુનિ**ને અને અથર્વવેદ **સુમન્તમુનિ**ને સોંપવામાં આવ્યા હતા.

વેદના બે વિભાગ છે. (૧) **પૂર્વકાંડ** જેને 'યજ્ઞકાંડ' અથવા 'કર્મકાંડ' પણ કહેવાય છે અને (૨) **ઉત્તરકાંડ** જેને 'જ્ઞાનકાંડ' પણ કહેવામાં આવે છે.

પૂર્વકાંડમાં ધર્મ મુજબનાં જીવનનાં આચરણ બતાવવામાં આવ્યાં છે. તેમાં મુખ્યત્વે યજ્ઞોનું નિરૂપણ કરવામાં આવ્યું છે. વૈદિક ધર્મનું મુખ્ય અંગ યજ્ઞતત્ત્વ છે. માનવજીવનની પ્રત્યેક મહત્ત્વપૂર્ણ ક્રિયાને યજ્ઞ સાથે જોડવામાં આવી છે. આમ પૂર્વકાંડમાં કર્મકાંડનાં વિવિધ પાસાંને આવરી લેવામાં આવ્યાં છે.

ઉત્તરકાંડમાં નિર્ગુણ પરમાત્માનું વર્ણન કરવામાં આવ્યું છે. તેમાં અગ્નિ, ઈન્દ્ર, વરુણ, સૂર્ય, ઈત્યાદિ પરમાત્માનાં વિવિધ રૂપો અને તેમના ગુણોની સ્તુતિ કરવામાં આવી છે. આ વિભાગ પરમાત્માના જ્ઞાન-વિષયક હોવાથી તેને 'જ્ઞાનકાંડ' પણ કહેવામાં આવે છે.

પ્રત્યેક વેદના ચાર ભાગ હોય છે. (૧) મંત્ર, (૨) બ્રાહ્મણ, (૩) આરણ્યક અને (૪) ઉપનિષદ.

મંત્ર અથવા સંહિતામાં મુખ્યત્વે સ્તોત્ર, પ્રાર્થના, મંત્ર-પ્રયોગ, આશીર્વાદાત્મક મંત્રો, યજ્ઞવિધિ માટેના મંત્રો વગેરેનો સમાવેશ કરવામાં આવેલ છે. તેમાં લૌકિક સુખ અને ઐશ્વર્યની કામના કરવામાં આવી છે. આ વિભાગ બ્રહ્મચારીઓ માટે સવિશેષ ઉપયોગી છે.

બ્રાહ્મણ વિભાગમાં યજ્ઞોપયોગી વિચાર-વિધાન-કથાનકો વગેરે હોય છે. તે ગદ્યમાં આલેખાયેલ છે. તેમાં અનેક દેવી-દેવતાઓની કથાઓ, યજ્ઞસંબંધી વિચાર, જુદી જુદી ઋતુમાં કરવામાં આવતાં ધાર્મિક કર્મો વગેરેનું નિરૂપણ કરવામાં આવ્યું છે. પ્રત્યેક બ્રાહ્મણમાં પોતાનું આરણ્યક છે.

આરણ્યક વિભાગમાં અરણ્યમાં જઈને ઋષિઓએ કરેલા ચિંતન વગેરેનો સમાવેશ છે. વનમાં બેસીને ઋષિ-મુનિઓએ પરમાત્મા-જગત-પુરુષ સંબંધી જે વિચારો કર્યા તેના સંગ્રહને 'આરણ્યક' કહેવાય છે.

ઉપનિષદ વેદનો અંતિમ ભાગ છે, તેથી તેને **'વેદાંત'** પણ કહેવામાં આવે

છે. અંત એટલે આખરી, નિચોડ અથવા નિષ્કર્ષ વેદોના સારરૂપ આ વિભાગ છે. ઉપનિષદમાં ત્રણ શબ્દો છે. ઉપ-નિ-ષદ. 'ઉપ' એટલે પાસે, 'નિ' એટલે પૂર્ણ રીતે અને 'ષદ્' એટલે પૂર્વધર્મથી છૂટો પાડીને અથવા બેસવું. પરમતત્ત્વની નજીક સારી રીતે રહેવામાં આવે તે 'ઉપનિષદ'. ઉપનિષદમાં પરમતત્ત્વને સારી રીતે જાણવા-સમજાવવામાં આવ્યું છે, માટે જ તેને 'ઉપનિષદ' કહેવામાં આવ્યું છે. તેમાં બ્રહ્મ, જીવ, જગત, પ્રવૃત્તિ, નિવૃત્તિ, મુક્તિ વગેરેનું આધ્યાત્મિક જ્ઞાનપૂર્ણ સૂક્ષ્મ વિવેચન કરવામાં આવ્યું છે.

ઉપનિષદ ગુરૂમુખે ઉચ્ચાર પછી શ્રવણથી પ્રાપ્ત થયેલ હોઈ **'અનુશ્રવ'** અથવા **'શ્રુતિ'** પણ કહેવામાં આવે છે.

સામાન્યતઃ ૧૦૮ ઉપનિષદો હોવાનું મનાય છે, પરંતુ મુખ્ય ઉપનિષદોની સંખ્યા ૧૦ છે. ઈશ, કેન, કઠ, પ્રશ્ન, મુંડક, માંડુક્ય, તૈત્તિરીય, ઐતરેય, છાંદોગ્ય, બ્રહદારણ્યક અને શ્વેતાશ્વતર મુખ્ય ઉપનિષદ છે. ઈશાવાસ્ય ઉપનિષદ સિવાયનાં બધા ઉપનિષદો 'વેદાંત' છે. જ્યારે ઈશાવાસ્ય ઉપનિષદ એ શુક્લ યજુર્વેદના મંત્ર વિભાગમાં આવે છે. યાજ્ઞવક્ય ઋષિ દ્વારા જે વાત અથવા વિચાર પ્રગટ થઈ ગયો તે 'ઈશાવાસ્ય ઉપનિષદ' છે. ઉપનિષદો સંવાદરૂપે આલેખાયેલ છે. તેને **'ધર્મશાસ્ત્ર'** પણ કહેવામાં આવે છે.

ઋગ્વેદના બે બ્રાહ્મણ છે - એતેરય અને શાંખાયન.

યજુર્વેદની બે શાખા છે - શુક્લ અને કૃષ્ણ. કૃષ્ણ યજુર્વેદિની બે પેટા શાખા છે - તૈત્તિરીય અને મૈત્રાયણ બ્રાહ્મણ.

સામવેદની શાખાઓ - તાંડ્ય અથવા પંચવિશ, ષડ્વિશ, છાંદોગ્ય, અદ્ભુત, આર્ષેય અને ઉપનિષદ બ્રાહ્મણ.

અથર્વવેદમાં ગાથેય બ્રાહ્મણ છે.

વેદાંગ :

વેદોનાં છ અંગ છે જેને 'વેદાંગ' કહેવાય છે. તે નીચે પ્રમાણે છે.

૧. **શિક્ષા :** શબ્દોચ્ચારની શુદ્ધતા વગેરે પ્રક્રિયાઓ-ધ્વનિવિજ્ઞાન.
૨. **કલ્પ :** યજ્ઞોપયોગી પ્રતિપાદનનું શાસ્ત્ર.

૩. **વ્યાકરણ :** પાણિની રચિત-શબ્દ-ધાતુ વ્યુત્પત્તિ વગેરે વેદોના અર્થ સમજાવવાનું શાસ્ત્ર.
૪. **નિરૂક્ત :** વૈદિક શબ્દકોષ નિર્વચન વ્યુત્પત્તિ દર્શન, ભાષાવિજ્ઞાન.
૫. **છંદ :** પિંગલાચાર્યરચિત છંદશાસ્ત્રની કાવ્યરચનામાં અક્ષર, માત્રા, પરિમાણ, યજ્ઞાનુષ્ઠાનમાં ઉપયોગી શાસ્ત્ર.
૬. **જ્યોતિષ :** ગર્ગાચાર્ય રચિત યજ્ઞોપયોગી કાલ નિર્ધાર, ગ્રહ વગેરેની ગતિ અને તેની અસરો જાણવાનું શાસ્ત્ર.

સામાન્યતઃ વેદ-રક્ષા માટે વેદાંગ રચાયેલ છે. તેનાથી શબ્દ-રક્ષા, અર્થરક્ષા તેમજ અનુષ્ઠાન રક્ષા થાય છે. શિક્ષા અને છંદથી શબ્દસ્વરૂપની રક્ષા થાય છે. નિરૂક્ત અને વ્યાકરણથી અર્થરક્ષા થાય છે અને જ્યોતિષ તથા કલ્પથી અનુષ્ઠાન રક્ષા થાય છે.

શ્રુતિ-સ્મૃતિ

શ્રુતિ એટલે સાંભળેલું. પ્રાચીન ઋષિમુનિઓને જે વાણી સમાધિમાં સંભળાઈ તે જ 'વેદ'. માટે વેદને 'શ્રુતિ' પણ કહેવાય છે. શ્રુતિ આધ્યાત્મિક જ્ઞાનનું ઉદ્ભવસ્થાન અથવા પાયો છે. શ્રુતિ પરમાત્માની વાણી છે.

સ્મૃતિ એટલે સ્મરણમાં હોય તેવું, યાદશક્તિના આધારે આલેખાયેલું. પોતાની સ્મરણશક્તિના આધારે જે ઋષિમુનિઓએ રચનાઓ કરી તેને **'સ્મૃતિ'** કહેવાય છે. સ્મૃતિ એ મનુષ્યનિર્મિત સૂત્રો છે. જીવન વ્યવહારમાં ઉપયોગી જે ધર્મસૂત્રાત્મક આલેખન થયું, જે નિયમો ઘડાયા તેને સ્મૃતિના રૂપે આલેખાયેલ છે. મુખ્ય સ્મૃતિઓ અઢાર છે. એમને 'ધર્મશાસ્ત્ર' પણ કહેવામાં આવે છે. મનુ, યાજ્ઞવલ્ક્ય અને પરાશરની સ્મૃતિઓ મુખ્ય છે. બાકીની પંદર સ્મૃતિઓ તે વિષ્ણુ, દક્ષ, સંવર્ત, વ્યાસ, હારિત, શતપથ, વશિષ્ઠ, યમ, આપસ્તમ્બ, ગૌતમ, દેવલ, શંખલિખિત, ઉશન, અત્રિ અને શૌનકની છે.

ભગવદ્ગીતા પણ સ્મૃતિ-રૂપ ગણાય છે.

પુરાણ :

પુરાણ એ વેદનાં કર્મ-જ્ઞાન-ભક્તિનાં રહસ્યોને ઐતિહાસિક પ્રસંગો દ્વારા, તેમજ ભગવાનની લીલાઓને લોકભોગ્ય બનાવી સમાજને સરળતાથી સમજાવવાનું

શાસ્ત્ર છે. પુરાણ કથાઓના માધ્યમથી અશિક્ષિત મનુષ્ય પણ ધર્મને યથાર્થ રૂપે સમજી શકે છે. દર્શન શાસ્ત્રો ખૂબ જ જટિલ ગૂંચવણભર્યાં અને મુશ્કેલ હોય છે. સામાન્ય મનુષ્ય માટે તે સમજવાં અઘરાં છે. બોધકથાઓ, કથાનકો અને દૃષ્ટાંતો દ્વારા વૈદિક ધર્મને પ્રતિપાદિત કરવો તે પુરાણોનું ધ્યેય છે. વિષ્ણુપુરાણ, ગરૂડપુરાણ, શ્રીમદ્ ભાગવત ઈત્યાદિ પુરાણ છે, જેમાં અનેક કથાઓ દ્વારા શ્રુતિ-સ્મૃતિમાં પ્રતિપાદિત બાબતોને સ્પષ્ટ કરવામાં આવી છે. આવાં અઢાર પુરાણ અને અઢાર ઉપપુરાણ છે.

પુરાણોનાં નામ આ પ્રમાણે છે. (૧) ભાગવત, (૨) ભવિષ્ય, (૩) મત્સ્ય, (૪) માર્કણ્ડેય, (૫) બ્રહ્મ, (૬) બ્રહ્માંડ, (૭) બ્રહ્મવૈવર્ત, (૮) વિષ્ણુ, (૯) વામન, (૧૦) વરાહ, (૧૧) વાયુ, (૧૨) નારદ, (૧૩) લિંગપુરાણ, (૧૪) પદ્મપુરાણ, (૧૫) અગ્નિ, (૧૬) કૂર્મ, (૧૭) સ્કન્ધ અને (૧૮) ગરૂડપુરાણ.

તદ્નુસાર ઉપપુરાણોનાં નામ આ પ્રમાણે છે. (૧) સનતકુમાર, (૨) નરસિંહ, (૩) બૃહન્નારદીય, (૪) સ્વરહસ્ય, (૫) દુર્વાસા, (૬) કપિલ, (૭) વામન, (૮) ભાર્ગવ, (૯) વરુણ, (૧૦) કાલિકા, (૧૧) સામ્બ, (૧૨) નન્દી, (૧૩) સૂર્ય, (૧૪) પરાશર, (૧૫) વશિષ્ટ, (૧૬) દેવી ભાગવત, (૧૭) ગણેશ અને (૧૮) હંસ.

ઉપરોક્ત અઢાર મુખ્ય પુરાણોમાંથી છ સાત્વિક છે, જે ભગવાન વિષ્ણુના સમર્થક છે. છ રાજસિક છે, જે ભગવાન બ્રહ્માના સમર્થક છે અને છ તામસિક છે, જે ભગવાન શિવના સમર્થક છે.

વ્યાસજીએ આ પુરાણોની રચના કરી છે. ૧૭ પુરાણોની રચના કરવા છતાં જ્યારે તેમને માનસિક શાંતિ પ્રાપ્ત ન થઈ ત્યારે નારદજીના કહેવાથી સમાધિમાં ભગવાનની લીલાઓની અનુભૂતિ કરી જે પુરાણ રચ્યું તે શ્રીમદ્ ભાગવત પુરાણ છે. તેને 'મહાપુરાણ' કહેવાય છે.

સ્મૃતિ અને પુરાણોની વિગતોમાં વિરોધાભાસ જણાય તો સ્મૃતિનું વિધાન પ્રમાણરૂપ મનાય છે. તદ્નુસાર શ્રુતિનિર્દિષ્ટ વિગતો જો સ્મૃતિઓમાં ખંડિત થતી હોય તો શ્રુતિ વાક્ય તે જ પ્રમાણભૂત માનવું જોઈએ.

ઉપવેદ :

ચાર મુખ્ય વેદોમાંથી ચાર ઉપવેદો અસ્તિત્વમાં આવ્યા છે, જેમાં માનવજીવનની વિવિધ આવશ્યક બાબતોને આવરી લેવામાં આવી છે. નીચે મુજબના ચાર ઉપવેદ કહેવાય છે.

૧. **આયુર્વેદ** : તે શરીર-સ્વાસ્થ્યમાં ઉપકારક છે. આરોગ્ય વિષયક બાબતો તેમાં આવરી લેવામાં આવી છે. તેનું મૂળ 'ઋગ્વેદ'માં છે.

૨. **ધનુર્વેદ** : શરીર-રક્ષાનું આ શાસ્ત્ર છે, જેનું મૂળ 'યજુર્વેદ'માં છે.

૩. **ગાંધર્વવેદ** : આ વેદનું જ્ઞાન મનની ઉદ્વેગ-નિવૃત્તિથી પ્રસન્નતા પ્રાપ્ત કરવામાં ઉપયોગી બને છે. એ 'સામવેદ'માંથી પ્રગટ થયેલ છે.

૪. **સ્થાપત્યવેદ** : યજ્ઞનાં સાધનો, નિર્માણ વ્યવસ્થા, તન-મનને જરૂરી અનુકૂળ રચનાઓ માટે ઉપયોગી આ શાસ્ત્ર છે, જેનું મૂળ 'અથર્વવેદ'માં છે.

ન્યાયશાસ્ત્ર :

વેદ વાક્યોના અર્થની નિર્ણય કરવાની પદ્ધતિનું પ્રાચીન નામ 'ન્યાય' છે. પ્રમાણો તો વસ્તુ પરીક્ષા પણ ન્યાય છે. ન્યાય એટલે વેદાનુકૂલ 'તર્ક મીમાંસા' અથવા 'નીતિશાસ્ત્ર'. ન્યાયશાસ્ત્રના મતે દરેક મનુષ્ય જો જગતમાં આવીને સદ્વ્યવહાર અને સત્કર્મો દ્વારા બધાં દુખોમાંથી છૂટવા ઈચ્છતો હોય તો તેણે જડ-ચેતનરૂપ જગતની રચના જે પદાર્થોમાંથી થઈ છે તે પદાર્થો અથવા વસ્તુઓના વાસ્તવિક સ્વરૂપનું જ્ઞાન મેળવવું આવશ્યક છે.

મીમાંસા :

મીમાંસા એટલે વિચાર. બધાં ભારતીય આસ્તિક દર્શનો વેદ આધારિત છે. વેદના મુખ્ય પ્રમેય બે છે. (૧) પૂર્વકાંડમાં દર્શાવેલ ધર્મ (કર્મ) કે યજ્ઞ અને (૨) ઉત્તરકાંડમાં વર્ણવેલ બ્રહ્મ કે તત્ત્વ. આને બ્રહ્મકાંડ અથવા જ્ઞાનકાંડ પણ કહેવાય છે. વેદના આ યજ્ઞકાંડ અથવા કર્મકાંડના તાત્પર્યનો નિર્ણય કરવામાં જે વિચારો પ્રસ્તુત થયા તે **'પૂર્વમીમાંસા'** અને વેદના બ્રહ્મકાંડ અથવા જ્ઞાનકાંડના તાત્પર્યનો નિશ્ચય કરવા માટે જે વિચારો પ્રસ્તુત થયા તે **'ઉત્તર મીમાંસા'**. પૂર્વ મીમાંસાને **'કર્મમીમાંસા'** અને ઉત્તર મીમાંસાને **'બ્રહ્મમીમાંસા'** પણ કહેવાય છે. કર્મમીમાંસા

મહર્ષિ વ્યાસના શિષ્ય જૈમિનિ મુનિએ રચી છે, જેને **'જૈમિનિ સૂત્ર'** કહેવાય છે. જ્યારે બ્રહ્મમીમાંસાના રચયિતા સ્વયં વ્યાસજી પોતે છે. તેમણે રચેલાં સૂત્રો **'બ્રહ્મસૂત્ર'**ના નામે ઓળખાય છે.

ઉપરોક્ત અઢાર વિદ્યાઓ ઉપરાંત 'આગમ' પણ શાસ્ત્રરૂપ છે. પંચમુખ શંકરના મુખમાંથી આવેલું પાર્વતીજીના મુખ (કાન)માં ગયેલું. વાસુદેવને સંમત તેને 'આગમ' કહેવાય છે. તે પ્રાયઃ તંત્રરૂપ ગણાય છે. તંત્ર વેદ સંમત છે. આગમમાં શૈવ, વૈષ્ણવ, શાક્ત તંત્રો સમાવિષ્ટ છે. વૈષ્ણવ તંત્રમાં વૈખાનસ અને પંચરાત્ર પ્રસિદ્ધ છે. ઇતિહાસ-પુરાણને 'પંચમવેદરૂપ' ગણવામાં આવે છે.

◆

3

તત્ત્વજ્ઞાન

(Philosophy)

તત્ત્વજ્ઞાનની ભૂમિકા : Introduction

અનંત કોટી બ્રહ્માંડની સંખ્યામાં વિસ્તરેલું આ મહાકાય વિશ્વ સતત પરિવર્તનશીલ અને ગતિશીલ છે. એની આ ક્રિયા અબજો વર્ષોથી એક નિશ્ચિત નિયમમાં બંધાઈને એકધારી ચાલી રહી છે. જે વિશ્વમાં આપણે જીવન જીવી રહ્યા છીએ તે જગત શું છે? તેની સાથે આપણો શું સંબંધ છે? જગતમાં દૃશ્યમાન જડ અને ચેતન એ પરસ્પર વિરોધી તત્ત્વોનો સમન્વય શી રીતે થતો હશે? આ સમગ્ર તંત્રનું સંચાલન કરનાર કોણ હશે? આપણી સાથે - જગત સાથે, તેનો શું સંબંધ? આવા અનેક પ્રશ્નો મનુષ્યના મનમાં ઊઠતાં રહે છે. મનુષ્યનો જેમ જેમ વિકાસ થતો ગયો તેમતેમ તેણે આ બધાં રહસ્યો ઉપર ઊંડાણપૂર્વક ચિંતન કર્યું છે. તેણે અનેકાનેક પ્રશ્નોના ઉકેલ કેવી રીતે પ્રાપ્ત થઈ શકે તે વિશે ખૂબ મનોમંથન કર્યું છે. આ મનોમંથનના પરિપાકરૂપે, ચિંતનના ફલસ્વરૂપે વિવિધ પ્રકારની (Philosophy)નો જન્મ થયો છે. એમ કહેવાય છે કે તત્ત્વજ્ઞાન (ફિલોસોફી)નો ઉદય ઉત્સુકતા અથવા જિજ્ઞાસામાંથી થાય છે. એથેન્સમાં સોક્રેટિસ નામે ફિલોસોફર થઈ ગયો. તેને એવી ટેવ કે રસ્તામાં જે કોઈ મળે તેને ઊભો રાખી તરહ તરહના પ્રશ્નો પૂછે. કોઈ બાબતનો જ્યાં સુધી ઉકેલ ન મળે ત્યાં સુધી વિચાર્યા કરે. આવા જિજ્ઞાસુ ચિંતકને **'તત્ત્વજ્ઞાની'** અથવા **'ફિલોસોફર'** કહેવાય. ફિલોસોફી શબ્દનું મૂળ લેટિન ભાષામાં છે. તે બે શબ્દોનો બનેલો છે. : ફિલો (Phili) + લોગસ (Logus). તેનો અર્થ છે 'ડહાપણ' - ''Love for Wisdom'' અર્થાત્ જ્ઞાન પ્રત્યે અનુરાગ. અહીં જ્ઞાન શબ્દ દ્વારા સૈદ્ધાંતિક કે પુસ્તકિયું જ્ઞાન નહીં પરંતુ પ્રબુદ્ધ જ્ઞાન કે શાણપણનો અર્થ અભિપ્રેત છે. 'પ્રબુદ્ધ જ્ઞાન' તેને કહેવાય જે ઇન્દ્રિયો દ્વારા ગ્રાહ્ય નથી, જે સંદેહ અને તર્કથી પર છે, જે અનાદિ અને પૂર્ણ સ્વરૂપ છે એવા પરમ તત્ત્વના જ્ઞાન પ્રત્યે પ્રેમ અને પ્રબુદ્ધ જ્ઞાનનો અનુરાગી એટલે **'તત્ત્વજ્ઞાની'** કે **ફિલોસોફર**. આમ, તત્ત્વજ્ઞાનને જ્ઞાન,

બુદ્ધિ, વિચાર, વિવેક અને સત્ય સાથે સંબંધ છે. સંતો આ સર્વે બાબતોનું ચિંતન કરતાં હોય છે માટે તેમને પણ તત્ત્વજ્ઞાની કહી શકાય.

પશ્ચિમ તત્ત્વજ્ઞાનનું મૂળ

અગાઉ કહ્યું તેમ તત્ત્વજ્ઞાનનું મૂળ જિજ્ઞાસામાં રહેલું છે એ અર્થમાં જેમનામાં પણ જિજ્ઞાસા રહેલી છે તે સૌ કોઈ 'તત્ત્વજ્ઞાની' કહેવાય. બાળકથી માંડી મોટી ઉંમરના સૌના મનમાં જન્મ, મૃત્યુ, આત્મા-પરમાત્મા વગેરે સંબંધી જિજ્ઞાસા જાગે છે અને સૌ કોઈ યથામતિ તેના ખુલાસા આપે છે. પરંતુ એ જિજ્ઞાસાને અન્વેષણમાં ફેરવી તાત્ત્વિક વિચારધારા આપનાર પ્લેટો અને એરિસ્ટોટલ જેવા ચિંતકો સાચા અર્થમાં તત્ત્વજ્ઞાની કહેવાય.

પશ્ચિમના તત્ત્વજ્ઞાનનું મૂળ પ્રાચીન ગ્રીક ચિંતનમાં રહેલું છે. પ્રાચીન ગ્રીસવાસીઓ એથેન્સ નગરીની જ્ઞાનની દેવી સરસ્વતીની પૂજા અને પ્રતિષ્ઠા કરતાં. શિલ્પમાં કુડારેલ શારદાદેવીનાં ચરણોમાં શિલેપીએ ઉલૂક (ઘૂવડ) પક્ષી દર્શાવેલું છે. ઉલૂક પક્ષી અંધારામાં જોવા અસમર્થ હોય છે. તેથી ગ્રીસવાસીઓ ઉલૂકની ગણના દિવ્ય પક્ષીમાં કરતાં. એ હકીકત ભારતીય ખંડદર્શન પૈકી વૈશેષિક દર્શનના સ્થાનક કણાદ ઋષિની યાદ આપે છે. કણાદ ઋષિ 'ઉલૂક' નામથી અને તેમનું દર્શનશાસ્ત્ર **'ઔલુક્ય દર્શન'** નામથી ઓળખાય છે. ફિલોસોફર શબ્દનો સૌપ્રથમ શબ્દપ્રયોગ અંગે ડાયોજિનિસ લેક્ટ્રિઅસે એક રસપ્રદ વાત કરી છે. ક્લિઓન્ટીસ નગરના જુલ્મી શાસક લિયોને એક વાર પાયથાગોરાસને પૂછ્યું કે 'તું કોણ છે?' પાયથાગોરસે ઉત્તર આપ્યો : 'હું ફિલોસોફર છું!' પેલો જુલ્મી શાસક આ શબ્દથી તદ્દન અપરિચિત હતો. પાયથાગોરસે એક રૂપકની મદદથી તેને 'ફિલોસોફર' શબ્દનો અર્થ સમજાવ્યો. તેણે કહ્યું : ઓલિમ્પિક રમતગમતની હરીફાઈમાં ત્રણ પ્રકારના લોકો આવે છે : (૧) હરીફાઈમાં ભાગ લેનારા રમતવીરો, (૨) ધંધાદારીવૃત્તિથી આવનાર વેપારીઓ, (૩) નિર્મમભાવે રમતનું નિરીક્ષણ કરી આનંદ અને સંતોષ મેળવવા આવતા પ્રેક્ષકો. બસ, એ જ પ્રમાણે જીવનની રમતમાં પણ ત્રણ પ્રકારના લોકો જોવા મળે છે : (૧) કીર્તિ અને પ્રતિષ્ઠાના મોજશોખના ગુલામો, (૨) ભૌતિક સંપત્તિના ઉપાસકો અને (૩) 'પરમ સત્ય'નું અન્વેષણ અને ઉપાસના કરનાર જ્ઞાની કે ફિલોસોફર.

પાશ્ચાત્ય તત્ત્વજ્ઞાનનો વિષયવિસ્તાર : Extension of Western Philosophy.

તત્ત્વજ્ઞાનના વિષયને યથાર્થ રીતે સમજવા માટે પશ્ચિમી વિચારધારામાં વિવિધ શાખાઓ વિકાસ પામી છે, જેમાંની મુખ્ય નીચે મુજબ છે :

૧) **તર્કમીમાંસા** (Logic) : યથાર્થ અને અયથાર્થના ભેદને તર્ક દ્વારા જાણવાનું શાસ્ત્ર.

તત્ત્વજ્ઞાની અમુક માન્યતાઓનો સ્વીકાર ત્યારે જ કરે કે જ્યારે તેના સમર્થન માટેની તેની પાસે ચોક્કસ દલીલો હોય. એ જ રીતે કોઈ પણ માન્યતાનો ઈન્કાર કરતી વખતે પણ તત્ત્વજ્ઞાની તેના ખંડનની દલીલો રજૂ કરે છે. આમ યથાર્થ કે અયથાર્થના ભેદને જાણવા માટે તર્ક-દલીલોનો સહારો લેવો આવશ્યક બને છે. આ બાબતોને સમજાવવાનું આ શાસ્ત્ર છે.

૨) **જ્ઞાનમીમાંસા** (Epistemology) : જ્ઞાનની વિવિધ શ્રેણી, ઇંદ્રિયજ્ઞાનની સીમિતતાનો સ્વીકાર, તથા અતીન્દ્રિય જ્ઞાન દ્વારા પરમ સત્યને પામવાના માર્ગને સમજવાનું શાસ્ત્ર.

તત્ત્વજ્ઞાનમાં કશું જ સીધેસીધું સ્વીકારવામાં આવતું નથી. પ્રત્યેક બાબતની સમીક્ષાત્મક રીતે વિચારણા કરવામાં આવે છે. એથી તેમાં અમુક વિષયને લગતું જ્ઞાન મેળવતાં પહેલાં જ્ઞાનના પોતાના સ્વરૂપ અંગે પણ વિચારવામાં આવે છે. જ્ઞાન એટલે શું? જ્ઞાન મેળવવાનાં સાધનો બુદ્ધિ અને ઇન્દ્રિયોમાં મુખ્ય કયું અને ગૌણ કયું? જ્ઞાનતત્ત્વો (જ્ઞાનના વષિયો) અને જ્ઞાતા વગેરે જ્ઞાન વિષયક અનેક બાબતોની છણાવટ આ શાસ્ત્રમાં કરવામાં આવે છે.

૩) **સત્‌વિદ્યા/અધ્યાત્મ વિદ્યા** (Ontology) : સત્‌નું અસ્તિત્વ, વ્યવહારિક સત્ય અને પરમાર્થિક સત્યના ભેદની ચર્ચાનું શાસ્ત્ર.

જીવ કે આત્મા તેમજ અંતિમ તત્ત્વ (Ultimate Reality)ના સ્વરૂપને નિરૂપણ કરવા માટેનું આ શાસ્ત્ર છે. જીવ-જગત અને ઈશ્વરના યથાર્થ સ્વરૂપની આમાં ચર્ચા કરવામાં આવે છે. જન્મ-મૃત્યુની ઘટમાળ, મોક્ષ શું? તેની પ્રાપ્તિ કેવી રીતે? ઇત્યાદિ બાબતો વિશેનું જ્ઞાન સત્‌વિદ્યા અથવા તત્ત્વમીમાંસામાંથી મેળવી શકાય છે.

૪) **નીતિમીમાંસા** (Ethics) : આચારને અવગણીને અધ્યાત્મની વાત થઈ શકે નહીં. સદ્‌ગુણ અને સદાચારના પરમ આદર્શ વિષયક આ શાસ્ત્ર છે. મનુષ્ય નીતિ અને અનીતિ અંગે અમુક ચોક્કસ માન્યતાઓ ધરાવે છે અને તેના આધારે પોતાનો વ્યવહાર ગોઠવે છે. અમુક કાર્યથી પુણ્ય, સારું- ખરાબની બાબતોમાં અનેક નૈતિક માન્યતાઓ પ્રચલિત છે. નીતિમીમાંસામાં આવી બધી માન્યતાઓની સમીક્ષાત્મક ચર્ચા કરવામાં આવે છે.

૫) **સૌંદર્યમીમાંસા** (Aesthetics) : કલા અને સૌંદર્યના સ્વરૂપનો વિચાર અને તેના વિકાસની કક્ષા વગેરે બાબતોનું આ શાસ્ત્ર છે.

૬) **સૃષ્ટિમીમાંસા** (Cosmology) : સૃષ્ટિની ઉત્પત્તિ કે અભિવ્યક્તિના પ્રશ્નો ઉપરાંત જીવોની ઉત્ક્રાંતિ, જડ-ચેતન પદાર્થોનું સ્વરૂપ, તેનો આપસી સંબંધ, દેશકાળનું સ્વરૂપ અને તેને લગતા અનેક વ્યાપક પ્રશ્નોની છણાવટ આ શાસ્ત્રમાં કરવામાં આવી છે.

આ ઉપરાંત પણ બીજી કેટલીક શાખાઓ, જેમ કે સામાજિક જીવનના પ્રશ્નો સંબંધી છણાવટ માટે **'સામાજિક તત્ત્વજ્ઞાન'** (Social Philosophy); ધર્મ, તેનું સ્વરૂપ, ઈશ્વરનું અસ્તિત્વ, જીવ-જગત, ઈશ્વરનો આપસી સંબંધ વગેરે બાબતના અભ્યાસ માટે **'ધર્મમીમાંસા'** (Philosophy of Religion), તેમજ કેળવણી-શિક્ષા વિષયક પ્રશ્નો માટે **'કેળવણીમીમાંસા'** (Philosophy of Education) વિકાસ પામી છે.

ભારતીય તત્ત્વજ્ઞાન : Indian Philosophy.

તત્ત્વજ્ઞાનમાં રહેલો **'તત્'** શબ્દ **'ઇદમ્'**નો વિરોધી છે. 'ઇદમ્ એટલે 'આ' (દૃશ્યમાન વિશ્વ) અને 'તત્' એટલે તે (વિશ્વની પેલે પાર પહેલું તત્ત્વ). એ તત્ત્વના સ્વરૂપનું જ્ઞાન એટલે **''તત્ત્વજ્ઞાન''**. ચિદ્ (ચેતન) અને અચિદ્ (જડ) સહિત સમગ્ર વિશ્વનો અર્થ દર્શાવતી સામાન્ય કે મૂળભૂત કલ્પનાની તર્કશુદ્ધ અને સુસંગત માંડણી એટલે તત્ત્વજ્ઞાન.

તત્ત્વજ્ઞાનનો બીજો એક અર્થ છે : 'આપણા અખિલ અનુભવના અન્વય અને અર્થને શોધવાનો પ્રયત્ન.' તત્ત્વજ્ઞાનને **અધ્યાત્મવિદ્યા** પણ કહેવામાં આવે છે. ગીતામાં અધ્યાત્મવિદ્યાનો અપાર મહિમા કહ્યો છે. કૌટીલ્યના મતે અધ્યાત્મવિદ્યા અન્ય તમામ વિદ્યાઓ માટે દીપક સમાન છે. ભારતીય પરંપરામાં તત્ત્વજ્ઞાન માટે **'દર્શન'** શબ્દપ્રયોગ પણ થાય છે. કારણ કે, ઋષિઓને તત્ત્વનું- પરમ સત્યનું પ્રત્યક્ષ દર્શન થયું હતું, તેથી ઋષિઓને વેદના **'સ્રષ્ટા'** નહિ પણ **'દૃષ્ટા'** કહેવાય છે. દર્શનને શાસ્ત્ર પણ કહેવાય છે. શાસ્ત્રના બે અર્થ છે :

(૧) **'આજ્ઞા કરવી'** જે ગ્રંથમાં વિધિ (કરવા યોગ્ય કર્મ) અને **નિષેધ** (ન કરવા યોગ્ય કર્મ)ની એટલે કે આજ્ઞાની વાત કહી છે તેને **ધર્મશાસ્ત્ર** પણ કહે છે.

(૨) **'પ્રકટ કરવું'** જે ગ્રંથ સત્યને પ્રકટ કરે છે તેને એટલે કે દર્શનને શાસ્ત્ર કહે છે.

સામાન્ય જીવનમાં દર્શન સત્યની નજીક, વધારેમાં વધારે હોવાથી 'દર્શન' શબ્દ અધ્યાત્મ જ્ઞાનના અર્થમાં વપરાવા લાગ્યો. તેથી 'અતીન્દ્રિય વસ્તુઓનો સાક્ષાત્કાર' એવો દર્શનનો અર્થ રૂઢ થયેલો છે. અર્થાત્ આત્મા- પરમાત્મા જેવી ઇન્દ્રિયાતીત વસ્તુઓનું વિશદ, અસંદિગ્ધ, દૃઢ જ્ઞાન તે જ દર્શન છે. દર્શન જ્ઞાનવિશુદ્ધિની પરાકાષ્ઠા છે.

પાશ્ચાત્ય તત્ત્વજ્ઞાન બાહ્ય દૃષ્ટિકોણથી વિચારે છે, જ્યારે ભારતીય દર્શન આંતરખોજનો દૃષ્ટિકોણ ધરાવે છે. તે અધ્યાત્મ વિદ્યા (Knowledge of Soul) છે. અધ્યાત્મ વિદ્યા એ આત્મા વિશેનું વિવેચનાત્મક (Critical) અને પૃથક્કરણ પદ્ધતિથી (Analytical) પ્રાપ્ત કરેલું જ્ઞાન (Knowledge) છે.

જિજ્ઞાસા, શોધ અને જ્ઞાન (Curiocity, Search and knowledge)એ તત્ત્વજ્ઞાનના તબક્કા છે. ભારતીય તત્ત્વદર્શન જીવનના સ્તરને સુધારવા, ઊર્ધ્વીકરણ કરવા જ્ઞાનના વ્યવહારિક ઉપયોગમાં માને છે. સિદ્ધાંત અને વ્યવહારને અલગ કરી શકાય નહીં. ભારતીય તત્ત્વદર્શન એ **'જીવનદર્શન'** છે. જીવવાની કલા (Art of Living) છે. ભારતીય તત્ત્વજ્ઞાનમાં અંર્તજ્ઞાન (Instution) અને સ્થાપિત નિયમ (Institution) બન્નેનું સ્થાન છે. પ્રાચીન ઋષિ-મુનિઓ સમાધિમાં બેસી તથ્યો ઉપર વિચાર કરતાં અને તેમને જે અનુભૂતિ પ્રાપ્ત થતી તેના ઉપર આપસમાં વિમર્શ કરી જે સત્ય સાંપડ્યું તે ભારતીય દર્શનનો આધાર છે.

પૌર્વાત્ય અને પાશ્ચાત્ય દર્શનમાં ભેદ : Differance between Eastern and Western Philosophy.

પાશ્ચાત્ય દર્શનમાં અનેક દેશોની વિચારધારાઓનો સંગમ થયો છે. તેમાં મુખ્યત્વે ગ્રીક, ખ્રિસ્તી તેમજ આધુનિક વિચારધારાઓનો ત્રિવેણી સંગમ છે. જોકે ગ્રીસ દેશ એ પાશ્ચાત્ય દર્શનનું જન્મસ્થાન ગણાય છે. પ્લેટોના સિદ્ધાંત અને એરિસ્ટોટલની દાર્શનિક વિચારધારાનો તેના પર ઘણો પ્રભાવ પડ્યો છે. પાશ્ચાત્ય દર્શનનો મુખ્ય વિષય જ્ઞાન-મીમાંસા રહ્યો છે, અને ત્યાંના પ્રત્યેક તત્ત્વચિંતકે જ્ઞાનનું મૂળ, તેનું સ્વરૂપ, તેની મર્યાદા, તેના પ્રમાણને લગતાં પ્રશ્નો ઉઠાવ્યા છે. એ ચિંતકોનું મુખ્ય ધ્યેય ઈશ્વર સાક્ષાત્કાર કે આત્મ સાક્ષાત્કારનું ન હતું, પરંતુ માનવ અનુભવના વિશ્લેષણનું જ્ઞાનખાતર જ્ઞાન પ્રાપ્તિનું જીવન લક્ષ્ય હતું. ડૉ. રાધાકૃષ્ણનના મતે 'પશ્ચિમનું માનસ તર્કવાદી અને નીતિપરાયણ ગૂઢતાને વિશે અણગમો ધરાવનારું અને વ્યવહારકુશળ છે. જ્યારે પૂર્વનું માનસ આંતર જીવન અને ધ્યાનયોગ તરફ વધુ ઢળે છે.' બૌદ્ધિક પાસા પર વિશેષ ભાર મૂકતી હોઈ પાશ્ચાત્ય દર્શનની દૃષ્ટિ બહિર્મુખી છે. તેઓને આધ્યાત્મિક રહસ્યોની શોધ કરતાં જગતના વ્યવહારિક પ્રશ્નોની ચર્ચામાં વિશેષ રસ છે. આનાથી વિપરીત પૌર્વાત્ય દર્શન - વિશેષતઃ ભારતીય દર્શન તર્કની સીમા વટાવી તેની પેલી પાર જવાનું ધ્યેય રાખે છે. તે આત્મજ્ઞાન-દિવ્યદર્શન વિશે આગ્રહ ધરાવે છે. મુંડક ઉપનિષદ કહે છે કે 'આપણે આત્મપરાયણ જીવન માણવા માંડીએ એટલે બુદ્ધિએ ઊભા કરેલા કોયડા આપોઆપ ઊકલી જાય છે?' ભારતીય દર્શનનું ક્ષેત્ર પાશ્ચાત્ય-તત્ત્વજ્ઞાનની માફક મર્યાદિત નથી પણ તે વધારે વ્યાપક છે. સાથે તેને માત્ર અધ્યાત્મ શાસ્ત્ર, તર્કશાસ્ત્ર, નીતિશાસ્ત્ર, સમાજશાસ્ત્ર અને માનસશાસ્ત્રની સાથે સંલગ્ન કરી શકાય નહીં, પરંતુ તે તમામ વિષયોની વિચારણા કરવા ઉપરાંત વિષયાતીત બને છે. અર્થાત્ - આ ભિન્ન-ભિન્ન શાસ્ત્રો પોતાના મર્યાદિત વિષયની વિચારણા કરીને અટકી જાય છે. જ્યારે ભારતીય તત્ત્વદર્શન એનાથી વધુ આગળ વધીને જે તત્ત્વ ઈન્દ્રિયોથી આગોચર છે અને બુદ્ધિથી અપ્રાપ્ત છે અને દેશ કાલાવિચ્છિન્ન એવું એક પરમ તત્ત્વ જે સર્વત્ર વ્યાપ્ત છે અને જેમાં તમામ ભૌતિક પદાર્થો તેમજ મનોભૂમિના પ્રદેશનાં ચિંતનીય તત્ત્વો પણ વ્યાપ્ત બની જાય છે, ત્યાં સુધી વિસ્તરે છે. અનંત નાની મોટી નદીઓના સંગમથી બનેલા ગંગાના પ્રવાહની માફક ભારતીય તત્ત્વજ્ઞાનની વિભિન્ન પ્રસ્થાન શ્રેણીઓ ગંગા, યમુના અને સરસ્વતી વડે ઉત્પન્ન થયેલ ત્રિવેણી જેવી છે.

ભારતીયરુ તત્ત્વજ્ઞાનના મુખ્ય મુદ્દા : Salient Features of Indian Philosophy.

૧) વિચાર અને બુદ્ધિનું સ્વાતંત્ર્ય એ ભારતીય દર્શનનો પ્રાચીન અમૂલ્ય વારસો છે. વૈચારિક સ્વતંત્રતાને કારણે જડવાદ-ચેતનવાદ, ઈશ્વરવાદ-અનીશ્વરવાદ વગેરે વિરોધી દર્શનોને પણ સ્થાન અને પ્રતિષ્ઠા મળ્યાં છે.

૨) તાત્ત્વિક વિચારધારાનો પ્રવાહ અખંડ અને અવિચ્છિન્ન છે. વિચારનું બીજ ફૂટે અને તેમાંથી વિશાળ વૃક્ષ બને ત્યાં સુધીની પ્રક્રિયામાં જેમ સાતત્ય છે તેમ વેદકાળથી વિવેકાનંદ પર્યંત યદ્યપિ તત્ત્વજ્ઞાનનો દોર અખંડ ચાલુ છે.

૩) ભારતીય તત્ત્વજ્ઞાન ઉદાર, સહિષ્ણુ અને વિવેચનાત્મક છે. બુદ્ધિ અને તર્કના આધારે તત્ત્વનું વિશ્લેષણ કરવું એમાં જ દર્શનની દાર્શનિકતા રહેલી છે. કોઈ બે સિદ્ધાંતો વચ્ચે મતભેદ હોય તો તર્કયુક્ત દલીલોના આધારે જાહેરમાં શાસ્ત્રાર્થ કરી નિર્ણય પર આવવાની એક સામાન્ય પ્રથા તે જમાનામાં પ્રચલિત હતી. શંકરાચાર્ય-મંડનમિશ્ર વચ્ચેનો શાસ્ત્રાર્થ આ વાતનું ઊજળું દૃષ્ટાંત છે. શંકરાચાર્ય જ્ઞાનનો અવતાર ગણાય, જ્યારે મંડનમિશ્ર કર્મના સિદ્ધાંતના પ્રવર્તક. બન્ને ખૂબ જ બુદ્ધિશાળી, તર્ક કરવામાં પ્રવીણ અને દલીલમાં ખૂબ જ પાવરધા. એક સમયે શંકરાચાર્ય મંડનમિશ્રને મળવા માટે નીકળ્યા. તેઓ જ્યાં રહેતા હતા તે ગામની પાદરે આવી તેમણે કોઈ સ્ત્રીને પૂછ્યું કે 'મંડનમિશ્રનું ઘર ક્યાં આવ્યું?' આ સાંભળી તે સ્ત્રી હસવા માંડી અને કહ્યું 'કે શું તમે મંડનમિશ્રનું ઘર નથી જાણતાં? જેના ઘરમાં પોપટ વેદપાઠ ભણે છે તે ઘર મંડનમિશ્રનું.' શંકરાચાર્ય ભોંઠા પડ્યા અને તે પોપટવાળા ઘરને શોધતા મંડનમિશ્રના ઘરે પહોંચ્યા. ત્યાં જઈ તેમણે મંડનમિશ્રને પોતાની સાથે શાસ્ત્રાર્થ કરવા કહ્યું. મંડનમિશ્ર તૈયાર થયા, પરંતુ મધ્યસ્થી-જજ કોને બનાવવા? શંકરાચાર્યે અનેક વિદ્વાનોને હરાવી દિગ્વિજય મેળવ્યો હતો. ખૂબ વિચારને અંતે મંડનમિશ્રની પત્ની સરસ્વતીને મધ્યસ્થ બનાવવા બન્ને કબૂલ થયાં. તે પણ અતિ વિદ્વાન અને મેધાવી સ્ત્રી હતી. બન્ને વચ્ચે ઘણા

સમય સુધી શાસ્ત્રાર્થ ચાલ્યો અને અંતે સરસ્વતીએ શંકરાચાર્યને વિજયી ઘોષિત તો કર્યા, પરંતુ એક શર્ત મૂકી. તેણે શંકરાચાર્યને કહ્યું કે તમે મારા એક પ્રશ્નનો જવાબ આપો પછી જ તમે અંતિમ વિજય મેળવી શકશો. તેણે શંકરાચાર્યને શૃંગાર વિશે વિલક્ષણ પ્રશ્ન કર્યો. શંકરાચાર્ય તો બાલબ્રહ્મચારી હતો, તેઓ શૃંગારની વાતો શું જાણે? તેમણે સરસ્વતી પાસે એક મહિનાની મુદત માગી. શંકરાચાર્ય પરકાયા પ્રવેશની વિદ્યા જાણતા હતા. તેમણે તે ગામની એક સ્ત્રીની કાયામાં પ્રવેશ કર્યો અને સ્ત્રી-પુરુષના સંબંધ વિશેનું જ્ઞાન પ્રાપ્ત કરી લીધું. એક માસને અંતે શંકરાચાર્યે સરસ્વતીના પ્રશ્નનો યોગ્ય ઉત્તર આપ્યો ત્યારે તેણે પ્રસન્ન થઈ, શંકરાચાર્યને વિજયી ઘોષિત કર્યા. મંડનમિશ્રે પણ પોતાની હાર સ્વીકારી, વેદાંત વિદ્યાને અપનાવી અને વેદાંતી બન્યા.) આમ, ખેલદિલીપૂર્વક એકબીજા સાથેની ચર્ચા અને વિજય થતાં તેનો સ્વીકાર એ ભારતીય દર્શન પરંપરાનું તત્ત્વ રહેલું છે.

૪) પ્રમાણવિદ્યા કે તર્કશાસ્ત્રના સ્વતંત્ર વિકાસથી દર્શનોમાં બૌદ્ધિકતા અને જીવંતતા જોવા મળે છે. એ બૌદ્ધિક વ્યવસ્થામાં ગૂઢ અનુભવ અને સાક્ષાત્કારને પણ સ્થાન અને પ્રતિષ્ઠા મળ્યાં છે.

ભારતીય તત્ત્વજ્ઞાનના વિકાસના તબક્કા - ભારતીય દર્શનોનો કાળખંડ:

Stages of the development of Indian Philosophy and its period.

છેક તેના ઉદ્ભવથી માંડીને વર્તમાનકાળ સુધી ભારતીય દર્શન વિકાસશીલ રહ્યું છે. વેદયુગ શરૂ થઈ આજપર્યંત અનેક વિચારધારાઓ તેમાં પ્રગટ થઈ છે અને વિકાસ સાધ્યો છે. ભારતીય દર્શનોને મુખ્યત્વે બે યુગમાં વહેંચી શકાય.

૧) **વેદયુગ :** તેને 'શ્રુતિયુગ' પણ કહેવામાં આવે છે. વેદ એ ભારતીય ધર્મ અને દર્શનનો પ્રાણ છે. વેદ અનાદિ અને અપૌરુષેય છે. વેદને **'શ્રુતિ'** કહે છે. વેદને ગ્રંથ નહીં પણ ગ્રંથાલય કહી શકાય એટલી વિવિધતા અને વિપુલતાથી તે ભરપૂર છે. વેદની સંહિતા (મંત્ર)નાં તત્ત્વોનો વિકાસ બ્રાહ્મણો અને આરણ્યકોમાં થઈને ઉપનિષદોમાં પૂર્ણપણે ખીલી ઊઠે છે. આ યુગ ઈ.સ. પૂર્વ ૧૦૦૦ સુધીનો માનવામાં આવે છે. જોકે તેની શરૂઆત ક્યારે થઈ એ નિશ્ચિતપણે કહી શકાતું નથી, પરંતુ ઈ.સ. પૂર્વ ૧૦૦૦ સુધીના સમયમાં વૈદિક સાહિત્ય રચાઈ ગયેલું હતું. વેદોમાં ભક્તિનું પ્રાધાન્ય, વિવિધ દેવોની આરાધનાના મંત્રો, યજ્ઞોની ભાવના અને તેનું સ્વરૂપ ઇત્યાદિનો પૂર્ણ વિકાસ થયેલો હતો. ભક્તિ-કર્મ અને જ્ઞાન એ આ યુગના ઉપાસનાના મુખ્ય માર્ગો જણાય છે.

૨) **વેદોત્તર યુગ :** આ વેદ પછીનો સમય ઈ.સ. પૂર્વ ૧૦૦૦થી અદ્યપર્યંતનો સમય છે. આ સમયને પણ બે પેટાવિભાગમાં વહેંચવામાં આવ્યો છે. જે છે-

અ) **પૂર્વકાળ :** આ સમયનો ગાળો મુખ્યત્વે વૈદિક ધર્મના વિરોધનો યુગ છે. વૈદિક રીતિ-રીવાજો અને પરંપરાઓનો વિરોધ કરવા ચાર્વાક, જૈન અને બૌદ્ધ ધર્મોનો વકિસ થયો. આ ધર્મ વેદના આધિપત્યને સ્વીકારતાં નથી. ચાર્વાક તો વેદને સંપૂર્ણપણે અસ્વીકૃત માને છે. આ ત્રણેય ધર્મો **'અવૈદિક'** ધર્મો છે. ઈશ્વર જેવા કોઈ તત્ત્વને તેઓ સ્વીકારતાં નથી. ચાર્વાકનું તત્ત્વજ્ઞાન સંપૂર્ણપણે ભૌતિકવાદી તેમજ નાસ્તિક છે. 'ખાઓ-પીઓ અને મૌજ કરો' એ તેનું સૂત્ર રહેલું છે. વૈદિક ધર્મથી વિમુખ થયેલા લોકોને કેટલોક સમય આ તત્ત્વદર્શન સારું લાગ્યું, પરંતુ પાછળથી તેમાં પણ ઓટ આવી. અવૈદિક ધર્મોના વિરોધને ખાળવા આ યુગમાં મહાભારત (જેને પાંચમો વેદ કહેવામાં આવે છે)નું સર્જન થયું. આને **'સ્મૃતિકાળ'** પણ કહેવાય છે. રામાયણ તેમજ અન્ય સ્મૃતિઓ, પુરાણો, વેદાંગ ઇત્યાદિની રચના આ કાળમાં જ થઈ હતી.

બ) **દર્શનકાળ :** પૂર્વકાળ પછીના આ યુગને 'દર્શનકાળ' કહેવામાં આવે છે. તે દરમિયાન વિવિધ દર્શનોનો વિકાસ થયેલ છે. આ દર્શન યુગના પણ બે **'અવાંતર વિભાગ'** છે.

(૧) **સૂત્ર કાળ** : (વિ.સં.પૂ. ૪૦૦થી વિ.સં.પૂ. ૨૦૦)

દર્શનકાળના આ અવાંતર દરમિયાન દાર્શનિકોએ ઉપનિષદ વચનોનો સમન્વય કરી **'સૂત્રો'** એટલે કે ઓછામાં ઓછા શબ્દોમાં વધુમાં વધુ વાતની કે અર્થની રજૂઆત કરવી. આ સૂત્રો અલ્પભાષી હોવા છતાં ગૂઢ રહસ્યોથી ભરપૂર છે. ન્યાય, વૈશેષિક, સાંખ્ય, યોગમીમાંસા અને

વેદાંત સૂત્રોની રચના આ સમય દરમિયાન થયેલી છે. સૂત્રોમાં પારસ્પરિક નિર્દેશ જોવા મળે છે. વેદના પૂર્વ ખંડ ઉપર જૈમિનિ ઋષિએ **'જૈમિનિ સૂત્રો'**ની રચના કરી છે, જેને **'પૂર્વમીમાંસા'** કહેવાય છે. જ્યારે ઉત્તર ખંડ ઉપર બાદરાયણ વ્યાસે **'બ્રહ્મસૂત્રો'**ની રચના કરી છે, જેને **'ઉત્તરમીમાંસા'** કહેવાય છે. તેને શરીરીસૂત્રો પણ કહેવાય છે. તેની સંખ્યા ૫૫૫ છે. ગૌતમ ઋષિએ **ન્યાયશાસ્ત્ર**, કણાદ ઋષિએ **વૈશેષિક**, કપિલ ઋષિએ **સાંખ્ય** અને પાતાંજલી દ્વારા **યોગ**ની રચના કરવામાં આવી છે.

(૨) **વૃત્તિ કાળ :** (વિ.સં. ૩૦૦થી વિ.સં. ૧૫૦૦)

દર્શનકાળનો આ બીજો અવાંતર વિભાગ છે. આ સમય દરમિયાન સૂત્રોનાં ગૂઢ રહસ્યોને સમજવા લાખો વર્તિકો અને ટીકાગ્રંથોની રચના થઈ છે. આ કાળમાં પ્રતિપક્ષના મતનું તર્ક દ્વારા ખંડન કરી સ્વમતની સ્થાપના કરવામાં આવતી. જેટલા મૂળ ગ્રંથો મૌલિક છે તેટલા જ મૌલિક આ ભાવગ્રંથો પણ છે. શંકરાચાર્ય, રામાનુજાચાર્ય, નિમ્બાર્કાચાર્ય, મધ્વાચાર્ય, વલ્લભાચાર્ય, વાચસ્પતિ વગેરેએ આ સમય દરમિયાન વેદ-ગીતા-બ્રહ્મસૂત્રોના આધારે પોતપોતાના વાદોનું પ્રતિપાદન કર્યું છે. શંકરાચાર્ય **કેવલાદ્વૈતવાદ**, રામાનુજાચાર્યે **વિશિષ્ટાદ્વૈતવાદ**, નિમ્બાર્કાચાર્યે **દ્વૈતાદ્વૈતવાદ**, મધ્વાચાર્યે **દ્વૈતવાદ** અને વલ્લભાચાર્યે **શુદ્ધાદ્વૈતવાદ**નું પ્રતિપાદન કર્યું છે. પ્રત્યેક આચાર્યનું તત્ત્વદર્શન પોતાની રીતે મહત્ત્વ ધરાવે છે.

ભારતીય દર્શનની પરંપરા : Tradition of Indian Philosophy.

ભારતીય દર્શનમાં બે પ્રકારની પરંપરા અસ્તિત્વમાં છે.

૧) **વૈદિક પરંપરા :** યજ્ઞ-યાગ કરી દેવતાઓના કૃપાપ્રસાદથી અભ્યુદય મેળવવાની પરંપરાને **'વૈદિક પરંપરા'** કહેવામાં આવે છે. વેદાનુસારી ષડ્દર્શનો - **સાંખ્ય, યોગ, ન્યાય, વૈશિષિક, પૂર્વમીમાંસા** અને **ઉત્તરમીમાંસા** એ આ શ્રેણીમાં આવે છે.

૨) **શ્રમણ પરંપરા :** દેહને કષ્ટ આપી તપોબળથી પરમલક્ષ્યને પામવાની પરંપરાને **'શ્રમણ પરંપરા'** કહેવામાં આવે છે. **જૈન** અને **બૌદ્ધ** દર્શન, જે વેદાનુસારી નથી તે આ શ્રેણીમાં આવે છે.

ભારતીય દર્શનોમાં સામ્ય : Similarity of various aspects in Indian Philosophy.

ચિંતનના પ્રવાહે ભારતીય તત્ત્વજ્ઞાનના બાગમાં અનેક દર્શન-પુષ્પોને ખિલવ્યાં છે. ભારતીય દર્શન એ કાંઈ બરફના ચોસલા જેવી કોઈ એક સંઘ કે એકરંગ વસ્તુ નથી. જેટલું ભારતીય જીવન ભાતીગળ છે તેટલું જ તેનું તત્ત્વજ્ઞાન પણ વૈવિધ્યપૂર્ણ છે. આમ છતાં એ વિવિધતાની વચ્ચે કેટલાંક સમાન તત્ત્વો પણ દૃષ્ટિગોચર થાય છે. એ સમાન તત્ત્વો નીચે મુજબ છે :

૧) **મોક્ષ :**

જેમ ચિકિત્સાશાસ્ત્રમાં રોગ, રોગનિદાન, આરોગ્ય, આરોગ્ય ઉપાય એ ચાર તત્ત્વોનું નિરૂપણ હોય છે, તેમ ભારતીય દર્શનોમાં દુઃખ, દુઃખકારણ, મોક્ષ અને મોક્ષ-ઉપાય એ ચાર સિદ્ધાંતોનું નિરૂપણ કરવામાં આવ્યું છે. 'મોક્ષ' એ મનુષ્યજીવનનો અંતિમ પુરુષાર્થ છે. આ બાબતે ચાર્વાક સિવાયનાં બધાં દર્શનો એકમત છે. જોકે મોક્ષના સ્વરૂપ અને તે માટેના ઉપાય વિશે દર્શનોમાં મતભેદ છે, છતાં મોક્ષ એ જીવનનું અંતિમ લક્ષ્ય છે, તે વાતનો બધાં જ દર્શનો (ચાર્વાક સિવાય) સ્વીકાર કરે છે.

૨) **કર્મસિદ્ધાંત :**

ચાર્વાકને છોડીને બધાં દર્શનો સ્વીકારે છે કે જન્મમૃત્યુનું ચક્ર પૂર્વકર્મ અનુસાર ચાલે છે. કર્મસિદ્ધાંતનું તાત્પર્ય એ છે કે વિશ્વમાં સર્વત્ર નૈતિક સુવ્યવસ્થાનું સામ્રાજ્ય છે. (વેદની 'ઋત્', મીમાંસાની 'અપૂર્વ' કે ન્યાયની 'અદૃષ્ટ'ની સંકલ્પના થોડાઘણા ફેરફાર સાથે આ સિદ્ધાંત પર આધારિત છે.)

૩) **પુનર્જન્મ :**

ચાર્વાક સિવાયનાં તમામ દર્શનો પૂર્વજન્મને પ્રમાણભૂત માને છે. એ સર્વે દર્શનો સ્વીકારે છે કે પ્રાણીમાત્રને તેના પૂર્વકર્માનુસાર પુનર્જન્મ પ્રાપ્ત થાય છે.

૪) **પારસ્પારિક અવલંબન :**

સ્વમતના સ્થાપન અને પરમતના નિવારણ-ખંડન માટે વાદ-પ્રતિવાદ (પૂર્વપક્ષ-ઉત્તરપક્ષોની એક વિશિષ્ટ પદ્ધતિ) દ્વારા સર્વ દર્શનો એકમેક પર આઘાત-પ્રત્યાઘાત કરી આગળ વધે છે. એ રીતે બધાં જ દર્શનો એકમેક પર અવલંબિત છે.

૫) **પ્રમાણચર્ચા :**

'પ્રમાણ શુદ્ધિ' વિના 'પ્રમેય શુદ્ધિ'ન થઈ શકે. પશ્ચિમમાં સોક્રેટિસ, પ્લેટો અને લૉક જેવા તત્ત્વચિંતકો પ્રમાણ ચર્ચાને સૌથી મહત્ત્વપૂર્ણ ગણે છે. લૉક તો ત્યાં સુધી કહે છે કે જ્ઞાનનાં ઉદ્‌ગમ, સ્વરૂપ, મર્યાદા નક્કી કર્યા વિના તાત્ત્વિક પ્રશ્નસંબંધી નિર્ણય લઈ શકાય નહીં. લૉકનો આ દૃષ્ટિકોણ ચાર્વાકથી લઈ સર્વ દર્શનોને માન્ય છે. 'ભારતીય દર્શનોમાં સમાન કહી શકાય તેવી એક કઈ વાત છે?' એ પ્રશ્ન જો કોઈ પૂછે તો નિઃશંક (શ્રી હર્ષના અપવાદને બાદ કરતાં) પ્રમાણ ચર્ચાનો નિર્દેશ કરી શકાય.

ભારતીય દર્શનોની સંખ્યા : Categories of Indian Philosophy.

દર્શનોની સંખ્યા અનેક છે, પણ મધ્વાચાર્યના 'સર્વદર્શન સંગ્રહ'માં ૧૬ દર્શનોનું નિરૂપણ છે. તે પૈકી નીચે મુજબનાં ૯ દર્શનો મહત્ત્વનાં ગણાય છે. (જો બૌદ્ધના ચાર સંપ્રદાયને અલગ દર્શાવવામાં આવે તો કુલ સંખ્યા ૧૨ની થાય છે).

દર્શનોને બે વિભાગોમાં વહેંચી શકાય. (૧) વૈદિક દર્શન, (૨) અવૈદિક દર્શન.

૧) જેનો વેદમાંથી ઉદ્‌ભવ થયો છે અથવા જે વેદ પર આધારિત છે તેને **વૈદિક, વેદસંમત** કે **વેદાનુસારી** દર્શન કહેવાય છે, અથવા **'આસ્તિક દર્શન'** પણ કહેવામાં આવે છે. ન્યાય, વૈશેષિક, સાંખ્ય યોગ, પૂર્વમીમાંસા અને ઉત્તરમીમાંસા એ આ શ્રેણીમાં આવે છે. આ ષડ્‌દર્શનો **'આસ્તિક'** છે.

૨) જે દર્શનો વેદની બહાર એટલે વેદના આધાર વગર સ્વતંત્રપણે ઉદય પામ્યા તેને **નાસ્તિક-અવૈદિક** કે **વેદબાહ્ય દર્શન** કહેવાય છે. ચાર્વાક, બૌદ્ધ અને જૈન દર્શન આ શ્રેણીમાં આવે છે. (બૌદ્ધના ચાર સંપ્રદાયોની ગણત્રી કરીને) કુલ ૬ **'નાસ્તિક'** દર્શનો છે.

''પરમેશ્વરના અસ્તિત્વમાં માનનાર **આસ્તિક** અને પરમેશ્વરના અસ્તિત્વનો ઈન્કાર કરનાર **નાસ્તિક**'' એ અર્થ અહીં અભિપ્રેત નથી. આસ્તિકનો બીજો અર્થ છે. ''આલોકથી પર અન્ય કોઈક છે અને જીવ પાપ-પુણ્ય અનુસાર તે પ્રતિ ગતિ પ્રાપ્ત થાય છે.'' આ અર્થમાં કેવળ 'ચાર્વાક' નાસ્તિક ગણાય. બાકીનાં બધાં દર્શનો **'આસ્તિક દર્શન'** કહેવાય.

ભારતીય દર્શનો અને ભારતીય દાર્શનિક સંપ્રદાયોનું વર્ગીકરણ નીચે મુજબ સંકલિતરૂપે કરી શકાય.


દર્શન
અનીશ્વરવાદ
ઈશ્વરવાદ
બુદ્ધિવાદ
સ્યાદ્‌વાદ (જૈન દર્શન)
શબ્દવાદ (પૂર્વમીમાંસા)
બુદ્ધિવાદ (ન્યાયદર્શન)
રહસ્યવાદ (યોગદર્શન)
શબ્દવાદ (ઉત્તરમીમાંસા)
અનાત્મવાદ
આત્મવાદ (વૈશેષિક દર્શન)
ભૌતિકવાદ (ચાર્વાક દર્શન)
અભૌતિકવાદ (બૌદ્ધ દર્શન)
સર્વાર્થ (સર્વાસ્તિવાદ)
બ્રહ્માર્થ (સૌત્રાન્તિક)
વિજ્ઞાનવાદ (યોગાચાર)
શૂન્યવાદ (માધ્યમિક)

ભારતીય દાર્શનિક સંપ્રદાયો


આસ્તિક દર્શનો (વૈદિક)
નાસ્તિક દર્શનો (અ-વૈદિક)
(વેદ નિરપેક્ષ વિચારધારા)
વેદગ્રંથો પર આધારિત
વેદગ્રંથો પર અંશતઃ આધારિત
કર્મકાંડ પર ભાર મૂકનાર પૂર્વમીમાંસા
જ્ઞાનકાંડ પર ભાર મૂકનાર ઉત્તરમીમાંસા અથવા વેદાંત
ચાર્વાક (લોકાયત દર્શન જડવાદી અથવા ભૌતિકવાદી વિચારધારા
બૌદ્ધ દર્શન
જૈન દર્શન
વિજ્ઞાનવાદ
શૂન્યવાદ વગેરે

૪

આસ્તિક દર્શન-વૈદિક દર્શન

(Vedic Darshan)

દર્શન વિદ્યાનું પ્રભવસ્થાન માનવ છે. મનુષ્ય હંમેશાં તાત્ત્વિક પ્રશ્નોને સમજવાની અને તેની જિજ્ઞાસાને સંતોષવાની કોશિશ કરતો રહ્યો છે. આ સંસાર શું છે? એનું પ્રયોજન શું છે? એ સત્ય છે કે છલના? તેનો કોઈ કર્તા કે નિયામક છે કે કેમ? તેનું સ્વરૂપ શું? જન્મ-મરણના ચક્રમાંથી મુક્તિ મેળવવાનો ઉપાય, પ્રકૃતિ, મન, જીવાત્મા, જગત, ઈશ્વર ઇત્યાદિ શું છે? આવા દાર્શનિક પ્રશ્નો માનવના મનમાં સ્વાભાવિક રૂપે ઊઠતા હોય છે. **'દર્શનશાસ્ત્ર'** આ બધા પ્રશ્નોના સુયોગ્ય અને સુસંગત ખુલાસા આપવા સમર્થ છે. વેદકાળથી શરૂ કરી આજ પર્યંતના ઋષિ-મુનિઓ, જ્ઞાનીઓ અને મુમુક્ષુઓએ સાધના, ચિંતન, મનન અને ધ્યાન દ્વારા પ્રાપ્ત સ્વકીય જ્ઞાન વડે ઉપરોક્ત પ્રશ્નોના જવાબ આપી જે શાસ્ત્રોની રચના કરી છે તેને **'દર્શનશાસ્ત્ર'** કહેવાય છે. **'દર્શન'** એ સમાજસભ્યતા અને સંસ્કૃતિનો અમૂલ્ય ભંડાર છે.

વેદનું પ્રામાણ્ય સ્વીકારનાર દર્શનોને **'વૈદિક'** અથવા **'આસ્તિક'** દર્શનો અને વેદનું પ્રામાણ્ય સ્વીકારનારને 'અ-વૈદિક' અથવા **'નાસ્તિક'** દર્શનો એવું વર્ગીકરણ કરવામાં આવ્યું છે.

નીચે મુજબનાં ષડ્દર્શનોને **'વૈદિક દર્શન'**ની શ્રેણીમાં મૂકવામાં આવ્યાં છે.

(૧) ન્યાયદર્શન (પ્રમાણશાસ્ત્ર કે તર્કશાસ્ત્ર)

(૨) વૈશેષિકદર્શન (પદાર્થવિજ્ઞાનશાસ્ત્ર)

(૩) સાંખ્યદર્શન (ઉત્ક્રાંતિશાસ્ત્ર)

(૪) યોગદર્શન (ચિત્તનું શાસ્ત્ર)

(૫) પૂર્વમીમાંસા (કર્મશાસ્ત્ર)

(૬) ઉત્તરમીમાંસા અથવા વેદાંત દર્શન (બ્રહ્મ-આત્માનું શાસ્ત્ર)

ઉપરોક્ત ષડ્દર્શનનું ત્રણ સમાંતર દર્શનોમાં પણ વર્ગીકરણ કરવામાં આવ્યું છે : **ન્યાય-વૈશેષિક, સાંખ્ય-યોગ** અને **પૂર્વમીમાંસા-ઉત્તરમીમાંસા**. આ ષડ્દર્શનોનો વિકાસ સ્થૂળ પદાર્થોથી સૂક્ષ્મ પદાર્થ - અણુ અથવા આત્મા તરફ આગળ વધે છે. સૌથી સ્થૂળ વિષયની દૃષ્ટિએ-વૈશેષિકની સૌપ્રથમ ગણના થાય છે. ત્યાર બાદ માનસિક અનુભવ અને માનસિક પ્રક્રિયાની દૃષ્ટિએ પૂર્વમીમાંસા - ઉત્તરમીમાંસા આવે છે. આ પ્રમાણે વૈદિક દર્શન ભૌતિક પદાર્થોની છણાવટથી શરૂ થઈ ઉત્તરોત્તર અંતિમ સત્ય બ્રહ્મ અને તેને પ્રાપ્ત કરવા માટેના કર્મ-ધર્મની પ્રક્રિયા સુધી પહોંચે છે.

'ન્યાયદર્શન' એ વાદ-વિવાદનું શાસ્ત્ર છે, જેમાં સત્યને જાણવા માટે વિવિધ પ્રમાણોની ચર્ચા કરવામાં આવી છે. જ્ઞાનમીમાંસા અને તત્ત્વમીમાંસા આ બે તેનાં અંગો છે.

વૈશેષિકદર્શન એ પદાર્થનો **વિશેષ** એટલે કે ધર્મ સંબંધી જ્ઞાન આપતું દર્શન છે.

સાંખ્યદર્શન વિશ્વનાં જુદાં જુદાં તત્ત્વોની સંખ્યાની ગણનાના આધારે પ્રકૃતિ અને પુરુષ તથા તે બન્ને વચ્ચેના ભેદનું યથાર્થ જ્ઞાન કરવાનું શાસ્ત્ર છે.

યોગદર્શન મનુષ્યની નિમ્ન ચેતના (જીવ)ને તેની મર્યાદાઓમાંથી મુક્ત કરીને અનંત ચેતના (બ્રહ્મ)માં જોડી આપવાનું શાસ્ત્ર છે.

પૂર્વમીમાંસા-ઉત્તરમીમાંસા : મીમાંસા એટલે કોઈ પણ વસ્તુના સ્વરૂપનો યથાર્થ નિર્ણય એવો સામાન્ય અર્થ થાય છે. વેદના બે વિભાગ છે.

(૧) **પૂર્વખંડ અથવા કર્મકાંડ :** યજ્ઞયાગની વિધિ તથા અનુષ્ઠાન એ કર્મકાંડના વિષય છે. કર્મકાંડમાં રહેલાં વચનોના સમન્વય શાસ્ત્રને **'પૂર્વમીમાંસા'** કહેવામાં આવે છે.

(૨) **ઉત્તરખંડ** અથવા **જ્ઞાનકાંડ** : જીવ-જગત-બ્રહ્મના સ્વરૂપ અને સંબંધનું નિરૂપણ એ જ્ઞાનકાંડનો વિષય છે. જ્ઞાનકાંડમાં રહેલાં વચનોનું સમન્વયશાસ્ત્ર એટલે **'ઉત્તરમીમાંસા'** અને **'વેદાંતદર્શન'** પણ કહેવામાં આવે છે.

'વેદાંત' શબ્દનો પારિભાષિક અર્થ થાય છે : 'વેદનો અંતિમ ભાગ'. વેદ, બ્રાહ્મણ, આરણ્યક અને ઉપનિષદ એ ક્રમાનુસાર ઉપનિષદ વાસ્તવમાં વેદનો અંત છે. તેથી 'વેદાંત' શબ્દનો બીજો અર્થ છે : 'જ્ઞાનની ચરમસીમા'. ઉપનિષદમાં જ્ઞાનની ચરણસીમારૂપ ઉપદેશ આપવામાં આવ્યો છે. આ સંદર્ભમાં પણ 'વેદાંત' શબ્દનો અર્થ ઉપનિષદ કે **'ઔપનિષદ જ્ઞાન'** થાય છે.

(૧) ન્યાયદર્શન :

ન્યાયદર્શનના પ્રણેતા ગૌતમમુનિ છે. તેમણે રચેલાં 'ન્યાયસૂત્ર' એ ન્યાયદર્શનનો મૂળ આધાર છે. આ ન્યાયસૂત્રોમાં નિઃશ્રેયસની પ્રાપ્તિ માટે જેનું જ્ઞાન આવશ્યક છે, એવા સોળ વિષયો તથા આત્મા, દેહ, ઈન્દ્રિયો, મન વગેરે બાર પ્રમેયો તથા જ્ઞાન, તેનું સ્વરૂપ, તેની યથાર્થતા, તેની મર્યાદા વગેરેની ચર્ચા કરવામાં આવી છે. તદુપરાંત બંધન, મોક્ષ વગેરેના સ્વરૂપની પણ ચર્ચા કરવામાં આવી છે. ગૌતમમુનિનો સમય ઈ.સ.પૂ. ૫૦૦ માનવામાં આવે છે. તેમણે રચેલાં ન્યાયસૂત્રો પર વાત્સ્યાયનનું ન્યાયઊાવ, વાચસ્પતિ મિશ્રનું ન્યાય, વર્તિક, ઉદયનાચાર્યની કિરણાવલી, ન્યાય કુસુમાંજલિ, શ્રીધર સ્વામીની ન્યાય કુંડલી અને જયંત ભટ્ટની ન્યાય મંજરી પ્રસિદ્ધ છે.

ગૌતમમુનિ નીચે મુજબના સોળ પદાર્થોનો ઉલ્લેખ કરે છે, જે વિષયોને જાણવાથી મનુષ્ય મિથ્યાજ્ઞાનમાંથી મુક્તિ મેળવે છે.

૧. પ્રમાણ : પ્રમાણ એટલે સાબિતી. કોઈપણ પદાર્થનું યથાર્થ જ્ઞાન મેળવવા તે ઉપયોગી છે. તે જ્ઞાનપ્રાપ્તિનું આવશ્યક સાધન છે.

૨. પ્રમેય : પ્રમાણ દ્વારા જે વિષયને જાણવાનો હોય છે તેને 'પ્રમેય' કહેવાય છે.

૩. સંશય : શંકા અથવા મનની ડામાડોળ સ્થિતિ - અનિશ્ચિત સ્થિતિ.

૪. પ્રયોજન : ઈષ્ટની પ્રાપ્તિ અને અનિષ્ટના ત્યાગનો હેતુ એટલે પ્રયોજન.

૫. દૃષ્ટાંત : વિવાદ અથવા તર્ક માટે આપવામાં આવતું ઉદાહરણ.
૬. સિદ્ધાંત : કોઈ દર્શન અનુસાર જે બાબત કે યુક્તિ સિદ્ધ સત્ય તરીકે સ્વીકાર પામે તેને સિદ્ધાંત કહેવાય છે.
૭. અવયવ : એટલે આધાર વાક્ય.
૮. તર્ક : એટલે દલીલ અથવા યુક્તિ જેના દ્વારા પ્રતિપાદ્ય વિષયની સિદ્ધિ માટે તેનાથી ઊલટી કલ્પનામાં દોષ બતાવવામાં આવે તે.
૯. નિર્ણય : કોઈ વિષયના સંબંધમાં નિશ્ચિત જ્ઞાન-અંતિમ કથન.
૧૦. વાદ : એવો વિશદ વિચાર કે જેમાં બધાં પ્રમાણો તથા દલીલો દ્વારા વિપક્ષનું ખંડન કરી સ્વપક્ષનું મંડન કરવામાં આવે તે.
૧૧. જલ્પ : શબ્દયુદ્ધ જેમાં સત્યની પ્રાપ્તિના હેતુથી વિશેષ કેવળ પરસ્પર દલીલબાજી હોય.
૧૨. વિતંડા : પ્રતિપક્ષનાવાદને ખંડન માટે ખોટી દલીલોનો આશ્રય લેવાય તે.
૧૩. હેત્વાભાસ : જે ખરેખર હેતુ ન હોય પણ હેતુનો જેમાં માત્ર આભાસ જણાતો હોય તે.
૧૪. છલ : શબ્દ કે વાક્યનો ખોટો અર્થ કરી દલીલબાજી કરવામાં આવે તે.
૧૫. જાતિ : પોતાનું બોલેલું સ્વયં ફોક કરવું તેને 'જાતિ' કહેવાય છે.
૧૬. નિગ્રહસ્થાન : એટલે ખોટા જ્ઞાન કે અજ્ઞાનને કારણે પોતાની હાર કબૂલી લે તે.

ન્યાયદર્શન જગતનો પ્રસંગ-પદાર્થના યથાર્થ-જ્ઞાનથી સદ્ વ્યવહાર દ્વારા તેમાંથી મુક્ત થવાય તેને માને છે. તે માટે મન-બુદ્ધિ-ઇન્દ્રિયોમાંથી વિકાર દૂર થવો જોઈએ. જેને માગે પદાર્થ નિર્ણય તર્ક અને પ્રમાણથી કરવો જોઈએ. ઉપરોક્ત બતાવેલા સોળ પદાર્થો મોક્ષનાં સાધન છે. પ્રત્યક્ષ-અનુમાન-ઉપમાન અને શબ્દ પ્રમાણોથી જાણવા યોગ્ય પદાર્થોનું જ્ઞાન (પ્રમેય) સંભવ છે. તેની પરીક્ષા માટે સંશય થવો જોઈએ. તેમ કરવાથી જ્ઞાનનું **પ્રયોજન** સ્પષ્ટ થશે. ત્યાર પછી **દૃષ્ટાંત** એટલે કે ઉદાહરણ દ્વારા તેની વધુ સ્પષ્ટતા કે દૃઢતા થશે. એવી દૃઢતા આવ્યા પછી તેનો **સિદ્ધાંત** (નિષ્કર્ષ) સમજી શકાશે. તેનાં પ્રમાણ-વાક્યનાં બધાં અંગો (અવયવ)નો વિચાર કરીને, તે અવયવના સમન્વયથી તેમના સંકલિત રીતે નિષ્પન્ન અર્થનો વિચાર તે તર્ક છે. તર્કની રજૂઆતથી થતું નિશ્ચયાત્મક જ્ઞાન એ **નિર્ણય** છે. નિર્ણયના સત્યાસત્યતાની સ્પષ્ટતા માટે **વાદ** (શાસ્ત્રચર્ચા) જરૂરી છે. આવી ચર્ચા જો કેવલ સામાને જીતી લેવા માટે જ થાય, તેમાં પોતાને જ પ્રમાણિત કરવાની યુક્તિઓ રજૂ થાય તે **જલ્પ** છે. તેમાં પોતાનું મંડન કરવાના બદલે માત્ર સામાનું ખંડન કરવા તેના દોષ જ દેખાડાય, તે **વિતંડા** છે. વાદમાં રજૂ થતી યુક્તિઓ સપ્રમાણ, યથાર્થ જિજ્ઞાસાથી પ્રેરાઈને હોય તો તે સદ્‌હેતુક છે. પરંતુ માત્ર જય-પરાજયના ઉદ્દેશ્યથી યુક્તિઓનો અભ્યાસ ઊભો કરી દેવામાં આવે તો તે **હેત્વાભાસ** છે. તેમાં વાદવિવાદમાં શબ્દોને મારી મચડીને અર્થ કરવો તે **છલ** છે. અને તેમાં અપ્રાસંગિક વિષય લાવવો તે **જાતિ** છે. પ્રતિદ્વંદ્વીની યુક્તિની કોઈ દુર્બલતા, જેનાથી તેનો પરાજય થાય તે **નિગ્રહસ્થાન** છે. આમ, ન્યાયદર્શનના આ સોળ પદાર્થોથી સત્યાસત્યનો નિર્ણય કરવામાં આવે છે.

જ્ઞાન બે પ્રકારના માનવામાં આવેલાં છે. (૧) **પ્રમા** અથવા યથાર્થ જ્ઞાન અને (૨) **અ-પ્રમા** અથવા અપયાર્થ જ્ઞાન.

(૧) **પ્રમા :** જો ઉત્પન્ન થયેલું જ્ઞાન અર્થક્રિયાને જન્મ આપે અથવા ફલજ્ઞાનનો ઉત્પન્ન કરે તો તે સત્ય એટલે કે 'યથાર્થ જ્ઞાન' છે. વિષયનું યથાસ્વરૂપ જ્ઞાન તે **'પ્રમા'** અથવા સાચું જ્ઞાન છે.

(૨) **અ-પ્રમા :** ઉત્પન્ન થયેલું જ્ઞાન જો અર્થક્રિયાનો ઉદય ન કરે એટલે કે નિષ્ફળ જાય તો તેને **'અ-પ્રમા'** અથવા અયથાર્થ જ્ઞાન કહેવાય છે.

પ્રમાનાં ચાર સાધનો કે પ્રમાણો છે. (૧) **પ્રત્યક્ષ,** (૨) **અનુમાન,** (૩) **ઉપમાન** અને (૪) **શબ્દપ્રમાણ.** અલગ-અલગ દાર્શનિકો પોતાના દર્શનના પ્રતિપાદન માટે બધા જ આમાંના કોઈ એક-બે કે ત્રણ પ્રમાણોનો સ્વીકાર કરે છે. કણાદમુનિ અને બુદ્ધ પ્રત્યક્ષ અને અનુમાન પ્રમાણ માને છે. તો કપિલમુનિ તે ઉપરાંત શબ્દ પ્રમાણને પણ સ્વીકારે છે. ચાર્વાક મત

મુજબ પ્રત્યક્ષ પ્રમાણ જ સ્વીકાર્ય છે. જ્યારે વલ્લભાચાર્યજી શબ્દ પ્રમાણનો જ સ્વીકાર કરે છે.

અ-પ્રમાના પણ ચાર ભેદ માનવામાં આવ્યા છે. (૧) **સ્મૃતિ** (૨) **સંશય** (૩) **વિપર્યય** એટલે કે ભ્રમ અને (૪) **તર્ક.**

૧. **સ્મૃતિ**ને યથાર્થ જ્ઞાન કહી શકાય નહીં કારણ કે તે કોઈ પૂર્વમાં બની ગયેલી ઘટનાના અનુભવ પર આધારિત હોય છે. જો અનુભવ ય-યથાર્થ હોય તો સ્મૃતિ સાચી હોઈ શકે નહીં. એટલે તેનાથી નવીન જ્ઞાન મળી શકે નહીં.

૨. **સંશય** ત્યારે ઉત્પન્ન થાય છે જ્યારે કોઈ એક જ વસ્તુમાં વિવિધ ધર્મોની હાજરી જણાય અથવા તે બાબત કોઈ ચોક્કસ નિર્ણય લઈ શકાય નહીં. અંધારી રાતમાં કોઈ જાનવર દેખાય તો તે કયું જાનવર છે તે સ્પષ્ટ કરવું મુશ્કેલ જણાય તેમ.

૩. **વિપર્યય (ભ્રમ) :** જેમ અંધારામાં દોરીને સાપ હોવાનું માની બેસાય તેમ જ્યારે કોઈ વસ્તુ કે ગુણની ગેરહાજરી હોવા છતાં તે વસ્તુ હોવાનો ભ્રમ થાય.

૪. **તર્ક :** 'જ્યાં અગ્નિ ન હોય ત્યાં ધુમાડો પણ ન હોય' એવા જ્ઞાનને આધારે જો કોઈ પર્વત પર અગ્નિ ન હોય એટલે ત્યાં ધુમાડો નહીં જ હોય તેવા નિષ્કર્ષ પર પહોંચવું અને ધુમાડો જોતાં અગ્નિ હોવો જ જોઈએ, આને 'તર્ક' કહેવાય છે.

(૨) વૈશેષિકદર્શન

વૈશેષિકદર્શનના આદ્ય પ્રવર્તક **કણાદ મુનિ** છે. તેમને વિશે એમ કહેવાય છે કે તેઓ આધ્યાત્મિક ચિંતનમાં એટલા ડૂબેલા રહેતા કે તેમને ભોજનનું પણ ભાન ન રહેતું અને પરિણામે પોતાની ક્ષુધા સંતોષવા ખેતરમાં વેરાયેલ અનાજના કણ ખાઈને રહેતા. તેથી તેઓ **'કણાદ'** કહેવાયા. દિવસે ચિંતનમાં મગ્ન રહેવું અને રાત્રે ઘુવડની માફક ખોરાકની શોધ કરવી એવી પ્રવૃત્તિને કારણે તેમને **ઉલૂક** (ઘુવડ) નામ અપાયું હતું અને તેના કારણે તેમના દર્શનને **ઔલૂક્ય દર્શન** પણ કહેવાય છે. એવી પણ કથા છે કે શિવજીએ ઉલૂકનું રૂપ લઈ તેમને **પરમાણુવાદ** જાણાવ્યો તેથી તેમના દર્શનને **ઔલૂક્ય દર્શન** કહેવામાં આવ્યું.

તેમનું દર્શન વૈશેષિક એટલા માટે કહેવાયું કે આ દર્શન પદાર્થોના વિશેષ એટલે ધર્મસંબંધી દર્શન છે. **'વિશેષ'**નો અર્થ છે ભેદ અને આ દર્શન અનુસાર અભેદ (એકત્વ) નહિ પણ 'ભેદ' (નાનાત્વ) એ વિશ્વના મૂળમાં રહેલો છે. વૈશેષિક દર્શનનો ઉદ્દેશ્ય નિઃશ્રેયસની પ્રાપ્તિ છે. એટલે જે વડે સુખ અને મોક્ષની પ્રાપ્તિ થાય અને દુઃખોથી હંમેશ માટે છુટકારો મેળવાય. મહર્ષિ કણાદ રચિત **વૈશેષિક સૂત્રો** એ આ દર્શનનું મૂળ અને આધારભૂત સાહિત્ય છે. તેના ઉપર એક સ્વતંત્ર વિચારક **પ્રશસ્ત પાદાચાર્ય** દ્વારા લખાયેલ **'પદાર્થ ધર્મ સંગ્રહ'** નામક ભાષ્ય છે, જેમાં છ પદાર્થોનું વિવેચન, ચોવીસ ગુણોનું નિરૂપણ અને સૃષ્ટિ અને પ્રલય વગેરેનું વર્ણન છે.

ન્યાય અને વૈશેષિક દર્શનો પરસ્પરાવલંબિત છે, કારણ કે બન્ને માને છે કે અજ્ઞાન એ દુઃખનું મૂળ કારણ છે. અને સમ્યક જ્ઞાનની પ્રાપ્તિ દ્વારા દુઃખમાંથી આત્યન્તિક નિવૃત્તિ એ જ મોક્ષ છે, જે જીવનનો ઉદ્દેશ્ય છે. પરમાણુવાદ, આત્માનું સામાન્ય સ્વરૂપ, જગતનું સ્વરૂપ, વાસ્તવવાદ ઈત્યાદિ બાબતમાં બન્ને દર્શન વચ્ચે સામ્ય છે. તેમજ બુદ્ધિ, ઉપલબ્ધિ, જ્ઞાન વગેરેની વ્યાખ્યા વિશે પણ બન્ને દર્શનોની માન્યતા લગભગ એકસરખી છે. ન્યાયદર્શન જ્ઞાન-મીમાંસા પર વધુ ભાર મૂકે છે, જ્યારે વૈશેષિકદર્શન તત્ત્વમીમાંસાને વધુ મહત્ત્વ આપે છે અને માત્ર લૌકિક દૃષ્ટિકોણ નહીં રાખતાં સૂક્ષ્મ જગત સુધી તે દૃષ્ટિ લંબાવે છે.

વૈશેષિક મત સાત પદાર્થો અને નવ દ્રવ્યોને મૂળભૂત માને છે અને પ્રત્યક્ષ તેમજ અનુભવ પ્રમાણનો જ સ્વીકાર કરે છે. બુદ્ધિને જ 'જ્ઞાન'ના અર્થમાં તેઓ લે છે. અર્થાત્ 'જ્ઞાનત્વ' ને બુદ્ધિને તે વિશિષ્ટ ગુણ માને છે. વૈશેષિકદર્શનમાં મુખ્યતઃ પદાર્થ વિષયક વિવેચન કરવામાં આવેલું હોઈ તેને **'પદાર્થશાસ્ત્ર'** પણ કહેવામાં આવે છે, કારણ કે કણાદના મતે પદાર્થોનું જ્ઞાન પ્રાપ્ત કરવાથી મોક્ષની પ્રાપ્તિ થાય છે.

જેને જાણી શકાય, નામ આપી શકાય અને જેનું અસ્તિત્વ હોય તેને 'પદાર્થ' કહેવાય છે. આમ, પદાર્થમાં ત્રણ લક્ષણો જોવા મળે છે. (૧) **અસ્તિત્વ** (Existance), (૨) **જ્ઞેયત્વ** (Knowability) અને (૩) **અભિધેયત્વ** (Nameability). વૈશેષિક દર્શન સમસ્ત વિશ્વની વસ્તુઓનું નિમ્ન છ પદાર્થોમાં વર્ગીકરણ કરે છે.

૧. **દ્રવ્ય** (Substance) : એવો પદાર્થ જે ગુણવાળો હોય તેમજ ક્રિયાવાળો

હોય. દ્રવ્યના નવ પ્રકારો બતાવ્યા છે. (૧) પૃથ્વી, (૨) જલ, (૩) તેજ (અગ્નિ), (૪) વાયુ, (૫) આકાશ, (૬) કાળ, (૭) દિક, (૮) આત્મા અને (૯) મન. આમાં પ્રથમ ચાર અને મનને સક્રિય દ્રવ્યો માનવામાં આવ્યાં છે, જ્યારે બાકીનાં નિષ્ક્રિય દ્રવ્યો છે.

૨. **ગુણ** (Quality) : આ દ્રવ્યના આશ્રયે રહેલો એવો પદાર્થ છે જે સ્વયં નિર્ગુણ તેમજ નિષ્ક્રિય છે. આના ચોવીસ પ્રકારો બતાવવામાં આવ્યા છે. (૧) રૂપ, (૨) રસ, (૩) ગંધ, (૪) સ્પર્શ, (૫) શબ્દ, (૬) સંખ્યા, (૭) પરિમાણ, (૮) પૃથકત્વ, (૯) સંયોગ, (૧૦) વિભાગ, (૧૧) પરત્વ, (૧૨) અપરત્વ, (૧૩) બુદ્ધિ (જ્ઞાન), (૧૪) સુખ, (૧૫) દુ:ખ, (૧૬) ઈચ્છા, (૧૭) દ્વેષ, (૧૮) પ્રયત્ન, (૧૯) ગુરૂત્વ, (૨૦) દ્રવત્વ, (૨૧) સ્નેહ, (૨૨) સંસ્કાર, (૨૩) ધર્મ (પુણ્ય) અને (૨૪) અધર્મ (પાપ).

૩. **કર્મ** (Activity) : કર્મ એ છે જે ક્રિયાને આશ્રિત રહે છે જે સ્વયં ગુણરહિત છે, કર્મના પાંચ પ્રકાર બતાવવામાં આવ્યા છે. (૧) **ઉત્ક્ષેપણ** - ઊંચે ફેંકવું, (૨) **અવક્ષેપણ** - નીચે ફેંકવું, (૩) **આકુંચન** - સંકોડવું, (૪) **પ્રસારણ** - ફેલાવું અને (૫) **ગમન** - ચાલવું.

૪. **સામાન્ય અથવા જાતિ** (Generality or Universal) : જે સમાનરૂપે અનેક વસ્તુઓમાં રહે તે 'સામાન્ય' કે જાતિ કહેવાય. આના પણ ત્રણ પ્રકાર બતાવવામાં આવ્યા છે. (૧) **પર સામાન્ય,** (૨) **અપર સામાન્ય,** (૩) **પરાપર સામાન્ય.**

૫. **વિશેષ** (Particularity or Individuality) : સામાન્ય નહિ તેવા પદાર્થને **'વિશેષ'** કહેવાય છે. એવી વસ્તુ જે એક વ્યક્તિને જગતની અન્ય વ્યક્તિઓથી જુદી પાડે તેને વિશેષ કહેવાય.

૬. **સમવાય** (Inherence or Necessary relation) : સમવાય એટલે એવા બે પદાર્થો વચ્ચેનો સંબંધ કે જેમાં એકની હસ્તી એ બીજાની હસ્તી વગર કદાપિ ન સંભવે. જેમ ગુણ અને દ્રવ્યનો સંબંધ. દ્રવ્ય વિના ગુણની હસ્તી શક્ય નથી માટે તેમનો સંબંધ 'સમવાય' કહેવાય.

આ છ પદાર્થો ઉપરાંત વૈશેષિક દર્શનમાં પાછળથી એક સાતમો પદાર્થ પણ ઉમેરવામાં આવ્યો છે. તેના નામને **'અભાવ'** (Non existance or Negative) ભાવનો નિષેધ એટલે અભાવ. 'અહીં ઘડો છે' એ ભાવાત્મક વિધાન છે જ્યારે 'અહીં ઘડો નથી' એ ઘડાના અસ્તિત્વનો અસ્વીકાર એ 'અભાવ'નું વિધાન છે. આમ 'અભાવ'ને પણ એક પદાર્થરૂપ આ દર્શનમાં માનવામાં આવ્યું છે. 'સંસર્ગાભાવ' અને 'અન્યોન્યાભાવ' એ અભાવ પદાર્થના પેટાવિભાગ છે.

વૈશેષિક દર્શન **અસત્ કાર્યવાદ** અથવા **આરંભવાદ** (Creationism)નો સ્વીકાર કરે છે. 'અસત્ કાર્યવાદ' એટલે પ્રત્યેક કાર્ય આદિ તેમજ સાન્ત (સ-અન્ત) છે એવો મત. કાર્ય ઉત્પન્ન થાય છે તે પહેલાં ન હતું (અસતુ). જેમ ઘડો ઉત્પન્ન થયા પહેલાં તે ન હતો. તેના ઉત્પન્ન થવાથી તે (સત્) બન્યો. ખીર બનાવતાં પહેલાં દૂધ અને ચોખા બે અલગ અલગ હોય અને ત્યાં સુધી ખીરનું અસ્તિત્વ નથી. દૂધ અને ચોખા કારણો છે. તે ભેગાં થાય ત્યારે કાર્યનો આરંભ થાય. ખીર કાર્ય છે. એટલે કે દરેક કાર્ય એ નૂતન આરંભ છે. આને **'આરંભવાદ'** કહેવાય છે. જગત એ કાર્ય છે જે કારણમાં અસ્તિત્વ ધરાવતું નથી. એ દૃષ્ટિએ જગત એ નૂતન આરંભ છે. આને અસત્ કાર્યવાદ પણ કહેવામાં આવે છે. ન્યાયદર્શન પણ આરંભવાદ કે અસત્ કાર્યવાદમાં માને છે.

વૈશેષિક પરમાણુવાદ

ન્યાયદર્શનની જેમ વૈશેષિકદર્શન પણ વાસ્તવ (Realistic) છે. તે માત્ર ઈશ્વરનું જ અસ્તિત્વ નહીં, પરંતુ અનેક જીવાત્માઓ તેમજ પરમાણુના અસ્તિત્વનો પણ સ્વીકાર કરે છે. આથી વૈશેષિકદર્શનને ઈશ્વરવાદી (Theistic) દર્શન તથા અનેકવાદી કે બહુતત્ત્વવાદી (Plurastic) દર્શન પણ કહેવામાં આવે છે. વૈશેષિકનો **પરમાણુવાદ** કાલાવધિમાં ઉત્પન્ન થતા તેમજ નાશ પામતા એવા અનિત્ય પદાર્થોને લગતા છે, કારણ કે જગતના નિત્ય પદાર્થો જેવા કે આકાશ, કાલ, દિક, આત્મા, તેમજ ભૌતિક પરમાણુઓ તો નથી ઉત્પન્ન થતા કે નથી તેમનો નાશ થતો. પરમાણુવાદનો ઉદ્દેશ્ય અનિત્ય પદાર્થોની આ સૃષ્ટિનો ક્રમ અને લય બતાવવાનો છે. જગતની જે સાવયવ વસ્તુઓ છે જેની ઉત્પત્તિ અને વિનાશ થતો જ રહે છે. કાંઈ પણ અવયવી પદાર્થનું વિભાજન કરતાં છેવટનું અવિભાજ્ય મૂર્તરૂપ રહે તેનું નામ **'પરમાણુ'**. આ નિત્ય દ્રવ્ય કહેવાય છે. અને તે પૃથ્વી, જલ, તેજ અને વાયુના એમ જુદા જુદા હોય છે. પરમાણુ નિરવયવ, નિત્ય, અવિચ્છ છે તેમજ અવિનાશી છે. જે દ્રવ્યો સાવયવ છે તેનો નાશ સંભવે છે. જેમ પૃથ્વી-

જલ, આદિ દ્રવ્યો કારણરૂપે નિત્ય છે. પરંતુ કાર્ય (પરિણામ) રૂપે અનિત્ય છે. દૃષ્ટિગોચર બધા જ પદાર્થોમાં કાંઈ ને કાંઈ પરિમાણ (Magnitude) રહેલું જ હોય છે. પરિમાણની સર્વોચ્ચ પરાકાષ્ઠાને **પરમ 'મહત્ત્વ'** અને સૌથી નીચી પરાકાષ્ઠાને **પરમાણુત્વ** કહેવાય છે.

પરમાણુઓ સૃષ્ટિનું ઉપાદાન કારણ છે અને જે ગુણો ઉપાદાન કારણમાં હોય તે કાર્યમાં પ્રગટ થાય છે અને એ રીતે પરમાણુઓના સંયોગથી ઉત્પન્ન કાર્ય-દ્રવ્યોમાં કારણરૂપ પરમાણુઓના હશે તેજ ગુણો હશે. વૈશેષિક દર્શનનો 'પરમાણુવાદ' એ તાત્ત્વિકવાદ છે. તેના ખ્યાલ મુજબ આ જગત વિભાગોમાંથી ઉત્પન્ન થતા પરમાણુઓમાંથી બનેલું છે અને તેમાં થતા ફેરફારોનું કારણ વસ્તુના ઘટક એવા નિરવયવી અને અવિનાશી પરમાણુઓમાં થતાં વધારા-ઘટાડાના કારણે છે. પરમાણુઓના સંયોગથી સૃષ્ટિ રચાય છે એવો વૈશેષિકોનો મત છે. તેઓ ઈશ્વરને સૃષ્ટિકર્તા માને છે અને સાથોસાથ જીવાત્માઓની સ્વતંત્ર સત્તા પણ સ્વીકારે છે. ચૈતન્યને તેઓ આત્માનો ઔષધિક (સ્વાભાવિક નહીં) ગુણ માને છે.

વૈશેષિકનો મોક્ષ વિશે મત

કણાદ મુનિના મતે અદૃષ્ટનો અભાવ થવાથી એટલે કે કર્મ-ચક્રની ગતિનો અંત આવવાથી આત્માનો શરીરથી સંબંધ વિચ્છેદ થાય છે. જન્મ-મરણની પરંપરા દૂર થવાથી બધા પ્રકારના દુઃખોથી જીવાત્મા હંમેશા માટે છુટકારો મેળવે છે. આ જ મોક્ષ અથવા મુક્તિની સ્થિતિ છે. મોક્ષાવસ્થામાં જીવને સુખ કે દુઃખનો લેશમાત્ર પણ અનુભવ થતો નથી. વૈશેષિક દર્શન તત્ત્વજ્ઞાન દ્વારા જ મોક્ષની પ્રાપ્તિને શક્ય માને છે. તત્ત્વજ્ઞાનના સાક્ષાત્કાર માટે શ્રવણ, મનન અને નિદિધ્યાસનની આવશ્યકતા રહે છે. યથાર્થ જ્ઞાન ઉત્પન્ન થવાથી વાસનાનો ક્ષય થાય છે અને વિષયો પ્રતિ વૈરાગ્ય ઉત્પન્ન થાય છે. કોઈ વસ્તુમાં ન તો આસક્તિ થાય છે કે ન દ્વેષ રહે છે. વાસ્તવમાં ક્ષય થવાથી જીવાત્મા મુક્તિ મેળવે છે, તે સંસારમાંથી નિવૃત્ત થાય છે.

(૩) સાંખ્યદર્શન

સાંખ્ય શબ્દનો સામાન્ય અર્થ જ્ઞાન થાય છે. પ્રકૃતિ, પુરુષ અને તે બન્ને વચ્ચેના ભેદનું જે યથાર્થ જ્ઞાન તેનું નામ **'સાંખ્ય'** અને તે જ્ઞાનનો ઉપાય બતાવનારું શાસ્ત્ર તે **'સાંખ્યદર્શન'**. આ સિવાય બીજા અર્થમાં જોઈએ તો તે વિશ્વના જુદાં જુદાં તત્ત્વોની સંખ્યા બતાવે છે અને તેવી સંખ્યાના આધારે રચાયેલ દર્શનનું નામ 'સાંખ્યદર્શન' આપવામાં આવ્યું છે.

સાંખ્યસૂત્રોના રચયિતા તરીકે **કપિલમુનિ**ને માનવામાં આવે છે. આ સૂત્રોની રચના કાલ ઈ.સ.પૂ. છઠ્ઠી સદીનો મનાય છે. સાંખ્ય સૂત્રો છ અધ્યાયોમાં વહેંચાયેલાં છે, જેમાં પહેલા અધ્યાયમાં વિવિધ દુઃખોનાં કારણો તથા તેમાંથી મુક્ત થવાના ઉપાયો, બંધન, મોક્ષ, જીવ-શરીર-આત્મા પદાર્થોનું નિત્યત્વ અને પ્રકૃતિ-પુરુષનું વિવેચન છે. બીજા અધ્યાયમાં સૃષ્ટિનો વિકાસ, બુદ્ધિ, મન, સંસ્કાર, ઈન્દ્રિયો અને અંતકરણનું વર્ણન છે. ત્રીજા અધ્યાયમાં પ્રકૃતિનાં સ્થૂળ કાર્યો - પૃથ્વી આદિ મહાભૂત, બે પ્રકારનાં શરીરો - કર્મ, જ્ઞાન, જ્ઞાનપ્રાપ્તિનાં સાધનો - મિથ્યાજ્ઞાન - આઠ પ્રકારની સિદ્ધિ, વિવેક અને અંતે મુક્તિનું સ્વરૂપ વગેરે વર્ણવેલ છે. ચોથા અધ્યાયમાં જ્ઞાનનાં સાધનોનું વિવેચન છે. પાંચમા અધ્યાયમાં વાદી-પ્રતિવાદીના રૂપમાં ઈશ્વરના અસ્તિત્વનું ખંડન, અ-પૌરૂષેય વેદોની પ્રામાણિકતા - પ્રકૃતિ - પુરુષના પ્રત્યક્ષ છ પ્રકારની સૃષ્ટિ, સમાધિ - સુષુપ્તિ - મોક્ષ વગેરેનું વર્ણન છે અને છેલ્લા છઠ્ઠા અધ્યાયમાં ઉપરના પાંચેય અધ્યાયોનું સારરૂપે વર્ણન જોવા મળે છે.

સાંખ્યદર્શન વાસ્તવવાદી (Realistic), દ્વૈતવાદી (Dualistic) અને બહુત્વવાદી (Plirastistic) દર્શન છે. તે પુરુષથી સ્વતંત્ર એવા વાસ્તવિક જગતના અસ્તિત્વનો સ્વીકાર કરતું હોવાથી વાસ્તવવાદી (Realistic) છે. તો સાથે સાથે એક બીજાથી તદન ભિન્ન, પૂર્ણ, સ્વતંત્ર એવાં બે સત્ તત્ત્વો (૧) પુરુષ અને (૨) પ્રકૃતિનો તે સ્વીકાર કરવાના કારણે 'દ્વૈતવાદી' છે. અનેક પુરુષોનો તે સ્વીકાર કરવાના કારણે તેને બહુત્વવાદી પણ ગણી શકાય છે.

સાંખ્યદર્શન 'પુરુષ' અને 'પ્રકૃતિ' એ બે તત્ત્વો વિશે વિચાર કરે છે. તેના મત મુજબ પુરુષ અને પ્રકૃતિના સંયોગ વડે જ વિશ્વનું નિર્માણ થાય છે. બન્નેનો સંયોગ જ સૃષ્ટિનું ઉત્પાદક કારણ છે. પ્રકૃતિ સ્વભાવે જડ છે અને પુરુષ પણ નિષ્ક્રિય છે. માટે તે બન્ને સ્વતંત્રપણે સૃષ્ટિ નિર્માણ કરી શકે નહીં. પરંતુ તે બન્નેનો સંયોગ સૃષ્ટિ નિર્માણનું કારણ બને છે. આ આવિર્ભાવ (Evolution Manifestation)ની પ્રક્રિયા છે, જેમાં અ-વ્યક્ત પ્રકૃતિ વ્યક્ત બની પરિણમે છે. માટે તેને **'પ્રકૃતિ પરિણામવાદ'** કહે છે.

સાંખ્યદર્શન **'સત્ કાર્યવાદ'**નો સ્વીકાર કરે છે. તે મુજબ કાર્ય કારણમાં પહેલેથી જ રહેલું હોય છે. કોઈપણ વસ્તુ અસત્ અથવા શૂન્યમાંથી ઉત્પન્ન થતું નથી. જેમ સોનું એ સોનાના દાગીનામાં ઉપાદાન કારણ છે. તેમાં સોનું પ્રથમથી જ રહેલું છે. તલમાંથી તેલ નીકળે, પરંતુ તલમાં તેલ પહેલાંથી અસ્તિત્વ ધરાવે છે. આમ કાર્યનું અસ્તિત્વ કારણ પહેલાં તેમાં હોય છે. જો કારણમાં કાર્યનું અસ્તિત્વ જ ન હોય તો કાર્યરૂપમાં તે પરિણિત થઈ શકે નહીં. જેમ રેતીમાંથી તેલ નીકળી શકતું નથી.

પ્રકૃતિ-પુરુષ :

અગાઉ કહ્યું તેમ સાંખ્યદર્શન દ્વૈતવાદી છે. તેમાં બે તત્ત્વ છે. એક તત્ત્વ તે **પ્રકૃતિ** અને બીજું તત્ત્વ તે **પુરુષ** અથવા **આત્મા.** સાંખ્યદર્શનમાં પ્રકૃતિને જગતનું મૂળભૂત સૂક્ષ્મ કારણ માનેલ છે. તેમાં ત્રણ ગુણો- સત્વ-રજસ્ અને તમસ્ રહેલા હોઈ તે ત્રિગુણાત્મિકા કહેવાય છે. તે સંપૂર્ણ અનાત્મા તેમજ જડ (Inert) છે. સમસ્ત વિશ્વના બધા પદાર્થો તેમાંથી વ્યક્ત થાય છે, પરંતુ તે સ્વયં અવ્યક્ત છે. બીજું તત્ત્વ પુરુષ અથવા આત્મા છે જેને દૃષ્ટા, જ્ઞાતા અને વિષયી માનવામાં આવેલ છે. તે સ્વયં ચૈતન્યરૂપ છે. Consciousness is its essence. (Pure and Transcendent) છે. તે નિત્ય અને મુક્ત છે, દેશકાળથી પર છે, રાગદ્વેષથી પણ પર છે અને અવિકારી છે. **વેદાન્તદર્શન** આત્માને આનંદમય માને છે, જ્યારે સાંખ્યદર્શન અનુસાર સુખ અથવા આનંદ એ પ્રકૃતિનો ગુણ છે; પુરુષ તો અવિકારી, કૂટસ્થ, નિષ્ક્રિય અને અસંગ છે, તે સુખ-દુઃખથી પર છે.

સાંખ્યદર્શન પ્રમાણે પ્રત્યેક જીવનો પૃથક પૃથક આત્મા છે. જગતમાં અનેક પુરુષો કે આત્માઓ છે. આમ પુરુષો અનેક છે જ્યારે પ્રકૃતિ એક છે, જે સમસ્ત સંસારમાં મૂળ કારણરૂપ જડ સ્વરૂપે છે. પુરુષ ચેતન, દૃષ્ટા છે. તે જ્ઞાતા છે. પ્રકૃતિ જ્ઞેય છે. પુરુષ નિર્વિકાર છે જ્યારે પ્રકૃતિ વિકારશીલ છે. પુરુષ નિર્ગુણ છે તો પ્રકૃતિ ત્રિગુણાત્મિક છે. પુરુષ પૂર્ણતઃ નિષ્ક્રિય છે જ્યારે પ્રકૃતિ અવ્યક્તરૂપે નિષ્ક્રિય હોવા છતાં વ્યક્તરૂપે સક્રિય છે. આમ, આ બન્ને વિશ્વની ઉત્પત્તિનાં મૂળ તત્વ છે, જે પરસ્પર સ્વતંત્ર છે, તેમજ સ્વઆધારિત છે. બન્ને નિત્ય, નિરવયવ, અનાદિ તથા અવિનાશી તત્ત્વો છે.

સાંખ્યદર્શન મુજબ પુરુષ અને પ્રકૃતિના સંબંધથી સૃષ્ટિના વિકાસક્રમમાં ૨૫ તત્ત્વો સમાવિષ્ટ થાય છે. એ તત્ત્વો છે :-

૧. પુરુષ, ૨. પ્રકૃતિ, ૩. બુદ્ધિ, ૪. અહંકાર, ૫. મન, ૬થી ૧૦. જ્ઞાનેન્દ્રિયો - આંખ, કાન, નાક, જીભ, ત્વચા, ૧૧થી ૧૫. કર્મેન્દ્રિયો - મુખ, હાથ, પગ, મળદ્વાર, ઉપસ્થ. ૧૬થી ૨૦. તન્માત્રાઓ - શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ અને ૨૧થી ૨૫. પંચમહાભૂત - પૃથ્વી, જલ, તેજ (અગ્નિ), વાયુ, આકાશ.

સાંખ્યદર્શન વિશ્વની ઉત્પત્તિ માટે પુરુષ અને પ્રકૃતિ એવાં બે તત્ત્વો સહિત ઉપરોક્ત ૨૫ તત્ત્વોને કાર્ય-કારણ રૂપ માનતું હોવાથી 'ઈશ્વર'ના અલગથી અસ્તિત્વ કે કારણરૂપને સ્વીકારતું નથી.

વિવિધ દર્શનોમાં આત્માનું સ્વરૂપ :

વિવિધ આસ્તિક તેમજ નાસ્તિક દર્શનોમાં આત્માનું સ્વરૂપ અલગ અલગ રીતે સ્વીકારવામાં આવ્યું છે. ભૌતિકવાદી ચાર્વાકના મતે દેહથી અલગ આત્માનું અસ્તિત્વ જ નથી. દેહ તેજ આત્મા છે. જૈનદર્શન મુજબ આત્મા દેહથી અલગ હોવાનું માને છે, જે જ્ઞાન, સુખ, દુઃખ આદિનો અનુભવ કરે છે. તેઓ આત્માનું પરિમાણ દેહ જેટલું જ (અર્થાત્ હાથીનો આત્મા હાથી જેવડો અને કીડીનો કીડી જેવડો) માને છે. બૌદ્ધ દર્શન મુજબ આત્મા એક ક્ષણિક વિજ્ઞાન છે. ન્યાય તેમજ વૈશેષિક દર્શન પ્રમાણે આત્મા એક અચેતન દ્રવ્ય છે. જ્યારે ચૈતન્ય એ તેનો ગુણ છે. ગીતા-ઉપનિષદમાં આત્માને નિર્ગુણ અજર-અમર બતાવ્યો છે. વેદાંત દર્શન તેને નિત્ય માની તેમાં કોઈ ફેરફાર એટલે કે પરિણામ સ્વીકારતું નથી.

(૪) યોગદર્શન

યોગ : યોગ શબ્દ સંસ્કૃત ધાતુ 'યુજ્' એટલે જોડવું તેના પરથી બનેલો છે. તે પરથી યોગ એટલે 'જોડાણ' અથવા 'લાગુ કરવું' જેવો થાય. એ રીતે યોગ એટલે 'જીવાત્મા'ને 'પરમાત્મા' સાથે જોડવો, અથવા સાંખ્યદર્શનની સંગતિમાં એમ કહી શકાય કે સાંખ્ય જ્ઞાનને અનુભવમાં ઉતારવું. યોગદર્શનના રચયિતા મુનિ **'પંતજલી'** છે. તેમણે યોગસૂત્રની રચના કરી છે. ગીતા, ઉપનિષદ તેમજ જૈન દર્શનમાં પણ 'યોગ'ની સાધનાનો ઉલ્લેખ જોવા મળે

છે. ગીતાને 'યોગશાસ્ત્ર' પણ કહેવામાં આવે છે. તેના પ્રત્યેક અધ્યાયની અંતે યોગ શબ્દ આવે છે. ભક્તિયોગ, કર્મયોગ, પુરૂષોત્તમયોગ ઈત્યાદિ.

પાતંજલ યોગદર્શનમાં ચાર પાદ તેમજ ૧૯૫ જેટલાં સૂત્રો છે. પહેલાં **'સમાધિપાદ'**માં યોગનાં લક્ષણ, તેનું સ્વરૂપ, તેની પ્રાપ્તિનાં લક્ષણ ઈત્યાદિ દર્શાવેલ છે. બીજા **'સાધનપાદ'**માં દુઃખોના કારણરૂપ અવિદ્યા તથા પાંચ પ્રકારના કલશો જેનાથી મનુષ્ય સંસારના બંધનમાં જકડાયા પછીનું તેનું વર્ણન કરવામાં આવ્યું છે. ત્રીજા **'વિભૂતિપાદ'**માં યોગ સિદ્ધિઓનું વર્ણન કરવામાં આવ્યું છે, અને ચોથા **'કૈવલ્યપાદ'**માં યોગનું લક્ષ્ય, કૈવલ્યપ્રાપ્તિ વગેરેની ચર્ચા કરવામાં આવી છે.

ન્યાય અને વૈશેષિક પરસ્પર સંકળાયેલ છે તેમ **સાંખ્ય** અને યોગ પણ પરસ્પર સંકળાયેલ છે. સાંખ્ય મુખ્યત્વે સૈદ્ધાંતિક (Theoretical) દર્શન છે જ્યારે યોગ મુખ્યત્વે વ્યવહારલક્ષી (Practical) શાસ્ત્ર છે. સાંખ્યના સિદ્ધાંતોનો વ્યાવહારિક જીવનમાં પ્રયોગ એ જ યોગનો ઉદ્દેશ્ય છે. બન્નેની જ્ઞાનમીમાંસા પણ બહુ મળતી આવે છે. યોગનો એક અર્થ 'સમાધિ' પણ થાય છે, તેથી તેને 'ચિત્તવૃત્તિઓનો નિરોધ' એમ પણ કહેવાય છે.

મનુષ્યના મનની અંદર ચાલી રહેલી અનેક પ્રકારની ક્રિયાઓને **'ચિત્ત'** કહેવાય છે. અને ચિત્તની અંદર ઉત્પન્ન થતાં વિચારનાં મોજાને **'વૃત્તિ'** કહેવાય છે. આ ચિત્તવૃત્તિઓના નિરોધ વગર કૈવલ્યપ્રાપ્તિ અશક્ય છે. વિવેકજ્ઞાનના અભાવને લઈને આત્મા ચિત્તવૃત્તિઓના સંયોગરૂપે જ પોતાને જુએ છે અને સાંસારિક સુખ-દુઃખનો અનુભવ કરે છે, રાગ દ્વેષ આદિથી પીડાય છે. આ જ આત્માનું બંધન છે, અને એ બંધનમાંથી મુક્તિ પ્રાપ્ત કરવા માટે શરીર, ઈન્દ્રિય, મન આદિ ચિત્તવૃત્તિઓનો નિરોધ આવશ્યક છે.

અજ્ઞાનના પરિણામે સ્વરૂપ અને ધર્મ, અધર્મ, વાસનાઓની ઉત્પત્તિના કારણે ચિત્તવૃત્તિઓ કલેશ નીપજાવે છે, જેને 'ક્લિષ્ટ વૃત્તિ' કહે છે. કર્મો દ્વારા કલેશ ઉત્પન્ન થાય છે અને કલેશને લઈને પાછાં કર્મો ઉત્પન્ન થાય છે. આમ, તેઓ પરસ્પર સહાયરૂપ છે. આ વિષયચક્ર મનુષ્યને સંસારમાં જકડી રાખે છે જે બંધનરૂપ છે. કૈવલ્ય પ્રાપ્તિ માટે આ પાંચ પ્રકારના કલેશો - અવિદ્યા, અસ્મિતા, રાગ, દ્વેષ અને અભિનિવેશની નિવૃત્તિ આવશ્યક છે. ભિન્ન ભિન્ન

માનસિક અવસ્થાઓ - ક્ષિપ્ત, મૂઢ, વિક્ષિપ્ત, એકાગ્ર અને નિરૂદ્ધ બતાવવામાં આવી છે, જેમાંથી પ્રથમ ત્રણ યોગમાર્ગમાં મુશ્કેલી ઊભી કરે છે જેને યોગ્ય સાધનાના માર્ગ દ્વારા દૂર કરવી આવશ્યક ગણાય, જ્યારે છેલ્લી બે- એકાગ્ર અને નિરૂદ્ધ યોગમાર્ગમાં લાભદાયી નીવડે છે.

અષ્ટાંગ યોગ :

જ્યાં સુધી માનવમન વિકારોથી ભરેલું હોય છે અને તેની બુદ્ધિ દૂષિત થયેલી હોય ત્યાં સુધી તે આત્મજ્ઞાન પ્રાપ્ત કરી શકતું નથી. તેને માટે શુદ્ધ હૃદય અને નિર્મળ બુદ્ધિની જરૂર રહે છે. યોગદર્શન ચિત્તની શુદ્ધિ અને શાંતિ પ્રાપ્ત કરવા માટે આઠ પ્રકારનાં સાધન બતાવે છે જેને **'અષ્ટાંગયોગ'** કહેવામાં આવે છે. આ આઠ યોગાંગ છે- **યમ, નિયમ, આસન, પ્રાણાયમ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ.** તેને સંક્ષિપ્તમાં નીચે મુજબ સમજી શકાય.

૧. **યમ** : નિયમ એટલે સંયમ. અહિંસા, સત્ય, અસત્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એ પાંચ પ્રકારના યમો બતાવવામાં આવ્યા છે, જેનું પાલન 'યોગ' માટે આવશ્યક છે.

૨. **નિયમ** : નિયમ એટલે ભાવાત્મક ગુણોનો વિકાસ, શૌચ, સંતોષ, તપ, સ્વાધ્યાય અને ઈશ્વર પ્રણિધાન. આ પાંચ પ્રકારના ગુણોનો વિકાસ યોગસાધના માટે આવશ્યક છે. આને નિયમ કહે છે.

૩. **આસન** : સ્થિર અને સુખપૂર્વક લાંબા સમય સુધી બેસી શકાય તેવી સ્થિતિનું નામ 'આસન' છે. 'પદ્માસન' અને 'સિધ્ધાસન' એ બે આસનો 'યોગ' વડે સગવડભર્યાં બતાવ્યાં છે.

૪. **પ્રાણાયમ** : એટલે શ્વાસોચ્છ્વાસની ગતિ પર નિયમન, જે ચિત્તને એકાગ્ર બનાવવા આ આવશ્યક છે. (૧) **પૂરક** (શ્વાસ અંદર લેવાને), (૨) **રેચક** (શ્વાસ બહાર કાઢવો) અને (૩) **કુમ્ભક** (શ્વાસ પ્રશ્વાસની ગતિ રોકવી) એમ ત્રણ પ્રાણાયમના અંત બતાવ્યા છે. શારીરિક આરોગ્ય માટે આ ઉપયોગી છે.

૫. **પ્રત્યાહાર** : બહિર્મુખ વૃત્તિઓને અન્તર્મુખ બનાવવી તેને 'પ્રત્યાહાર' કહેવાય છે. આનાથી ઈન્દ્રિયો ઉપર કાબૂ મેળવી શકાય છે અને તેને

વિષયો તરફ જતી રોકી શકાય છે.

ઉપરોક્ત પાંચ અંગો બહિરંગ છે. અર્થાત્ બાહ્યક્રિયાઓ સાથે સંબંધ ધરાવે છે.

૬. **ધારણા** : મનને એક જ વિષયમાં પરોવવું અર્થાત્ ચિત્તની પોતાના ધ્યેયસ્થાનની સ્થિતિને ધારણા કહેવામાં આવે છે.

૭. **ધ્યાન :** આ એક વધુ ઊંડી એકાગ્રતાની સ્થિતિ છે. ઈન્દ્રિયો વિષયોનું જ્ઞાન ગ્રહણ કરતી અટકે તે 'ધારણા' છે અને મન એવી સ્થિતિમાં સ્થિત રહે તે ધ્યાન છે.

૮. **સમાધિ** : ધ્યાન જ્યારે બાહ્યસ્વરૂપ રહિત બનીને પોતાના 'અર્થધ્યેય' સ્વરૂપે જ પ્રકાશવા લાગે તે સ્થિતિને 'સમાધિ' કહેવાય છે. સમાધિ એ અન્તઃપ્રકાશ છે અને અષ્ટાંગ યોગની સીડીનું ચરમ સોપાન છે. આ અવસ્થામાં આત્મા-પરમાત્મા વચ્ચેના જ્ઞાતા જ્ઞેય વચ્ચેનો ભેદ દૂર થઈ જાય છે.

સમાધિના પ્રકારો :

સમાધિના બે પ્રકારો છે : (૧) સંપ્રજ્ઞાત સમાધિ, (૨) અસંપ્રજ્ઞાત સમાધિ.

૧. **સંપ્રજ્ઞાત સમાધિ** : આ પ્રકારની સમાધિમાં ધ્યાન કરનાર અને ધ્યેય વસ્તુ બન્ને એક બની જાય છે, છતાં જે ધ્યેય પ્રાપ્ત કરવાનું છે તે વિશેની સભાનતા સાધકમાં રહે છે. આમાં ધ્યેય વસ્તુથી ભિન્ન કોઈ પણ વિષયને પ્રકટ કરનાર વૃત્તિ હોતી નથી.

સંપ્રજ્ઞાક સમાધિની નીચે પ્રમાણે ચાર ભૂમિકાઓ છે.

(૧) **સવિતર્ક :** કોઈ મૂર્તિ વગેરે સ્થૂલ વિષય જોડે જ્યારે ચિત્ર સ્થિર થઈ જાય છે. આના પણ બે ભેદ છે. (અ) **સવિકલ્પ** અને (બ) **નિર્વિકલ્પ.**

(૨) **અવિચાર :** આમાં નામ અને ગુણોની સમાનતા રહેતી નથી અને કેવળ તન્માત્રા- રૂપ, રસ, ગંધ, સ્પર્શ, શબ્દ જેવા સૂક્ષ્મ વિષયો પર ચિત્તનું અવલંબન હોય છે.

(૩) **આનંદ :** આમાં બૌદ્ધિક ક્રિયામાંથી કેવળ આનંદ પ્રાપ્ત થાય છે.

(૪) **સાસ્મિતા :** અહીં સાધક સામાન્ય માણસની માફક મોહમાં ડૂબતો નથી. આ અવસ્થામાં તેની અસ્મિતા ટકી રહે છે.

૨. **અસંપ્રજ્ઞાત સમાધિ :** આ પરમ યોગની અંતિમ અવસ્થા છે, જેમાં જ્ઞાતા, જ્ઞેય અને જ્ઞાન એકરૂપ બની જાય છે. કેવળ સાત્ત્વિક વૃત્તિ સિવાય કોઈ આલમ્બન રહેતું નથી. આ સમાધિને યોગમાં સંપૂર્ણ તેમજ જ્ઞાનાતીત માનવામાં આવી છે. તેને **'નિર્બિજ સમાધિ'** પણ કહેવાય છે.

ઈશ્વરની ભૂમિકા

યોગદર્શનમાં ઈશ્વર એટલે એવો વિશિષ્ટ આત્મા (પુરુષ) કે જેને અવિદ્યા આદિ ક્લેશો કે ગુણ-દુર્ગુણ જેવા સંસ્કારો સ્પર્શતા નથી. દરેક મનુષ્યના આત્માની જેમ જ ઈશ્વર પણ એક વિશિષ્ટ આત્મા છે, જે આ જગત તેમજ બીજા જીવોથી ભિન્ન છે. યોગ ઈશ્વરને આ જગતના સર્જક કે પાલક તરીકે સ્વીકારતું નથી. યોગદર્શન મુજબ મનુષ્યનું ધ્યેય ઈશ્વર સાક્ષાત્કારનું નહીં પણ પ્રકૃતિથી છૂટા થવાનું છે. ઈશ્વરને આ સૃષ્ટિનું ઉપાદાન (Material) કે નિમિત્ત કારણ (Efficient cause) તે નથી માનતું. તેના મતે ઈશ્વર એટલે **'પરમ વિશુદ્ધ પુરુષ'** જે સ્થળ તેમજ કાળથી પર છે. યોગનો અર્થ ઈશ્વરનો સાક્ષાત્કાર નહિ પરંતુ પ્રકૃતિ તેમજ પુરુષનું વિવેકજ્ઞાન થવું તે છે.

યોગદર્શનમાં મોક્ષ :

સાંખ્યદર્શનની માફક જ યોગદર્શન પણ માને છે કે આ જગત દુઃખોથી ભરેલું છે. પાંચ પ્રકારના ક્લેશો દ્વારા મનુષ્ય દુઃખ પામે છે. આધિ, વ્યાધિ અને ઉપાધિના ત્રિવિધ તાપમાંથી છુટકારો મેળવવા મનુષ્ય નિરંતર પ્રયત્ન કરે છે. તે અનેકવિધ કર્મો કરે છે જેનાં ફળ પણ તેને ભોગવવાં પડે છે. સારાં કર્મોના સારાં અને ખરાબ કર્મોનાં નઠારાં ફળ તેને ભોગવવાં પડે છે. માનવ માત્રના દુઃખોનું મૂળ કારણ સાંખ્ય મત અનુસાર પ્રકૃતિ અને પુરુષનો સંયોગ છે. પુરુષનાં બંધનનું કારણ ચિત્તવૃત્તિ સાથેનો તેનો સંયોગ છે. આ બંધનમાંથી તેણે મુક્તિ મેળવવી હોય તો તેને વિવેક જ્ઞાન થવું જરૂરી છે. યોગદર્શન અનુસાર આને માટે 'ચિત્તવૃત્તિનો નિરોધ' થવો આવશ્યક છે અને તો જ તેને મુક્તિ પ્રાપ્ત

થઈ શકે. આ જ મોક્ષની સ્થિતિ છે. યોગદર્શનમાં **કૈવલ્ય**ને જીવનનું પરમ ધ્યેય માનવામાં આવ્યું છે. તેની વ્યાખ્યા આ રીતે આપવામાં આવી છે. કૈવલ્ય એટલે પુરુષના પ્રયોજન વિનાના ગુણો (ઈન્દ્રિયોનાં કાર્યો)નું પાછું ફરવું અથવા 'જ્ઞાનશક્તિનું પોતાના સ્વરૂપમાં સ્થિર થવું તે' ન્યાયદર્શન અનુસાર મોક્ષ એટલે દુઃખનો સંપૂર્ણ અંત આવવો તે.

(૫) પૂર્વમીમાંસા

મીમાંસા એટલે શું?

મીમાંસા શબ્દનો અર્થ છે - **'તાત્પર્ય નિર્ણય'**. વેદોમાં અંતર્નિહિત પૂર્વખંડ એટલે યજ્ઞકાંડ અથવા કર્મકાંડના તાત્પર્ય નિર્ણય માટે જે દર્શનની રચના કરવામાં આવી તેને **'કર્મમીમાંસા'** અથવા **'પૂર્વમીમાંસા'** કહેવાય છે. જ્યારે તંદતર્ગત **ઉત્તરખંડ** એટલે કે જ્ઞાનકાંડ અથવા બ્રહ્મકાંડના તાત્પર્ય નિર્ણય માટે જે દર્શન રચાયું તેને **'ઉત્તરમીમાંસા'** કહેવાય છે. મીમાંસાનો ઉદ્દેશ્ય વૈદિક વિધિનિષેધોનો અર્થ સમજાવવી, તેને માટે વ્યાખ્યા પ્રણાલી નક્કી કરવી અને તેના મૂળ સિદ્ધાંતોને દલીલયુક્ત રીતે વ્યવસ્થિત શાખાની રચના કરવી તે છે. મીમાંસકો બાહ્યાર્થવાદી (Realists) છે, જેઓ સ્થિર દ્રવ્યોની સત્તાને માને છે. તેઓ અનેકતત્ત્વવાદી (Pluralists) પણ છે જે ભૌતિક વિદ્યાના મૂળમાં ભેદ અથવા વૈવિધ્યને સ્વીકારે છે.

પૂર્વમીમાંસા : આને **'કર્મમીમાંસા'** પણ કહેવાય છે. તેના રચયિતા જૈમિનિ મુનિ છે. તેઓ ઈ.પૂર્વે ૬૦૦થી ૨૦૦ વચ્ચે થઈ ગયાનું માનવામાં આવે છે. તેમણે જે સૂત્રોની રચના કરી તેને **'જૈમિનિ સૂત્રો'** કહેવાય છે. તેની સંખ્યા ૨૬૨૧ છે. આ મીમાંસામાં બાર અધ્યાયો છે. જેમાં-

પ્રથમ અધ્યાયમાં - વિધિ, અર્થવાદ, મંત્ર, સ્મૃતિ આદિ પ્રામાણ્યોનો વિચાર કરવામાં આવ્યો છે.

બીજા અધ્યાંયમાં - કર્મભેદ, પ્રામાણ્ય, અપ્રામાણ્યવાદ તેમજ નિત્ય અને કામ્ય પ્રયોગ ભેદો પર પ્રકાશ પાડવામાં આવ્યો છે.

ત્રીજા અધ્યાયમાં - શ્રુતિ, લિંગ, વાક્ય, પ્રકરણ, સ્થાન અને સમાખ્યા વગેરેનું પ્રતિપાદન છે.

ચોથા અધ્યાયમાં - યજ્ઞસંબંધી શંકાઓનું સમાધાન છે.

પાંચમા અધ્યાયમાં - શ્રુતિઓના ક્રમ, વૃદ્ધિ, અ-વૃદ્ધિ, પ્રાબલ્ય-દૌર્બલ્ય વગેરે પર વિચાર કરવામાં આવ્યો છે.

છઠ્ઠા અધ્યાયમાં - કર્મ-ધર્મ-યજ્ઞનું પ્રયોજન અને યજ્ઞની ક્રિયા વગેરે પર વિચાર કરવામાં આવ્યો છે.

સાતમા અધ્યાયમાં - અતિદેશોનું વર્ણન છે.

આઠમા અધ્યાયમાં - અતિદેશ અને અપવાદોનો પરિચય છે.

નવમા અધ્યાયમાં - ઉહ (......) પર વિચાર કરવામાં આવ્યો છે.

દશમા અધ્યાયમાં - બાધ તથા સમુચ્ચય, આદિનો નિર્દેશ છે.

અગિયારમા તેમજ **બારમા** અધ્યાયમાં - પ્રસંગ, તંત્રી નિર્ણય, સમુચ્ચય અને વિકલ્પ પર વિચાર કરવામાં આવ્યો છે.

પૂર્વમીમાંસાના જૈમિનિ સૂત્રોના સર્વપ્રથમ ભાષ્યકાર શાબરસ્વામી હતા, જેમણે શાબર-ભાષ્ય લખ્યું છે. છઠ્ઠી અથવા સાતમી સદીમાં થયેલ **કુમારિલ ભટ્ટ** અને તેમના શિષ્ય **પ્રભાકર** આ દર્શનના મુખ્ય ચિંતક હતા. કુમારિલના શિષ્ય મંડનમિશ્ર હતા જેમને શંકરાચાર્યે શાસ્ત્રાર્થમાં હરાવ્યા હતા. તે પછી તેમના શિષ્ય બની સુરેશ્વરાચાર્ય નામે પ્રસિદ્ધ થયેલા. વૃતિકાળ દરમિયાન થયેલ આચાર્યોએ પણ જૈમિનિ સૂત્રો પર ભાષ્ય લખ્યાં છે. શ્રી વલ્લભાચાર્યજીએ લખેલ ભાષ્ય **'પૂર્વમીમાંસાકારિકા'** નામથી પ્રસિદ્ધ છે. જોકે બેતાલીસ કારિકાઓ જ આજે ઉપલબ્ધ છે.

મીમાંસા દર્શન વેદને પ્રમાણ માને છે તેથી વેદના પ્રમાણ્યને સિદ્ધ કરવા માટે સ્વાભાવિક જ તે જ્ઞાન, જ્ઞાતા, જ્ઞેય, જ્ઞાનમીમાંસા ખૂબ જ સૂક્ષ્મ તેમજ ગંભીર છે. જ્ઞાનમીમાંસામાં નીચેના ચાર પારિભાષિક શબ્દો મહત્ત્વના છે.

પ્રમા : પહેલેથી જ જે અજ્ઞાત છે એટલે કે જે વિશે આપણે જાણતા નથી અને જેનો અર્થ સત્ય છે તેવા 'જ્ઞાન'ને **'પ્રમા'** કહેવાય છે.

પ્રમાણ : યથાર્થ અનુભવ અર્થાત્ પ્રભા (જ્ઞાન)ની પ્રાપ્તિનું અનિવાર્ય સાધન તેને 'પ્રમાણ' કહે છે. પ્રમાણ વિના પ્રમિતિ (જ્ઞાન) રૂપ ફળ પ્રાપ્ત થઈ શકતું નથી.

પ્રમેય : જે પદાર્થ વિશે જાણવામાં આવે તેને **'પ્રમેય'** કહેવાય. જ્ઞાન હંમેશાં કોઈને કોઈ વિષયનું જ હોય છે. નિર્વિષક જ્ઞાન હોઈ શકે નહીં.

પ્રમાતા : 'પ્રમેય'ને જાણવાવાળાને **'પ્રમાતા'** કહેવાય. પ્રમાતામાં જ જ્ઞાન ઉત્પન્ન થાય છે. પ્રમાતા દ્રવ્ય છે તો જ્ઞાન તેનો ગુણ છે. 'પ્રમાણ' દ્વારા 'પ્રમેય'ની 'પ્રમિતિ' (જ્ઞાન) પ્રમાતાને થાય છે. પ્રત્યેક દર્શન અથવા મત અલગ અલગ પ્રમાણો તે સ્વીકાર કરે છે. પ્રમાણ આપણને સત્ય સુધી પહોંચવાનો રસ્તો બતાવે છે. અથવા આપણને થતા જ્ઞાનની સમીક્ષા આપે છે. જૈમિનિ મુનિએ ફક્ત ત્રણ જ પ્રમાણો - પ્રત્યક્ષ, અનુમાન અને શબ્દ પ્રમાણનો સ્વીકાર કરેલો છે.

તત્ત્વવિચાર (Metaphysics)

પૂર્વમીમાંસા અનુસાર : જગત તથા તેના બધા વિષયો સત્ય છે, માયિકનથી તે પ્રત્યક્ષ જગત ઉપરાંત આત્મા, સ્વર્ગ, નર્ક, વૈદિક યજ્ઞના દેવતાઓ વગેરેનું અસ્તિત્વ સ્વીકારે છે. મીમાંસકો પરમાણુઓની સત્તા પણ સ્વીકારે છે. પરમાણુઓ વડે રચાયેલા આ જગતની ઉત્પત્તિ અને લયની વ્યવસ્થા માટે તેઓ ઈશ્વરની આવશ્યકતા માનતા નથી. તેઓના મતે જગતની ન તો ઉત્પત્તિ થાય કે ન તો લય થાય છે. તેઓ જગતને અનાદિ માને છે. તેમના મતે આ સંસાર સત્ય છે જે ત્રણ તત્ત્વોનો બન્યો છે.

૧) **ભોગાયતાન :** એટલે શરીર, જેમાં રહી આત્મા પોતાનાં પૂર્વકર્મોનાં સુખ-દુ:ખ રૂપ ફળ ભોગવે છે.

૨) **ભોગસાધન :** એટલે જ્ઞાનેન્દ્રિય તેમજ કર્મેન્દ્રિય જે સુખ-દુ:ખના ભોગ સાધન છે. તેના દ્વારા આત્મા સુખ-દુ:ખ ભોગવે છે.

૩) **ભોગવિષય :** એટલે બાહ્ય વસ્તુઓ (પદાર્થો) જેનો આત્મા ઉપભોગ કરે છે.

મીમાંસકો **શક્તિ** (Casual Potency) અને **અપૂર્વ** (Unseen Potency)ના સિદ્ધાંતનો સ્વીકાર કરે છે. તેમના મતે કાર્યની ઉત્પત્તિ માટે કારણ ઉપરાંત એક વધારાનું **શક્તિ** નામનું તત્ત્વ જરૂરી છે. જેમ બીજમાંથી અંકુર ફૂટવા માટે એક વિશિષ્ટ શક્તિ આવશ્યક છે. જો કોઈ રીતે તે શક્તિ નષ્ટ થઈ જાય તો બીજમાંથી અંકુર ફૂટી શકે નહીં. તેવી જ રીતે કર્મમીમાંસામાં કર્મફળ પ્રાપ્તિનો નિયમ કુદરતી નિયમ જેવો છે. કર્મફળ મેળવવા તેને આપનાર કોઈ દેવતા કે ઈશ્વરની આવશ્યકતા નથી તેમ તેઓ માને છે. યજ્ઞકર્મ ક્રિયાઓ કરતાં પહેલાં જે શક્તિ કે સામર્થ્ય ફળપ્રાપ્તિ માટે ન હતું તે યજ્ઞકર્મ કરતાં ઉત્પન્ન થાય છે. આવા સામર્થ્યને મીમાંસકો **'અપૂર્વ'** કહે છે. તેમના મતે આ લોકમાં કરેલાં કર્મો એક અદૃષ્ટ શક્તિનો પ્રાદુર્ભાવ કરે છે, જેને 'અપૂર્વ' નામ આપવામાં આવ્યું છે. આમ કર્મને લગતા વ્યાપકના સિદ્ધાંતો આ 'શક્તિ' અને 'અપૂર્વ' સિદ્ધાંત પર આધારિત છે.

પૂર્વમીમાંસાનો આત્મા વિશે વિચાર :

પૂર્વમીમાંસા દર્શન અનુસાર આત્મા અમર છે, તેની ઉત્પત્તિ કે વિનાશ નથી. તે બુદ્ધિ તથા ઈન્દ્રિયોથી પર છે. કારણ કે બુદ્ધિ તથા ઈન્દ્રિયો વગેરે અનિત્ય છે, જ્યારે આત્મા નિત્ય છે. તે શરીરથી ભિન્ન છે. આત્મા સ્વયં પ્રકાશમાન છે. તે કર્તા ભક્તો અને જ્ઞાતા છે. મૃત્યુ પછી આત્મા કર્મ ફળના ભોગ (સુખ યા દુ:ખ) માટે પરલોક (સ્વર્ગ કે નરક)માં વિચરે છે. આત્મા ચેતનરૂપ અને વભિૂ છે. તેમાં સ્વયં કર્તુત્વ છે. મીમાંસકોના મતે આત્મા નિત્ય, સત્, કર્મફળભોક્તા, દેહ રચનારો અને મન વડે જ્ઞાત-અજ્ઞાત દશાવાળો હોઈ વ્યક્તિગત વિષમતાના આધારે પ્રત્યેક શરીરમાં ભિન્ન ભિન્ન આત્માઓની કલ્પના આ દર્શનમાં જોવા મળે છે.

પૂર્વમીમાંસાનો મોક્ષ વિશે વિચાર

આ દર્શનના મતાનુસાર આત્માનો આત્માથી અન્ય વસ્તુનો સાથેનો સંબંધ એક બંધન છે. તેમાંથી હંમેશને માટે છૂટી જવું તે 'મુક્તિ' અથવા 'મોક્ષ'. મોક્ષમાં જ્ઞાન, સુખ, દુ:ખ જેવા આત્માના તમામ વિશિષ્ટ ગુણો લોપ પામે છે. મોક્ષની અવસ્થામાં આત્મા શરીર, ઈન્દ્રિય, મન વગેરે બધાં જ બંધનોથી મુક્ત થાય છે અને એક વાર એ બંધનોનો નાશ થવાથી ફરીથી તે સંસારચક્રમાં ફસાતો નથી. શરીર, ઈન્દ્રિય, તેમજ મનથી અલગ થઈ જવાથી મુક્ત આત્મામાં ચૈતન્યનો વાસ રહેતો નથી અને પરિણામે તે સુખ-દુ:ખના અનુભવથી પર રહે છે. અહીં મોક્ષાવસ્થાને નિષેધાત્મક રીતે તમામ સુખ તથા દુ:ખ ઉભયથી

રહિત વર્ણવવામાં આવેલ છે. આત્મજ્ઞાન અથવા આત્માના સાચા સ્વરૂપ પર એકાગ્ર ધ્યાનથી પરિણમેલી આંતરદૃષ્ટિ કે આંતર્જ્ઞાન એ મોક્ષપ્રાપ્તિમાં સહાયક બને છે.

પૂર્વમીમાંસાનો ઈશ્વર વિશેનો વિચાર

પૂર્વમીમાંસામાં ઈશ્વરના વિચારને અત્યંત ગૌણ સ્થાન છે. આ દર્શન અનેક દેવતાવાદી છે, પરંતુ એ દેવતાઓનું અસ્તિત્વ તે વૈદિક મંત્રો પૂરતું જ છે. તેમને (દેવતાઓને) ઉપાસનાનો વિષય પણ માન્ય નથી કે નથી તેમની સ્વતંત્ર સત્તાને સ્વીકારી. મીમાંસકો માને છે કે કર્મ પોતાની મેળે જ ફળે છે; કર્મનું ફળ આપનાર કોઈ ઈશ્વર જેવું તત્ત્વ છે, તેમ માની લેવાની જરૂર નથી. તેઓ માને છે કે જગતની ઉત્પત્તિ પણ કર્મ દ્વારા આપોઆપ થાય છે. તેનો રચયિતા ઈશ્વર નથી. જગત અને તેમાં જણાતી કર્મફળની વ્યવસ્થા કાંઈ બાહ્યતત્ત્વે કરેલી નથી, સ્વયં કર્મે જ તે કરેલી છે. એ કર્મોનું જ ફળ છે, અર્થાત ફળદાતા કર્મ પોતે જ છે. મીમાંસકોના મતાનુસાર જગતની વસ્તુઓની ઉત્પત્તિ અને વિનાશ થાય છે. પરંતુ તેઓ સૃષ્ટિના પ્રલયના ક્રમનો સ્વીકાર કરતા નથી. તેમના મતે સંસારની બધી વસ્તુઓ પરસ્પર અવયવે-સંયોગ દ્વારા અસ્તિત્વમાં આવે છે. બધાં પરિણામો પ્રાકૃતિક કારણોની નિપજ છે, તેની પાછળ કોઈ અલૌકિક કારણ હોય તેવું નથી. તેઓ વેદનો સ્વીકાર કરે છે. પરંતુ તેને ઈશ્વર દ્વારા રચિત હોય તેવું માનતા નથી. આમ, વાસ્તવમાં જૈમિનિએ ઈશ્વરનો સ્વીકાર કર્યો નથી. ઘણા વિચારકો પૂર્વમીમાંસાને ભારતીય દર્શનોની શાખા ન માનતાં એક કર્મકાંડ અને તદ્‌વિષયક ચર્ચા કરતું શાસ્ત્ર માને છે.

ધર્મ અને કર્મ મીમાંસા :

મીમાંસા દર્શનનો મુખ્ય ઉદ્દેશ્ય ધર્મની વ્યાખ્યા આપી 'આચાર મીમાંસા' રજૂ કરવાનો છે. આથી તેને જગત કર્તા ઈશ્વરના અસ્તિત્વમાં રસ નથી. પરંતુ વૈદિક ધર્મની સ્થાપનામાં રસ છે. માટે કર્તવ્ય-અકર્તવ્યનો નિર્ણય તેમજ તદનુસાર ઉત્તમ જીવન કેમ જીવવું તેની વિચારણા મીમાંસા કરે છે. વેદમાં અનેક પ્રકારનાં કર્મોની ચર્ચા કરવામાં આવી છે. વેદની માન્યતાઓનો સ્વીકાર કરી મીમાંસા ક્યાં કયાં કર્મો કરવાં અને કયાં કર્મોનો ત્યાગ કરવો ઈત્યાદિ બાબતોનું નિરૂપણ કરે છે. ધર્મ-નીતિ-કર્મ-ફળ વગેરે બાબતો પર વિચાર કરવો

એ જીવનનું પરમ લક્ષ્ય છે. કર્મોનો ઉદ્દેશ્ય કેવળ દેવતાઓની સંતુષ્ટિ નહીં પણ આત્માની શુદ્ધિનો છે.

કર્મોનું વર્ગીકરણ :

કર્મોને તેના પ્રકાર મુજબ પાંચ વર્ગોમાં વહેંચવામાં આવ્યાં છે.

(૧) **નિત્યકર્મ** : જે દૈનિક કરવાનાં હોય - પ્રાર્થના, સ્નાન, પૂજા વગેરેને કરવાથી પુણ્ય ન મળે, પરંતુ ન કરવાથી પાપ જરૂર લાગે.

(૨) **નૈમિત્તિક કર્મ** : ખાસ પ્રસંગોએ કરવાનાં કર્મો જેવાં કે શ્રાદ્ધ, ગ્રહણ સમયે સ્નાન વગેરે.

(૩) **કામ્ય કર્મો** : જે નિશ્ચિત ફળની પ્રાપ્તિ માટે કરાતા યજ્ઞ ઈત્યાદિ.

(૪) **નિષિદ્ધ કર્મો** : બ્રહ્મહત્યા વગેરે જે કરવાથી પાપ લાગે.

(૫) **પ્રાયશ્ચિત કર્મો** : કોઈ નિષિદ્ધ કર્મ થઈ જાય તો તેની નિવૃત્તિ માટે કરવામાં આવતાં કર્મો.

(૬) ઉત્તર મીમાંસા-વેદાંતદર્શન

તાત્પર્ય :

પૂર્વમીમાંસા કર્મકાંડનું નિરૂપણ કરે છે તો **ઉત્તરમીમાંસા** જ્ઞાનકાંડનું નિરૂપણ કરે છે. સામાન્યતઃ પૂર્વમીમાંસા અને ઉત્તરમીમાંસા એકબીજાના પૂરક છે, કારણ કે વેદનો પૂર્વખંડ એ પૂર્વમીમાંસાનો આધાર છે, જ્યારે તેનો ઉત્તર ખંડ, ઉત્તરમીમાંસાનો આધાર છે. વેદનો અંતિમ વિભાગ ઉપનિષદ છે, જેને **'વેદાંત'** પણ કહેવામાં આવે છે, કારણ કે તેમાં વેદનો નિચોડ સમાવિષ્ટ છે. આમ, આ દર્શન ઉપનિષદોના ઉપર રચાયેલું હોઈ તેને **'વેદાંત દર્શન'** એવી સંજ્ઞા આપવામાં આવી છે.

વેદાંતદર્શનના રચનાકાર બાદરાયણ મુનિ છે. તેમણે રચેલ **'બ્રહ્મસૂત્રો'** એ આ દર્શનનું મૂળભૂત સાહિત્ય છે. આમાં વેદાંત તત્તની મીમાંસા છે. 'સૂત્ર' એટલે એવાં વાક્ય જેમાં ઓછામાં ઓછા શબ્દોમાં ઘણી બધી વાત કહેવાઈ હોય. સૂત્રકાળમાં અનેક ઋષિમુનિઓએ વિવિધ વિષયો પર સૂત્રોની રચના કરી છે. બ્રહ્મસૂત્રોની સંખ્યા ૫૫૫ છે, એના પર લગભગ પ્રત્યેક આચાર્યોએ

ભાષ્ય લખ્યાં છે. શ્રી વલ્લભાચાર્યજીએ બ્રહ્મસૂત્રો પર લખેલું ભાષ્ય '**અણુભાષ્ય**'ના નામે પ્રસિદ્ધ છે.

વેદાંતદર્શનના વ્યાપક વિચારોને લીધે પાશ્ચાત્ય વિદ્વાનોએ પણ તેમાં રસ દેખાડ્યો છે.શોપન હોએર, મેક્સ મૂલર, ડોયસન ઈત્યાદિ આ દર્શનના ઊંડા સત્યને આવકારે છે.

'**વૈદિક કાળ**'માં ત્રણ પ્રકારનું સાહિત્ય જોવા મળે છે.

(૧) 'વૈદિક મંત્રો' કે જે ભિન્ન ભિન્ન સંહિતાઓમાં સંકલિત છે. (૨) જેમાં વૈદિક કર્મકાંડનું વિવેચન છે એવા 'બ્રાહ્મણ ગ્રંથો' અને (૩) અંતમાં જેમાં દાર્શનિક વિવેચન જોવા મળે છે એવાં 'ઉપનિષદો. પ્રત્યેક બ્રાહ્મણ ગ્રંથનું આરણ્યક હોય છે.

આ ત્રણેયને જ વ્યાપક અર્થમાં '**શ્રુતિ**' કે '**વેદ**' તરીકે ઓળખવામાં આવે છે. ઉપનિષદોનો ક્રમ છેલ્લો અને સારરૂપ હોઈ તેને '**વેદાંત**' પણ કહેવાય છે.

બાદરાયણ મુનિએ વેદાંત સૂત્રો અર્થાત્ બ્રહ્મસૂત્રોની રચના કરી છે. આ બ્રહ્મસૂત્રો ચાર અધ્યાયોમાં વહેંચાયેલાં છે.

પ્રત્યેક અધ્યાયમાં ચાર પાદ (ચરણ) છે. બ્રહ્મસૂત્રોના ચારેય અધ્યાય અનુક્રમે પ્રમાણ, પ્રમેય, સાધન અને ફલ નિરૂપક છે. પ્રથમ અધ્યાય (પ્રમાણ) **સમન્વય અધ્યાય** કહેવાય છે. તેમાં વિવાદાસ્પદ વેદાંત-વાક્યોનો સમન્વય સાધેલો છે. તેમાં સાક્ષાત પ્રત્યક્ષભિન્ન અદ્વિતીય બ્રહ્મનું તાત્પર્ય દર્શાવ્યું છે. બીજો અધ્યાય (પ્રમેય) - **અવિરોધ અધ્યાય** કહેવાય છે. તેમાં શ્રુતિ-સ્મૃતિ તર્કાદિના સંભવિત વિરોધનો પરિહાર કરી બ્રહ્મમાં તેનો અવિરોધ દર્શાવ્યો છે. સાંખ્ય વૈશેષિક જૈન, બૌદ્ધ વગેરે દર્શનોનું તેમાં ખંડન કરી વેદાંતનું મંડન કરેલ છે. ત્રીજો અધ્યાય (સાધન), (ઉપનિષદોની), **બ્રહ્મપ્રાપ્તિનાં સાધનોનો - વિચાર** અધ્યાય છે. તેમાં વેદાંત સંમત સાધનોનું નિરૂપણ છે. બ્રહ્મજ્ઞાનોપયોગી (દેહ) જન્મ, જીવની મુક્તિ યોગ્યતા, બ્રહ્મ ધર્મો, બ્રહ્મ ફલક સર્વાતમ ભાવ વગેરેનું તેમાં પ્રતિપાદન છે. અને ચોથો અધ્યાય (ફલ) બ્રહ્મવિદની અગ્રિમ વ્યવસ્થા (ગતિ) વિચાર અધ્યાય છે, જેમાં પરાવિદ્યાના ફળનું નિરૂપણ કરવામાં આવ્યું છે. સર્વજ્ઞ સચ્ચિદાનંદ- આનંદમય બ્રહ્મ (શ્રીકૃષ્ણ) અને લીલા નિત્યત્વનું તેમાં પ્રતિપાદન છે.

આમ, બ્રહ્મસૂત્ર એ શ્રુતિઓના વ્યાખ્યાયનરૂપે નહીં, પરંતુ શ્રુતિઓમાં થતાં સંદેહના સમાધાન માટેની વ્યાસજીની રચના છે. એ રીતે વેદના જ્ઞાનકાંડ આધારિત 'ઉત્તરમીમાંસા' અથવા 'બ્રહ્મમીમાંસા' એ બ્રહ્મના સ્વરૂપને યથાર્થ રૂપે જાણવા માટેનું 'આસ્તિક દર્શન' છે. તેમાં જ્ઞાન જનીત બાબતોનું વર્ણન છે.

એક રીતે જોઈએ તો પૂર્વમીમાંસા અને ઉત્તરમીમાંસા એકબીજાનાં પૂરક છે, એક કર્મકાંડ પર આધારિત છે, જ્યારે બીજું જ્ઞાનકાંડ પર આધારિત છે. સિદ્ધાંત અને વ્યવહાર એ એકબીજાના પૂરક છે. પરસ્પર આધારિત છે. જો વ્યવહારનું આચરણ ન હોય તો કેવલ સિદ્ધાંત ઉપયોગી ન બને માટે સિદ્ધાંતની જાણકારી અને તેનું વ્યવહારમાં આચરણ એ બન્ને આવશ્યક ગણાય.

* * *

૫

નાસ્તિક દર્શન - અવૈદિક દર્શન (સંક્ષિપ્ત પરિચય)

(Non Vedic Darshan)

જે દર્શનો વેદનું પ્રામાણ્ય સ્વીકારે છે તેને **આસ્તિક** અથવા **વૈદિક દર્શન** કહેવાય છે. જેવા કે ન્યાય, વૈશેષિક, સાંખ્ય, યોગ તેમજ મીમાંસા. આ દર્શનો વેદને પ્રમાણરૂપ સ્વીકારે છે. તેને આધારે તેમની વિચારધારા પ્રગટ થયેલ છે. પરંતુ કેટલાંક ભારતીય દર્શનો વેદનો પ્રમાણરૂપ સ્વીકાર કરતાં નથી અને પોતાના સ્વતંત્ર સિદ્ધાંતોને આધારે તે દર્શનો અસ્તિત્વમાં આવ્યાં છે. જેવાં કે, જૈન, બૌદ્ધ અને ચાર્વાક. તે દર્શનોને **નાસ્તિક** અથવા **અવૈદિક** દર્શન કહેવામાં આવ્યાં છે. તેમાં પણ જૈન અને બૌદ્ધ વેદને નકારતાં ન હોવા છતાં તેમના સિદ્ધાંતો વેદની વાણી પર આધારિત નથી, જ્યારે ચાર્વાક તો વેદનો કે ઈશ્વરના અસ્તિત્વનો જ અસ્વીકાર કરે છે. તે અર્થમાં એ ત્રણેય દર્શનો **'અવૈદિક દર્શનો'** કહેવાય છે.

૧) ચાર્વાકદર્શન :

ચાર્વાક મતનો પ્રચાર આજથી લગભગ અઢી હજાર વર્ષ પૂર્વે થયો હશે તેમ માનવામાં આવે છે એટલે કે ગૌતમ બુદ્ધના પહેલાંના ભારતમાં એ ભૌતિકવાદ અસ્તિત્વમાં આવ્યો હોવો જોઈએ. કેટલાંક ઉપનિષદોમાં પણ ચાર્વાકમતના પ્રાચીન સ્વરૂપને જોવામાં આવે છે.

ભારતીય દર્શનની મુખ્ય પ્રવૃત્તિ આધ્યાત્મિક છે, પરંતુ એમ માની લેવું ભૂલ ભરેલું ગણાય કે સમગ્ર ભારતીય દર્શન પૂર્ણતઃ આધ્યાત્મિક છે. ભૌતિકવાદ પ્રમાણે જોતાં પ્રકૃતિ એટલે કે ભૌતિક વાસ્તવિકતા જ પ્રાથમિક, અનાદિ અને અનંત છે. ગતિ, પરિવર્તન તથા રૂપાંતર એના મૂળભૂત ગુણો છે. જડ દ્રવ્યના વિકાસની એક વિશિષ્ટ વ્યવસ્થામાં જીવ, ચૈતન્ય, ભાવના, બુદ્ધિ, મન, વિચાર, શક્તિ ઈત્યાદિ ગુણો એમાં ઉત્પન્ન થાય છે, જડવાદી વિચારધારકોનું માનવું છે કે આપણી ઈન્દ્રિયો જ યથાર્થ જ્ઞાનપ્રાપ્તિ માટેનું પર્યાપ્ત સાધન છે અને એમના સહકારથી પ્રાપ્ત થયેલું જ્ઞાન જ સાચું જ્ઞાન છે. તે સૌના મતે ચૈતન્યનું નિર્માણ પણ જડમાંથી જ થાય છે.

ચાર્વાકનો શબ્દાર્થ :

'ચાર્વાક' શબ્દનો અર્થ છે 'ચારુ-વાક્' અર્થાત્ સુંદર, આકર્ષક અને મીઠી વાણીમાં રચ્યાપચ્યા રહેનાર અથવા બોલનાર. બીજા અર્થમાં પોતાની જ વાણીનું ચર્વણ કરી જનાર એટલે કે પોતાના શબ્દોને જ ચાવી જનાર એટલે 'ચાર્વાક' એમ પણ થાય. ચાર્વાકદર્શનને **'લોકાયત દર્શન'** પણ કહેવાય છે, કારણ કે લોક અર્થાત્ 'ભૌતિક જગત' અને 'આયત' એટલે તેના પ્રતિ ખેંચાયેલું એટલે કે જે દર્શન ભૌતિક જગતમાં જ રચ્યું પચ્યું રહે તેને 'લોકાયત દર્શન' કહેવાય.

ચાર્વાકની માન્યતા :

ચાર્વાક લોકોના મતે શરીરથી ભિન્ન એવા આત્માનું અસ્તિત્વ નથી, અને તે જ્ઞાતા તથા ભોક્તા છે, પરંતુ શરીરનો નાશ થતા તેનો પણ નાથ થઈ જાય છે. ચાર્વાકની તાત્ત્વિક વિચારસરણી સુખવાદી છે. સુખની પ્રાપ્તિ એ જીવનનું પરમ ધ્યેય છે. આનંદ અથવા દુઃખનો બિલકુલ અભાવ તે જ સુખ, એટલે કે માત્ર ભોગ વિલાસ એ જ માત્ર જીવનનો હેતુ છે. ખાઓ, પીવો અને મોજ કરો (Eat, Drink and Be Marry) એ તેમનું સૂત્ર છે. સુશિક્ષિત અને સંસ્કારી ચાર્વાક વિચારકો ઉત્તમ પ્રકારના સુખને ટેકો આપે છે. તેમના મતે મનુષ્ય જીવનનું ધ્યેય સુખ પ્રાપ્ત કરવાનું જ હોવું જોઈએ, પરંતુ એ સુખ આત્મ નિયમન અને વ્યવસ્થિત જીવનપ્રણાલી અપનાવવાથી જ પ્રાપ્ત થઈ શકે.

ચાર્વાકદર્શનની જ્ઞાનમીમાંસા :

જ્ઞાનમીમાંસા (Epistemology) એ તત્ત્વજ્ઞાનની અગત્યની શાખા છે. જ્ઞાનની પ્રાપ્તિ કેવી રીતે અને કયાં સાધનો અથવા પ્રમાણો દ્વારા થઈ શકે છે, તેમ જ પ્રાપ્ત થયેલું જ્ઞાન યથાર્થ છે કે અયથાર્થ તે જાણવું મહત્ત્વનું હોય છે. પ્રમાણ એ જ્ઞાનપ્રાપ્તિ માટેનું સાધન

છે. જે પદાર્થ વિશે જ્ઞાન પ્રાપ્ત કરવાનું હોય તેને **'પ્રમેય'** કહેવાય જ્યારે જેના દ્વારા તે પ્રાપ્ત થાય તે **'પ્રમાણ'** કહેવાય. પ્રમાણના અનેક પ્રકાર છે જેનાથી ચાર્વાક લોકો માત્ર **'પ્રત્યક્ષ પ્રમાણ'**ને જ માન્ય ગણે છે, કારણ કે તેના દ્વારા જ ઈન્દ્રિયો જ્ઞાનપ્રાપ્તિમાં અસંદિગ્ધપણે સહાયક બની શકે છે. ઈન્દ્રિયો દ્વારા જેની અનુભૂતિ કરી શકાય તે જ સાચું જ્ઞાન અથવા યથાર્થ જ્ઞાન છે તેમ ચાર્વાક માને છે. માટે પ્રત્યક્ષ સિવાયનાં અનુમાન કે શબ્દપ્રમાણ ઈત્યાદિનો તેઓ સ્વીકાર કરતાં નથી. તેમના મતે અન્ય પ્રમાણો દ્વારા સંશયાત્મક જ્ઞાન જ પ્રાપ્ત થઈ શકે છે. વેદાદિ ગ્રંથોનો તો તેઓ સ્વીકાર જ કરતાં ન હોઈ તેની વાણીને એટલે **'શબ્દ પ્રમાણ'**ને સ્વીકારવાની વાત તો રહેતી જ નથી.

ચાર્વાકના આત્મા - ઈશ્વર ઈત્યાદિ વિષયક ખ્યાલ :

ચાર્વાક મત પ્રમાણે 'આત્મા' જેવું કોઈ ચૈતન્યરૂપ તત્ત્વ છે જ નહીં. ચૈતન્ય એ અ-ભૌતિક એવું કાંઈ આત્મતત્વ છે તેવું તેઓ સ્વીકારતા નથી. જ્યારે આપણે કહીએ કે 'હું ભૂખ્યો છું' ત્યારે એ વિધાન શરીર અને આત્મા બન્ને પ્રત્યે હોઈ તે બન્નેની અભિન્નતા બતાવે છે, અર્થાત્ આત્મા કે શરીરથી અલગ કોઈ તત્વ નથી. તે જ મુજબ ચાર્વાકદર્શન ભૌતિકવાદી કે જડવાદી હોવાના કારણે ઈશ્વર જેવા કોઈ પારમાર્થિક પરમ સત્તાતત્ત્વના અસ્તિત્વનો સ્વીકાર કરતું નથી, કારણ કે પ્રત્યક્ષ પ્રમાણ દ્વારા ઈશ્વર વિષયક કોઈ જ્ઞાન પ્રાપ્ત થઈ શકતું નથી. માટે સૃષ્ટિના સર્જક કે સંહારક તરીકે પણ ઈશ્વરને માનવાની જરૂરત તેઓ માનતા નથી. તેઓના મતે આ સમગ્ર સૃષ્ટિની ઉત્પત્તિ જડ તત્ત્વોમાંથી આપોઆપ જ થતી હોય છે. તેમની દલીલ એવી છે કે જો જગતનું નિર્માણ ઈશ્વરે કર્યું હોય તો ઈશ્વરનું નિર્માણ કોણે કર્યું? અને જો ઈશ્વર પોતે સ્વયંભૂ હોય તો જગત સ્વયંભૂ કેમ ન હોઈ શકે?

તેમના મતે સ્વર્ગ કે નરક જેવું આ દુનિયાથી અલગ એવું કોઈ સ્થળ નથી. તેથી દાન-દક્ષિણા દ્વારા સ્વર્ગપ્રાપ્તિની કલ્પના ખોટી છે. વળી, આત્મા શરીર સાથે જ નષ્ટ થઈ જતી હોવાથી પુનર્જન્મનો પણ સવાલ રહેતો નથી. તેમના મતે ધર્મ-કર્મ વગેરે સ્વાર્થી પુરોહિતોએ ઊભું કરેલું તૂત છે. ચાર્વાક વિચારકો મોક્ષના ખ્યાલનું પણ ખંડન કરે છે. મરતાં સાથે જ આત્માનો અંત આવી જવાથી મૃત્યુ એ જ 'મોક્ષ' છે. તેમના મતે 'કામ' એક માત્ર જીવનનું પરમ લક્ષ્ય છે માટે કામની ઈચ્છાઓની પૂર્તિ થવાથી જ માણસને સુખ પ્રાપ્ત થઈ શકે છે.

ચાર્વાકની ભૌતિકવાદી વિચારધારાની અન્ય દર્શનો- બૌદ્ધ, જૈન તેમ જ વેદાંતીઓ-એ આલોચના કરી છે અને પ્રત્યક્ષ સિવાયનાં પ્રમાણોની દલીલો અને તર્ક દ્વારા તેમના સિદ્ધાંતોનું ખંડન કર્યું છે.

૨) બૌદ્ધદર્શન :

બૌદ્ધ ધર્મના સ્થાપક ગૌતમ બુદ્ધનો જન્મ ઈ.સ.પૂ. ૫૬૩માં વૈશાખી પૂનમે કપિલવસ્તુ નામના નગરમાં થયો હતો. પિતાનું નામ શુદ્ધોદન અને માતા માયાદેવી હતાં. તેમનું અસલી નામ 'સિદ્ધાર્થ' હતું. પત્ની યશોધરા અને રાહુલ નામે તેમને એક પુત્ર પણ હતો. ચાર નિમિત્તો- વૃદ્ધ, રોગી, મૃત્યુ અને પ્રવ્રજિતને જોઈ તેમના માનસ પર બહુ ઊંડી અસર પડી હતી. તેમણે સાંસારિક જીવનનો ત્યાગ કર્યો હતો. છ વર્ષ સુધી સત્યપ્રાપ્તિ માટે તેમણે કઠોર તપસ્યા કરી હતી.

તેમણે ઉપદેશ આપ્યો કે સ્વસ્થ અને શિસ્ત સમૃદ્ધ શરીર વિના બધું જ નકામું છે. જીવન ક્ષણભંગુર છે. સતત ઉત્સાહથી નિર્વાણ માટે મથ્યા રહેવું જોઈએ. મનોનિગ્રહ, આત્મસંયમ અને સદાચારથી મોક્ષ પ્રાપ્ત થાય છે.. તેમણે વૈદિક ધર્મની, વ્યવહારાતીત પરમ તત્ત્વની, પ્રાર્થનાના માહાત્મ્યની અને વેદોની અપૌરુષેયતા તથા પવિત્રાની ભાવના સામે વિરોધ ઉઠાવ્યો. તેમણે પોતાના શિષ્યોને પોતાની વિચારસરણીનો ઉપદેશ આપવા માટે તૈયાર કરી દેશના વિવિધ ભાગોમાં મોકલ્યા. નિર્વાણ માટે પ્રયાસશીલ વ્યક્તિએ અભિનિવેશનો ત્યાગ કરવો અને તૃષ્ણાને તિલાંજલી આપવી

જરૂરી છે, તેમ તેઓની માન્યતા છે. શીલ, સમાધિ અને પ્રજ્ઞા જ વિશુદ્ધ માર્ગનાં ખરાં ઘટકો છે. ૮૭ વર્ષની ઉંમરે તેઓ નિર્વાણ પામ્યા હતા.

બુદ્ધના સમયની પરિસ્થિતિ :

બૌદ્ધદર્શન સમજવા તેમના સમયની પરિસ્થિતિ જાણવી જરૂરી ગણાય. તે સમયમાં આજના પ્રમાણમાં લોકોનું જીવન સાદું હોવા છતાં મોજશોખની વૃત્તિ ખૂબ વધી ગઈ હતી. ધર્મનું સ્વરૂપ બાહ્ય વિધિઓ નીચે દબાઈ ગયું હતું. મંત્રોની શક્તિ વિશે ભ્રામક કલ્પનાઓ વધી ગઈ હતી. વૈદિક સંસ્કૃતિને લૂણો લાગ્યો હતો. ધર્મને નામે અને યજ્ઞને નામે લાખો નિર્દોષ પ્રાણીઓની કતલ કરવામાં આવતી હતી. વર્ણાશ્રમ પ્રથા વર્ણભેદમાં પરિણમી હતી અને પછાત વર્ણોના લોકોનું રાજકીય, આર્થિક, સામાજિક અને ધાર્મિક શોષણ થવા લાગ્યું હતું. ધર્મના સ્થાને અંધશ્રદ્ધા અને વહેમનું વાતાવરણ વિશેષ હતું. ધર્મના નામે પ્રાણીઓની હિંસા થતી હતી. મંત્ર વડે સારીનરસી વાસનાઓ તૃપ્ત કરી શકાય છે, યજ્ઞયાગ કરી દેવતાઓને અર્થે પશુનું બલિદાન આપવાથી પાપ ધોવાઈ જાય છે, એવી માન્યતા લોકોમાં રૂઢ થઈ ગઈ હતી. માણસનું માણસ પ્રત્યેનું અને બીજાં પ્રાણીઓ પ્રત્યેનું કર્તવ્ય શું છે એનો સાચો ખ્યાલ લોકોમાંથી ભૂંસાઈ ગયો હતો. પંડિત લોકો નવરા બેઠા બેઠા ઈશ્વર સંબંધી અનેક ચિત્રવિચિત્ર કલ્પનાઓ ઊભી કરી પોતપોતામાં લડતા રહેતા હતા. સામાજિક જીવનમાં નીતિમત્તાનો અભાવ વર્તાતો હતો. લોકોનું વ્યક્તિગત અને સામાજિક જીવન દુ:ખ અને નિરાશાથી ભરપૂર હતું. આવી પરિસ્થિતિમાં વેદ પરંપરાથી, આસ્તિક દર્શનોની પરંપરાથી અલગ પડીને બુદ્ધે સત્ય અને અહિંસાપ્રધાન ધર્મનું પ્રવર્તન કર્યું હતું.

બુદ્ધનો લોકોપદેશ :

બુદ્ધનો મુખ્ય ઉદ્દેશ્ય દર્શનશાસ્ત્ર નહીં, પણ ધર્મનું વિજ્ઞાન શીખવવાનો હતો. તેમના સમયમાં તથા તેમની પહેલાં પણ લોકો આત્મા, જગત, પાપ, પુણ્ય, મોક્ષ, આલોક, પરલોક વગેરે સંબંધમાં

વાદ-વિવાદ તથા તર્ક-વિતર્ક ચલાવતા હતા. જે વિષય પ્રત્યક્ષ નથી તેની મીમાંસા તર્ક દ્વારા કરવાનો કશો અર્થ નથી એમ બુદ્ધ માનતા. તેઓ સ્વયં આવા અંતિમ પ્રશ્નોમાં બહુ રસ દાખવતા નહીં. દાર્શનિક વિવાદોમાં પડવાનો તેમને અણગમો હતો. બૌદ્ધ ગ્રંથોમાં આપેલ કથાનક મુજબ બુદ્ધ સમક્ષ બ્રહ્મદેવે પ્રગટ થઈ તેમના ચાર મુખમાંથી નીચેનાં મહાસત્યોનો ઉપદેશ કરેલો.

૧) સમાજમાં જે લોકો શુભવૃત્તિવાળા અને સંપન્ન છે તેમની પ્રત્યે **'મૈત્રી'** રાખવી.

૨) જે લોકો વૈભવપૂર્ણ છે, તેમના પ્રત્યે **'મુદિતા'** કેળવવી એટલે કે તેઓની સારી સ્થિતિ જોઈ આનંદ અનુભવવો.

૩) સમાજમાં જે લોકો દુ:ખી છે તેમના પ્રત્યે તિરસ્કાર ન બતાવતાં **'કરુણાભાવ'** ધારણ કરવો.

૪) જે લોકો દુષ્ટ સ્વભાવના છે અને કારણ વગર દ્વેષ દાખવે છે તેમના પ્રત્યે **'ઉપેક્ષાભાવ'** બતાવવો.

ગૌતમ બુદ્ધનો સંદેશ ક્રાંતિકારી છે. તેમણે જીવન ફિલસૂફી આપી છે, પરંતુ વ્યવસ્થિત તત્ત્વજ્ઞાન આપવાનો પ્રયાસ કર્યો નથી. તેઓએ પોતાના અનુયાયીઓને આધ્યાત્મિક પ્રગતિનો- સાધના માર્ગનો ઉપદેશ આપેલો છે, નહીં કે કોઈ ધાર્મિક માન્યતાના સિદ્ધાંતોનો.

બૌદ્ધ ધર્મની ફિલોસોફી

૧) **અનિત્યવાદ :** બૌદ્ધ ધર્મ માને છે કે જગતમાં જે બધા દશ્યમાન પદાર્થો છે તે અનિત્ય છે, નાશવંત છે. જે પદાર્થ ઉત્પન્ન થયો છે તેનો નાશ થવાનો છે. જગતની પ્રત્યેક વસ્તુ પરિણામશીલ છે. પદાર્થની વર્તમાન સ્થિતિ ક્ષણ પૂરતી જ છે. બીજી જ ક્ષણે તેમાં પરિવર્તન આવે છે. એને **'ક્ષણિકવાદ'** તરીકે ઓળખવામાં આવે છે, એટલે જે દેખાય છે તે સત્ય નથી, વાસ્તવિક નથી. વહેવારમાં દશ્યમાન જગત સત્ય ભાસે છે, પણ તે પરમાર્થિક સત્ય નથી. જેમ આપણને સ્વપ્નમાં દેખાતું જગત અવાસ્તવિક છે તેમ આંખે દેખાતું

જગત પણ અવાસ્તવિક જ છે.

૨) **અનાત્મવાદ :** બૌદ્ધ ધર્મ આત્માની નિત્યતા, અચલતા અને શાશ્વતતામાં માનતો નથી. તેના મતે આત્માને નિત્ય, શાશ્વત, ધ્રુવ માનવાથી અહં માટેનો સ્નેહ વધે છે. પરિણામે તૃષ્ણા ઉત્પન્ન થાય છે. 'સ્વ' અને 'પર'નું જ્ઞાન થવાથી રાગદ્વેષ જન્મે છે. આત્મા જેનો બનેલો છે તે પાંચ ઘટકો - રૂપ, વેદના, સંજ્ઞા, સંસ્કાર અને વિજ્ઞાન એ અનિત્ય અને અશાશ્વત હોઈ તે આત્મા નથી. માટે બૌદ્ધદર્શન પ્રમાણે આત્માની વ્યાવહારિક સત્તા છે, પણ પારમાર્થિક સત્તા નથી. અનાત્મવાદ એટલે આત્માનો નિષેધ નહીં, પરંતુ જે આત્મા નથી એટલે અનાત્મા છે તેનો ત્યાગ. તેમના મતે આત્મા એ અનાત્માથી જુદો છે અને સંસારની બધી જ વસ્તુઓ આત્માથી રહિત છે.

૩) **શૂન્યવાદ :** બૌદ્ધદર્શનની માન્યતા મુજબ જગતનો કોઈ પણ પદાર્થ કે કલ્પના એકાંતિક સત્ય કે એકાંતિક અસત્ય નથી. સત્ય બન્ને વચ્ચે રહેલું છે, જે શૂન્ય રૂપ છે. શૂન્ય શબ્દ અહીં પરમાર્થનો સૂચક છે. તે અનિર્વચનીય, અજ્ઞેય, અકથનીય છે જેને ચિત્ત વિચારી શકતું નથી. તે જગતના મૂળમાં રહેલો ભાવ પદાર્થ છે.

૪) **અનીશ્વરવાદ :** બૌદ્ધ ધર્મ ઈશ્વરને જગતના કર્તા, નિયંતા અને હર્તા તરીકે માનતો નથી. આ સંસાર ઈશ્વરે બનાવ્યો નથી, પણ મનુષ્યે તેની સ્વતંત્ર પસંદગી અનુસાર ઘડ્યો છે. બૌદ્ધ ધર્મ કોઈ પણ કાર્યની સિદ્ધિ માટે ઈશ્વરના ભરોસે રહેતો નથી. બુદ્ધ પોતે બુદ્ધિવાદી હોઈ કલ્પનાને બુદ્ધિની કસોટી ઉપર કસી ન શકાય તેનો સ્વીકાર કરતા નથી. બુદ્ધ અનીશ્વરવાદી હતાં એટલે નાસ્તિક નહીં, પરંતુ ઈશ્વરની આવશ્યકતા નથી તેવી માન્યતા ધરાવતાં હતા.

બુદ્ધનો પંચશીલનો ઉપદેશ :

જીવનને પવિત્ર બનાવવાના હેતુથી બુદ્ધે ભિક્ષુઓ તેમજ ગૃહસ્થો માટે કેટલાંક **'શીલવ્રતો'** નક્કી કર્યાં હતાં. 'શીલ' એટલે 'સદ્‌ગુણ' અથવા 'સત્કર્મો'. તે નીચે પ્રમાણે છે.

૧) હિંસા ન કરવી (પ્રાણાતિપાત).
૨) ચોરી ન કરવી (અદત્તાદાન).
૩) અપવિત્ર જીવન ન જીવવું (બ્રહ્મચર્ય).
૪) અસત્ય ન બોલવું (મૃષાવાદ).
૫) માદક પદાર્થોનું સેવન ન કરવું (મદ્યનિષેધ).

બૌદ્ધ ધર્મમાં નિર્વાણ :

નિર્વાણની માન્યતા એ બૌદ્ધ ધર્મની એક વિશિષ્ટ પ્રકારની માન્યતા છે. 'નિર્વાણ એ પ્રત્યેક બૌદ્ધના જીવનનું અંતિમ લક્ષ્ય છે. તે એક એવી અવસ્થાનું નામ છે જેમાં સદ્‌જ્ઞાન દ્વારા (તૃષ્ણા, સંયોજના વગેરેનો ક્ષય કરીને)અજ્ઞાન રૂપી અંધકારનો લોપ થઈ જાય છે. એ અવસ્થા સાધકને વર્તમાન જન્મમાં જ અને આ લોકમાં જ પ્રાપ્ત થાય છે. અર્થાત્ નિર્વાણની પ્રાપ્તિ, શરીરનાશ પહેલાં જ થઈ શકે છે. તેને બીજી રીતે કહીએ તો ''જ્ઞાનનો ઉદય થતાં જ્યારે અવિદ્યા જાતે જ નાશ થઈ જાય છે તે સમયની અર્હતની અવસ્થા નિર્વાણ છે.''આ એક માનસિક દશા છે જે એક અભાવાત્મક, અવાચ્ય સ્થિતિ છે જેનું વર્ણન થઈ શકતું નથી.

બૌદ્ધ ધર્મ પણ કર્મ અને પુનર્જન્મના સિદ્ધાંતમાં માને છે. જીવ જેવા પ્રકારનાં કર્મ આચરે છે તે પ્રમાણે તેનો નવો જન્મ થાય છે. તેમના મતે અસદ્‌કર્મો પ્રયત્નપૂર્વક ટાળવાથી અને સદ્‌કર્મોનો જ સંચય વધારે કરવાથી મનુષ્ય પોતાના ભાવી જન્મને વળાંક આપી શકે છે. ધર્માચરણ દ્વારા તે અંતે 'નિર્વાણ' મેળવે છે.

3) જૈનદર્શન

જૈન ધર્મ અતિ પ્રાચીન ધર્મ છે. 'જિન' પરથી જૈન શબ્દ બન્યો છે જેનો અર્થ થાય 'જીતનાર' અથવા જેણે રાગ, દ્વેષ, કામ, ક્રોધ વગેરે પર જીત મેળવી છે તે. જૈનોની શાસ્ત્રીય માન્યતા પ્રમાણે વર્તમાન કાળમાં આ ધર્મની સ્થાપના ઋષભદેવ અથવા આદિનાથે કરી હતી, જેઓ પ્રથમ તીર્થંકર હતા. તે પછી બીજા ત્રેવીસ તીર્થંકરો

થયા છે, જેમાંના છેલ્લા 'મહાવીર સ્વામી' થઈ ગયા. મહાવીર સ્વામીનો જન્મ ઈ.સ. પૂર્વ ૫૯૯માં થયો હતો. તેમના પિતાનું નામ સિદ્ધાર્થ અને માતાનું નામ ત્રિશલા હતાં. નાનપણથી જ તેમનું મન વૈરાગ્ય તરફ ઢળેલું, પરંતુ માતાપિતાની આજ્ઞાથી તેમણે લગ્ન કર્યું હતું. પત્નીનું નામ યશોદા હતું અને તેમને પ્રિયદર્શના નામે પુત્રી થઈ હતી. ૨૮મે વર્ષે માતાપિતાના સ્વર્ગવાસ પછી ૩૦ વર્ષે તેમણે દીક્ષા ગ્રહણ કરી જેના પછી સાડાસાત વર્ષે તેમણે કઠોર સાધના કરી. તેના અંતે તેઓ 'કેવળજ્ઞાન' અને 'કેવળદર્શન' પામ્યા. ઈ.સ. પૂર્વ ૫૨૬માં તેઓ 'નિર્વાણ' પદને પામ્યા હતાં. તેમનું મૂળ નામ 'વર્ધમાન' હતું. પરંતુ યોગસાધનાની કઠિન તપશ્ચર્યાને અંતે તેઓ 'મહાવીર' કહેવાયા.

તેમના વખતમાં ભારતમાં સમાજ-જીવન અને વ્યક્તિજીવન રૂઢિબદ્ધ બની જડ થઈ ગયું હતું. બ્રાહ્મણોનું બહુ જોર હતું અને ક્રિયાકાંડ તેમજ યજ્ઞયાગમાં લોકો અંધશ્રદ્ધાથી ફસાઈ ગયા હતા. અનેકાનેક દેવદેવીઓને પ્રસન્ન રાખવાના આશયથી યજ્ઞ સમયે નિર્દોષ પશુઓના બલિ અપાતા હતા. જાતિવાદ અને ઊંચનીચના ભેદભાવો દૃઢ બની ગયા હતા. શૂદ્રોને તો આત્મોન્નતિનો અધિકાર જ ન હતો. વેદાધ્યાપન કે વેદોચ્ચારણ તેઓ માટે વર્જ્ય હતું. આવા સમયે ક્રાંતિકારી ભગવાન મહાવીરે આચારમાં અહિંસાનો ઉપદેશ કરી વિચારમાં અનેકાન્તવાદ આપ્યો. વાણીમાં સ્યાદવાદ કહ્યો અને સમાજમાં અપરિગ્રહ સ્થાપ્યો. કૈવલ્ય પ્રાપ્ત કર્યા પછી મહાવીર નિજાનંદમાં જ મસ્ત રહેવાને બદલે તેમણે ધાર્મિક તેમજ લોકોદ્ધારનું કાર્ય કર્યું.

જૈનદર્શનનું સામાન્ય સ્વરૂપ :

જૈનદર્શન જીવ, અજીવ, આશ્રવ, સંવર, બંધ, નિર્જરા અને મોક્ષ એમ સાત તત્ત્વો ઉપરાંત પુણ્ય અને પાપ એ બે તત્ત્વો મળી કુળ નવ તત્ત્વોનો સ્વીકાર કરે છે. જૈનદર્શન વાસ્તવવાદી એટલે કે બાહ્યાર્થવાદી (Realistic) દર્શન છે. એટલે તે બુદ્ધિગમ્ય છે. તેમાં કાંઈ રહસ્યવાદ (Mysticism) નથી, કે ઈશ્વરી આજ્ઞા નથી. દરેક વ્યક્તિએ પોતાની બુદ્ધિ, સ્વપુરૂષાર્થથી 'સમ્યક જ્ઞાન' અને 'સમ્યક દર્શન' પ્રાપ્ત કરવાનાં છે, અને તે પ્રાપ્ત કરી શકે છે. આત્માની અનંત શક્તિને પોતે જ વિકસાવવાની છે અને પ્રત્યેક આત્મા પોતે પૂર્ણ વિકાસને પામે એટલે પરમાત્મપદને પ્રાપ્ત કરે છે. આત્મા તે જ પરમાત્મા છે. જગત અનાદિ અને અનંત છે. માટે તેનો કોઈ કર્તા નથી તેમ જ કોઈ બાહ્ય ઈશ્વર આત્માને મુક્તિ પ્રદાન કરી શકતો નથી. આત્મા પોતે જ કર્મનો કર્તા છે અને ભોક્તા પણ છે અને પોતે જ તેમાંથી મુક્તિ મેળવાની છે.

જૈન તત્ત્વવિચાર :

જૈન ધર્મની પરંપરા 'શ્રમણ પરંપરા' કહેવાય છે, જે વૈદિક પરંપરાથી ભિન્ન છે. તેનું પ્રધાન લક્ષણ ત્યાગ, વૈરાગ્ય અને સંસાર પ્રત્યે ઉદાસીનતાનું છે. આધ્યાત્મિક ઉન્નતિ તેનું મુખ્ય લક્ષણ છે. જૈન દર્શન પ્રમાણે દ્રવ્યની ઉત્પત્તિ છે અને તેનો નાશ પણ છે. તેમની દૃષ્ટિએ પુદ્ગલ, ધર્મ, અધર્મ, આકાશ અને કાળ એ પાંચ અજીવ દ્રવ્યો છે. અને જીવ પણ એક દ્રવ્ય છે. આમ, બધા મળીને જીવ-સજીવ સમેત છ દ્રવ્યો છે. તેમ જ ઉપર કહ્યાં તેમ નવ તત્ત્વો છે.

જગત વિશે વિચાર કરતાં તેમાં જડ અને ચેતન એ બે તત્ત્વો રહેલાં છે. સારીયે સૃષ્ટિના સમગ્ર પદાર્થો આ બે તત્ત્વોમાં આવી જાય છે, જેમાં ચૈતન્ય કે લાગણી નથી તે જડ છે અને ચૈતન્ય સ્વરૂપ આત્મા છે. જીવને તેઓ નિત્યોનિત્ય માને છે. જીવ એટલે જે કાંઈ જીવે છે કે ચેતનવસ્તુ છે તે. તેનું મૂળ રૂપ પૂર્ણત્વનું છે અને એ રૂપમાં જીવ અનંત પ્રજ્ઞા, અનંત શાંતિ, અનંત શ્રદ્ધા અને અનંત વીર્યવાળો છે. જીવોની સંખ્યા અપાર છે, ને તે બધા નિત્ય અને સમાન હોઈ આદિ અને અનંત વિનાના છે. તેમના મતે જીવના કદ અને પરિમાણમાં ફેરફાર થઈ શકે છે અને દેહના કદના પ્રમાણે જીવ વિસ્તાર કે સંકોચ પામી શકે છે. જૈન દર્શનમાં 'જીવ' અને 'આત્મા' એક જ અર્થમાં ગણવામાં આવે છે.

જૈન ધર્મના મુખ્ય સિદ્ધાંતો :

જૈન ધર્મના સિદ્ધાંતોમાં પાંચ સિદ્ધાંતો મુખ્ય છે.

૧) **રત્નત્રયીનો સિદ્ધાંત :** મોક્ષની પ્રાપ્તિ માટે ત્રણ રત્નો અર્થાત્ બાબતો સમજવામાં આવી છે. અ) **સમ્યક દર્શન** - એટલે સાચું દર્શન, જેના દ્વારા જીવ-જગત-મોક્ષનું યથાર્થ દર્શન થાય છે. બ) **સમ્યકજ્ઞાન** - એટલે જૈન શાસ્ત્રોમાં વર્ણવેલા સિદ્ધાંતો જાણવા, તેની ગહનતા સમજવી અને ક) **સમ્યક ચારિત્ર્ય** - એટલે સારું વર્તન, યોગ્ય આચારનું પાલન. સમ્યક દર્શન થતાં સમ્યક જ્ઞાન મેળવાય છે અને સમ્યક જ્ઞાનની પ્રાપ્તિ થતા સમ્યક ચારિત્ર આવે છે. મોક્ષપ્રાપ્તિ માટે આ ત્રિરત્નો મહત્ત્વનાં છે.

૨) **અહિંસાનો સિદ્ધાંત :** જૈન ધર્મ સૂક્ષ્માતિ સૂક્ષ્મ અહિંસા ઉપર ભાર મૂકે છે. તે સર્વ જીવો પ્રત્યે કરુણા, દયા, પ્રેમ રાખવાનો ઉપદેશ આપે છે. જીવ માત્ર પ્રત્યે ક્રોધ, તિરસ્કાર, ઘૃણા કે ઉપેક્ષા કરવી તે અહિંસા માર્ગ માટે ઘાતક છે. મન, વચન કે કાયાથી કોઈ પણ જીવની હિંસા કરવી નહીં કે તેના દિલને દુઃખ પહોંચે તેવું આચરણ કરવું નહીં એ જૈન ધર્મનો સિદ્ધાંત છે.

૩) **કર્મનો સિદ્ધાંત :** જૈન ધર્મના પાયામાં 'કર્મ'નું તત્ત્વજ્ઞાન વિશેષ રહેલું છે. તેની પુનર્જન્મની કલ્પના કર્મ ઉપર આધારિત છે. તેને ભાવવાચક નહીં પરંતુ દ્રવ્યવાચક માનવામાં આવે છે. કર્મ જડ હોવા છતાં તે તત્ત્વ છે. જીવ સ્વતંત્ર હોવાથી સારાં કે ખરાબ કર્મોનું આચરણ કરે છે. સ્પર્શ, રૂપ, રસ, ગંધ, સ્વાદને માણવા જીવ ખરાબ કર્મોની રજથી લેપાય છે, જેના કારણે તેની આધ્યાત્મિક ઉન્નતિ અટકે છે. કર્મોનો ક્ષય થયા વગર મોક્ષની પ્રાપ્તિ થતી નથી.

જૈન ધર્મની પુનર્જન્મની માન્યતા કર્મના આધારે છે. સારાં કર્મોનું સારું અને ખરાબ કર્મોનું ખરાબ ફળ મળે છે. જ્યાં સુધી કર્મોનો ક્ષય ન થાય ત્યાં સુધી જન્મ- મરણના ફેરામાં ફર્યા કરવાનું નિશ્ચિત છે.

૪) **સ્યાદવાદ અને સપ્તભંગીનો સિદ્ધાંત :** જૈન ધર્મમાં સ્યાદવાદનો સિદ્ધાંત અગત્યનું સ્થાન ભોગવે છે. 'સ્યાદ'નો અર્થ 'કેટલાક સંજોગોમાં' એવો થાય. તે એક જ પદાર્થને ભિન્ન ભિન્ન દૃષ્ટિથી જોઈને નિર્ણયો બાંધવાની પદ્ધતિ છે. અનેક પ્રકારે પદાર્થની તપાસ થતી હોવાથી તે **'અનેકાંતવાદ'** પણ કહેવાય છે. આવી તપાસ કરવા માટેનાં સાત પદો હોઈ તેને **'સપ્તભંગી'** કહે છે. જેમ કે ઘડો અહીં છે, ઘડો ત્યાં નથી, ઘડા વિશે કશું નિશ્ચયાત્મક રીતે કહી શકાય તેમ નથી વગેરે.

૫) **નવતત્ત્વનો સિદ્ધાંત :** અગાઉ કહ્યું તેમ જૈન ધર્મમાં નવતત્ત્વો માનવામાં આવ્યાં છે. (૧) જીવ જે અનાદિ છે, (૨) અજીવ - જે નિત્ય અને અવિનાશી છે, પરંતુ સુખદુઃખનો અનુભવ કરી શકતો નથી, (૩) પુણ્ય, (૪) પાપ, (૫) આસવ - એટલે કે કર્મની આત્મા તરફ વહેવાની પ્રક્રિયા, (૬) સંવર - એટલે ઢાંકવું કે બંધ કરવું, (૭) નિર્જરા - એટલે સૂકવી નાંખવું, (૮) બંધતત્ત્વ - એટલે જીવની સાથે કર્મનું જે બંધન થાય છે તે, અને (૯) મોક્ષ - એટલે કર્મોનો અંત. આમાં પૂર્વે બંધાયેલ કર્મોનો નાશ થાય છે અને નવાં આવતાં અટકે છે. એ અવસ્થાને 'મુક્તિ', સિદ્ધ કે અક્ષયપદ કહેવાય છે.

જૈન ધર્મમાં પાંચ મહાવ્રતોને **'અણુવ્રતો'** કહેવાય છે, જેનું જૈન સાધુ-સાધ્વીઓએ કડકપણે પાલન કરવાનું હોય છે, જ્યારે ગૃહસ્થોએ મર્યાદામાં રહીને તે પાળવાનાં હોય છે. તે છે - (૧) સત્વવ્રત, (૨) અહિંસાવ્રત, (૩) અસ્તેયવ્રત, (૪) અપરિગ્રહવ્રત, અને (૫) બ્રહ્મચર્યવ્રત.

જૈન ધર્મ અહિંસાપ્રધાન છે, માટે સંસારના સર્વે જીવો પ્રત્યે મૈત્રી, કરુણા રાખવી એ અતિ આવશ્યક બાબત છે.

જૈન ધર્મમાં ઈશ્વરનું સ્થાન :

જૈન ધર્મ અનીશ્વરવાદી ધર્મ છે, એટલે કે તેઓ ઈશ્વર અંગે મૌન સેવે છે. તે આત્મવાદી ધર્મ હોઈ આત્માની ઉન્નતિ ઉપર જ ભાર મુકે છે, માટે સ્વપુરુષાર્થ દ્વારા સિદ્ધિની પ્રાપ્તિ કરવાનો તે ઉપદેશ

આપે છે. મોક્ષપ્રાપ્તિનું અંતિમ ધ્યેય અન્ય કોઈની કૃપા ઉપર છોડી દઈને સિદ્ધ કરી શકાય નહીં તેમ તે દૃઢપણે માને છે. નિર્મળ ચારિત્ર્ય, કડક તપશ્ચર્યા, આચાર ધર્મનું ચુસ્તતાપૂર્વકનું પાલન કરીને આત્માની ઉન્નતિ સાધી સાધક સર્વોચ્ચ જ્ઞાન-કેવળજ્ઞાન મેળવે છે, જે મોક્ષની અવસ્થા છે અને તેને માટે ઈશ્વરના માધ્યમની આવશ્યકતા નથી તેમ તે માને છે.

◆

૬

પ્રમાણ ચતુષ્ટય

(Praman Chatushtay in Shuddhadvait)

સાંસારિક જીવન દુ:ખથી ભરપૂર, અપૂર્ણ અને બંધનકર્તા છે. હજારો વર્ષોથી મનુષ્ય તેનાં કારણો અને તેના નિવારણના ઉપાય ખોજતો આવ્યો છે. મનુષ્યના મનમાં તેની આસપાસ દૃષ્ટિગોચર થતાં આ ચરાચર જગત વિશે, જડ ચૈતન્ય સૃષ્ટિ વિશે, તેના કર્તા નિયંતા વિશે જાણવાની જિજ્ઞાસા ધરબાયેલી છે. 'પરમ સત્ય' 'Ultimate Reality' એટલે શું? તેને કેવી રીતે જાણી શકાય, કઈ રીતે ઓળખી શકાય કે પ્રાપ્ત કરી શકાય તે વિશેના અનેક પ્રશ્નો માનવ મનને મૂંઝવી રહ્યા છે. આ બધાનું નિરાકરણ કઈ રીતે મેળવી શકાય, જન્મમરણની ઘટમાળમાંથી કઈ રીતે મુક્ત થઈ શકાય તે જાણવા માટેના તેના પ્રયત્નો મનુષ્ય કરી રહ્યો છે. એવું કયું સાધન છે જે આનને માટે ઉપયોગી થઈ શકે?

ભારતીય તત્ત્વદર્શનના આધારે ઉપરોક્ત વિચારોનું બીજ આપણા પ્રાચીનતમ ગ્રંથો-વેદ અને ઉપનિષદમાં રહેલું છે. એ બીજમાંથી જ અંકુરરૂપે આપણને અનેક આચાર્યોની તાત્ત્વિક મીમાંસા પ્રાપ્ત થઈ છે. વેદ, ઉપનિષદ સિવાય પણ બીજા ગ્રંથોને આધારગ્રંથો તરીકે આપણા આચાર્યોએ સ્વીકાર્યા છે, જેના આધારે મનુષ્યને ઊર્ધ્વમાર્ગે પ્રશસ્ત થવાના માર્ગો પ્રાપ્ત થાય છે.

આધાર ગ્રંથો એવા હોવા આવશ્યક છે, જે સ્વયંસિદ્ધ હોય અને સર્વ સ્વીકૃત હોય. ગણિતમાં આપણે જાણીએ છીએ કે ત્રિકોણના ત્રણ ખૂણાનો સરવાળો ૧૮૦° ડિગ્રી થાય. આ 'સ્વયંસિદ્ધ' વિધાન છે. ગણિતના અન્ય પ્રભેદોને સમજવા માટે આ એક આધારભૂત વિધાન છે, જેને માટે કોઈ વિવાદ ઊભો કરવામાં આવતો નથી. તેને સહજપણે સ્વીકારી તેના આધારે ગણિતની બીજી બાબતોને સમજાવવામાં આવે છે. તે જ પ્રમાણે જે ગ્રંથોને આધાર ગ્રંથો તરીકે સ્વીકૃત ઠરવામાં આવ્યા હોય તે નિર્વિવાદ હોવા જોઈએ. ભારતીય પરંપરામાં આવા આધાર ગ્રંથોને **'શ્રુતિસ્મૃતિ સૂત્ર'** કહેવામાં આવ્યાં છે.

સમગ્ર વેદાંત વિચારનું ઉદ્‌ગમ સ્થાન **'વેદગીતા અને બ્રહ્મસૂત્ર'** છે, જેને અનુક્રમે શ્રુતિશાસ્ત્ર, સ્મૃતિશાસ્ત્ર અને ન્યાયશાસ્ત્ર કહેવામાં આવે છે.

(૧) શ્રુતિશાસ્ત્ર :

'વેદ' એ ભારતીય તત્ત્વદર્શનનો મૂળભૂત અને પ્રાચીનતમ આધાર ગ્રંથ છે. વેદ વ્યાસજીએ સંકલન કરી ચાર અલગ અલગ વેદોને પ્રગટ કર્યા છે. (૧) ઋગ્વેદ, (૨) યજુર્વેદ, (૩) સામવેદ અને (૪) અથર્વવેદ. વેદ અપૌરુષેય માનવામાં આવ્યા છે. તેની રચના કોઈ મનુષ્યોએ કરી નથી, પરંતુ સ્વયં ભગવાનના નિશ્વાસ રૂપે પ્રગટ થયેલ હોઈ ભગવદ્ વાણી છે. પ્રત્યેક વેદમાં ચાર વિભાગ બતાવવામાં આવ્યા છે. મંત્ર અથવા સંહિતા, બ્રાહ્મણ, આરણ્યક અને ઉપનિષદ. ઉપનિષદ એ વેદનો અંતિમ વિભાગ છે. તેમજ તેમાં સમગ્ર વેદનો નિચોડ સમાવિષ્ટ છે, માટે તેને 'વેદાંત' પણ કહેવામાં આવે છે. 'વેદ' તેમજ 'ઉપનિષદ'ને 'શ્રુતિ' પણ કહેવામાં આવે છે, કારણ કે પ્રાચીન ઋષિ મુનિઓ દ્વારા પરંપરાગત રીતે શ્રવણ દ્વારા તે પ્રાપ્ત થયેલ છે, માટે પ્રથમ શાસ્ત્ર એ **'શ્રુતિ'** શાસ્ત્ર છે. વેદના અંગરૂપ મુખ્ય ઉપનિષદો ૧૨ છે. જોકે કુલ ઉપનિષદોની સંખ્યા ૧૦૮ હોવાનું મનાય છે. મુખ્ય ૧૨ ઉપનિષદો નીચે મુજબ છે.

ઋગ્વેદીય ઉપનિષદ - એતરેય, કૌશિતકી
સામવેદીય ઉપનિષદ - કેન, છાંદોગ્ય
શુક્લ યજુર્વેદીય ઉપનિષદ - ઈશ, બૃહદારણ્યક
કૃષ્ણ યજુર્વેદીય ઉપનિષદ - કઠ, તૈત્તિરીય, શ્વેતાશ્વેતર

(૨) સ્મૃતિશાસ્ત્ર :

કાળાંતરે વેદની અનેક શાખાઓનો લોપ થવાથી ઉપલબ્ધ શ્રુતિઓના આધારે જે ગ્રંથો પ્રગટ થયા તેને 'સ્મૃતિ' કહેવામાં આવ્યા છે. ભગવદ્‌ગીતા તેમજ મહાભારતનાં પ્રકરણો (અનુગીતા, વિષ્ણુસહસ્ર નામ તથા સનત્જાતીય)એ સ્મૃતિ છે. અર્જુનના વિષાદને દૂર કરવા, તેના માધ્યમથી ભગવાન શ્રીકૃષ્ણે મહાભારતના યુદ્ધની શરૂઆત પહેલાં જે ઉપદેશ આપ્યો તેનો સંકલિત ગ્રંથ 'ગીતા' છે. ભગવાન સ્વયંની વાણી હોઈ તેને સ્મૃતિશાસ્ત્ર તરીકે આચાર્યોએ સર્વ સંમતિપૂર્વક સ્વીકાર્યા છે. જેમ વેદ એ ભગવાનના નિશ્વાસરૂપે પ્રગટ થયેલ છે તેમ ગીતા પણ ભગવાનની પોતાની 'વાણી' છે, માટે તેને વેદ તુલ્ય જ ગણવામાં આવી છે. આમ, ગીતાનું મૂલ્ય 'વેદ' સરખું જ છે અને તેથી તેને આચાર્યોએ 'શાસ્ત્ર'ના રૂપમાં સ્વીકાર્યું છે.

(૩) ન્યાયશાસ્ત્ર :

તત્ત્વવેત્તાઓ તેમના મત અથવા સિદ્ધાંતની તર્ક દ્વારા જે શાસ્ત્રની એકવાક્યતા સિદ્ધ કરાવે છે, તેને **'ન્યાયશાસ્ત્ર'** કહેવામાં આવે છે. બાદરાયણ વ્યાસમુનિએ 'વેદ'ના જ્ઞાનની સ્પષ્ટતા કરવા, તેને સરળતાપૂર્વક સમજાવવા માટે 'બ્રહ્મસૂત્રો'ની રચના કરી છે. નાનાં નાનાં વાક્યો દ્વારા ગહનમાં ગહન વાતને વ્યક્ત કરાય તેને 'સૂત્ર' કહેવાય. આવાં ૫૫૫ સૂત્રોનું સંકલન બ્રહ્મસૂત્રોમાં પ્રાપ્ત થાય છે. બીજી રીતે કહીએ તો વેદાંત ઉપર બાદરાયણ વ્યાસજીએ રચેલું ભાષ્ય એટલે 'બ્રહ્મસૂત્રો'. વ્યાસમુનિ ભગવાનનો જ્ઞાનાવતાર કહેવાય છે. આમ,એ ભગવાનો અવતાર હોવાના કારણે તેમની રચના એ ભગવાનની જ રચના ગણાય. એટલે બ્રહ્મસૂત્રો પણ સ્વયં ભગવાનનું કાર્ય હોઈ અસંદિગ્ધપણે તેને શાસ્ત્રરૂપે સ્વીકારવામાં આવ્યું છે.

બ્રહ્મસૂત્રોના ચાર અધ્યાય છે. એમાં બ્રહ્મજ્ઞાન વિશેની વિસ્તૃત છણાવટ વ્યાસજીએ કરેલી છે. ચારેય અધ્યાયમાં અનુક્રમે બ્રહ્મનાં પ્રમાણ, પ્રમેય, સાધન અને ફલ નિરૂપણ કરવામાં આવ્યાં છે. બ્રહ્મસૂત્રો ઉપર લગભગ બધા જ આચાર્યોએ ભાષ્યની રચના કરી છે.

આ ત્રણ ગ્રંથો આપણા ભારત વર્ષનો જ્ઞાન ભંડાર છે, આધ્યાત્મિક સંપત્તિ છે, અણમૂલો ખજાનો છે. કોઈપણ આચાર્ય કે સંપ્રદાય પોતાના સિદ્ધાંતને આ ત્રણ ગ્રંથોથી પ્રમાણિત કરે તો જ તે આધારભૂત ગણાય. તેથી પ્રત્યેક આચાર્યએ આ ગ્રંથો પર ભાષ્ય, ટીકા, ટિપ્પણ, વિવરણ, વાર્તિક, તિલક આદિ પ્રબંધ લખ્યા છે. દરેક આચાર્યે પોતાના આગવા દૃષ્ટિકોણ મુજબ ગ્રંથોનું અર્થઘટન કરી પોતાના મૌલિક સિદ્ધાંતો તારવ્યા છે. તે મુજબ આપણને વિવિધ આચાર્યોનાં વિભિન્ન વેદાંત દર્શન પ્રાપ્ત

થયાં છે. આ ત્રણેય શાસ્ત્રોના સમન્વયાત્મક નિષ્કર્ષ રૂપે બ્રહ્મ-જીવ-જગત ઈત્યાદિની યથાર્થતાની પોતપોતાની વિચારધારાઓ તેમણે પ્રગટ કરી છે.

શંકરાચાર્યે કેવલાદ્વૈત અથવા માયાવાદ, રામાનુજાચાર્યે વિશિષ્ટાદ્વૈતવાદ, મધ્વાચાર્યે દ્વૈતવાદ, નિમ્બાકાચાર્યે દ્વૈતાદ્વૈતવાદ પ્રતિપાદિત કર્યા છે.

પ્રમાણ ચતુષ્ટય

શ્રી વલ્લભાચાર્યે ઉપરોક્ત ત્રણેય શાસ્ત્રોને અલગ અલગ શાસ્ત્રો તરીકે ન આલેખી તેઓના પરસ્પર સમન્વિત રૂપને આધારભૂત પ્રમાણ તરીકે સ્વીકાર્યું છે. તત્વાર્થ દીપ નિબંધના શાસ્ત્રાર્થ પ્રકરણમાં તેમણે કહ્યું છે:

''વેદાઃ શ્રીકૃષ્ણવાક્યાનિ, વ્યાસસૂત્રાણિચૈવ હિ,
સમાધિ ભાષા વ્યાસસ્ય, પ્રમાણં તચ્ચતુષ્ટયમ્''

અર્થાત્ ''વેદો, ગીતામાં કહેલાં શ્રીકૃષ્ણનાં વાક્યો, વ્યાસજીએ રચેલાં બ્રહ્મસૂત્રો તેમજ વ્યાસજીને સમાધિમાં અનુભૂત થયેલ વાણી એટલે કે 'ભાગવત' એ ચારને હું પ્રમાણરૂપ માનું છું.''

શ્રી વલ્લભાચાર્યજી સમજાવે છે કે વેદાંત અર્થાત્ ઉપનિષદ એ 'વેદ' એટલે કે શ્રુતિઓની સ્પષ્ટતા કરે છે. તેની વ્યાખ્યા બાદરાયણ વ્યાસે બ્રહ્મસૂત્રોમાં સૂત્રાત્મકરૂપે કરી છે. ઉપનિષદમાં બતાવેલ બત્રીસ વિદ્યાઓનું નિરૂપણ બ્રહ્મસૂત્રોમાં કરવામાં આવ્યું છે. ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણે તે જ વિદ્યાઓનો સાર સમજાવ્યો છે. જ્યારે ભાગવતપુરાણ બ્રહ્મસૂત્રોની ચરિત્રાત્મક વ્યાખ્યા છે. આમ ભાગવત એ શ્રુતિ, સ્મૃતિ અને સૂત્રોનો નિચોડ છે, સારરૂપ છે. માટે જ આ ચાર ગ્રંથોને તેમણે પ્રમાણરૂપ સ્વીકાર્યા છે. તેઓના મતે બ્રહ્મ જેવા અચિન્ત્ય તત્ત્વના અનેક પહેલું છે. કોઈ એક જ પ્રમાણના આધારે બ્રહ્મનું યથાર્થ જ્ઞાન પ્રાપ્ત થઇ શકે નહીં. અલગ અલગ પ્રમાણોના સમન્વયાત્મક મૂલ્યાંકન (Integrated Information) દ્વારા જ બ્રહ્મના સાચા સ્વરૂપને જાણી શકાય. માટે જ શ્રી વલ્લભાચાર્યે શ્રુતિ-સ્મૃતિ-સૂત્રો ભાગવત અને

પુરાણના આધારે પોતાની 'શુદ્ધાદ્વૈત વિચારધારા' પ્રસ્તુત કરી છે.

યથાર્થ જ્ઞાન પ્રાપ્ત કરવાનાં સાધનો તરીકે ન્યાયશાસ્ત્રમાં વિવિધ પ્રમાણો બતાવવામાં આવ્યાં છે. જેવાકે પ્રત્યક્ષ પ્રમાણ, અનુમાન પ્રમાણ, ઉપમાન પ્રમાણ, શબ્દ પ્રમાણ ઈત્યાદિ. આ પ્રત્યેક પ્રમાણની કેટલીક વિશેષતાઓ છે અને કેટલીક ખામીઓ. વિવિધ ભારતીય દર્શનશાસ્ત્રો આમાંના કોઈ એક કે વધુ ઉપર આધાર રાખે છે અને યથાર્થજ્ઞાનનું પ્રતિપાદન કરે છે. ચાર્વાક જ્યારે કેવળ પ્રત્યક્ષ પ્રમાણને સ્વીકારે છે તો બૌદ્ધ પ્રત્યક્ષ તેમજ અનુમાન બન્નેને સ્વીકારે છે. 'સાંખ્યદર્શન' પ્રત્યક્ષ-અનુમાન અને શબ્દ પ્રમાણ એ ત્રણેયનો સ્વીકાર કરે છે. મીમાંસા દર્શન આ ચારેય પ્રમાણ સિવાય અન્ય બે પ્રમાણો 'અર્થાપત્તિ' અને 'અનુપલબ્ધિ'ને પ્રમાણરૂપ ગણે છે. શ્રી વલ્લભાચાર્ય કેવળ **'શબ્દપ્રમાણ'**નો જ સ્વીકાર કરે છે અને અન્ય પ્રમાણોને 'બ્રહ્મ' વિશેના પદાર્થજ્ઞાનમાં ઉપયોગી માનતા નથી. તેમના મતે બ્રહ્મ વિશેનું જ્ઞાન એ ઇંદ્રિયાતીત છે. તેથી લૌકિક દૃષ્ટિકોણ અથવા ઉદાહરણોથી તેને સમજી કે સમજાવી શકાય નહીં. તેને માટે કેવળ 'અપૌરુષેયવાણી' જ યોગ્ય પ્રમાણરૂપ ગણી શકાય અને માટે જ તેઓ 'શબ્દ પ્રમાણ' રૂપ **'પ્રમાણ ચતુષ્ટય'**નો જ સ્વીકાર કરે છે અને તેના આધારે જ પોતાના 'શુદ્ધાદ્વૈત સિદ્ધાંત'નું પ્રતિપાદન કરે છે.

'પ્રમાણ ચતુષ્ટય'નાં ચાર પ્રમાણોની સાર્થકતા નીચે મુજબ સમજી શકાય.

(૧) 'વેદાઃ'

શ્રી વલ્લભાચાર્ય શબ્દ રૂપ વેદોને પ્રમાણ માને છે. તેઓ જણાવે છે કે ''અમને શબ્દ પ્રમાણ જ ગ્રાહ્ય છે કારણ કે પ્રત્યક્ષાદિ પ્રમાણોમાં કેટલીકવાર આપણામાં લૌકિકતા તેમજ ક્ષુદ્રતા હોવાને કારણે ભ્રાંતિ વગેરે થવાનો સંભવ છે, જ્યારે શબ્દ પ્રમાણમાં આવા કોઈ દોષોની સંભાવના રહેતી નથી.'' વેદ એ સ્વતઃ સિદ્ધ પ્રમાણ છે કારણ કે તે અપૌરુષેય છે, અલૌકિક જ્ઞાપક છે અને ભગવાનના નિશ્વાસરૂપે પ્રગટ થયેલા છે.

શ્રી શંકરાચાર્ય પોતાના મતના સ્થાપન માટે શ્રુતિઓને બે વિભાગમાં વહેંચી દે છે. કેટલીક શ્રુતિઓને તેઓ 'ગૌણ' અને કેટલીકને 'પ્રધાન' ગણી, પ્રધાન શ્રુતિઓને આધારે ''કેવલાદ્વૈત'' સિદ્ધાંતનું પ્રતિપાદન કરે છે. પરંતુ શ્રી વલ્લભાચાર્ય શ્રુતિઓના આવા બે વિભાગોને માન્ય કરતાં નથી. તેઓના મતે વેદની કોઈ પણ શ્રુતિ અથવા તેનો કોઈ અક્ષર મિથ્યા કે ગૌણ હોઈ શકે નહીં, કારણ કે તે ભગવન્નિશ્વસ્તિ છે, અને તેનો સમગ્ર હેતુ માત્ર પરબ્રહ્મનું જ જ્ઞાન કરાવવાનો છે. ગીતામાં ભગવાને કહ્યું છે **''વેદૈશ્ચ સર્વેઃ અહમેવ વૈદ્યઃ''** શાસ્ત્ર કહે છે. **''વેદોખિલો ધર્મમૂલમ્''**, **''સર્વવેદાયત્ર એકં ભવન્તિ''** આ બધાં વચનો સમગ્ર વેદની પ્રમાણિકતાને પ્રદર્શિત કરે છે. તેવી જ રીતે વેદનું બીજ ગાયત્રી પણ પોતાના સર્વ શબ્દો અને અક્ષરોથી માત્ર પરબ્રહ્મનું જ પ્રતિપાદન કરે છે. આમ વેદનો હેતુ ભગવાનના સ્વરૂપનું જ્ઞાન કરાવવાનો જ છે. શ્રી વલ્લભાચાર્યજી અણુભાષ્યમાં કહે છે. **''વેદશ્ચ પરમાપ્તોઽક્ષર માત્રમપ્યન્યથા ન વદતિ, અન્યથા સર્વત્રૈવાવિશ્વાસપ્રસંગાત''** (૧.૧.૨) અર્થાત્ - વેદ દ્વારા જ પરમાત્માનું કર્તૃત્વ જણાય છે, અક્ષરમાત્ર પણ અન્યથા નહીં, નહીંતર સર્વત્ર અવિશ્વસનીય થઈ જાય.

(૨) 'શ્રીકૃષ્ણવાક્યાનિ'

બીજા પ્રમાણ તરીકે શ્રી વલ્લભાચાર્યજી 'શ્રી કૃષ્ણનાં વાક્યો' એમ ઉલ્લેખ કરે છે. મહાભારતના ભીષ્મ પર્વમાં યુદ્ધના આરંભે સમરાંગણમાં બન્ને સેનાઓ સામ સામે આવીને ઊભી છે. તેવા સમયે કિંકર્તવ્યમૂઢ બની ગયેલ પોતાના ભક્ત અર્જુન ઉપર કૃપા કરી જે વચનો ભગવાન શ્રીકૃષ્ણ દ્વારા કહેવામાં છે તેનો અહીં સમાવેશ થાય છે. સાક્ષાત ભગવાને, પુરુષોત્તમે અહીં સ્મૃતિરૂપ વાક્યો ઉચ્ચાર્યાં હોવાથી ગીતાને સ્મૃતિમાં ગણવામાં આવે છે. બ્રહ્મવિચારમાં કે તત્ત્વનિશ્ચયમાં અન્ય ઋષિઓ દ્વારા ઉચ્ચારાયેલ સ્મૃતિ વાક્યો કરતાં ભગવદ્‌વાક્યો (શ્રીકૃષ્ણનાં વાક્યો)નું બળ ઘણું વિશેષ હોય તે નિર્વિવાદ છે. ગીતામાં કેટલાંક શ્રુતિ વાક્યોમાં ઉત્પન્ન થતી સંદિગ્ધતાની સ્પષ્ટતા પ્રાપ્ત થાય છે, સન્દેહોનું

નિવારણ થાય છે. માટે ગીતાને બ્રહ્મવિચારમાં શ્રી વલ્લભાચાર્યજીએ આવશ્યક ગણી છે. અર્જુનને અનેકવિધ ઉપદેશ આપ્યા પછી અંતે અઢારમા અધ્યાયમાં ભગવાન શ્રીકૃષ્ણ તેને કહે છે

''ઈતિ તે જ્ઞાનમાખ્યાતં ગૃહ્યાથ ગુહ્યતરં મયા,
વિમૃશ્યૈતદશેષેણ યથેચ્છસિ તથા કુરૂમ ॥'' (ગી. ૧૮.૬૩)

અર્થાત્ - આમ ગૂઢમાં અતિગૂઢ જ્ઞાન મેં તેને આપ્યું, જેનો સંપૂર્ણપણે યોગ્ય રીતે વિચારીને જેમ તું ઈચ્છે તેમ કર.

'શ્રુતિસ્મૃતિ મમૈવાજ્ઞે' એ ભગવાનના વચન અનુસાર શ્રુતિ અને સ્મૃતિમાં જણાવવામાં આવેલ સર્વ ધર્મો ભગવાનની આજ્ઞારૂપ છે. ભગવાન અંતમાં અર્જુનને કહે છે કે

''સર્વ ધર્માન્ પરિત્યજ્ય મામેકં શરણં વ્રજઃ
અહં ત્વામ્ સર્વ પાપેભ્યો મોક્ષયિષ્યામી, માશુચ''

આમ, ગીતાનું મહત્ત્વ જીવકૃત સ્મૃતિઓથી વિશેષ હોઈ તેમજ આનું વેદતુલ્યત્વ હોઈ, વેદ-વેદાન્તના અર્થોના ભાષ્યરૂપ પ્રકાશ કરનાર હોવાના કારણે તેમજ સાક્ષાદ્ ભગવદમુખનિઃસૃત હોવાથી બ્રહ્મવિચાર અથવા તત્ત્વનિર્ધાર માટે આ શાસ્ત્રને, ગીતાને શ્રી વલ્લભાચાર્યે પ્રમાણરૂપે સ્વીકાર્યું છે.

(૩) 'વ્યાસસૂત્રાણિ'

ત્રીજા પ્રમાણ તરીકે શ્રી વલ્લભાચાર્યએ બાદરાયણ રચિત સૂત્રોનો સ્વીકાર કર્યો છે. વેદના પૂર્વ વિભાગ-મંત્ર અને બ્રાહ્મણ ગ્રંથોને પૂર્વકાંડ અથવા કર્મકાંડ કહેવામાં આવ્યો છે. તેમાં વિવિધ પ્રકારનાં કર્મો-યજ્ઞ-યાગાદિનું નિરૂપણ કરવામાં આવ્યું છે. આને **'ધર્મકાંડ'** પણ કહેવામાં આવે છે. વ્યાસમુનિના શિષ્ય જૈમિનિ ઋષિએ તેના ઉપર સૂત્રોની રચના કરી છે. પૂર્વમીમાંસા અથવા **'જૈમિનિસૂત્રો'**ના નામથી તે ઓળખાય છે. તદ્નુસાર વેદના ઉત્તર વિભાગને ઉત્તરકાંડ કે 'જ્ઞાનકાંડ' કહેવામાં આવે છે. આમાં આરણ્યક અને ઉપનિષદ સમાવિષ્ટ છે. તેને **'વેદાંત'** તરીકે ઓળખવામાં આવે છે. બાદરાયણ વ્યાસજીએ આ વેદાંતને સ્પષ્ટ

સ્વરૂપે સમજાવવા માટે સૂત્રોની રચના કરી છે. તેને **'બ્રહ્મસૂત્રો'** તરીકે ઓળખવામાં આવે છે. બ્રહ્મસૂત્રોની સંખ્યા ૫૫૫ છે. આ સૂત્રોમાં ઉપનિષદમાં કહેવામાં આવેલ બ્રહ્મ-જીવ-જગત ઈત્યાદિ બાબતનું પ્રમાણ, પ્રમેય, સાધન અને ફૂલ એમ ચાર વિભાગમાં વિભાગીકરણ કરવામાં આવ્યું છે, જેનું નિરૂપણ તેના ચાર અધ્યાયોમાં બતાવ્યું છે. ઔપનિષદિક તથ્યોનો વિચાર એ બ્રહ્મસૂત્રનો વિષય છે. શ્રી વલ્લભાચાર્યજીએ આ સૂત્રો ઉપર ભાષ્ય રચ્યું છે જે **'અણુભાષ્ય'**ના નામે ઓળખાય છે. બ્રહ્મસૂત્રો એ પણ ભગવાનના જ્ઞાનાવતાર વ્યાસજીની સ્વયંની વાણી હોઈ વેદ તુલ્ય જ માનવામાં આવી છે. તેથી તે પણ ભગવદ્ વાણી હોઈ તેનો શ્રી વલ્લભાચાર્યજીએ પ્રમાણરૂપ સ્વીકાર કર્યો છે.

(૪) 'સમાધિભાષા વ્યાસસ્ય'

શ્રી વલ્લભાચાર્યજીએ વેદ, ગીતા અને બ્રહ્મસૂત્રો ઉપરાંત વેદ વ્યાસજીની સમાધિભાષા શ્રીમદ્ ભાગવતનો પણ પ્રમાણ તરીકે સ્વીકાર કર્યો છે. કારણ કે ભાગવત એ બ્રહ્મસૂત્રોની ચરિત્રાત્મક વ્યાખ્યા છે. એટલે કે બ્રહ્મસૂત્રોના વિષયને ભગવદ્ અવતારો તેમજ તેમની લીલાની વિવિધ કથાઓના માધ્યમથી તેને ભાગવતમાં સમજાવવામાં આવ્યું છે. એ પ્રમાણે વેદ-શ્રુતિથી ઉત્તરોત્તર ગીતા-બ્રહ્મસૂત્રો અને ભાગવતનાં પ્રમાણો એકબીજાના વિશિષ્ટ ખુલાસારૂપ પ્રાપ્ત થાય છે. આ કારણથીજ શ્રી વલ્લભાચાર્યે **'પ્રમાણ ચતુષ્ટય'**ના આધારે પોતાના **'શુદ્ધાદ્વૈત સિદ્ધાંત'**નું પ્રતિપાદન કર્યું છે.

ભાગવતની રચના

ભાગવત પુરાણની રચના વિશે એવી આખ્યાયિકા છે કે વ્યાસમુનિએ અન્ય ૧૭ પુરાણોની રચના કરવા છતાં પણ તેમનું મન અશાંત, ઉદ્વિગ્ન રહેતું હતું. એક સમયે દેવર્ષિ નારદમુનિ સૃષ્ટિમાં વિચરણ કરતાં વ્યાસજીના આશ્રમમાં પધાર્યા ત્યારે વ્યાસજીએ આટલાં પુરાણોનું આલેખન કર્યું હોવા છતાં તેમનું મન શા માટે અશાંત રહેતું હશે?, પોતાના મનને સ્વસ્થતા અને પ્રસન્નતાનો અનુભવ થતો નથી તેનું

કારણ નારદજીને પૂછ્યું.

આ સાંભળી નારદજીએ વ્યાસજીને કહ્યું કે 'તમે જ્ઞાનની ઘણી સાધના કરી છે. લોક કલ્યાણ માટે ઘણું કાર્ય કર્યું છે, પરંતુ તમે ભગવાનના ગુણગાન ગાયા નથી. પ્રભુના ગુણગાન વિના મનમાં પ્રભુ પધારતાં નથી. પ્રભુના અભાવમાં મન પ્રસન્નતા અનુભવતું નથી. માટે તમે પ્રભુની લીલાના ગુણગાન ગાઓ.'

વ્યાસજીએ વિનંતી કરી, 'હું પ્રભુની કોઈ લીલા જાણતો નથી, મને તેમનાં દર્શન પણ થયા નથી, તો હું કેવી રીતે ભગવદ્ ગુણગાન ગાઉં? મારામાં જ્ઞાન છે, પરંતુ મારામાં હજી ભક્તિ પ્રગટ થઈ નથી.'

નારદજીની સલાહથી વ્યાસજીએ સમાધિ લગાવી. ભગવત્ કૃપાથી તેમને ભગવદલીલાનો અનુભવ થવા લાગ્યો. સમાધિમાં થયેલો ભગવાનની વિવિધ લીલાઓની અનુભૂતિને તેમણે શબ્દોમાં આલેખી. તેનું નામ તેમણે **'ભાગવત'** રાખ્યું. આ ગ્રંથ ભગવાનનાં સ્વરૂપ, ગુણ અને લીલાઓને ઓળખાવનારો ગ્રંથ છે. એ ભક્તિનો ગ્રંથ છે. સમાધિમાં અનુભૂત થયેલ વ્યાસજીની વાણી હોઈ શ્રી વલ્લભાચાર્યજીએ તેનો પ્રમાણ તરીકે સ્વીકાર કર્યો છે. તે માટેનાં અન્ય કારણો પણ તેમણે આપેલાં છે, જે નીચે મુજબ છે.

ભાગવતને ચતુર્થ પ્રમાણ ગણવાનાં કારણો-

૧) વેદનો અર્થ સર્વ પુરાણોમાં પ્રતિષ્ઠિત છે અને પુરાણો વેદાર્થના ઉપબૃંહક (અર્થનો પ્રકાશ કરનાર) છે. તેથી જ કૂર્મ પુરાણમાં કહ્યું છે કે -

'નાન્યથા જ્ઞાયાતે ધર્મો, બ્રહ્મવિદ્યા ચ વૈદિકી
તસ્માધ્ધર્મ પુરાણ ચ શ્રદ્ધાતવ્ય મનીષિભિઃ'

અર્થાત્ - પુરાણ જાણ્યા વગર ધર્મ અને વૈદિક બ્રહ્મવિદ્યા સમજાતી નથી, માટે બુદ્ધિમાન પુરૂષે પુરાણમાં શ્રદ્ધા રાખવી જોઈએ. વળી, બ્રહ્માંડ પુરાણમાં પણ આજ વાતની પુષ્ટિ મળે છે.

૨) બૃહદારણ્યક ઉપનિષદમાં કહ્યું છે કે :

'અરેડસ્ય મહતો ભૂતસ્ય નિશ્વસિતમેતદ્યદગ્વેદો યજુર્વેદઃ

સામવેદોડથર્વાંગિરસ ઈતિહાસ પુરાણં વિદ્યા ઉપનિષદઃ શ્લોકાઃ
સૂત્રાણ્યનુવ્યાખ્યાનાનિઃ વ્યાખ્યાનાન્યસ્યૈવૈતાનિ સર્વાણિ નિઃશ્વસિતાની' ॥

અર્થાત્ - હે મૈત્રેયી, ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ, અથર્વાંગિરસ ઈતિહાસ, પુરાણ, વિદ્યા, ઉપનિષદ, શ્લોકો, સૂત્રો, અનુવ્યાખ્યાન, વ્યાખ્યાન એ બધા આ મહાન સત્ય પરમાત્માના નિશ્વાસરૂપ છે.

છાંદોગ્ય ઉપનિષદમાં પણ કહ્યું છે કેઃ

'નામવા ઋગ્વેદો યજુર્વેદે સામવેદ આથર્વણશ્ચતુર્થ
ઈતિહાસપુરાણઃ પંચમો વેદાનાં વેદઃ ।'

અર્થાત્ - ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ, ચોથો અથર્વવેદ ઈતિહાસ પુરાણ વેદમાં પાંચમો વેદ છે.

એ પ્રમાણે પુરાણ વેદતુલ્ય છે એમ સિદ્ધ થાય છે.

૩) **'નિગમકલ્પતરાર્ગલિ ફલં શુક મુખાદમૃતદ્રવસંયુતમ્,**
પિબત ભાગવતં રસમાલયં મુહૂરહો રસિકા ભુવિ ભાવુકાઃ'

અર્થાત્ - 'પૃથ્વી પર રહેતા હે ભાવિક રસિકજન, વેદરૂપી કલ્પવૃક્ષથી પરિપક્વ થઈને સ્વતઃ ભરેલા શુકમુખને પ્રાપ્ત ભાગવતરૂપ ફલના રસનું પુનઃ પુનઃ પાન કરો.'

આમ, ભાગવત એ વેદરૂપી કલ્પવૃક્ષનું પરમ રસાત્મક ફૂલ છે.

૪) પદ્મપુરાણમાં કહ્યું છે કે

"તત્કથરસુ તુ વેદાર્થઃ શ્લોકે શ્લોકે પદે પદે"

અર્થાત્ - ભાગવતની કથા તો શ્લોકે શ્લોકે અને પદે પદે વેદોને જ અર્થ છે.

૫) વળી કહેવાયું છે કે - **'શ્રીમદ્ ભાગવતં પુરાણ તિલકં યદ્વૈષ્ણવાનાં ધનમ્'** - એટલે કે શ્રી ભાગવતને વૈષ્ણવોના પરમ ધનરૂપ અને પુરાણતિલકરૂપ કહેવામાં આવ્યું છે.'

ઉપરોક્ત અનેક પ્રમાણોના આધારે શ્રી વલ્લભાચાર્યજીએ 'ભાગવત'ની સમાધિ ભાષાને વેદાર્થ નિર્ણાયક ગણી તેને પ્રમાણરૂપ સ્વીકૃત કરી છે.

આ પ્રમાણે શ્રી વલ્લભાચાર્યજીએ **'પ્રમાણ ચતુષ્ટય'**ને સ્વીકારી નિબંધના શાસ્ત્રાર્થ પ્રકરણમાં સ્પષ્ટતા કરતાં કહ્યું છે કે -

'ઉત્તરં પૂર્વ સન્દેહવારકં પરિકીર્તિતંમ
અવિરુદ્ધં તુ યત્વસ્ય પ્રમાણં તચ્ચ નાન્યથા
એતદ્વિરુદ્ધં યત્સર્વં ન તન્માનં કથંચન'

વેદ, ગીતા, બ્રહ્મસૂત્ર અને ભાગવત આ ચારે અનુક્રમથી પૂર્વ-પૂર્વ શાસ્ત્રમાં જે સંદેહ ઉત્પન્ન થાય તેના નિવારક છે એટલે કે વેદમાં સંદેહ થાય તો તેનું નિવારણ ગીતા દ્વારા થાય છે, ગીતામાં જો સંદેહ થાય તો તેનું નિવારણ બ્રહ્મસૂત્રો દ્વારા અને સૂત્રોમાં પણ ક્યાંક સિદ્ધાંત નિરૂપણમાં સંદેહ થાય તો તેનું નિવારણ શ્રી ભાગવત દ્વારા થાય છે.

આ ચારેય શાસ્ત્રોનો પરસ્પર સંબંધ દર્શાવતા શ્રી વલ્લભાચાર્ય જણાવે છે કે શ્રુતિ એ દેહ સમાન છે, સ્મૃતિ દેહના રક્ષણ માટે ગૃહ સમાન છે અને પુરાણ મનને આનંદમય બનાવવા માટેનું ઉપસ્કર છે.

શ્રી વલ્લભાચાર્યે વેદના પૂર્વકાંડ ને ઉત્તરકાંડ બન્નેનો સ્વીકાર કર્યો છે અને આ પ્રમાણ ચતુષ્ટયના મૌલિક પાયા ઉપર પુષ્ટિમાર્ગની ભવ્ય ઈમારત ઊભી કરી છે.

* * *

૭

પ્રમાણશાસ્ત્ર - જ્ઞાન પ્રાપ્તિના સાધન

(Sources of Knowledge)

ભારતીય તત્ત્વજ્ઞાન વિશે હંમેશા આલોચના કરવામાં આવે છે કે તે વ્યહારલક્ષી, પ્રગતિશીલ અને વિશ્લેષણાત્મક નથી. પાશ્ચાત્ય તત્ત્વવેત્તા અને ભારતીય ચિંતકો જેઓ પાશ્ચાત્ય તત્ત્વજ્ઞાનના ભાવમાં હોય છે તેઓ આવું વિચારતા હોય છે. જ્યારે આપણે ભારતીય વિચારધારાઓ - ષડ્દર્શનાદિનો અભ્યાસ કરતાં હોઈએ ત્યારે **પ્રમાણ-ચર્ચા** અતિ મહત્ત્વનો વિષય હોય છે. પૂર્વ અને પશ્ચિમ બન્ને માટે આ સાચું છે. શ્રી હર્ષ સિવાય બધા તત્ત્વવેત્તાઓએ આ બાબતનો સ્વીકાર કર્યો છે. પ્રમાણ એ બધી તત્ત્વદર્શીય વિચારધારાઓનો આધાર છે. તેના વગર યથાર્થ જ્ઞાનની ન તો કસોટી કરી શકાય, ન તેનું પરીક્ષણ થઈ શકે.

'પ્રમાણ' એટલે પ્રમાકરણ. **'પ્રમા'** એટલે યથાર્થ જ્ઞાન, **કરણ** એટલે સાધન. આમ, જ્ઞાનના સંદર્ભમાં 'પ્રમાણ' શબ્દ કરણ (સાધન)ના અર્થમાં વપરાય છે. જેના વડે 'પ્રમા' એટલે કે પ્રમિતિ યા જ્ઞાન ઉત્પન્ન થાય છે તેને 'પ્રમાણ' કહેવાય. એ 'યથાર્થ જ્ઞાન'નું સાધન છે અને પ્રમિતિ (જ્ઞાન) એનું ફળ છે. પ્રમાણ દ્વારા સિદ્ધ થયેલ જ્ઞાન હંમેશા યથાર્થ હોય છે. માટે તેને પછીથી કોઈ બીજા સાધન દ્વારા ખોટું ઠરાવી શકાતું નથી. અ-યથાર્થ જ્ઞાન એ છે કે જેને અન્ય સાધન દ્વારા ખોટું ઠરાવી શકાય.

પ્રમિતિ - પ્રમાણ - પ્રમાતા - પ્રમેય

પ્રમાણશાસ્ત્રમાં જ્ઞાનના સંદર્ભમાં આ ચાર શબ્દ મહત્ત્વના છે. તેની વ્યાખ્યા નીચે મુજબ છે.

૧) **પ્રમિતિ (Knowledge)** : પ્રમિતિ એટલે 'પ્રમા', યથાર્થજ્ઞાન અથવા યથાર્થ અનુભવ. પ્રમિતિ જ આપણી સમગ્ર પ્રવૃત્તિનું કારણ છે.

૨) **પ્રમાણ (Means of Knowledge)** : યથાર્થ જ્ઞાન મેળવવાનું સાધન તે 'પ્રમાણ' છે. જાણવાનું સાધન ન હોય તો **'જ્ઞાન'** જ ન થાય. જેમ સામે ઘડો પડ્યો હોય, પરંતુ જેને ચક્ષુ ન હોય તેને દેખાય નહીં. ઘડો હોવાનું જ્ઞાન ચક્ષુ-ઈન્દ્રિયરૂપ સાધન હોય તો જ થઈ શકે. અર્થાત્ પ્રત્યક્ષ દેખી શકાય તો જ ઘડાની ઉપસ્થિતિનું જ્ઞાન થાય. અન્યથા થઈ શકે નહીં. આમ, પ્રત્યક્ષ દેખાવું એ પ્રમાણ છે. પ્રમાણ વિના પ્રમિતિરૂપ ફળ અર્થાત્ જ્ઞાન ઉત્પન્ન થતું નથી.

૩) **પ્રમાતા (Subject of Knowledge)** : જે જ્ઞાનનો આશ્રય (Substratum) છે તેને **'પ્રમાતા'** કહેવાય છે. પ્રમાતા દ્રવ્ય છે અને જ્ઞાન તેના ગુણ છે. પ્રમાતારૂપ આધારમાં પ્રતિક્ષણ નવું નવું જ્ઞાન ઉત્પન્ન થયા જ કરે છે.

૪) **પ્રમેય (Object of Knowledge)** : જ્ઞાન હંમેશા કોઈ ને કોઈ વિષયનું હોય છે. જેના વિશે જાણવાનું હોય છે તે વિષયને 'પ્રમેય' કહેવાય છે. ઘડો છે એમ કહીએ ત્યાં ઘડો 'પ્રમેય' છે.

પ્રમાણ દ્વારા પ્રમેયની પ્રમિતિ પ્રમાતાને થાય છે. 'હું ચક્ષુથી ઘડો દેખું છું' એ વાક્યમાં 'હું'થી પ્રમાતા (Subject) સૂચિત થાય છે, 'દેખું છું'થી પ્રત્યક્ષ જ્ઞાનરૂપ પ્રમિતિ (Knowledge) સૂચિત થાય છે, 'ચક્ષુથી'થી પ્રત્યક્ષ જ્ઞાનરૂપ પ્રમિતિનું 'પ્રમાણ' સૂચિત થાય છે. અને 'ઘડો'થી જેના વિશેનું જ્ઞાન થાય છે તે 'પ્રમેય' સૂચિત થાય છે.

પ્રમાણના પ્રકારો

ન્યાયશાસ્ત્રમાં પ્રમિતિ અર્થાત્ જ્ઞાનના મુખ્યત્વે ચાર સાધનો - પ્રમાણો બતાવવામાં આવ્યાં છે. (૧) **પ્રત્યક્ષ** (Perception), (૨) **અનુમાન** (Inference), (૩) **ઉપમાન** (Analogy or Comparision) અને (૪) **શબ્દપ્રમાણ** (Verble Testimony).

ભારતીય દર્શનની બધી શાખાઓમાં જ્ઞાનપ્રાપ્તિ માટે જરૂરી એવાં પ્રમાણોની ચર્ચા કરવામાં આવી છે. જેમ કે, વૈશેષિક દર્શનના સૂત્રકાર કણાદમુનિ તથા બૌદ્ધો પ્રત્યક્ષ અને અનુમાન એમ બે પ્રમાણો સ્વીકારે છે. જ્યારે સાંખ્ય સૂત્રકાર કપિલમુનિ પ્રત્યક્ષ, અનુમાન અને શબ્દ એમ ત્રણ પ્રમાણનો સ્વીકાર કરે છે. ચાર્વાક મત પ્રત્યક્ષ સિવાય અન્ય કોઈ પ્રમાણનો સ્વીકાર કરતો નથી, તો શ્રી વલ્લભાચાર્ય કેવળ શબ્દ પ્રમાણને

જ બ્રહ્મ વિષેના યથાર્થ જ્ઞાનનું ઉપયોગી સાધન માને છે.

ઉપરોક્ત ચાર પ્રમાણો સિવાય મીમાંસકો બીજાં બે પ્રમાણો **અર્થાપત્તિ** (Presumption) અને **અનુપલબ્ધિ** (Non Existence)નો સ્વીકાર કરે છે.

૧) પ્રત્યક્ષ પ્રમાણ (Perception)

'પ્રત્યક્ષ' શબ્દનો અર્થ તે (જ્ઞાન) જેમાં વિષય ઈન્દ્રિયની સન્મુખ યા અભિમુખ હોય. એટલે કે જે જ્ઞાન ઈન્દ્રિયરૂપ સાધનથી સાક્ષાત ઉત્પન્ન થાય છે તે જ્ઞાનને 'પ્રત્યક્ષ' ગણવામાં આવે છે. જે રૂપ કે દૃશ્ય આપણી આંખ સામે હોય - જેનો અનુભવ આપણી ઈન્દ્રિય દ્વારા થાય તેને **'પ્રત્યક્ષ પ્રમાણ'** કહેવાય.

પ્રત્યક્ષના બે ભેદ બતાવવામાં આવ્યા છે.

૧) લૌકિક, ૨) અ-લૌકિક

લૌકિક પ્રત્યક્ષ એટલે આપણી પાંચ ઈન્દ્રિયો દ્વારા થતો અનુભવ. અર્થાત્ આંખનું, કાનનું, સ્પર્શનું, સ્વાદનું અને ગંધનું પ્રત્યક્ષ આને બાહ્યપ્રત્યક્ષ કહેવાય છે. તેજ મુજબ આંતર્ પ્રત્યક્ષ કે માનસ્ પ્રત્યક્ષ મનનું હોય છે.

અલૌકિક પ્રત્યક્ષ અંતઃપ્રેરણા (Intution)નું પરિણામ છે. જ્યારે આપણે કહીએ કે 'સર્વ મનુષ્યો મર્ત્ય છે' ત્યારે મનુષ્યત્વ સાથે મર્તત્વનો સંબંધ આપણે હંમેશને માટે બાંધીએ છીએ.

સાંખ્યદર્શન પ્રત્યક્ષ પ્રમાણના બે પ્રકાર બતાવે છે- ૧) નિર્વિકલ્પક, ૨) સવિકલ્પક.

૧. **નિર્વિકલ્પક :** જ્યારે ઈન્દ્રિયોનો વિષયની સાથે સંયોગ થાય છે ત્યારે જે વિષયાકાર વૃત્તિ થાય છે. તેને **'નિર્વિકલ્પક પ્રત્યક્ષ'** કહેવાય છે. અહીં વિષયની 'આ કાંઈક છે' એવી પ્રતીતિ થાય છે, પરંતુ તે શું છે? તેના પ્રકારનું જ્ઞાન થતું નથી. આથી તેને શબ્દોમાં પ્રગટ કરી શકાતું નથી, કેવળ તેનો અનુભવ કરી શકાય છે.

૨. **સવિકલ્પક :** જ્યારે ઈન્દ્રિયની સાથે મન પણ ક્રિયાશીલ બને છે ત્યારે ઈન્દ્રિય દ્વારા પ્રત્યક્ષ થયેલ પદાર્થનું તે વિશ્લેષણ કરે છે. જેથી આ વસ્તુ અમુક છે, તેનો ગુણ અમુક છે તેવા પ્રકારના જ્ઞાનને **'સવિકલ્પક પ્રત્યક્ષ'** કહેવાય છે.

ખૂબ લાંબેથી જોતા કોઈ પ્રાણી છે તે દેખાય, પરંતુ તે કયું પ્રાણી છે તે સ્પષ્ટ ન થાય તે 'નિર્વિકલ્પક પ્રત્યક્ષ' છે. પરંતુ જ્યારે તે પ્રાણીની આકૃતિ સ્પષ્ટ થાય અને ઓળખી શકાય કે આ ઘોડો છે, તે 'સવિકલ્પક પ્રત્યક્ષ' કહેવાય. નિર્વિકલ્પકમાં અનિશ્ચિત જ્ઞાન ઉત્પન્ન થાય છે, જ્યારે સવિકલ્પકમાં નિશ્ચિત જ્ઞાન પ્રગટે છે.

જ્યારે ઈન્દ્રિયનો વિષય સાથે સંનિકર્ષ થાય છે ત્યારે અંતઃકરણ સર્ચલાઈટની માફક તે વિષય પર કેન્દ્રિત થવાથી તે વિષયના સાકાર રૂપની સ્પષ્ટતા થાય છે, અને તે વિષયનું જ્ઞાન ઉત્પન્ન થાય છે. દૃશ્ય પદાર્થ કે વિષયો જ્યારે નજર સમક્ષ રજુ થાય ત્યારે આપણી ચિત્તવૃત્તિ અથવા અંતઃકરણ તેનામાં પ્રતિબિંબિત ચિદાભાસ અથવા આત્મ ચૈતન્ય સાથે ઈન્દ્રિયો દ્વારા બહાર નીકળે છે અને વિષયગત ચૈતન્ય સાથે મળે છે. તેથી ચિત્તવૃત્તિ વિષયાકાર થઈ તેનું રૂપ ધારણ કરે છે અને તેની સાથે તે ચિદાભાસ તે પદાર્થને 'આ ઘડો છે', 'આ ટેબલ છે' ઈત્યાદી નામરૂપે પ્રકાશિત કરે છે. આમ, અંતઃકરણનું વિષયાકાર થવું તેને **'વૃત્તિ'** કહેવાય છે અને ચિત્તવૃત્તિ પદાર્થમાં વ્યાપે તે ક્રિયાવૃત્તિને **'વ્યાપ્તિ'** કહેવાય છે. તેના પરિણામ સ્વરૂપ જ્ઞાનરૂપી ફળ ઉત્પન્ન થતાં 'હું જાણું છું' એવો અનુભવ આપણને થાય છે.

પ્રત્યક્ષ જ્ઞાન દ્વારા આ વિશ્વના વિભિન્ન વિષયોનું સત્ય જ્ઞાન મેળવી શકાય છે.

ચાર્વાક દર્શન કેવળ પ્રત્યક્ષને જ જ્ઞાનના યોગ્ય પ્રમાણ તરીકે સ્વીકારે છે. પ્રત્યક્ષ જ તેઓ માટે એક માત્ર પ્રમાણ છે. નૈયાયિકોના મતે જે જ્ઞાન ઈન્દ્રિયો તથા અર્થના સંનિષ્કર્ષ ઉત્પન્ન થાય છે તથા જે ભ્રમ-રહિત હોય તેમજ નિશ્ચયાત્મક એટલે કે સંશયરહિત હોય તેને 'પ્રત્યક્ષ' કહેવાય છે. તેઓના મતે અનુમાન આદિ પ્રમાણોના આધારે કોઈ પણ વસ્તુનું સંશયાત્મક જ્ઞાન પ્રાપ્ત થાય છે, પરંતુ સંશયરહિત

જ્ઞાનનો આધાર તો માત્ર 'પ્રત્યક્ષ' જ છે. આંખ, કાન, નાક વગેરે ઈન્દ્રિયો પ્રત્યક્ષ જ્ઞાનપ્રાપ્તિમાં સહાયક છે. પ્રત્યક્ષ દ્વારા પ્રાપ્ત જ્ઞાન હંમેશાં યથાર્થ, અસંદિગ્ધ તેમજ નિશ્ચિત હોય છે. આથી જ ચાર્વાક મતમાં માત્ર પ્રત્યક્ષ પ્રમાણને જ યથાર્થ જ્ઞાનપ્રાપ્તિ માટેનું એક માત્ર સાધન માનેલ છે.

શ્રી વલ્લભાચાર્યજી બ્રહ્મ-જીવ-જગતના યથાર્થ જ્ઞાન માટે પ્રત્યક્ષ પ્રમાણનો સ્વીકાર કરતાં નથી કારણ કે પ્રત્યક્ષ અનુભૂતિ તો લૌકિક વસ્તુની થઈ શકે, લૌકિક પદાર્થો ઈન્દ્રિયગમ્ય હોઈ શકે, પરંતુ 'બ્રહ્મ' તો ઈન્દ્રિયાતીત છે, અલૌકિક છે. પાર્થિવ ઈન્દ્રિયો દ્વારા અપરિમિત તત્ત્વનું જ્ઞાન (Infinite by finite) સંભવ નથી. માટે તેઓ પ્રત્યક્ષ પ્રમાણનો ફક્ત લોક વ્યવહારમાં સ્વીકાર કરે છે.

૨) અનુમાન (Inference)

'અનુમાન' શબ્દનો અર્થ થાય - 'પછી જાણવું'. અનુ એટલે પછી અને માન એટલે જ્ઞાન. એક પદાર્થનું પ્રત્યક્ષ જ્ઞાન થવાથી તેની સાથે સંબંધ રાખનાર અપ્રત્યક્ષ પદાર્થનું જ્ઞાન જેનાથી થાય છે તેને 'અનુમાન' કહે છે. 'અનુમતિ' એટલે અનુમાન દ્વારા મેળવેલું જ્ઞાન. અનુમાન એટલે કોઈ એક બાબત કે જેનું પ્રત્યક્ષ જ્ઞાન થઈ શકે છે તેના દ્વારા તેની સાથે અતૂટ સંબંધ ધરાવતી બીજી કોઈ બાબત જેનું પ્રત્યક્ષ જ્ઞાન થઈ શકતું નથી તે વિશે જ્ઞાન મેળવવું તે. અર્થાત્ અનુમાન એટલે પ્રત્યક્ષ જ્ઞાનના આધારે મેળવેલું અપ્રત્યક્ષ જ્ઞાન. જેમ અગ્નિ અને ધુમાડાનો અંતરંગ સંબંધ છે. અર્થાત્ ધુમાડો હોય ત્યાં અગ્નિ હોવાની સંભાવના રહેલી છે. માટે જો દૂર કોઈ સ્થળે ધુમાડો દેખાતો હોય તો 'ત્યાં અગ્નિ હોઈ શકે છે', તેવું જ્ઞાન પ્રાપ્ત થઈ શકે છે. આમ, અનુમાન ઉપરથી યથાર્થ જ્ઞાનની પ્રાપ્તિ કરવી તેને 'અનુમાન પ્રમાણ' કહેવાય.

પ્રત્યક્ષ જ્ઞાન માત્ર જેનો ઈન્દ્રિય પ્રત્યક્ષ થઈ શકે તેવી વર્તમાન વસ્તુઓને અંગે જ શક્ય છે, જ્યારે અનુમાન જ્ઞાન તો ભૂત-ભવિષ્ય અને વર્તમાન અંગે પણ મળી શકે છે. પ્રત્યક્ષ જ્ઞાન સ્વતંત્ર તથા નિરપેક્ષરૂપે જ્ઞાનનું સાધન છે, તેથી તે સ્વયંમૂલક કહેવાય છે, જ્યારે અનુમાન પોતાની ઉત્પત્તિ માટે પ્રત્યક્ષ પર આધાર રાખતું હોઈ તેને 'પ્રત્યક્ષ મૂલક' કહે છે. પ્રત્યક્ષ જ્ઞાન સંદેહરહિત તથા નિશ્ચિત સ્વરૂપનું હોય છે, જ્યારે અનુમાનજન્ય જ્ઞાન સંશયયુક્ત તથા અનિશ્ચિત હોય છે.

વ્યાપ્તિ : અનુમતિ માટે વ્યાપ્તિજ્ઞાન અત્યંત આવશ્યક છે. તે સિવાય અનુમાન કરી શકાય નહીં. 'વ્યાપ્તિ'નો અર્થ છે- 'વિશેષ રૂપે આપ્તિ' અર્થાત્ સંબંધ. આ સંબંધની વિશેષતા એ છે કે તે બે વસ્તુઓના નિયત સાહચર્ય રૂપ છે. સાહચર્ય એટલે એકસાથે રહેવું તે. ધુમાડા અને અગ્નિનો સહચર્ય સંબંધ નિયત છે. ધુમાડો કદીય અગ્નિથી પૃથક રહેતો નથી. તે સદા અગ્નિની સાથે જ રહે છે. આ નિયમમાં કોઈ અપવાદ હોતા નથી. બીજા શબ્દોમાં કહીએ તો ધુમાડો સર્વદા એકનિષ્ઠપણે અગ્નિની સાથે જ સહવાસ કરે છે. આવા એકનિષ્ઠ સંબંધને **'વ્યાપ્તિ'** કહેવામાં આવે છે અને તેના કારણે અનુમાન બાંધી શકાય છે.

વ્યાપ્તિના પ્રકારભેદ અનુસાર ગૌતમમુનિએ અનુમાનના ત્રણ પ્રકાર બતાવેલ છે.

૧) **પૂર્વવત અનુમાન :** કોઈ જ્ઞાત કારણના આધારે અજ્ઞાત કાર્યનું અનુમાન કરવામાં આવે તેને 'પૂર્વવત અનુમાન' કહેવાય. ઉદા. ઘટાટોપ વાદળાં, ગડગડાટ- વીજળીના ચમકારા વગેરે થાય ત્યારે વરસાદ પડશે એવું અનુમાન કરી શકાય.

૨) **શેષવત અનુમાન :** કોઈ જ્ઞાત કાર્યના આધારે અજ્ઞાત કારણનું અનુમાન કરવું તેને 'શેષવત અનુમાન' કહેવાય. જેમ પુત્રને જોઈને આપણે તેનાં માતાપિતા વિશે અનુમાન બાંધી શકીએ છીએ. અહીં પુત્ર 'કાર્ય છે' - માતાપિતા તેનું કારણ.

૩) **સામાન્યત : દૃષ્ટ અનુમાન :** આપણે કોઈ બે વસ્તુઓને એકીસાથે જોઈએ. પછી તેમાંથી એકને જોયા બાદ બીજા વિશે અનુમાન કરી શકીએ છીએ. જેમ કે હંસ સફેદ જ હોય છે. જ્યારે આપણે એમ સાંભળીએ કે અમુક પક્ષી એ હંસ છે તો આપણે અનુમાન કરીએ છીએ કે તે સફેદ હોવા જોઈએ.

૩) ઉપમાન (સાદૃશ્ય) પ્રમાણ (Analogy or Comparision)

ન્યાયસૂત્રો અનુસાર 'ઉપમાન' એટલે સંજ્ઞા (Word) અને સંજ્ઞી (Denotation). આ બન્નેના સંબંધની પ્રતીતિને 'ઉપમિતિ' કહેવાય છે. ઉપમાન પ્રમાણથી જે જ્ઞાન ઉત્પન્ન થાય છે તેને 'ઉપમિતિ' કહેવાય છે. ઉપમાન પ્રમાણથી જે જ્ઞાન ઉત્પન્ન થાય છે તેને 'ઉપમિતિ જ્ઞાન' કહેવાય છે. જેમ શહેરમાં રહેતાં કોઈ વ્યક્તિએ ગાય જોઈ હોય પરંતુ 'નીલગાય' (જે જંગલી ગાય જેવું પશુ છે)ને ન જોઈ હોય, તેને નીલગાય કેવી હોય તે સમજાવવા માટે આપણે એમ કહીએ કે તે સામાન્ય ગાય જેવી જ હોય છે. હવે જ્યારે તે માણસ જંગલમાં જાય અને ગાય જેવું કોઈ જંગલી પશુ જુએ તો તેને અંદાજ આવી શકે કે તે 'નીલગાય' હોવી જોઈએ. આમ જે બે વસ્તુ વચ્ચે સરખામણી કરી શકાય, જે લગભગ એકબીજાને મળતી આવતી હોય, ત્યાં એકના સાદશ્યપણાને કારણે બીજી વસ્તુનું જ્ઞાન થાય તેને 'ઉપમાન' પ્રમાણ કહેવાય. ઉપમાનનું પ્રામાણ્ય કારણ કાર્ય સંબંધ પર નહીં પરંતુ અનુભવના આધાર પર છે, સામ્યના વિશેષ મહત્ત્વના મુદ્દા પર છે. ચાર્વાકો ઉપમાનને પ્રમાણ તરીકે સ્વીકારતાં નથી. બૌદ્ધ ઉપમાનને પ્રત્યક્ષ તેમજ શબ્દપ્રમાણમાં, સાંખ્ય તેમજ વૈશેષિક તેને અનુમાનમાં અને જૈનો તેને પ્રત્યભિજ્ઞામાં સમાવે છે. મીમાંસકો ઉપમાનને જ્ઞાનના એક અલગ પ્રમાણ તરીકે સ્વીકારે છે. શ્રી વલ્લભાચાર્યજી આ પ્રમાણનો યથાર્થ જ્ઞાન-ઈશ્વરીય જ્ઞાનપ્રાપ્તિ માટે સ્વીકાર કરતાં નથી.

૪) શબ્દપ્રમાણ (Verble Testimony)

ન્યાયશાસ્ત્રના મત પ્રમાણે 'શબ્દપ્રમાણ' એ જ્ઞાન પ્રાપ્ત કરવાનું સાધન છે. 'શબ્દ' એ પ્રમાણ છે અને એનાથી જે જ્ઞાન થાય છે તે **'શબ્દપ્રમાણ'** આપ્તપુરુષોનાં વાક્યો એ જ પ્રમાણ છે. **'આપ્તોપદેશ: શબ્દ:'** (ન્યા.૧-૧-૬). જેના શબ્દો વિશ્વાસપાત્ર હોય એવી સત્યનિષ્ઠ, સત્યવક્તા વ્યક્તિને 'આપ્ત' કહેવાય. શ્રુતિકાર, ઋષિમુનિઓ, ધર્મપ્રવર્તકો વગેરેને 'આપ્ત' માનવામાં આવે છે. તેવી વ્યક્તિની નિ:સ્વાર્થતા તેમ જ તેના કથનની યથાર્થતાના આધારે નિર્ણય કરી શકાય કે કોને 'આપ્તજન' કહી શકાય.

'વેદ' એ સર્વશાસ્ત્ર પ્રમાણ છે એમ માનવામાં આવે છે. ન્યાય વેદના ઉપદેશને પ્રમાણભૂત ગણે છે કારણ કે તેના પ્રણેતા ઈશ્વર સર્વજ્ઞ છે. વેદવાક્યો સત્યની પ્રાપ્તિ માટે સાધનરૂપ છે. વેદ એ સાક્ષાત ઈશ્વર ઉચ્ચાર હોઈ તેને અ-પૌરુષેય (કોઈ મનુષ્ય દ્વારા નહિ રચાયેલ) માનવામાં આવે છે. તેથી તે ખોટા પડવા કે તેમાં કાંઈ શંકા ઉત્પન્ન થવાનો સંભવ નથી.

શબ્દપ્રમાણની આવશ્યકતા લગભગ બધા જ ભારતીય દાર્શનિકોએ સ્વીકારી છે, કારણ કે તે બધા જ સ્વીકારે છે કે કેટલાક વિષયો એવા છે જેમનું જ્ઞાન બીજા કોઈ પ્રમાણથી થઈ શકતું નથી. ચાર્વાક સિવાય બધા જ ભારતીય દાર્શનિકોએ શબ્દપ્રમાણનો સ્વીકાર કર્યો છે. જોકે તેમનામાં તેને સ્વતંત્ર પ્રમાણ તરીકે સ્વીકારવું કે અનુમાનરૂપ ગણવું તે વિશે મતભેદ પ્રવર્તે છે. ન્યાયદર્શન તેને 'સ્વતંત્ર પ્રમાણ' તરીકે સ્વીકારે છે. જ્યારે વૈશેષિકો તેનો અંતર્ભાવ અનુમાનમાં કરે છે. સાંખ્યદર્શન મુજબ ઈશ્વરનું અસ્તિત્વ તર્ક દ્વારા સાબિત કરવું મુશ્કેલ છે, તેથી વેદ એ ઈશ્વરની રચના નથી તેવો મત ધરાવે છે. તેઓના મતે વેદ વાક્યોના અર્થ સ્વત: પ્રમાણ છે તેથી તે ભૂલ કે દોષરહિત છે. વેદએ ઋષિમુનિઓના દિવ્યં અનુભવોના પરિણામરૂપ હોઈ સ્વીકાર્ય છે. મીમાંસાદર્શનના પ્રામાણ્ય પ્રકરણમાં શબ્દનું બહુ મહત્ત્વ બતાવ્યું છે. પ્રત્યક્ષ આદિ દ્વારા જે સ્વર્ગાદિ અલૌકિક વિષયોનું જ્ઞાન પ્રાપ્ત થતું નથી એ વિષયોના સંબંધમાં અપૌરુષેય એવા વેદ જ પ્રમાણ છે, તેમ તેઓ માને છે. જ્ઞાત શબ્દ વડે પદાર્થનું સ્મરણાત્મક જ્ઞાન થવાથી પરિણામે જે જ્ઞાન થાય છે, તે શબ્દપ્રમાણજન્ય જ્ઞાન છે.

ભારતીય દર્શનોમાં અતિ મહત્ત્વનું સ્થાન ધરાવતાં ઉપનિષદો, બ્રહ્મસૂત્રો તથા ભગવદ્ગીતા એ 'પ્રસ્થાનત્રયી' ગ્રંથોનો આધાર લઈ શંકરાચાર્ય આદિ આચાર્યોએ શ્રુતિપ્રમાણ અને ન્યાય પ્રમાણોનો સ્વીકાર કર્યો છે, અને તેના આધારે બ્રહ્મ તેમ જ જીવ-જડાત્મક જગત વિશેની પોતપોતાની વિચારધારા પ્રતિપાદિત કરી છે. તેઓએ શબ્દપ્રમાણને વિશેષ સ્થાન આપ્યું છે. 'ઈશ્વર' જેવા અનુભવાતીત વિષયના જ્ઞાન માટે અન્ય પ્રમાણો ઉપયોગી બની શકતા નથી. શ્રી વલ્લભાચાર્યજી પ્રત્યક્ષ અનુમાન ઈત્યાદિ પ્રમાણોનો ઈશ્વર વગેરે અલૌકિક બાબતમાં અસ્વીકાર

કરી કેવળ શબ્દપ્રમાણને જ માન્યતા આપે છે. તેઓએ ભાગવતને પણ વેદતુલ્ય ગણી ઉપરોક્ત ત્રણ પ્રમાણો ઉપરાંત તેને ચતુર્થ પ્રમાણરૂપ સ્વીકાર્યું છે, કારણ કે તેની વાણી વ્યાસજીએ સમાધિમાં અનુભૂત કરેલી હોઈ તે આપ્તવાક્ય જ છે તેમ તેમણે સ્વીકાર્યું છે અને તેથી તેને 'શબ્દપ્રમાણ'નું સ્થાન આપ્યું છે.

શુદ્ધાદ્વૈતમાં પ્રમાણચર્ચા :

શ્રી વલ્લભાચાર્યજીએ તત્ત્વાર્થદીપ નિબંધના સર્વ નિર્ણય પ્રકરણમાં જેમાં 'બ્રહ્મ' વિશે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી છે. તેમાં, પરમોચ્ચ તત્ત્વ બ્રહ્મને સંપૂર્ણપણે જાણવા એક માત્ર 'શાસ્ત્રપ્રમાણ' અથવા 'શબ્દપ્રમાણ'ને જ આધારભૂત માન્યું છે. બ્રહ્મ વિશે યથાર્થ જ્ઞાન પ્રાપ્ત કરવા માટે 'પ્રત્યક્ષ' કે 'અનુમાન' પ્રમાણની મર્યાદાઓ સમજાવતાં તેઓ કહે છે કે 'પ્રત્યક્ષ' પ્રમાણ ઈન્દ્રિયો દ્વારા પ્રાપ્ત થાય છે. પરંતુ -

૧) ઈન્દ્રિયો દ્વારા પ્રાપ્ત કરેલું જ્ઞાન હંમેશા શુદ્ધ અને નિર્ભેળ હોતું નથી.
૨) મનુષ્યનું ઈન્દ્રિય દ્વારા મેળવેલું જ્ઞાન મર્યાદિત હોય છે.
૩) ઘણી વખતે ઈન્દ્રિયો દ્વારા અનુભવેલી બાબત કે ઘટના ખોટી ઠરી શકે છે.
૪) પ્રત્યક્ષ જ્ઞાન બ્રહ્મના આવિર્ભાવ વિશે થઈ શકે, પરંતુ બ્રહ્મના પોતાના વિશે ન થઈ શકે.
૫) બ્રહ્મ અચિંત્ય અને અલૌકિક હોવાના કારણે સામાન્ય ઈન્દ્રિયો દ્વારા તે અનુભવાતીત છે.

માટે 'પ્રત્યક્ષપ્રમાણ' પરમતત્ત્વ કે બ્રહ્મને સમજવા-જાણવા માટે અપૂરતું ગણાય. 'અનુમાન' પણ પ્રત્યક્ષ ઉપર જ આધારિત છે. અનુમાન માટે તે પહેલાં કોઈ પ્રત્યક્ષ સંજ્ઞાની અથવા 'વ્યાપ્તિ'ની આવશ્યકતા રહે છે.

તેઓ કહે છે કે 'પ્રત્યક્ષ' એ લૌકિક પ્રમાણ છે. અનુમાન પણ પ્રત્યક્ષ ઉપર આધારિત હોઈ લૌકિક છે. આમ, બન્ને લૌકિક પ્રમાણો બ્રહ્મના સ્વરૂપ કે ગુણો વિશેનું યથાર્થ જ્ઞાન કરાવવા સક્ષમ નથી. હકીકતમાં અલૌકિક જ્ઞાનની પ્રાપ્તિ લૌકિક પ્રમાણો દ્વારા કેવી રીતે થઈ શકે? બ્રહ્મનું સ્વરૂપ ઈન્દ્રિયાતીત હોઈ તેનો અનુભવ આપણી ઈન્દ્રિયો દ્વારા થઈ શકે નહીં. જેનું સ્વરૂપ અનંત (Infinite) છે, તેના વિષયનું યથાર્થ જ્ઞાન સીમિત (finite) પદાર્થોના જ્ઞાન દ્વારા પ્રાપ્ત થઈ શકે નહીં. શ્રી વલ્લભાચાર્યજી કેવળ 'શબ્દપ્રમાણ'નો જ સ્વીકાર કરે છે. વધુ ખુલાસો કરતાં તેઓ કહે છે કે પ્રત્યક્ષ કે અનુમાન દ્વારા પ્રાપ્ત કરેલું કોઈ જ્ઞાન જો શાસ્ત્ર પ્રમાણોની વિરુદ્ધ ન હોય તો તેને સ્વીકારી શકાય. ભૌતિક વસ્તુઓ વિશેનું પ્રમાણ કે અનુમાન દ્વારા પ્રાપ્ત કરેલું જ્ઞાન જો કોઈ અન્ય સાધનથી ખોટું ન ઠરાવી શકાય તો તે સ્વીકાર્ય છે. એટલે કે જો તે 'શબ્દપ્રમાણ'ને સુસંગત હોય તો તે યથાર્થ ગણાય. નિબંધના શાસ્ત્રાર્થ પ્રકરણમાં તેમણે કહ્યું છે કે-

અવિરૂધ્ધં તુ યત્વસ્ય પ્રમાણં તચ્ચનાન્યથા,
એતદ્વિરૂધ્ધં યત્સર્વં ન તન્માનં કથંચન.

અર્થાત્ - તેમણે કહેલાં 'પ્રમાણ ચતુષ્ટય' - શબ્દપ્રમાણોથી જે વિરુદ્ધ નથી તે પ્રમાણ છે. અને તેનાથી જે વિરુદ્ધ હોય તે કોઈ પણ રીતે પ્રમાણરૂપ થઈ શકતું નથી.

શ્રી વલ્લભાચાર્યે સ્વીકારેલા શબ્દપ્રમાણરૂપ ચાર ગ્રંથો માટે તેમણે કહ્યું છે -

વેદઃ શ્રી કૃષ્ણવાક્યાનિ, વ્યાસ સુત્રાણિ ચૈવહિ,
સમાધિ ભાષા વ્યાસસ્ય, પ્રમાણમ્ તચ્ચતુષ્ટયમ્

૫) **અર્થાપત્તિ (Presumption)**

જ્યારે કોઈ એક બાબતની જાણકારીથી, બીજી બાબતનું જ્ઞાન થાય તેને '**અર્થાપત્તિ**' કહેવામાં આવે છે. જેમકે જો વાદળો થાય તો વરસાદ આવે. આ વાક્ય ઉપરથી આપણે એમ સમજી શકીએ કે વાદળો ન હોય તો વરસાદ આવે નહીં. જે બાબત અનુભવ સાથે સ્પષ્ટ રીતે વિરોધ દર્શાવતી હોય તેના ખુલાસારૂપે આ પ્રમાણ માનેલું છે. જ્યારે બે વિરુદ્ધ કોટિની બાબતોમાં અદૃષ્ટ કલ્પના દ્વારા જો સંગતિ સાધી શકાય તેને 'અર્થાપતિ' કહે છે. બીજું ઉદાહરણ લઈએ તો કોઈ આપણને કહે કે રમેશ

દિવસે જમતો નથી છતાં તે રોજ જાડો થતો જાય છે. અહીં બે વિરૂદ્ધ હકીકતો કહેવામાં આવી છે - (૧) દિવસે ન ખાવું અને (૨) રોજ જાડા થવું. આ ઉપરથી એમ કહી શકાય કે રમેશ રાત્રે જમતો હશે.

૬) **અનુપલબ્ધિ : (NonExistance)**

કોઈ વસ્તુના અભાવથી કોઈ અન્ય વસ્તુનું જ્ઞાન થવું તેને **'અનુપલબ્ધિ'** કહેવામાં આવે છે. દાખલા તરીકે જ્યારે આપણે કહીએ કે અત્યારે સૂર્ય ઊગેલો નથી તો તેનો અર્થ અત્યારે તારા ઊગેલા છે, તેમ સમજી શકાય. અનુપલબ્ધિ એટલે 'ઉપલબ્ધિનો અભાવ'. અદ્વૈત વેદાંતીઓના મતે કોઈ વિષયના અભાવનું આપણને અનુપલબ્ધિ દ્વારા જ્ઞાન થાય છે. જ્યારે આપણે એમ કહીએ કે અહીં ઘડો નથી ત્યારે ઘડો નહીં હોવાનું જ્ઞાન આપણને ઘડાના અભાવને કારણે થાય છે. 'અભાવ' એ કોઈ વસ્તુ નથી જેનો ઈન્દ્રિય સાથે સંયોગ થઈ શકે. ઘડાનો પ્રત્યક્ષ અનુભવ થઈ શકે, પરંતુ ઘડાના અભાવનો પ્રત્યક્ષ અનુભવ ન થઈ શકે. પણ ઘડો ન હોવાનું જ્ઞાન ઘડાના અભાવને કારણે થઈ શકે છે.

ઉપરોક્ત પ્રમાણોનો વિચાર કરતાં જણાશે કે **પ્રત્યક્ષ પ્રમાણ**નો આધાર વર્તમાન ઉપર નિર્ભર કરે છે કારણ કે જે સામે ઈન્દ્રિયો દ્વારા અનુભવાય છે તેના પર તે આધારિત છે, જ્યારે **અનુમાન પ્રમાણ** ભૂત, ભવિષ્ય અને વર્તમાન એ ત્રણેય કાળ પર આધારિત છે, કારણ કે વર્તમાનની કોઈ બાબતના પ્રત્યક્ષના આધાર પર તેનો અંદાજ કરવામાં આવે છે. **ઉપમાન** પણ પ્રત્યક્ષ પર આધારિત છે. તેમાં એક વસ્તુના જ્ઞાનની સરખામણી કરવાથી અન્ય વસ્તુનું યથાર્થ જ્ઞાન પ્રાપ્ત થાય છે. પરંતુ આ ત્રણેય પ્રમાણો લૌકિક વસ્તુઓના જ્ઞાન કરાવવા માટે ઉપયોગી બની શકે છે, પરંતુ પરલૌકિક કે 'બ્રહ્મ' જેવા અલૌકિક તત્ત્વના યથાર્થ જ્ઞાન માટે તો **'શબ્દપ્રમાણ'**નો જ સ્વીકાર બધા આચાર્યોએ કર્યો છે.

* * *

૮

કાર્ય-કારણ ભાવ

(Theory of Causation)

કારણ (Cause) એટલે શું?

તત્ત્વનું સ્વરૂપ બરાબર સમજવા માટે 'કારણ'ની યોગ્ય વ્યાખ્યા સમજવી જરૂરી છે. ન્યાયદર્શન મુજબ **'કારણ'** એટલે જે નિયમિત રીતે કાર્યની પહેલાં બને અને જે કાર્યને ઉત્પન્ન કરવા માટે જરૂરી છે. કારણ વગર કાર્ય કદાપિ ઉત્પન્ન થઈ શકે નહિ. કારણ એટલે કાર્યની ઉત્પત્તિને માટે આવશ્યક હોય એવી વસ્તુ જે કાર્યની ઉત્પત્તિ પૂર્વે હોવી જ જોઈએ. પાશ્ચાત્ય તાર્કિકો 'મિલ' વગેરે, પણ કારણની આ પ્રકારની વ્યાખ્યા આપે છે. અમુક પ્રકારના કારણ દ્વારા અમુક પ્રકારનું કાર્ય નીપજે છે. (દા. ત. તેલીબિયાંમાંથી તેલ નીપજે છે, રેતીમાંથી નહીં).

જગતમાં કારણ વગર કોઈ બનાવ બનતો નથી એ આપણે જાણીએ છીએ. પ્રત્યેક કાર્યનું કાંઈક કારણ હોય છે. અર્થાત એમ કહી શકાય કે કારણમાં કાર્ય અર્થાત પરિણામને અનિવાર્યપણે નિપજાવવાની શક્તિ છે. **કાર્ય-કારણ** સંબંધ અંગેની એ સ્વીકૃતિની આલોચનાત્મક તપાસ કરવી એ તત્ત્વજ્ઞાનનું કાર્ય છે. **કાર્ય** એટલે **Effect** અને કારણ એટલે **Cause.** તલમાંથી તેલ નીકળવું- ત્યાં તલ **કારણ (Cause)** છે, અને તેલ તેનું કાર્ય- **(Effect)** છે. તત્ત્વજ્ઞાનના દૃષ્ટિકોણથી વિચારીએ તો આ જગતનું કારણ શું છે (What is the Cause of this univers) એ આપણા ચિંતનનો વિષય છે. જગતનું કારણ જાણવું આવશ્યક છે. જગત કઈ રીતે અસ્તિત્વમાં આવ્યું તે વિશેની જિજ્ઞાસાને કારણે અનેક પ્રકારના વાદો-અથવા વિચારો કરવામાં આવ્યા છે.

કારણની વ્યાખ્યા એ રીતે પણ કરી શકાય કે જેમાં કે જેના દ્વારા વસ્તુ ઉત્પન્ન થાય તેને 'કારણ' કહેવામાં આવે છે. બીજી રીતે કહેવું હોય તો જેના વિના વસ્તુ ઉત્પન્ન ન થઈ શકે. તેને 'કારણ' કહેવામાં આવે છે. દા. ત. માટલું બનાવવામાં માટી, પાણી, ચાકડો, દંડો એ પ્રાથમિક જરૂરિયાત છે. આમાંની

કોઈ વસ્તુ ન હોય તો માટલું ન બની શકે. આથી માટી, ચાકડો વગેરે '**કારણ**' કહેવાય અને તેના દ્વારા જે વસ્તુ ઉત્પન્ન થાય છે, અર્થાત્ માટલું તેને '**કાર્ય**' કહેવાય. એ જ પ્રમાણે સોનાના દાગીના બનાવવા. સોનું ઉપરાંત હથોડી, સાણસી, કાનસ વગેરે સાધનોની આવશ્યકતા પડે છે. માટે સોનું તેમજ એ ઓજારોને 'કારણ' કહેવાય, જ્યારે તેના દ્વારા ઉત્પન્ન થતાં ઘરેણાં એ તેનું 'કાર્ય' છે. આ જ પ્રમાણે જ્યારે જગત વિશે વિચાર કરીએ ત્યારે તે શેમાંથી અને શેના દ્વારા ઉત્પન્ન થયું તે પ્રશ્ન ઉદ્ભવે છે. અર્થાત જો જગત એ 'કાર્ય' છે તો તેનું કારણ શું હોઈ શકે તે વિચારવાની બાબત છે.

ઉપરોક્ત બાબત વિચારતાં પહેલાં કારણની વિશેષતાઓ સમજવી જરૂરી ગણાય.

કારણની વિશેષતાઓ :

કારણ એ નિયત, પૂર્વવર્તી અને અનન્યથા સિધ્ધ હોવું જોઈએ

(૧) કારણ પૂર્વવર્તી હોવું જોઈએ, એટલે કે તે હંમેશા કાર્યની પહેલાં આવવું જોઈએ. તે બે પ્રકારે હોઈ શકે. (અ) '**નિયત પૂર્વવર્તી**' એટલે કે અમુક ઘટના હંમેશાં પહેલાં આવે- 'જેમ વરસાદ-પૂર્વે ઘટાટોપ વાદળો ચઢી આવે. આમ, વાદળો ચઢી આવવાં એ વરસાદ આવવાની નિરંતર ઘટના છે. તેવી રીતે (બ) '**અનિયત પૂર્વવર્તી**' એટલે કે જે કોઈ ઘટનાની પૂર્વે ક્યારેક ઉદ્ભવે, ક્યારેક નહીં. જેમ વરસાદ આવે એટલે બાળકો ચિચિયારી કરતાં હોય છે. આવું હંમેશા જરૂરી નથી હોતું. આમ, કારણ નિયત અને પૂર્વવર્તી હોવું જરૂરી છે.

(૨) કારણની બીજી વિશેષતા છે કે તે ઉપાધિ કે શરતરહિત-(Unconditional) હોવું જોઈએ. તેને માટે કોઈ પૂર્વ શરત આવશ્યક નથી, એટલે કારણ સ્વતંત્ર હોવું જોઈએ. રાત્રિ થવાનું કારણ દિવસ કે દિવસ થવાનું કારણ રાત્રિ નથી. પરંતુ પૃથ્વીનું સૂર્યની આસપાસ પરિભ્રમણ છે.

(૩) કારણની ત્રીજી વિશેષતા એ છે કે તેની તાત્કાલિકતા (Immediacy) છે. કાર્યની ઘટનાના તરત પહેલાં જ 'કારણ'નું અસ્તિત્વ હોય છે. જે પૂર્વવર્તી ઘટના કાર્યની બરાબર પહેલાં જ (વચ્ચે કોઈ સમયના ગાળા વગર) ઘટી હોય તેને કારણ કહેવાય. આમ, કારણ એને કહેવાય કે જે નિયત, પૂર્વવર્તી, અનૌપાધિક તેમ જ તાત્કાલિક હોય. દરેક કાર્યને પોતાનું વિશિષ્ટ અને આગવું કારણ હોય છે. ન્યાય મતે ક્રિયા થાય તે પહેલાં કાર્ય હાજર હોતું નથી.

'કારણ'ના પ્રકાર :

ઉપરોક્ત ઉદાહરણોનો ધ્યાનપૂર્વક વિચાર કરીએ તો જણાશે કે તેમાં બે બાબતો રહેલી છે.

(૧) વસ્તુનું નિર્માણ કોઈક પદાર્થ કે દ્રવ્યથી થાય છે, જેમ કે માટી, સોનું ઈત્યાદિ.

(૨) વસ્તુના નિર્માણ માટે કેટલાંક સહાયક સાધનોની આવશ્યકતા રહેલી હોય છે, જેમ કે- ચાકડો-દંડો, સોની કામનાં ઓજાર વગેરે.

તર્કશાસ્ત્રની ભાષામાં આ વિશ્લેષણને તપાસીએ તો એમ કહી શકાય કે કોઈ પણ વસ્તુની ઉત્પત્તિનાં મુખ્યત્વે બે કારણો હોય છે.

(૧) **ઉપાદાન કારણ** (Material Cause)

(૨) **નિમિત્ત કારણ** (Efficient Cause).

ઉપાદાન કારણઃ જે કારણ પોતાના કાર્યથી જુદા પડ્યા વિના કાર્યના રૂપમાં પરિણમી જતું હોય તેવા કારણને '**ઉપાદન કારણ**' કહેવામાં આવે છે. ઉદાહરણ તરીકે માટીમાંથી ઘડો બનાવવામાં આવે તો તેમાં માટી તત્ત્વનું અસ્તિત્વ રહે જ છે. ઘરેણાંમાંથી સોનું અલગ કરી શકાતું નથી. અથવા ઘડામાંથી માટી જુદી પાડી શકાતી નથી. આમ કારણ (માટી અથવા સોનું) અને કાર્ય (ઘડો અથવા ઘરેણું) એકબીજાથી અભિન્ન રહે છે.

આમ માટીને ઘડાનું કે સોનાને ઘરેણાનું 'ઉપાદાન કારણ' કહેવામાં આવે છે.

નિમિત્ત કારણ : ઉપર જણાવ્યું તેમ ઉપાદાન કારણ સિવાય વસ્તુ (કાર્ય)ની ઉત્પત્તિમાં સહાયક થતાં કારણો જેવાં કે ઘડો બનાવવા ચાકડા આદિનો ઉપયોગ અથવા ઘરેણાં બનાવવા સોના ઉપરાંત ઓજારોનો ઉપયોગ, તેને '**નિમિત્ત કારણ**' કહેવામાં આવે છે. આમ, ઉપાદાન કારણ જેટલું જ

નિમિત્તકારણ પણ મહત્ત્વનું છે. આ બન્ને કારણોના માધ્યમથી જ કાર્યની ઉત્પત્તિ થાય છે.

જગતની ઉત્પત્તિના કારણ :

જગતની ઉત્પત્તિ વિશે અનેક વિચારકોએ અલગ અલગ પ્રકારની વિચારધારા પ્રગટ કરી છે, જેને વિવિધ પ્રકારના વાદ કહેવામાં આવે છે, જે નીચે મુજબ છે.

૧. સંઘાતવાદ અથવા યદ્રુચ્છાવાદ (Accidentalism)
૨. અસત્કારણવાદ અથવા આરંભવાદ
૩. સત્કાર્યવાદ
૪. વિવર્તવાદ
૫. પરિણાવાદ

આ સિવાય અજાતિવાદ, સ્વભાવવાદ, પ્રતીત્ય સમુત્પાદવાદ વગેરે પણ જગતની ઉત્પત્તિ વિશે અલગ અલગ વિચારધારા પ્રસ્તુત કરે છે.

૧. સંઘાતવાદ અથવા યદ્રુચ્છાવાદ (Accidentalism)

કેટલાક લોકો માને છે કે જગત આકસ્મિક રીતે જ અસ્તિત્વમાં આવી ગયું છે. તેને માટે કોઈ ખાસ કારણ નથી. જેમ કોઈ વસ્તુ એમ જ બની જાય. કોઈ કારણ વિના આકસ્મિક રીતે બની જાય. કોઈ પણ કારણ વગર કાર્યની ઉત્પત્તિ એ 'સંઘાતવાદ'નો સિદ્ધાંત છે. આને 'યદ્રુચ્છવાદ' પણ કહેવાય છે. શ્રી વલ્લભાચાર્યે કાર્ય-કારણના આ સિદ્ધાંતનો ઉચ્છેદ કર્યો છે. કારણ કે અકસ્માત (Accident) થવા પાછળ પણ કોઈક કારણ હોય છે. (Accidents are Caused events.) આકસ્મિક ઘટના પાછળ પણ હંમેશા કાંઈક કારણ રહેલું હોય છે. આમ, જગતની ઉત્પત્તિ કેવળ આકસ્મિક ઘટના ન હોઈ શકે.

(૨) આરંભવાદઃ

કેટલાક માને છે કે પ્રત્યેક કાર્ય એ નવીન શરૂઆત છે. તે કાર્યના મૂળમાં કાંઈ કારણ રહેલું હોતું નથી. કારણરૂપ પદાર્થોને જ્યારે એકઠા કરવામાં આવે ત્યારે કોઈ કાર્ય ઉત્પન્ન થાય છે. દા. ત. ચોખા અને દૂધ જ્યારે વિધિપૂર્વક એકઠાં કરવામાં આવે ત્યારે ખીર થાય છે. પરંતુ જ્યાં સુધી ચોખા અને દૂધને એકઠાં કરવામાં ન આવ્યાં હોય ત્યાં સુધી ખીરનું અસ્તિત્વ ન હતું. આમ, ખીર એક નવીન શરૂઆત છે- નૂતન આરંભ છે તેમ કહેવાય. આ દૃષ્ટિએ જગત પણ એક નૂતન આરંભ છે. એક નૂતન કાર્ય છે. આરંભવાદ એ નૈયાયિકોનો સિદ્ધાંત છે.

(૩) અસત્ કારણવાદ :

આ સિદ્ધાંત મુજબ કાર્યનું કારણમાં અસ્તિત્વ હોતું નથી એટલે કે કારણ પહેલાં કાર્યનું અસ્તિત્વ નથી. ઉપર આરંભવાદમાં જોયું તેમ ખીર રૂપી કાર્ય પહેલાં ચોખા અને દૂધ એ કારણોનું સ્વરૂપ અલગ હતું. 'ખીર'ના સ્વરૂપમાં ખીરનું સ્વતંત્ર અસ્તિત્વ છે. ચોખા અને દૂધનું અલગ અસ્તિત્વ છે. અહીં કારણનો નાશ થતાં કાર્યની ઉત્પત્તિ થાય છે. બીજમાંથી વૃક્ષ થાય ત્યારે બીજનો નાશ થતાં વૃક્ષ ઉત્પન્ન થાય છે. આ અસત્કારણવાદનો સિદ્ધાંત છે. અસત્ કાર્યની સ્થાપના અર્થે ન્યાયશાસ્ત્રે કેટલીક દલીલો આપેલી છે.

(૧) તેમના મતે જો કાર્ય તેની ઉત્પત્તિ પહેલાં કારણમાં રહેતું હોત તો પછી નિમિત્ત કારણની કશી જરૂર જ રહેતી નથી. માટીમાં ઘડો જો પ્રથમથી જ હોય તો કુંભાર કે ચાકડા વગેરેની જરૂરત હોય નહીં, પરંતુ વાસ્તવમાં ઘડો બનાવવા એ નિમિત્ત કારણોની આવશ્યકતા રહે છે. માટે માટીમાં ઘડાનું અસ્તિત્વ નથી એમ કહી શકાય.

(૨) જો કાર્ય તેની ઉત્પત્તિ પહેલાં કારણમાં રહેલું હોય તો કાર્યની ઉત્પત્તિ થયા બાદ કાર્ય ઉત્પન્ન થયું એમ કહેવું નિરર્થક ગણાય. પરંતુ આપણે એમ કહેતાં હોઈએ છીએ કે કાર્ય ઉત્પન્ન થયું. માટે તે કારણમાં ન હતું તેમ કહી શકાય.

(૩) જો કાર્યની ઉત્પત્તિ પહેલાં તે કારણમાં રહેલું હોત તો કારણ અને કાર્ય વચ્ચે કોઈ ભેદ પાડવો મુશ્કેલ પડત. પરંતુ અનુભવથી આપણે જાણીએ છીએ કે, કારણ અને કાર્ય બન્ને ભિન્ન છે. માટી અને ઘડો બન્ને એક નથી. બન્નેમાં તફાવત સ્પષ્ટ છે. માટે કાર્ય કારણમાં

હોય તે સાચું ન હોઈ શકે.

(૪) જો કાર્ય વસ્તુતઃ - કારણમાં રહેતું હોત તો કારણ અને કાર્ય એ બન્ને માટે એક જ શબ્દપ્રયોગ કરવામાં આવત. પરંતુ આપણે બન્ને માટે અલગ અલગ શબ્દપ્રયોગ કરીએ છીએ. માટે કાર્ય કારણમાં અભીભૂત નથી.

(૫) જો કાર્ય અને કારણ વસ્તુતઃ અભિન્ન હોય તો બન્નેનો હેતુ એક જ હોત, પરંતુ વાસ્તવમાં એવું નથી હોતું. ઘડામાં પાણી ભરી શકાય, માટીમાં નહીં.

(૬) કાર્ય તથા કારણમાં આકાર પણ ભિન્ન હોય છે. કારણમાંથી કાર્ય પરિણિત થતાં તેનો આકાર ભિન્ન થઈ જાય છે. આમ બન્નેનો આકાર વિરોધાભાસી છે. માટે બન્ને એક ન હોઈ શકે.

આમ, અસત્કારણવાદ કારણ-કાર્યને અભિન્ન માનતો નથી. ન્યાયદર્શન ઉપરાંત જૈન, બૌદ્ધ તથા પૂર્વમીમાંસા અસત્કારણવાદનો સ્વીકાર કરે છે.

(૪) સત્કાર્યવાદ :

ઉપર જોયું તેમ અસત્કારણવાદીઓની માન્યતા પ્રમાણે કારણમાં કાર્યનું અસ્તિત્વ જ હોતું નથી, અથવા કારણનો નાશ એ કાર્યની ઉત્પત્તિનું કારણ બને છે. માટીનો નાશ એ ઘડાની ઉત્પત્તિનું કારણ છે. બીજનો નાશ એ વૃક્ષની ઉત્પત્તિનું કારણ છે. આમ, પૂર્વ વસ્તુનો નાશ, અભાવ કે અસત્તા જ પાછળથી પ્રગટ થતી વસ્તુનું કારણ બનતી દેખાય છે. પરંતુ શ્રી વલ્લભાચાર્યજીના મતે અસત્ વસ્તુમાં કારણતારૂપ ધર્મ રહી શકતો જ નથી. આથી અસત્ વસ્તુ કોઈનું પણ કારણ બની શકે નહીં.

આપણે જાણીએ છીએ કે સુગંધ એ ફૂલનો ધર્મ છે. અહીં ફૂલ ધર્મી છે. પ્રકાશ એ સૂર્યનો ગુણ અથવા ધર્મ છે- સૂર્ય ધર્મી છે. આમ, પ્રત્યેક પદાર્થની એક કોઈ વિશિષ્ટતા કે લાક્ષણિકતા હોય છે, જેનાથી તે પદાર્થની ઓળખ થઈ શકે છે. તે વિશિષ્ટતાને જ તે પદાર્થનો ધર્મ

અથવા ગુણધર્મ કહેવામાં આવે છે. ધર્મ તેમાં રહી શકે જેનું કાંઈક અસ્તિત્વ હોય. અસત્ પદાર્થમાં ધર્મ રહી શકતો નથી. 'કારણતા' એ પણ એક પ્રકારનો ધર્મ છે. ઉદાહરણ તરીકે માટી એ માટલાનું કારણ છે. આથી માટીમાં કારણતારૂપ ધર્મ રહેલો છે. શ્રી વલ્લભાચાર્યજીના મતે જેનું કોઈ અસ્તિત્વ જ ન હોય તેવી અસત્ વસ્તુમાં કારણરૂપ ધર્મ સંભવી શકે નહીં. તો અસત્ વસ્તુ કોઈ કાર્યનું કારણ કેવી રીતે બની શકે? માટે બીજનો નાશ એ વૃક્ષની ઉત્પત્તિનું કારણ નથી બનતું, પરંતુ બીજ ખુદ જ વૃક્ષ રૂપે પરિણમે છે. માટીનો નાશ થવાથી ઘડો નથી બનતો, પરંતુ માટી જ ઘડાનું રૂપ ધારણ કરે છે. આમ, બીજ કે માટીરૂપ સત્ પદાર્થો જ વૃક્ષ કે ઘડારૂપ સત્માં પરિણત થાય છે. આને **'સત્કાર્યવાદ'** કહેવાય છે. બીજી રીતે કહીએ તો કાર્ય કારણમાં નિહિત હોય છે. તેલીબિયાંમાં તેલનું અસ્તિત્વ પ્રથમથી જ હોય છે માટે તેમાંથી તેલ નીકળે છે. જો કારણમાં કાર્યનું અસ્તિત્વ જ ન હોય તો તે કાર્યરૂપ અસ્તિત્વ આવી શકે નહીં. કારણમાં કાર્ય સમાયેલ જ હોય છે. આ જ પ્રમાણે જગત કે જગતમાં પ્રત્યેક વસ્તુ એ સત્કારણનું જ પરિણામ છે. આથી જગતરૂપ કાર્ય તેના બ્રહ્મરૂપ કારણમાં નિહિત છે તે સ્પષ્ટ થાય છે.

આમ શ્રી વલ્લભાચાર્યજી ન્યાય ઈત્યાદિની અસત્કારણવાદનું ખંડન કરી સ્પષ્ટતાપૂર્વક કહે છે કે પ્રત્યેક કાર્ય એ કારણમાં પૂર્વ નિહિત છે જેને માટે તેમની નીચે મુજબની દલીલો છે.

(૧) કાર્યનું કારણમાં અસ્તિત્વ અનિવાર્ય છે, કારણ કે તે વગર કારણમાંથી કાર્ય ઉત્પન્ન થઈ શકે નહીં. માટીમાં ઘડાનું અસ્તિત્વ ન હોય તો તે માટીમાંથી ઉત્પન્ન થઈ શકે નહીં.

(૨) કાર્ય એ ઉપાદન કારણનું રૂપાંતર છે, કારણ કે કાર્ય તે કારણમાં પૂર્વ નિહિત છે. માટી જ ન હોય તો ઘડો સંભવિત નથી. આમ ઘડો એ માટીનું રૂપાંતરિત સ્વરૂપ છે.

(૩) કારણમાં કાર્યના વિશિષ્ટ ગુણો અસ્તિત્વ ધરાવે છે. આમ ન હોય તો કોઈ પણ વસ્તુમાંથી કોઈ પણ અન્ય વસ્તુ બની શકે. આમ હોત

તો પાણીમાંથી દહીં થાય. પરંતુ દહીં દૂધમાંથી જ બની શકે. કારણ કે દહીંના ગુણધર્મ દૂધમાં પહેલાંથી મોજૂદ હોય છે.

(૪) કોઈ પણ વસ્તુમાંથી અન્ય કોઈ વસ્તુ બની શકતી નથી. જે કારણમાં અસ્તિત્વ ધરાવે છે તે જ કાર્ય રૂપમાં પરિવર્તન થઈ શકે છે.

(૫) વાસ્તવમાં ઉપાદનકારણ **(Material Cause)**માં કાર્ય **(Effect)**નું તત્ત્વ સમાહિત હોય છે, જે ત્યારે પ્રગટ હોતું નથી. કારણ જ્યારે કાર્યમાં પરિણમે છે, ત્યારે કેવળ તેનું નામ અને રૂપ બદલાય છે. હકીકતમાં કારણ અને કાર્ય બન્ને સત્ય હોય છે.

(૫) વિવર્તવાદ :

શંકરાચાર્યજી જેઓ 'વિવર્તવાદ'માં માને છે, તેઓ ઉપરોક્ત તથ્યનો અસ્વીકાર કરે છે. તેઓ 'કારણ' એટલે બ્રહ્મને તો સત્ય માને છે, પરંતુ જગતને તેનું કાર્ય માનતા નથી. તેને 'વિવર્ત' એટલે કે ભ્રમ માત્ર માને છે. જેવી રીતે રાત્રિના અંધકારમાં રસ્સીને સર્પ માની બેસાય, એ પ્રમાણે તેઓ જગતને માયાના કારણે બ્રહ્મનો આભાસ માને છે, તેને અસત્ય કે મિથ્યા માને છે, 'વિવર્ત' એટલે જે વસ્તુ હકીકતમાં જેવી થઈ જ ન શકતી હોય તેવી રીતે તેનો ભાસ થવો, એટલે તેવી ભ્રાન્તિ થવી. ઉપર આપેલા રસ્સી અને સર્પના ઉદાહરણની માફક અંધકારને કારણે ભ્રમ પેદા થાય છે. આને 'વિવર્તવાદ' કહેવાય છે, જે શંકરાચાર્યજીએ પ્રસ્તુત કરેલો છે.

(૬) પરિણામવાદ :

આપણે જાણીએ છીએ કે બાળપણ, કિશોર, યુવા, પ્રૌઢ વગેરે મનુષ્યની અવસ્થાઓ હોય છે. એ અવસ્થાઓ બદલાતી હોય છે. અવસ્થા પ્રમાણે નવો મનુષ્ય જન્મતો હોતો નથી. જે પૂર્વે બાળક હતો તે જ કિશોર બને છે અને આગળ જતાં તે કિશોર જ યુવાન-પ્રૌઢ એમ ઉત્તરોત્તર બને છે. તે જ પ્રમાણે કારણ જ કાર્યનું રૂપ ધારણ કરતું હોય છે. અહીં બાળકરૂપી કારણમાંથી યુવારૂપી કાર્યનું નિર્માણ થાય છે. આ પ્રક્રિયા જોતાં સમજાશે કે જો કારણ જ કાર્ય રૂપમાં પરિણીત થતું હોય તો જો કારણ સત્ય હોય તો તેમાં રૂપાંતર થતું કાર્ય અસત્ય કેવી રીતે

હોઈ શકે? વાસ્તવમાં નૂતન કોઈ વસ્તુ ઉત્પન્ન થતી નથી એવી ન્યાયમતની માન્યતા છે. એકમાંથી બીજામાં રૂપાંતર માત્ર થતું હોય છે. આને **'પરિણામવાદ'** કહેવાય છે.

પરિણામના બે પ્રકાર હોય છે.

(અ) વિકૃત પરિણામ.

(બ) અવિકૃત પરિણામ.

(અ) વિકૃત પરિણામ :

જ્યારે દૂધને જમાવવામાં આવે છે ત્યારે તેમાંથી દહીં બની જતું હોય છે. દૂધ કારણ છે અને દહીં તેનું કાર્ય છે. જ્યારે દૂધમાંથી દહીં બને છે ત્યારે તેના ગુણધર્મ બદલાઈ જાય છે. અર્થાત્ તેમાં વિકાર ઉત્પન્ન થાય છે. તેનો સ્વાદ ખાટો થઈ જાય છે, તે ઘટ્ટ બની જાય છે. ઉપરાંત દહીં પાછું મૂળ રૂપમાં આવી શકતું નથી. દહીંમાંથી પાછું દૂધ બની શકે નહીં. આવા પરિણામને **'વિકૃત પરિણામ'** કહેવામાં આવે છે.

(બ) અવિકૃત પરિણામ :

ઉપરોક્ત ઉદાહરણથી વિપરિત એક બીજી સ્થિતિ પણ સંભવી શકે છે. સોનામાંથી જ્યારે ઘરેણાં બનાવવામાં આવે ત્યારે ઘરેણાંનું સ્વરૂપ જુદું હોવા છતાં તેના મૂળ તત્ત્વ (સોના)માં કોઈ ફેરફાર થતો નથી. અર્થાત્ વિકૃતિ આવતી નથી. ઘરેણાંને જ્યારે ગાળવામાં આવે ત્યારે તે પોતાના મૂળ સ્વરૂપ સોનામાં પરિવર્તિત થઈ જાય છે. આ પ્રકારના પરિણામને **'અવિકૃત પરિણામ'** કહેવામાં આવે છે. અહીં કારણ (સોનું) કાર્ય (ઘરેણાં) રૂપે પરિણમે છતાં મૂળ તાત્ત્વિક સ્વરૂપમાં કોઈ ફેરફાર કે વિકૃતિ થતી નથી અને તે કાર્ય પુનઃ કારણના મૂળ સ્વરૂપમાં આવી શકે છે.

જગતબ્રહ્મનું અવિકૃત પરિણામ છે :

શ્રી વલ્લભાચાર્યજીના મતે બ્રહ્મ જગતનું ઉપાદાન તેમ જ નિમિત્ત કારણ છે. જગતના નિર્માણમાં બ્રહ્મ સિવાય બીજું કોઈ પણ તત્ત્વ

ભાગ ભજવતું નથી. બ્રહ્મ પોતે જ જગતનું નિર્માણ કરે છે, અર્થાત્ બ્રહ્મ જ નિમિત્ત કારણ (Effcient Cause) છે અને પોતાનામાંથી જ જગતનું નિર્માણ કર્યું છે માટે પોતે જ કારણ (Material Cause) પણ છે. એટલે કે બ્રહ્મ જ પોતે જગતરૂપ બન્યા છે, અથવા પરિણમ્યા છે. જેમ ઘરેણાંમાં પરિવર્તિત થવા છતાં તેમાં સોનાનું તત્ત્વ અકબંધ રહે છે, તેમ બ્રહ્મ જગતરૂપમાં પરિણમતા હોવા છતાં બ્રહ્મ પોતે બ્રહ્મ જ રહે છે. જેમ ઘરેણાંને ગાળવાથી પાછું તે સોનામાં પરિણમિત થઈ જાય છે, તેમ જગતનો પ્રલય થતાં તે પાછું બ્રહ્મરૂપ બની જાય છે. આમ, શ્રી વલ્લભાચાર્યજીના મતે બ્રહ્મજગતનું અભિન્ન નિમિત્તોપાદાન કારણ છે, માટે જગત એ બ્રહ્મનું 'અવિકૃત પરિણામ છે.'

અભાવ, આવિર્ભાવ, તિરોભાવ :

અભાવ : 'ભાવ' એટલે કોઈ વસ્તુનું હોવું, અસ્તિત્વ કે હયાતી. જ્યારે આપણે કહીએ કે 'અહીં ઘડો છે' આમ કહેવાથી ઘડાનું અસ્તિત્વ છે એવો 'ભાવ' સૂચિત થાય છે. તેની હયાતીનું આપણને ભાન થાય છે, પરંતુ જ્યારે કોઈ વસ્તુ અહીં નથી, તે ન હોવાને, અસત્તાને કે અનસ્તિત્વને **'અભાવ'** કહેવાય છે. જેમ આપણે કહીએ કે 'ઘડો નષ્ટ થઈ ગયો'. અર્થાત્ ઘડાનો અભાવ છે એવો અર્થ નીકળે છે.

ન્યાયમત પ્રમાણે અભાવ ચાર પ્રકારના હોય છે (૧) **અત્યંતાભાવ**, (૨) **પ્રાગભાવ**, (૩) **પ્રધ્વંસાભાવ** (૪) **અન્યોન્યાભાવ.**

જ્યારે કોઈ વસ્તુના અસ્તિત્વને તેના સ્થળને અનુલક્ષીને નકારવામાં આવે, જેમ કે 'આ ઓરડામાં ઘડો નથી.' તેને **'અત્યન્તા ભાવ'** કહેવાય. અહીં ઓરડામાં એટલે કે કોઈ સ્થળમાં ઘડાનો અભાવ બતાવવામાં આવ્યો છે.

જ્યાં સુધી કોઈ વસ્તુ ઉત્પન્ન ન થાય ત્યાં સુધી તેનો અભાવ છે તેમ કહેવાય. આમ, વસ્તુની ઉત્પત્તિ પૂર્વેની સ્થિતિને **'પ્રાગભાવ'** કહેવાય છે. જેમ કે બીજ વાવ્યું હોય પરંતુ તેમાંથી વૃક્ષ ન ઊગે તે પહેલાંની સ્થિતિને વૃક્ષનો 'પ્રાગભાવ' કહેવામાં આવે છે.

વસ્તુનો નાશ થયા પછીની સ્થિતિને એટલે કે પ્રધ્વંસ થયા પછીની સ્થિતિને **'પ્રધ્વંસાભાવ'** કહેવાય છે. આમ, પ્રાગભાવ એટલે ઉત્પત્તિ પહેલાંનો અભાવ અને પ્રધ્વંસાભાવ એટલે નાશ થયા પછીનો અભાવ. આ બન્ને સમયના (કાલ)ના સંદર્ભમાં અભાવ છે.

એ જ પ્રમાણે એક વસ્તુમાં બીજી વસ્તુનું અસ્તિત્વ હોતું નથી જેમ કે ઘડો એ વૃક્ષ નથી. ઘડો એ ઘડો જ છે. અને વૃક્ષ એ વૃક્ષ જ છે. પ્રત્યેક વસ્તુનું એક નિશ્ચિત સ્વરૂપ હોય છે. એક વસ્તુનું સ્વરૂપ બીજી વસ્તુનું હોતું નથી. આમ, એક વસ્તુમાં બીજી વસ્તુનું અસ્તિત્વ ન હોવું કે 'અભાવ' હોવો તેને **'અન્યોન્યાભાવ'** કહેવામાં આવે છે.

ન્યાયમત અભાવ દ્વારા જ સમગ્ર જગતનું નિરૂપણ કરે છે. જેમ કે જ્યારે જગત ઉત્પન્ન થયું ન હતું ત્યારે જગતનો 'પ્રાગભાવ' હતો. જ્યારે પ્રલય થશે અને જગતનું અસ્તિત્વ નહીં રહે ત્યારે તે સંદર્ભમાં તેનો 'અત્યંતા ભાવ' થઈ જશે અને સ્થળના સંદર્ભમાં 'પ્રધ્વંસાભાવ' થઈ જશે. તેઓના મતે જગત એ બ્રહ્મ નથી અને બ્રહ્મ એ જગત નથી. આમ, જગત અને બ્રહ્મ વચ્ચે પરસ્પર અન્યોન્યાભાવ છે.

આવિર્ભાવ-તિરોભાવ

શ્રી વલ્લભાચાર્યજી ઉપરોક્ત અભાવના સિદ્ધાંતને સ્વીકારતાં નથી. કારણ કે જે વસ્તુ સત્ય છે તેનો કદી નાશ સંભવી શકે નહીં. તેમના મતે જગત બ્રહ્મમાંથી ઉત્પન્ન થયેલ હોઈ, જગત પણ સત્ય છે. તેનો કદી નાશ સંભવે નહીં. એટલે જગત અથવા જાગતિક પદાર્થોનો 'અભાવ' સંભવ નથી. તેનું અસ્તિત્વ સદાકાલ પર્યંત જ હોઈ શકે. પરંતુ ઉત્પત્તિ પહેલાં જગત ન હતું કે પ્રલય પછી જગત સ્વરૂપ રહેતું નથી એવો અનુભવ થાય છે. આ પરિસ્થિતિને

સમજાવવા શ્રી વલ્લભાચાર્યજીએ **'આવિર્ભાવ'** અને **'તિરોભાવ'**નો સિદ્ધાંત આપ્યો છે. 'આવિર્ભાવ' એટલે પ્રગટ થવું અને 'તિરોભાવ' એટલે છુપાઈ જવું કે અંતર્ધ્યાન થઈ જવું. 'આવિર્ભાવ'માં નથી નવેસરથી ઉત્પન્ન થવાની સ્થિતિ કે 'તિરોભાવ'માં નથી નષ્ટ થઈ જવાની સ્થિતિ. આમ 'અભાવ' અને 'તિરોભાવ'માં તફાવત છે, જે સમજવો જરૂરી છે. 'અભાવ'નો અર્થ વસ્તુનું અસ્તિત્વ સદંતર ન રહેવું અને 'તિરોભાવ'માં વસ્તુનું અસ્તિત્વ ખતમ થઈ જતું નથી, પરંતુ 'અપ્રગટ' સ્થિતિમાં આવે છે. અસ્તિત્વ ધરાવતી વસ્તુ જો પોતાના 'કાર્ય'ને પ્રગટ ન કરતી હોય અથવા તે વસ્તુ વિદ્યમાન હોવા છતાં તેનો અનુભવ ન કરી શકાતો હોય તો તેને તે વસ્તુનો 'તિરોભાવ' થયો છે એમ કહેવાય. પુનઃ જ્યારે તે વસ્તુ પ્રગટ થાય અથવા તેને અનુભવાય ત્યારે તેનો 'આવિર્ભાવ' થયો તેમ કહેવાય.

આ પ્રક્રિયાને પાણી અને વરાળના ઉદાહરણથી સમજી શકાય. પાણીને જ્યારે ગરમ કરતાં તે વરાળના રૂપમાં ઊડી જાય ત્યારે ન્યાય મત પ્રમાણે તેને પાણીનો 'અભાવ' કહેવાય. પરંતુ શ્રી વલ્લભાચાર્યજીના મતે તે પરિસ્થિતિને પાણીનો 'તિરોભાવ' થયો તેમ કહેવાય. કારણ કે અહીં પાણીનો સદંતર નાશ થતો નથી, કેવળ રૂપાંતર થાય છે. જો તે વરાળને એકઠી કરી તેને ઠંડી કરવામાં આવે તો તે પાણીના રૂપમાં પુનઃ આવી શકે છે. અહીં પાણીની નવીન ઉત્પત્તિ નથી, પરંતુ પાણીનો 'આવિર્ભાવ' થયો તેમ કહેવાય. એ જ પ્રમાણે બ્રહ્મમાંથી જગતની ઉત્પત્તિ એ જગતનો આવિર્ભાવ છે અને પ્રલય સમયે જ્યારે જગતનો લય થાય ત્યારે જગત નષ્ટ થઈ જતું નથી, પરંતુ તેનો 'તિરોભાવ' થાય છે. આમ, જગતનું અસ્તિત્વ બ્રહ્મમાં પૂર્વથી જ છે. બ્રહ્મમાંથી તે ઉત્પન્ન થતું નથી. તે પ્રગટ થાય છે. અથવા તેનો આવિર્ભાવ થાય છે. તદ્નુસાર જગતના લયની સ્થિતિ તે તેના અપ્રગટ થઈ જવાની અથવા તિરોભાવની છે.

ન્યાયમત પ્રમાણેના ઉપરોક્ત ચાર પ્રકારના અભાવ (અર્થાત્

અત્યંતાભાવ, પ્રાગભાગ, પ્રધ્વંસાભાવ અને અન્યોન્યાભાવ)નું નિરાકરણ પણ શ્રી વલ્લભાચાર્યજી આ પ્રમાણે કરે છે.

'ઓરડામાં ઘડો નથી' એ વાક્યમાં ઓરડામાં ઘડાનું અસ્તિત્વ ન હોવું એવા 'અત્યન્તાભાવ'ને બદલે એમ કહેવાય કે ઓરડામાં ઘડો 'તિરોહિત' છે. જગતના સંદર્ભમાં જગત એ બ્રહ્મનું પરિણામ હોઈ તે બ્રહ્મની માફક 'સત્' છે. સત્ એટલે જેનો કદી અભાવ ન થતો હોય અથવા નાશ ન થતો હોય. બ્રહ્મ જગતરૂપે બન્યું હોવાથી જગતની પ્રત્યેક વસ્તુ બ્રહ્માત્મક છે, એટલે તેનો નાશ કે અભાવ સંભવ નથી. આમ, જગત જ્યારે અપ્રગટ હોય ત્યારે તેનો વાસ્તવમાં અભાવ નથી, પરંતુ તે 'તિરોહિત' છે તેમ માનવું જોઈએ. તે જ મુજબ અસ્તિત્વમાં આવ્યા પૂર્વે કે પ્રલય પછીની સ્થિતિમાં જગતનો 'પ્રાગભાવ' કે 'પ્રધ્વંસાભાવ' નથી, પરંતુ ઉપર કહ્યું તેમ 'આવિર્ભાવ' અને 'તિરોભાવ'ની પ્રક્રિયા જ છે. ઉપર ઉદાહરણ આપ્યું તેમ પાણીમાંથી વરાળ ઉત્પન્ન થઈ તે તેનો 'પ્રાગભાવ' ન હતો. વરાળનું પાણીમાં અસ્તિત્વ હતું જ પરંતુ તે તિરોહિત અવસ્થામાં હતું. તે જ પ્રમાણે જગતનું અસ્તિત્વ બ્રહ્મમાં હોય જ છે. માટે જગતનો 'પ્રાગભાવ' હોતો નથી. તદનુસાર 'પ્રધ્વંસાભાવ' જેવી પણ કોઈ ચીજ હોતી નથી. જેમ વરાળ ઠંડી થાય ત્યારે તે પુનઃ પાણીના સ્વરૂપે આવી જાય છે. આમ, પાણીમાંથી વરાળ બનતાં પાણીનો 'અભાવ' અથવા 'પ્રધ્વંસ'ની સ્થિતિ નથી બનતી, પરંતુ 'તિરોધાન'ની પ્રક્રિયા થાય છે. તે પ્રમાણે બ્રહ્મ જ્યારે લીલાને સંકેલી લેવાની ઈચ્છા કરે ત્યારે જગત પુનઃ બ્રહ્મરૂપ બની જાય છે, જગતનું અસ્તિત્વ ખતમ થઈ જતું નથી. જગતમાં પ્રત્યેક વસ્તુનું એકબીજાથી સ્વતંત્ર અસ્તિત્વ દેખાય છે તેને ન્યાયમત 'અન્યોન્યાભાવ' માને છે. પરંતુ ઉપનિષદમાં કહેવાયું છે કે બ્રહ્મ જ્યારે સૃષ્ટિનું સર્જન કરે છે ત્યારે 'હું અનેકરૂપે થઈ જાઉં'' **(એકોહં બહુસ્યામ્)** એવા સંકલ્પ દ્વારા તે સર્વ રૂપો ધારણ કરે છે. જેમ એક અભિનેતા અલગ અલગ કાર્યો માટે જુદાં

જુદાં રૂપ ધારણ કરે છે, તેમ બ્રહ્મ પણ જ્યારે જે જે રૂપોને પ્રગટ કરવાની ઈચ્છા કરે છે ત્યારે તે તે રૂપો સિવાયનાં બીજાં બધાં રૂપોને છુપાવી દે છે. અર્થાત્ તિરોહિત કરે છે. આ જ કારણ છે કે જગતની વસ્તુમાત્ર બ્રહ્માત્મક હોવા છતાં પરસ્પર ભિન્ન જણાય છે. તેનાં કાર્યો એકબીજાથી ભિન્ન દેખાય છે.

આમ, ન્યાયમતે કરેલી અભાવની કલ્પના બ્રહ્મ અને જગતના સંબંધની બાબતમાં નિરાધાર સિદ્ધ થાય છે. શ્રી વલ્લભાચાર્યજીએ ન્યાયમતના અભાવના સિદ્ધાંતનો અસ્વીકાર કરી **'આવિર્ભાવ-તિરોભાવ'**ના શાસ્ત્રીય સિદ્ધાંતનો સ્વીકાર કર્યો છે. તે જ મુજબ ઉત્પત્તિ અને વિનાશના સિદ્ધાંતનો પણ અસ્વીકાર આવિર્ભાવ તિરોભાવના સિદ્ધાંતને આધારે જ કરે છે. ન્યાયમત અસત્યકાર્યવાદને સ્વીકારતું હોઈ તેઓ ઉત્પત્તિ નાશના સિદ્ધાંતમાં માને છે. જ્યારે શ્રી વલ્લભાચાર્યજી એ સત્કાર્યવાદનો સ્વીકાર કરતા હોઈ 'આવિર્ભાવ-તિરોભાવ'ના સિદ્ધાંતના આધારે બ્રહ્મ જગતના સંબંધને સમજાવે છે.

* * *

૯

આચાર્યો અને તેમની વિચારધારાઓ

(Acharyas and their School of Thoughts)

વૈદિક કાળમાં ત્રણ પ્રકારનું સાહિત્ય જોવા મળે છે.

૧) 'વૈદિક મંત્રો' કે જે ભિન્ન ભિન્ન સંહિતાઓમાં સંકલિત છે.

૨) જેમાં વૈદિક કર્મકાંડનું વિવેચન છે એવા 'બ્રાહ્મણ ગ્રંથો' અને

૩) અંતમાં જેમાં દાર્શનિક વિવેચન જોવા મળે છે તેવા 'ઉપનિષદ ગ્રંથો'

આ ત્રણેયને જ વ્યાપક અર્થમાં **'શ્રુતિ'** અથવા **'વેદ'** તરીકે ઓળખવામાં આવે છે. ઉપનિષદ એ વૈદિક યુગનું અંતિમ સાહિત્ય છે. તેથી તેને **'વેદાંત'** પણ કહેવાય છે. વેદનો અંતિમ ભાગ અથવા વેદનો નિચોડ-સાર એ રૂપમાં પણ 'વેદાંત' શબ્દની યથાર્થતા છે.

'વેદાંત' એ ભારતીય ચિંતનની આધારશીલા છે. વેદાંત દર્શનના વ્યાપક વિચારોને લીધે જ પાશ્ચાત્ય તત્ત્વેત્તાઓ પણ તેના પ્રતિ બહુમાનની દૃષ્ટિથી જોતા આવ્યા છે. શોપનહૉવર, મેક્સમૂલર, ડોયસન વગેરે પશ્ચિમના વિદ્વાનો આ દર્શનના ઊંડા સત્યને આવકારે છે. તે બતાવી આપે છે કે વેદાંત દર્શનના સિદ્ધાંતો એકદેશીય જ નથી, પરંતુ સર્વદેશીય અથવા વ્યાપક છે.

વેદ, ઉપરાંત બાદરાયણ વ્યાસ રચિત વેદાંત સૂત્રો જે 'બ્રહ્મસૂત્રો'ના નામથી પ્રસિદ્ધ છે, તેમજ 'મહાભારત' દરમિયાન ભગવાન શ્રીકૃષ્ણે અર્જુનને ઉપદેશેલી 'ભગવદ્ગીતા' એ ત્રણેય શાંકર દર્શનમાં **'પ્રસ્થાનત્રયી'** તરીકે પ્રસિદ્ધ છે. આ ત્રણેય શાસ્ત્રોના આધારે ભારતમાં પ્રાદર્ભૂત આચાર્યોએ પોતપોતાની દાર્શનિક વિચારધારાઓ પ્રતિપાદિત કરી છે.

ભારતીય પરંપરામાં મુખ્યત્વે નીચે મુજબના આચાર્યો થઈ ગયા જેમણે બ્રહ્મ-જીવ-જગત વિશેનું વિશિષ્ટ દર્શન પ્રગટ કર્યું છે.

૧. **શ્રી શંકરાચાર્ય** ઈ.સ. ૭૮૮-૮૨૦ **કેવલાદ્વૈતવાદ - માયાવાદ**

૨. **શ્રી રામાનુજાચાર્ય** ઈ.સ. ૧૦૧૭-૧૧૩૭ **વિશિષ્ટાદ્વૈતવાદ**

૩. **શ્રી મધ્વાચાર્ય**	ઈ.સ. ૧૨૮૯-૧૨૭૮	**દ્વૈતવાદ**
૪. **શ્રી નિમ્બાકાચાર્ય**	ઈ.સ. ૧૩૦૦	**દ્વૈતાદ્વૈતવાદ**
૫. **શ્રી વલ્લભાચાર્ય**	ઈ.સ. ૧૪૭૯-૧૫૩૧	**શુદ્ધાદ્વૈતવાદ**

ઉપરોક્ત પાંચ આચાર્યો સિવાય **શ્રી ભાસ્કરાચાર્યે** 'ઔપાધિક ભેદાભેદવાદ', **વિજ્ઞાનભિક્ષુએ** 'અવિભાગાદ્વૈતવાદ', **કંઠાચાર્યે** 'શક્તિ-વિશિષ્ટ અદ્વૈતવાદ', 'કશ્મીરનો 'શૈવવાદ', તેમજ સહજાનંદસ્વામીના સ્વામીનારાયણ પંથે પણ પોતપોતાની આગવી દાર્શનિક વિચારધારાઓ પ્રગટ કરી છે.

૧) શંકરાચાર્ય :

પ્રાપ્ત થતી વેદાંત પરંપરામાં પ્રાચીન મત શ્રી શંકરાચાર્યનો હોવાનું કહેવાય છે. તેઓ ભગવાન શંકરનો અવતાર મનાય છે. તેમનો જન્મ દક્ષિણ ભારતના કેરાલા પ્રદેશના કાલડી ગામમાં વૈશાખ શુક્લ પાંચમના રોજ થયો હતો. માતા-પિતાનાં નામ આર્યમ્બા અને શિવગુરૂ હતાં. તેઓ ખૂબ તેજસ્વી હોઈ આઠ વર્ષે ચારે વેદ અને બાર વર્ષે સર્વશાસ્ત્રમાં નિષ્ણાત થયા. તેમણે સોળમે વર્ષે બ્રહ્મસૂત્ર પર ભાષ્યની રચના કરી હતી. બીજાં સોળ વર્ષ દરમિયાન તેમણે પોતાના મત-પ્રસાર હેતુ ભારતની ચાર દિશામાં ચાર શિષ્ય મઠ (બદ્રીકાશ્રમ, જગન્નાથપુરી, શૃંગેરી, દ્વારકા) અને વચમાં ગુરૂમઠની કાંચીમાં સ્થાપના કરી હતી અને તેના દ્વારા ધર્મ સંસ્કૃતિના વિકાસમાં યોગદાન આપ્યું છે. બત્રીસ વર્ષની યુવા વયે જ તેમણે ભૂતલ ઉપરથી વિદાય લીધી હતી.

વેદાંત શાસ્ત્રની ભૂમિકા **'પ્રસ્થાનત્રયી'** - (૧) શ્રુતિપ્રસ્થાન (ઉપનિષદો) (૨) સ્મૃતિપ્રસ્થાન (ગીતા અને મહાભારતનાં પ્રકરણો અને (૩) ન્યાય પ્રસ્થાન (બાદરાયણ મુનિનાં બ્રહ્મસૂત્રો) ઉપર રચાયેલી છે. જે માર્ગે વટેમાર્ગુ જાય તો લૂંટાય નહીં અથવા ભયમાં આવી પડે નહીં તેવા રાજમાર્ગને 'પ્રસ્થાન' કહેવાય છે. પરંપરા વડે જે માર્ગે મનુષ્ય વિહાર કરે તે 'પ્રસ્થાન'.

ઉપરોક્ત ત્રણેય પ્રસ્થાનોની એકવાક્યતા કરી બતાવે તેને 'આચાર્ય' કહેવાય. શ્રી શંકરાચાર્યે 'ભાષ્ય'ની રચના કરી પોતાનો **'કેવલાદ્વૈતવાદ'** પ્રતિપાદિત કર્યો છે. તે જોકે શ્રૌત અર્થાત્ શ્રુતિના વાક્યાર્થ પર અવલંબ છે, તો પણ, તેની કસોટી તર્ક અને અનુભવથી કરી શકાય છે. આ કારણથી શાંકરદર્શન સર્વદેશીય અને સર્વકાલમાં અબાધિત રહેલું છે. શંકરાચાર્ય ભારતવર્ષની સમગ્ર સંસ્કૃતિ પર પોતાનો વિશિષ્ટ પ્રભાવ પાડનાર એક પ્રકાંડ વિદ્વાન અને યુગપ્રવર્તક અભૂતપૂર્વ વ્યક્તિ હતાં. તેમનું જીવન પવિત્ર, પ્રતિભાશાળી અને લોકોત્તર હતું. ભારતવર્ષમાં 'અદ્વૈત ભાવના' એ સનાતન છે જેને નિયમબદ્ધ પ્રણાલિકાનું સ્વરૂપ આપી તે જ્ઞાનનો પ્રચાર અને પ્રસાર અનેક ગ્રંથોરૂપે તથા મઠો અને શિષ્યો દ્વારા કરનાર આદ્ય શંકરાચાર્ય હતા.

કેવલાદ્વૈતવાદ : (Monism)

બ્રહ્મ : શ્રી શંકરાચાર્યના મતે પરમસત્તાતત્ત્વ (Ultimate Reality) એક અને અદ્વિતીય છે. તેઓ એકતત્ત્વવાદી (Monistic) છે. પરંતુ તેઓ બ્રહ્મ સિવાય કોઈ અન્ય પરમતત્ત્વને સ્વીકારતાં નહીં હોઈ તેમને અદ્વૈતવાદી (Non-Dualistic) કહેવાય છે. જે પરમ તત્ત્વનો તેઓ સ્વીકાર કરે છે તેને 'બ્રહ્મ' નામ આપે છે. આ બધું 'બ્રહ્મજ' છે. **'સર્વમ્ ખલ્વિદં બ્રહ્મ.'**

દિક્, કાલ અને કાર્ય કારણના નિયમવાળું જે ભૌતિક જગત છે તેની પાછળ રહેલું નિત્ય, નિર્વિકાર, સ્વયંભૂ અને સ્વતંત્ર આ તત્ત્વ છે તે બ્રહ્મ છે. એવા ઉપનિષદના સિદ્ધાંતનું શ્રી શંકરાચાર્ય પ્રતિપાદન કરે છે. તેમના મતે પરબ્રહ્મ એ અવ્યય અને અવિકારી સ્વતંત્ર સત્ તત્ત્વ છે. 'સત્ય, જ્ઞાન અને અનંત', એ બ્રહ્મનાં સ્વરૂપ લક્ષણો છે, વિશેષણો નથી.

શ્રી શંકરાચાર્યના મતે બ્રહ્મ વિશ્વમાં અનુસ્યુત (Immanent) પણ છે અને વિશ્વથી પર (Transcendent) પણ છે. વિશ્વ રૂપે તે (બ્રહ્મ) અનેક ગુણોથી સંપન્ન છે. પરંતુ વિશ્વાતીત રૂપે તે અનિર્વચનીય અને નિર્ગુણ રૂપ છે. નિર્ગુણ બ્રહ્મ એ સગુણ બ્રહ્મનું પારમાર્થિક રૂપ છે. દૃષ્ટિભેદને લઈને તે આ બે નામ વડે ઓળખાય છે. નિર્ગુણ બ્રહ્મ જ વાસ્તવિક પારમાર્થિક સત્તા (Ultimate Reality) છે, પરંતુ વ્યવહારમાં ઉપાસના નિમિત્તે સગુણ ઈશ્વરની કલ્પના કરવામાં આવી છે. તત્ત્વ એક જ છે અને આ એક જ તત્ત્વ સુધી પહોંચવા માટે જ્ઞાનમંદિરમાં ચઢવા માટે જુદાં જુદાં પગથિયાં છે. અંતિમ લક્ષ્ય તો **'નિર્ગુણ બ્રહ્મ'** જ છે. ભક્તિ સહિત શુદ્ધ જ્ઞાન વડે જ તે પ્રાપ્ત થઈ શકે છે.

જીવાત્મા : શંકરાચાર્ય જીવ અને આત્મા વિશે માને છે કે આત્માની સત્તા પરમાર્થિક (Universal) છે, જ્યારે જીવની સત્તા (Empirical or

Phenomenal existance) છે. આત્મા સાક્ષી, દૃષ્ટા, સચ્ચિદાનંદ સ્વરૂપ, દેહ-ઈન્દ્રિય-મન-બુદ્ધિથી ભિન્ન અને નિર્વિકાર છે. ચિત્ અને આનંદ એ આત્માનું સ્વરૂપ છે. આત્મા એ જ પરમાત્મા છે. આત્મા જ્યારે શરીર, મન, ઈન્દ્રિય આદિ ઉપાધિઓથી ઘેરાયેલો હોય છે ત્યારે તે 'જીવ' બની જાય છે. આત્મા તત્ત્વતઃ એક જ છે. જ્યારે જીવ તો શરીર ભેદે ભિન્ન ભિન્ન અને અનેક છે. જીવની મુખ્ય ઉપાધિ અવિદ્યા છે, જે ઈશ્વરની ઉપાધિરૂપ માયાનો જીવાત્માને ભાગે આવેલો અંશ છે. માયાના પરિણામ સ્વરૂપ સ્થૂળ તેમજ સૂક્ષ્મ શરીર સહિત આત્માને જ 'જીવ' કહેવામાં આવે છે. જ્યારે દિવ્ય જ્ઞાન દ્વારા જીવાત્માની અવિદ્યા-અજ્ઞાનનો નાશ થાય છે ત્યારે બ્રહ્મરૂપ-આત્મા સ્વરૂપની સ્થિતિ ધારણ કરે છે. તેને **'અહં બ્રહ્માસ્મિ'**નો અનુભવ થાય છે. છાંદોગ્ય ઉપનિષદનું પદ **'તત્ત્વમસિ'**નું અર્થઘટન શ્રી શંકરાચાર્યના મતે તે અર્થાત્ 'બ્રહ્મ તું જ છે' તેવો થાય છે.

જગત : શંકરાચાર્યના મતે 'જગત' એટલે દૃશ્ય પદાર્થોનો સમુદાય, ઈન્દ્રિયો વડે જેનો અનુભવ થાય છે તે. વિવિધતાવાળું સ્થળ-કાલ અને કાર્યકારણના નિયમની મર્યાદાવાળું પાર્થિવ જગત અપૂર્ણ અને આભાસરૂપ છે. પાર્થિવ જગતની વસ્તુ સદાકાળ ટકતી નથી. તે પ્રતિક્ષણ નાશપાત્ર છે અને એ અર્થમાં જગત અસત્ અને અનિત્ય છે. માટે શ્રી શંકરાચાર્ય જગતને એ અર્થમાં માયા અને મિથ્યા માને છે. **'બ્રહ્મસત્યં જગન્મિથ્યા'** એ એમનું સૂત્ર છે. તેમના મતે પરમાત્મા નિર્વિકલ્પ નિર્વિકાર છે, જ્યારે જગત વિકારધર્મવાળુ, સાપેક્ષ ભાવવાળુ (Realtively Real) છે. પરમાત્મા અનાદિ અનંત છે, જ્યારે જગત ઉત્પત્તિ-વિનાશ ધર્મવાળું છે. જે વસ્તુ 'ત્રિકાલાબાધિત' (ભૂત-ભવિષ્ય અને વર્તમાન એમ ત્રણે કાળમાં એક સમાન રહે તે) હોય તે 'સત્' કે 'સત્ય' કહેવાય. જે વસ્તુ વારંવાર બદલાયા કરે તે 'મિથ્યા'. જગત પરિવર્તનશીલ છે તે અર્થમાં જગત મિથ્યા છે તેમ કહેવાય. શ્રી શંકરાચાર્યના મતે બધું બ્રહ્મનું જ પરિણામ છે, પરંતુ વાસ્તવવિકાર થયા વિના અન્યથા પ્રતીત થવાના સ્વભાવથી બ્રહ્મ જ જગદરૂપ ભાસે છે. જગત-બ્રહ્મનો **'વિવર્ત'** એટલે કે ભ્રમ છે, તે વાસ્તવિક નથી. તેનું કારણ માયા છે. માટે શાંકર મતને **'કેવલાદ્વૈતવાદ'** અથવા **'માયાવાદ'** પણ કહેવાય છે. શંકરાચાર્ય 'વિવર્તવાદ'ને સમજાવવા

રજ્જુ અને સર્પનું ઉદાહરણ આપે છે. રાત્રીના અંધકારમાં જેમ રજ્જુને આપણે સર્પ માની બેસીએ છીએ તે આપણો ભ્રમ માત્ર છે, વાસ્તવિક નથી. અહીં અવાસ્તવિક જગતને પ્રત્યક્ષ થવા માયા માધ્યમરૂપ છે. માટે જ શંકરાચાર્યના મતને 'માયાવાદ' પણ કહેવામાં આવે છે.

શાંકરમતનો ટૂંક સારઃ

૧. શંકરાચાર્યના તત્ત્વદર્શનને **'કેવલાદ્વૈત'** અથવા **'માયાવાદ'** કહેવાય છે.

૨. 'બ્રહ્મ' નિર્ગુણ-નિધર્મક (Indeterminate) છે, પરંતુ માયાના કારણે સગુણ-સધર્મક (Determinate) ભાસે છે. નિર્ગુણ બ્રહ્મ મુખ્ય છે. સગુણ ગૌણ છે.

૩. 'અક્ષર બ્રહ્મ' બ્રહ્મનું સર્વોચ્ચ સ્વરૂપ છે.

૪. 'જ્ઞાન' બ્રહ્મનો મુખ્ય અંશ છે.

૫. 'માયા' ભ્રાંતિ છે અથવા 'અજ્ઞાન' છે જેના કારણે વિશ્વ 'બ્રહ્મરૂપ' ન જણાતા જગદ્રૂપ દેખાય છે. માયાના કારણે બ્રહ્મ જગતનું 'નિમિત્ત કારણ' જણાય છે.

૬. જગત સત્ય (Being) નથી- માયાના કારણે વ્યાવહારિક (Phenomenal) સત્ય દેખાય છે.

૭. જગત 'વિકાર' (Modification) પામે છે.

૮. આત્મા બ્રહ્મનો અંશ નથી, પરંતુ 'બ્રહ્મરૂપ' જ છે.

૯. 'જગત' અને 'સંસાર' બન્ને એક જ વસ્તુનાં નામ છે. બન્ને મિથ્યા છે.

૧૦. 'મોક્ષ' એટલે બ્રહ્મમાં લીન થઈ જવું. જ્ઞાન દ્વારા તે મેળવી શકાય છે.

૧૧. શાંકર મત 'વિવર્તવાદ (Theory of Illusion)માં માને છે.

૧૨. ભક્તિને જ્ઞાન અંતર્ગત તેમજ તેના સહાયક તરીકે માને છે.

૧૩. આત્મા નથી કર્તા કે નથી ભોક્તા, અવિદ્યાના કારણે તેમ જણાય છે.

શ્રી શંકરાચાર્યજીની રચનાઓમાં 'ઉપદેશસહસ્ત્રી' ઉપરાંત તેમણે રચેલા ભક્તિસ્તોત્રો, જેવા કે ચર્પટ પંજરિકા, દક્ષિણામૂર્તિસ્તોત્ર નર્મદાષ્ટક વગેરે પ્રસિદ્ધ છે.

૨) રામાનુજાચાર્ય :

વિશિષ્ટાદ્વૈત વિચારધારાના પ્રવર્તક મહાન ભક્ત અને ચિંતક રામાનુજાચાર્યનો જન્મ ઈ.સ. ૧૦૧૭માં થયો હતો. તેમના પિતાનું નામ કેશવ સોમયાજી અને માતાનું નામ કાંતિમતી હતું. તેઓ શેષનારાયણનો અવતાર ગણાય છે. યાદવપ્રકાશ નામના એક વેદાંતી પાસે તેમણે નાનપણમાં વિદ્યાભ્યાસ શરૂ કર્યો હતો. તેમની સાથે મતભેદ ઊભો થતાં તેમણે અભ્યાસ છોડી કાંચી જઈ વિદ્યાભ્યાસ આગળ વધાર્યો હતો.

રામાનુજને તેમની પત્ની (તન્જમ્મા) સાથે હંમેશા મતભેદ રહ્યા કરતો, કારણ કે તેમની આજ્ઞાની તેઓ અવજ્ઞા કરતાં હતાં. અંતે રામાનુજ સંન્યાસી બની 'યતિરાજ' નામે પ્રસિદ્ધ થયા. એમ કહેવાય છે કે તેમના ગુરૂએ રામાનુજને એવી આજ્ઞા કરેલી કે તેમણે આપેલો ઉપદેશ અન્ય કોઈને કહેવો નહીં, પરંતુ આ શરત તોડવા માટે ગુરૂના શાપથી ભલે કોઈ યાતના કયામત ભોગવવી પડે તો પણ આ સત્ય અન્ય જીવોને આપ્યા વિના પોતે નહીં રહે, તેવો નિશ્ચય કરી તેમણે ગુરૂનો ઉપદેશ જગતમાં પ્રગટ કર્યો. એકસોવીસ વર્ષનું દીર્ઘ આયુષ્ય ભોગવી ઈ.સ. ૧૧૩૭માં તેમણે દેહ છોડ્યો.

તેમની રચનાઓમાં (૧) વેદાર્થ સંગ્રહ, જેમાં તેઓ ઉપનિષદોના અદ્વૈતવાદી અર્થનું ખંડન કરે છે, (૨) ગીતા ઉપરનું ભાષ્ય તથા (૩) વેદાંત સૂત્ર ઉપરનું તેમનું પ્રસિદ્ધ ભાષ્ય, જે 'શ્રીભાષ્ય' તરીકે ઓળખાય છે, અને જેમાં તેમણે પોતાનું તત્ત્વજ્ઞાન આલેખ્યું છે, તે ખૂબ પ્રસિદ્ધ છે. શ્રીભાષ્ય તેમની મહત્ત્વની કૃતિ છે, જે વૈષ્ણવ પંથને તત્ત્વજ્ઞાનનો પાયો પૂરો પાડે છે. તેઓ પ્રથમ વૈષ્ણવાચાર્ય હતા અને ભક્તિના પ્રથમ પ્રવર્તક હતા.

'વિશિષ્ટાદ્વૈતવાદ' (Qualified Non-Dualism)

રામાનુજાચાર્ય વિશિષ્ટાદ્વૈતવાદના પ્રતિપાદક હતાં. તેમના મત અનુસાર ચેતન જીવ અને જડ જગત બન્ને બ્રહ્માંથી જ ઉત્પન્ન થયેલા છે. બ્રહ્મ એમનું નિમિત્ત તેમજ ઉપાદાન કારણ પણ છે. પરંતુ બ્રહ્મના વિના જીવ-જગતનું અસ્તિત્વ સંભવતું ન હોઈ એક માત્ર બ્રહ્મ જ અદ્વૈત તત્ત્વ છે. જીવ અને જડ જગત બ્રહ્મમાંથી ઉત્પન્ન થયા હોવા છતાં અ-સત્ નથી, બન્ને ઈશ્વરના શરીર જેવાં છે, અર્થાત્ જેમ શરીર અને આત્મા એક નથી (ભિન્ન છે) તેમ જીવ-જગત પણ બ્રહ્મથી અલગ છે - તે બ્રહ્મરૂપ બની શકતા નથી. આમ, બ્રહ્મનું અદ્વૈત સ્વરૂપ જીવ અને જડ જગતના દ્વૈતરૂપથી વિશિષ્ટ છે. માટે રામાનુજાચાર્યના સિદ્ધાંતને 'વિશિષ્ટાદ્વૈત' કહેવાય છે. બીજી રીતે કહીએ તો પરબ્રહ્મ, ચિત્ અને અચિત (જડ) એ ત્રણે મૂળતત્ત્વો છે. ચિત્ (જીવ) અને અચિત્ (જડ-દૃશ્ય) એ બન્ને બ્રહ્મનાં વિશેષણો છે, બ્રહ્મ વિશેષ્ય છે.

રામાનુજાચાર્યના સિદ્ધાંતનો સાર

૧) 'પરબ્રહ્મ'એ સૃષ્ટિનું ઉપાદાન અને નિમિત્ત કારણ છે.

૨) ચેતન જીવો (ચિત્) અને જડ પદાર્થો (અચિત્) તે બ્રહ્મના શરીરરૂપ છે, અને તે રીતે ભિન્ન છે. એ બન્ને વચ્ચે શરીર અને શરીરી જેવો ભાવ સંબંધ છે. (વિશેષ અને વિશેષ્યભાવ).

૩) 'બ્રહ્મ' સગુણ તેમજ નિર્ગુણ બન્ને છે.

૪) 'જીવાત્મા' એ વસ્તુતઃ પરમાત્મા જ છે એમ નહીં, પરંતુ પરમાત્માનો તે 'અંશ' છે, તે પરમાત્માની વિભૂતિ, પ્રકાર અથવા વિશેષણ છે.

૫) જીવાત્માનું પરિમાણ 'અણુ' છે, અને તે સુખ, દુઃખ, કર્મ વગેરેના ભેદ પ્રમાણે અનેક છે.

૬) જગત બ્રહ્મનું અંગ (Part) નહીં, પરંતુ બ્રહ્મનો ગુણ (Attribute) છે.

૭) કર્મ અને (આત્માનું) જ્ઞાન એ બે મળીને 'ભક્તિ' ઉપજાવે છે. ભક્તિ દ્વારા જ પરમાત્માને પ્રાપ્ત કરી શકાય છે.

૮) બ્રહ્મમાં દિવ્ય વિરોધાભાસી ગુણો અસ્તિત્વ ધરાવે છે.

૯) આત્માના ત્રણ પ્રકાર છે. (૧) અનાદિ, નિત્ય (Eternal) (૨) બદ્ધ (Bound) અને (૩) મુક્ત (Released or Liberated)

૧૦) તેઓ શબ્દ પ્રમાણ ઉપરાંત પ્રત્યક્ષ અને અનુમાનનો પણ પ્રમાણરૂપે સ્વીકાર કરે છે.

૩) મધ્વાચાર્ય

'દ્વૈતવાદ'ના પુરસ્કર્તા મધ્વાચાર્ય ઈ.સ.ની બારમી શતાબ્દીમાં થઈ ગયા. કર્ણાટકના ઉડુપી પાસેના (વેલ્લે) જગતપીઠ નામક ગામમાં તેમનો જન્મ

થયેલો. તેમના પિતાનું નામ નારાયણ અને માતાનું નામ વેદવતી હતું. નાનપણમાં તેઓ 'વાસુદેવ' નામથી ઓળખાતાં. તેમણે અચ્યુત પક્ષ્યાચાર્ય નામના ગુરૂ પાસે વેદાધ્યયન કર્યું હતું. પછી તેમણે સંન્યાસની દીક્ષા લઈ 'પૂર્ણપ્રજ્ઞ' નામ ધારણ કર્યું હતું. તેમના વેદાંત જ્ઞાનથી પ્રસન્ન થયેલ ગુરૂએ તેમને 'આનંદતીર્થ' નામ આપ્યું હતું, પરંતુ પાછળથી તેઓ 'મધ્વાચાર્ય' કહેવાવા લાગ્યા. તેઓ 'વાયુ'નો અવતાર મનાય છે.

'દ્વૈતવાદ' (Dualism)

મધ્વાચાર્ય સચ્ચિદાનંદ પરમાત્માને આ જગતનું મૂળ કારણ માને છે. તે અંતર્યામી રૂપે સર્વમાં રહે છે અને સુખોપભોગ કરે છે. તેમને દુઃખનો સ્પર્શ નથી. તેઓ જીવ અને જગતને પણ પ્રમેયરૂપ (knowable) બ્રહ્મથી અલગ માને છે. તેઓ શબ્દપ્રમાણ ઉપરાંત પ્રત્યક્ષ અને અનુમાન પ્રમાણનો પણ સ્વીકાર કરે છે.

મધ્વાચાર્ય પાંચ પ્રકારના ભેદ માને છે. (૧) જીવ-ઈશ્વર ભેદ, (૨) જડ-ઈશ્વર ભેદ, (૩) જીવ-જીવ-ભેદ, (૪) જીવ-જડ ભેદ, અને (૫) જડ-જડ-ભેદ. તેમના મતે પરમાત્મા સ્વતંત્ર છે, જીવ અસ્વતંત્ર છે, પરંતુ બન્ને નિત્ય છે.

મધ્વાચાર્ય બ્રહ્મના સગુણ સાકાર (Personal) સ્વરૂપનો સ્વીકાર કરે છે. તેમના મતે બ્રહ્મ જગતનું નિમિત્ત કારણ છે, પરંતુ ઉપાદાન કારણ પ્રકૃતિ છે. તેઓ 'અક્ષર'ને બ્રહ્મનું આધ્યાત્મિક રૂપ માનતા નથી. તેઓના મતે આત્મા અનેક છે, અને જ્ઞાતા પણ છે. તે કર્તા પણ છે અને ભોક્તા પણ છે.

આમ, મધ્વાચાર્ય વૈષ્ણવ ધર્મના પ્રતિપાદક હોવા છતાં અન્ય અદ્વૈતવાદી આચાર્યોથી પોતાના 'દ્વૈતવાદ'નો ભિન્ન મત ધરાવે છે.

૪) નિમ્બાર્કાચાર્ય :

નિમ્બાર્કાચાર્યનો જન્મ તેરમી શતાબ્દીમાં આંધ્રમાં ગોદાવરી નદીના કિનારે પૈઠણ ગામમાં થયેલો હતો. તેમનાં માતાપિતાના નામ અનુક્રમે સરસ્વતી અને જગન્નાથ હતાં. તેઓ સુદર્શન ચક્ર અથવા 'સૂર્ય'નો અવતાર હોવાનું મનાય છે. તેઓનું પૂર્વ નામ 'નિયમાનંદ' હતું. તેઓ વ્રજમંડળમાં ગોવર્ધન ગામમાં રહેતા હતા. એક સમયે કોઈ સંન્યાસીને તેમની સાથે ધર્મચર્ચા કરતાં સાંજ પડી તેથી તેણે ભોજન કરવાની ના કહી. આથી નિયમાનંદને બહુ દુઃખ થયું, ત્યારે એક અદ્ભુત ઘટના ઘટી. ત્યાં એક લીમડાનું વૃક્ષ હતું. તે સમયે તેની પાછળથી સૂર્યનો પ્રકાશ દેખાયો. આથી તે સંન્યાસીએ પ્રસન્ન થઈ તેમની પાસેથી ભિક્ષા ગ્રહણ કરી. લીમડાને સંસ્કૃતમાં 'નિંબ' કહેવાય. તેના ઉપરથી તે સંન્યાસીએ તેમને નિયમાનંદમાંથી 'નિમ્બાર્ક' બનાવ્યા. નિંબ એટલે લીમડો અને અર્ક એટલે સૂર્ય. આમ, તે 'નિમ્બાર્ક' કહેવાયા.

દ્વૈતાદ્વૈતવાદ (Duel - Non Dualism) અથવા ભેદાભેદવાદ :

નિમ્બાર્કાચાર્ય પહેલાં ભાસ્કરાચાર્ય થઈ ગયા. જેમણે પણ **ઔપાધિક ભેદાભેદ**ની વિચારધારા પ્રસ્થાપિત કરી છે. તે નિમ્બાર્કાચાર્યના દ્વૈતાદ્વૈતને મળતી આવે છે. ભાસ્કરાચાર્યના ઔપાધિક ભેદાભેદથી અલગ બતાવવા નિમ્બાર્કાચાર્યનો મત **'સ્વાભાવિક** (વાસ્તવ) **ભેદાભેદવાદ'** કહેવાય છે. હકીકતમાં ભાસ્કરાચાર્ય પ્રથમ આચાર્ય હતા જેમણે શંકરાચાર્યની માયા (Illusion) ના સિદ્ધાંતને પડકાર્યો હતો. નિમ્બાર્કાચાર્ય ભાસ્કરમતના 'ભેદાભેદ'ના દૃષ્ટિકોણને સ્વીકારે છે, પરંતુ તેમના અદ્વૈતને અસત્ (unreal) માનવાની બાબતથી તેઓ વિરૂદ્ધ છે.

વેદોમાં કેટલીક શ્રુતિઓ અદ્વૈત (અભેદ)નું પ્રતિપાદન કરે છે, જ્યારે કેટલીક (દ્વૈત) ભેદનું. આમાં અદ્વૈત અથવા અભેદ અને દ્વૈત અથવા ભેદ, તે બન્નેમાં 'મુખ્ય તાત્પર્ય' કે 'ગૌણ તાત્પર્ય' કયું છે, તે વિવાદ નિરર્થક છે. નિમ્બાર્કાચાર્યના મતે બ્રહ્મ સ્વાભાવિક ભેદાભેદવાળું છે. બ્રહ્મમાં ચેતન અને અચેતન એ બન્ને તત્ત્વોનો ભેદ સ્પષ્ટ છે. તેમાં જડના સ્થલત્વ વગેરે ધર્મો નિહિત છે તો ચેતનના અણુત્વ વગેરે ધર્મો પણ અસ્તિત્વ ધરાવે છે. આમ, બ્રહ્મ બન્નેમાં અન્વિત છે, આત્મારૂપ છે, સર્વ નિયામક છે, સર્વ વ્યાપક છે, સર્વનો આધાર છે. આ પ્રમાણે તેનો ભેદ સ્પષ્ટરૂપે દેખાવા છતાં અભેદ પણ છે. જેમ વૃક્ષમાં ડાળી, પાન, ફૂલ ફળ વગેરે જુદાં છે તે ભેદ છે, પરંતુ તે બધાં જ એક જ વૃક્ષના આધારે છે, અને તેથી બધા જ 'વૃક્ષરૂપ' છે, આમ અભેદ છે. આ પ્રમાણે બ્રહ્મમાં ભેદ અને અભેદ બન્ને સ્વાભાવિક છે, તેવું પ્રતિપાદન નિમ્બાર્કાચાર્યે કર્યું છે. દ્વૈત અને અદ્વૈત બન્ને તેમાં સમાવિષ્ટ છે માટે તેઓ તેને **'દ્વૈતાદ્વૈત'** કહે છે.

૫) વલ્લભાચાર્યજી

શ્રી વલ્લભાચાર્યજીનું જીવન દર્શન અને તત્ત્વદર્શન આ પછીના પ્રકરણમાં અલગથી આપવામાં આવેલ છે.

◆

૧૦

શ્રી વલ્લભાચાર્યજી અને શુદ્ધાદ્વૈત તત્ત્વદર્શન

(Shri Vallabhacharyaji and his Philosophy)

શ્રી વલ્લભાચાર્યજીના સમયની દેશકાળ પરિસ્થિતિ

શ્રી વલ્લભાચાર્યજી સ્વયં તેમના સમયની દેશની પરિસ્થિતિનું વર્ણન કરતાં કૃષ્ણાશ્રય સ્તોત્રમાં લખે છે કે 'સમગ્ર દેશ મ્લેચ્છોના આક્રમણનો ભોગ બની ચૂક્યો હતો, તેના પરિણામે ખૂણે ખૂણે પાપાચાર વધી ગયો હતો. ગંગાજી જેવાં સર્વ તીર્થો ભ્રષ્ટ થઈ ચૂક્યાં હતાં, ઈશ્વર પ્રાપ્તિના બધા માર્ગો નાશ પામ્યા હતા, સત્યપુરૂષો પણ અહંકારી બની ગયા હતાં અને સૌ પ્રતિષ્ઠા અને લાભ માટે જીવતાં હતાં, વ્રત-જપ-ઈત્યાદિ વિધિઓ આચરવી મુશ્કેલ બની ગઈ હતી, પાખંડ પ્રચુર માત્રામાં વ્યાપ્ત હતો.' આવા ઘોર અંધકારમય વાતાવરણમાં શ્રી વલ્લભાચાર્યજી સ્વરૂપે નૂતન સૂર્ય ત્યારે અસ્તિત્વમાં આવ્યો હતો.

તેમના પૂર્વે હિન્દુ પ્રજામાં આત્મવિશ્વાસ જગાડી તેમનું હૃદયબળ ટકાવી રાખવાનો પ્રયત્ન અનેક ધર્માચાર્યો, સંતો અને ભક્તોએ કર્યો હતો. મહારાષ્ટ્રમાં જ્ઞાનદેવ, નામદેવ વગેરેએ વારકરી સંપ્રદાય દ્વારા, પૂર્વમાં કૃષ્ણચૈતન્યના ભક્તિમાર્ગ, નામસંકીર્તનના પ્રબલ પ્રચાર દ્વારા, અન્યત્ર કબીર, નરસિંહ મહેતા, મીરાં, સૂરદાસ વગેરે ભક્ત કવિઓએ તે સમયમાં પ્રજાના નૈતિક અને આધ્યાત્મિક બળને ટકાવી રાખવામાં ખૂબ સુંદર ફાળો આપ્યો હતો.

શ્રી વલ્લભાચાર્યજીના પૂર્વજો અને તેમનો જન્મ

આવી પૃષ્ઠભૂમિમાં પુષ્ટિમાર્ગના પ્રસ્થાપક અને શુદ્ધાદ્વૈત તત્ત્વદર્શનના પ્રતિપાદક શ્રી વલ્લભાચાર્યનો જન્મ દક્ષિણના આંધ્ર (તેલંગ) પ્રદેશમાં કૃષ્ણા નદીના કિનારે આવેલા કાંકરવાડ ગામના તૈલંગ બ્રાહ્મણના કુળમાં થયો હતો. તેમના પૂર્વજ યજ્ઞનારાયણ ભટ્ટ કૃષ્ણ-યજુર્વેદી તૈત્તિરીય શાખાના દીક્ષિત બ્રાહ્મણ હતા. ગોપાળકૃષ્ણના તેઓ ઉપાસક હતા અને સોમયજ્ઞ કરવો તે તેમનો કુળધર્મ હતો. તેઓ વેદના અવતાર મનાતા. વૃદ્ધાવસ્થામાં કરેલા સોમયાગની પૂર્ણાહુતિ વેળા યજ્ઞવેદીમાંથી સાક્ષાત ભગવાને પ્રગટ થઈ પ્રસન્નતા વ્યક્ત

કરી તેમને વરદાન આપ્યું કે 'તમારા કુળમાં સો સોમયજ્ઞ પૂરા થયે હું સ્વયં પ્રગટ થઈશ.'

ઉત્તરોત્તર તેમના કુળમાં તેમના પુત્ર ગંગાધર ભટ્ટે ૨૮ સોમયજ્ઞ કર્યા, પૌત્ર ગણપતિ ભટ્ટે ૩૦ સોમયજ્ઞ કર્યા અને પ્રપૌત્ર વલ્લભ ભટ્ટે પાંચ સોમયજ્ઞ કર્યા. વલ્લભ ભટ્ટના પુત્ર લક્ષ્મણ ભટ્ટે બીજા પાંચ સોમયજ્ઞ કરતાં ૧૦૦ સોમયજ્ઞ પૂરા થયા. સોમયજ્ઞના શતકને ઊજવવા તેઓ કાશી ગયા. થોડો સમય ત્યાં જ વસ્યા. પરંતુ મુસ્લિમ બાદશાહનું આક્રમણ થતાં નિજ પરિવારજનો સાથે જ્યારે પોતાના પ્રદેશમાં પાછા ફરી રહ્યા હતા ત્યારે રસ્તામાં મધ્ય પ્રદેશમાં ચંપારણ્યના વન વિસ્તારમાં પસાર થતાં તેમની સગર્ભા પત્ની ઈલ્લમાગારૂજીને પ્રસવપીડા ઊપડી અને અધૂરા માસે ગર્ભસ્રાવ થઈ ગયો. નિશ્ચેતન ગર્ભને વસ્ત્રમાં લપેટી એક વૃક્ષની બખોલમાં મૂકી લક્ષ્મણ ભટ્ટજીએ પત્ની અને પરિવાર સહિત બાજુમાં આવેલ ચૌડાનગરમાં જઈ રાત્રિ વિશ્રામ કર્યો ત્યારે રાત્રે તેમને સ્વપ્નમાં દિવ્ય સંદેશની અનુભૂતિ થઈ કે તેમને ત્યાં તેમના પૂર્વજોને પ્રાપ્ત થયેલ વરદાનની ફળશ્રુતિરૂપે ભગવદ્ પ્રાગટ્ય થયેલું છે.

વહેલી સવારે પૂર્વસ્થળે પરત આવતાં અગ્નિકુંડમાં સુંદર બાલકને રમતું જોયું. માતા ઈલ્લમાગારૂજીએ પુત્રને ઉઠાવી લઈ હૃદયે ચાંપ્યો. આમ, એક અલૌકિક અને અદ્ભુત પરિસ્થિતિમાં શ્રી વલ્લભનો દિવ્ય જન્મ થયેલો મનાય છે. તે દિવસ હતો સંવત ૧૫૩૫ની ચૈત્ર વદ અગિયારસ.

બાલ વલ્લભને લઈ લક્ષ્મણ ભટ્ટ પરત કાશી આવ્યા અને બાળપણથી જ તેમનો વિદ્યાભ્યાસ શરૂ કર્યો. અલ્પ વયમાં જ વલ્લભે ચારેય વેદ, ષડ્દર્શન ઉપરાંત શંકરાચાર્ય, રામાનુજ, નિમ્બાર્ક, મધ્વાચાર્ય તેમજ બૌદ્ધ-જૈન ઈત્યાદિ વિચારધારાઓનો સર્વાંગ અભ્યાસ પૂરો કરી વિદ્વત્તા પ્રાપ્ત કરી લઈ પોતાની વિલક્ષણ બુદ્ધિમત્તાનો પરિચય આપ્યો.

શ્રી વલ્લભાચાર્યજીની જીવનયાત્રા

અગિયાર વર્ષની નાની ઉંમરે પિતા લક્ષ્મણ ભટ્ટના નિધન પછી વલ્લભે પોતાની વિશિષ્ટ વિચારધારાના પ્રસારાર્થે ભારતનાં પવિત્ર સ્થળો- તીર્થોની યાત્રા કરવાનો નિર્ધાર કર્યો. તત્કાલીન સમયમાં ઉત્તર ભારતમાં મુસ્લિમ સત્તાનું આધિપત્ય હતું, જ્યારે દક્ષિણમાં વિશેષતઃ વિજયનગર ઈત્યાદિ પ્રદેશો હિંદુ

રાજાઓના વર્ચસ્વમાં હોઈ રાજકીય પરિસ્થિતિ સ્થિર અને શાંત હતી. શંકર, રામાનુજ, મધ્વ, નિમ્બાર્ક વગેરે મહાન આચાર્યોનો પ્રભાવ દક્ષિણમાં વિશેષ હતો અને વૈષ્ણવ વિચારધારાથી લોકો અભિમુખ હતા. આથી પ્રથમ યાત્રા તેમણે દક્ષિણમાંથી આરંભી. નિજ સેવ્ય સ્વરૂપને સાથે લઈ ખુલ્લા પગે ચાલી તેઓ યાત્રા કરતા, ગામ બહાર કોઈ તીર્થ સ્થળે મુકામ કરતા. ભાગવતાદિ ગ્રંથોનું પારાયણ કરતાં અને જે તે પ્રદેશના વિદ્વાન પંડિતો સાથે ધર્મચર્ચા કરી પોતાના વિશિષ્ટ વિચારોથી લોકોને અવગત કરતાં. પ્રત્યેક સ્થળે તેમનો યથોચિત આદર સત્કાર થતો. તેમની વિદ્વતાની ઊંડી અસર લોકો ઉપર પડતાં તેઓ તેમને **'બાલ સરસ્વતી'** નામે સંબોધવા લાગ્યા. જેઓ તેમની સાથે શાસ્ત્રાર્થ કરવા આવતાં તેઓ તેમની તાત્ત્વિક વિચારધારાથી પ્રભાવિત થઈ તેમના અનુયાયી બની જતાં. આમ, અલ્પ આયુમાં શ્રી વલ્લભે સારી નામના અને કીર્તિ પ્રાપ્ત કરી લીધાં હતાં.

તેમણે ત્રણ વખત પગે ચાલીને ભારતની ઉત્તરમાં બદ્રીકેદારથી દક્ષિણમાં રામેશ્વર અને પૂર્વમાં ગંગાસાગરથી પશ્ચિમમાં દ્વારકા પર્યંતનાં તીર્થોની યાત્રા કરી. તે દરમિયાન અનેક અવનવા પ્રસંગો તેમના જીવનમાં બન્યા હતા. તેના કારણે ભારતના અધ્યાત્મ જગતમાં શ્રી વલ્લભાચાર્યનું એક વિરલ વિભૂતિ તરીકેનું વ્યક્તિત્વ ઊભરી આવ્યું હતું. તેમણે પોતાના સમયના પ્રસિદ્ધ સંત-આચાર્ય તરીકેની પ્રસિદ્ધિ પ્રાપ્ત કરી હતી.

પ્રથમ પરિક્રમા દરમિયાન જ્યારે તેઓ જગન્નાથપુરી પહોંચ્યા ત્યારે ત્યાંના રાજા ગજપતિ પુરૂષોત્તમદાસે જગન્નાથજીના મંદિરમાં એક ધર્મસભા બોલાવી હતી. તેમાં 'હિંદુ ધર્મનો મુખ્ય ગ્રંથ કયો, મુખ્ય દેવ કોણ, મુખ્ય મંત્ર કયો, અને મુખ્ય કર્તવ્ય શું,' એ ચાર પ્રશ્નોની ચર્ચા ચાલી રહી હતી. આ પ્રશ્નોનો ઉકેલ શ્રી વલ્લભાચાર્યજીએ શ્રી જગન્નાથજી પાસે કાગળ-કલમ મુકાવી પ્રાપ્ત કરતાં શ્લોક લખાઈ આવેલો કે-

એકં શાસ્ત્રં દેવકીપુત્ર ગીતં, એકો દેવો દેવકીપુત્ર એવ,
મંત્રોપ્યેકસ્તસ્ય નામાનિ યાનિ, કર્માપ્યેકં તસ્ય દેવસ્ય સેવા

અર્થાત્ - દેવકીનંદન શ્રીકૃષ્ણે ગાયેલી ગીતા એકમાત્ર શાસ્ત્ર, શ્રીકૃષ્ણ સ્વયં એકમાત્ર દેવ, તેમનાં નામ એ એકમાત્ર મંત્ર અને તેમની સેવા એ

એકમાત્ર કર્મ.

જગન્નાથપુરીથી કાશી-પ્રયાગ ઉજ્જૈન થઈ શ્રી વલ્લભાચાર્ય બુંદલેખંડ વિસ્તારમાં ઓડછા પ્રદેશમાં પધાર્યા, જ્યાં તેમણે શાંકરમતના ઘટ સરસ્વતી સાથે શાસ્ત્રાર્થ કરી વિજય મેળવ્યો. તેના કારણે ત્યાંના રાજાએ તેમનો કનકાભિષેક કરી તેમને 'આચાર્ય'ની પદવીથી વિભૂષિત કર્યા. આ યાત્રા દરમિયાન જ્યારે શ્રી વલ્લભ વ્રજમાં ગોકુળ પધાર્યા ત્યારે સંવત ૧૫૪૯ના શ્રાવણ સુદ અગિયારસની મધ્યરાત્રિએ ગોવિંદ ઘાટ ઉપર તેમને ભગવદ્ સાક્ષાત્કાર થયો. જીવોને બ્રહ્મસંબંધ કરાવવા માટેની ભગવદ્ આજ્ઞા અહીં તેમને પ્રાપ્ત થઈ. શ્રી વલ્લભાચાર્યજીના જીવનનો આ અલૌકિક અને વિલક્ષણ પ્રસંગ હતો, જેના દ્વારા પુષ્ટિમાર્ગના પ્રસ્થાપનનો પાયો નંખાયો અને બ્રહ્મસંબંધ દીક્ષાની પરંપરાની શરૂઆત થઈ.

બીજી ભારત પરિક્રમા દરમિયાન તેમને ઝારખંડમાં પુનઃ ભગવદ્ આજ્ઞા થતાં તેઓએ વ્રજમાં જઈ ગોવર્ધન પર્વતમાંથી શ્રીનાથજીના સ્વરૂપને પ્રગટ કરી તેમને ગિરિરાજજી ઉપર મંદિર બનાવી પ્રસ્થાપિત કર્યો અને સેવાક્રમ શરૂ કર્યા. ત્યાંથી પંઢરપુર પધારતાં ત્યાં બિરાજતાં શ્રી વિઠોબાએ તેમને લગ્ન કરી ગૃહસ્થાશ્રમ સ્વીકારવાની આજ્ઞા કરી. તદનુસાર શ્રી વલ્લભે મહાલક્ષ્મી નામની કન્યા સાથે કાશીમાં લગ્ન કર્યાં.

ભારતની ત્રણ પરિક્રમા કરવાનો સંકલ્પ પૂરો થતાં શ્રી વલ્લભાચાર્યજીએ પરિવાર સાથે પ્રયાગ પાસે અડેલમાં સ્થાયી નિવાસ કર્યો. અહીં મોટા ભાગનો સમય તેઓ પ્રભુની સેવા કરવામાં અને ગ્રંથો લખવામાં વિતાવતાં. અનેક વિદ્વાનો-જિજ્ઞાસુઓ ત્યાં તેમની સાથે શાસ્ત્રચર્ચા કરવા આવતાં. તેમના પ્રશ્નોના ખુલાસા કરી તેઓ તેમનું સમાધાન કરતા.

ગૃહસ્થાશ્રમ દરમિયાન શ્રી વલ્લભાચાર્યજીને બે પુત્રરત્ન પ્રાપ્ત થયા. જ્યેષ્ઠ પુત્ર ગોપીનાથજીનો જન્મ સં. ૧૫૬૭ના ભાદરવા સુદ ૧૨ના દિવસે અડેલમાં થયો, જ્યારે બીજા પુત્ર વિઠ્ઠલનાથજીનો જન્મ સં. ૧૫૭૨ના માગશર વદ ૯ના દિવસે કાશી પાસે ચરણાટમાં થયો. ગોપીનાથજીને એક પુત્ર પુરૂષોત્તમજી થયા. તે પછી તેમનો વંશ આગળ ચાલ્યો નહીં, જ્યારે વિઠ્ઠલનાથજી જેઓ '**શ્રી ગુસાંઈજી**' તરીકે પ્રસિદ્ધ થયા તેમને સાત પુત્રો થયા. તેમનો વંશ પરંપરાગત રીતે આજ પર્યંત વૃદ્ધિ પામી '**વલ્લભકુળ**'ના નામે પ્રસિદ્ધ થયેલ છે.

જીવનનાં અંતિમ વર્ષોમાં શ્રી વલ્લભાચાર્યજીને ત્રણ વખત નિજધામ પધારવાની ભગવદ આજ્ઞા થઈ હતી. પ્રથમ બે આજ્ઞા દરમિયાન તેમનું ગ્રંથલેખન કાર્ય અધૂરું હોવાથી તેની તેમણે અવજ્ઞા કરી હતી, પરંતુ જ્યારે છેલ્લે વ્રજપરિક્રમા દરમિયાન મધુવનમાં આખિરી આજ્ઞા થઈ ત્યારે તેમણે સંન્યાસ ગ્રહણ કરી પૂર્ણાનંદ નામ ધારણ કર્યું અને કાશીમાં હનુમાન ઘાટ ઉપર પર્ણકુટી બાંધીને તેઓ રહ્યા. તેમણે અન્ન-જળ અને સંભાષણનો ત્યાગ કર્યો અને રાતદિવસ તેઓ ભગવદ્ ચિંતનમાં મગ્ન રહેવા લાગ્યા. તે અંતિમ ક્ષણોમાં તેમના બન્ને પુત્રો અને સેવકોએ તેમની પાસેથી અંતિમ ઉપદેશ પ્રાપ્ત કરવાની અપેક્ષા સેવતાં તેમણે ગંગાનદીના પટમાં રેતી પર આંગળીથી સાડાત્રણ શ્લોક લખી આજ્ઞા કરી કે 'જો કોઈ પણ રીતે તમે ભગવાનથી વિમુખ થશો તો આ કાળરૂપી પ્રવાહમાં ખેંચાઈ જતાં તમારું શરીર અને તમારી ઈન્દ્રિયો તમારું ભક્ષણ કરી જશે. પ્રભુ શ્રીકૃષ્ણ લૌકિક નથી. તેમને કદાપિ લૌકિક માનશો નહીં. હંમેશાં તેમના પ્રત્યે પ્રેમ રાખશો; કારણ કે આપણા આ લોક અને પરલોક સંબંધી સર્વસ્વ શ્રીકૃષ્ણ જ છે, તેથી તેમની સેવા અને સ્મરણ કરજો. તેઓ તમારાં લૌકિક અને પરલૌકિક સર્વ કાર્યો સિદ્ધ કરશે. આ વાતમાં કદાપિ શંકા કરશો નહીં.'

આ સમયે ત્યાં સ્વયં પ્રભુએ પ્રગટ થઈ શ્રી વલ્લભની વાતને સમર્થન આપતાં આજ્ઞા કરી કે ''જો મારામાં તમને વિશ્વાસ હશે તો તમે કૃતાર્થ છો. તમારે કોઈપણ પ્રકારે શોક કરવાનું કારણ નથી.''

શ્રીવલ્લભાચાર્યજીની તેમના પુત્રો તેમજ તેમના અનુયાયીઓ માટે આ છેલ્લી શિખામણ હતી જે '**શિક્ષાશ્લોકી**'ના નામથી પ્રસિદ્ધ છે.

ત્યાર પછી સં. ૧૫૮૭ના અષાઢ સુદ ૨ને રવિવારે બરાબર મધ્યાહ્ન સમયે શ્રી વલ્લભ ગંગાજીની મધ્યધારામાં પ્રવેશ્યા અને પ્રભુનું ચિંતન કરતાં કરતાં જળમાં નીચા નમતાં એક દિવ્ય તેજપુંજ પ્રગટ થયો અને તેઓએ નિજધામે પ્રસ્થાન કર્યું.

આમ, ભારતીય તત્ત્વદર્શનમાં વિશિષ્ટ યોગદાન આપનાર મહાન

આચાર્ય શ્રી વલ્લભાચાર્યજીએ ભૂતલ ઉપર ૫૨ વર્ષ ૨ માસ અને ૭ દિવસનું હેતુપૂર્ણ આયુષ્ય ભોગવી ગોલોકધામની પ્રાપ્તિ કરી.

જે જે સ્થળોએ તેમણે શ્રી ભાગવતજીનું પારાયણ કર્યું હતું તે સ્થાનો તેમની '**બેઠકજી**'ના નામે પ્રસિદ્ધ છે. ભારતભરમાં આવી તેમની ૮૪ બેઠકો છે. તેમણે શરણે લીધેલા મુખ્ય સેવકોની સંખ્યા પણ ૮૪ છે, જેમના જીવનમાંથી શ્રી વલ્લભાચાર્યજીના આદર્શ સિદ્ધાંતોનાં રહસ્ય પ્રાપ્ત થાય છે. તેમની ગ્રંથ રચનાઓમાં તેમનું આગવું તત્ત્વદર્શન પ્રદર્શિત થાય છે, જે એક ઉચ્ચ કોટીની અપ્રતિમ વિચારધારા હોઈ ભારતીય તત્ત્વજ્ઞાનના ધરાતલ ઉપર વિશિષ્ટ સ્થાન ધરાવે છે.

શ્રીવલ્લભાચાર્યજી દ્વારા પ્રસ્થાપિત **શુદ્ધાદ્વૈત સિદ્ધાંત** અને તદંતર્ગત **પુષ્ટિભક્તિમાર્ગની** પરંપરા આજ પર્યંત અવિરતપણે ચાલી રહી છે. શ્રીગુસાંઈજીના સાત બાળકોના સાત ગૃહની પરંપરામાં પોતપોતાના નિજ સેવ્ય સ્વરૂપોની સેવા પ્રણાલીકા અને શ્રીવલ્લભાચાર્યજી દ્વારા નિર્દિષ્ટ પુષ્ટિભક્તિમાર્ગની વિશિષ્ટ વિચારધારા અનુસાર અનુયાયીગણ ભગવત્ સાક્ષાત્કારને માર્ગે આજે પણ પ્રશસ્ત થઈ રહ્યા છે.

શ્રી વલ્લભાચાર્યજીનું ગ્રંથ સાહિત્ય

શ્રી વલ્લભાચાર્યજી દ્વારા રચિત બધાય ગ્રંથો આજે પ્રાપ્ત નથી, પરંતુ તેની કુલ સંખ્યા ૮૪ની હોવાનું જણાય છે. આમાંથી આજે તેમના કુલ ૩૧ જેટલા નાના મોટા ગ્રંથો આપણને પ્રાપ્ત થાય છે. આ ગ્રંથોને મુખ્ય બે વિભાગમાં વહેંચી શકાય. (૧) **સ્વતંત્ર ગ્રંથો,** (૨) **ભાષ્ય ગ્રંથો**. સ્વતંત્ર ગ્રંથો લગભગ ૨૫ જેવા મળે છે. ભાષ્ય ગ્રંથોની સંખ્યા લગભગ ૬ જેટલી છે.

૧) સ્વતંત્ર ગ્રંથોઃ

સ્વતંત્ર ગ્રંથોમાં પ્રથમ ૧૬ ગ્રંથો 'ષોડશ ગ્રંથ' તરીકે સુવિખ્યાત છે. તે નીચે પ્રમાણે છે.

૧. શ્રી યમુનાષ્ટક, ૨. બાલબોધ, ૩. સિદ્ધાંતમુક્તાવલિ, ૪. પુષ્ટિપ્રવાહ મર્યાદાભેદ, ૫. સિદ્ધાંત રહસ્ય, ૬. નવરત્ન, ૭. વિવેકધૈર્યાશ્રય, ૮. કૃષ્ણાશ્રય, ૯. ચતુઃશ્લોકી, ૧૦. ભક્તિવર્ધિની, ૧૧. જલભેદ, ૧૨. પંચપદ્યાનિ, ૧૩. નિરોધ લક્ષણ, ૧૪. સંન્યાસ નિર્ણય, ૧૫. અંતઃકરણ પ્રબોધ, ૧૬. સેવાફલ.

આ ઉપરાંત નીચેના અન્ય ગ્રંથો પણ પ્રસિદ્ધ છે.

૧. મધુરાષ્ટક, ૨. પરિવૃઢાષ્ટક, ૩. પુરુષોત્તમસહસ્રનામાવલિ, ૪. ત્રિવિધનામાવલિ, ૫. ન્યાસાદેશ, ૬. પત્રાવલંબન, ૭. તત્ત્વાર્થદીપનિબંધ, ૮. શિક્ષાશ્લોકી.

૨) ભાષ્ય ગ્રંથો :

૧. પૂર્વમીમાંસા ભાષ્ય અથવા જૈમિનિ સૂત્ર ભાષ્ય.

૨. ઉત્તરમીમાંસા ભાષ્ય અથવા બ્રહ્મસૂત્રાણુભાષ્ય.

૩. શ્રી ભાગવત પરની ટીકા-સુબોધિની.

૪. શ્રી ભાગવત પરની સૂક્ષ્મ ટીકા.

૫. ગાયત્રી ભાષ્ય.

ઉપરોક્ત ગ્રંથોને તત્ત્વદર્શીય રૂપમાં વિભાગીકરણ કરી શકાય :

૧. '**અણુભાષ્ય**' મુખ્યત્વે પરમતત્ત્વ વિશે '**પ્રમાણ**' વિષયક નિરૂપણ કરે છે.

૨. '**તત્ત્વાર્થ દીપ નિબંધ**' મુખ્યત્વે પરમતત્ત્વ વિશે '**પ્રમેય**' વિષયક નિરૂપણ કરે છે.

૩. '**ષોડશગ્રંથો**' મુખ્યત્વે પરમતત્ત્વ વિશે '**સાધન**' વિષયક નિરૂપણ કરે છે અને

૪. '**સુબોધિની**' મુખ્યત્વે પરમતત્ત્વ વિશે '**ફલ**' વિષયક નિરૂપણ કરે છે.

શ્રી વલ્લભાચાર્યજી એક વિરલ વ્યક્તિત્વ, એક સંત આચાર્ય

શ્રી વલ્લભાચાર્યજીનું સ્વરૂપ અસાધારણ સૌંદર્યયુક્ત હતું. કમળસમાન દીર્ઘ નેત્ર અને હોઠ પર સહજ સ્મિત, એ એમની વિશેષતા હતી. તેમની દિનચર્યા સુવ્યવસ્થિત અને નિયમિત હતી. જગદ્ગુરુ તેમજ આચાર્યની પદવીથી વિભૂષિત હોવા છતાં, આડંબર રહિત, સહજ સરળ જીવન તેઓ જીવ્યા હતા. અંગ પર સફેદ ધોતી અને સફેદ ઉત્તરીય તેમનો સદા માટેનો પહેરવેશ હતો. પ્રત્યેક ઋતુમાં આ જ વેશભૂષા તેમની હતી. સાદો, પવિત્ર અને નિવેદિત પ્રસાદ જ તેઓ ગ્રહણ કરતાં. અનિવેદિતનો સર્વથા ત્યાગ એ

એમનો પ્રમુખ સિદ્ધાંત હતો.

ગૃહસ્થાશ્રમ સ્વીકાર્યા પછી પણ વિરક્ત વૈરાગ્યપૂર્ણ તેમનું જીવન હતું. આજીવન ભગવદ્ સેવા અને જીવનમાં કેન્દ્ર સ્થાને શ્રીકૃષ્ણ, એ તેમનો જીવનમંત્ર હતો. **'કૃષ્ણ સેવા સદા કાર્યા'** એ એમનો મુખ્ય ઉપદેશ રહ્યો હતો.

શ્રી વલ્લભાચાર્યજી સામાજિક ચેતના સંપન્ન યુગદૃષ્ટા અને યુગસ્રષ્ટા આચાર્ય હતા. તત્કાલીન પરિસ્થિતિનું યથાર્થ ચિત્રણ તેમણે તત્ત્વાર્થદીપનિબંધ અને કૃષ્ણાશ્રય ગ્રંથોમાં કર્યું છે અને એવી વિષમ પરિસ્થિતિમાં એક માત્ર ભગવાન શ્રીકૃષ્ણની નિષ્કામ ભક્તિ અને તેમનો આશ્રય જ માનવકલ્યાણનો ઉપાય છે, તેવી તેમની દૃઢ માન્યતા હતી. તેમનું પોતાનું જીવન સંપૂર્ણપણે ભાક્તિમાર્ગીય હતું. અનેક સ્થળે પોતાને **'કૃષ્ણદાસ'** તરીકેની તેમણે અભિવ્યક્તિ કરી છે. તેમના જીવનના ભૌતિક, બૌદ્ધિક, ભાવનાત્મક, આધ્યાત્મિક અને આધિદૈવિક પક્ષોમાં સંપૂર્ણ સામંજસ્ય હતું. ઉચ્ચ કોટીના સંતનું વ્યક્તિત્વ તેમનામાં સમાવિષ્ટ હતું.

તેઓ શાલીનતા, સૌમ્યતા અને વિનમ્રતાની મૂર્તિ હતા. વિરોધીઓ સાથે વિવાદમાં ઉલઝવાને બદલે સંવાદમાં તેઓ વિશ્વાસ રાખતા હતા. વિરુદ્ધ મતવાળા વ્યક્તિઓનો સંદેહ દુર કરવામાં તેઓ સદૈવ તત્પર રહેતા. ઉચ્ચ કોટીના વિદ્વાન હોવા છતાં અહંકારની છાંટ માત્ર પણ તેમના વ્યક્તિત્વમાં ન હતી. દૈન્યભાવને તેઓ ખૂબ મહત્ત્વ આપતાં અને તે વિશે પોતાના શિષ્યોને પણ ઉપદેશ આપતા. તેમણે જીવનમાં કોઈ વ્યક્તિગત મહત્ત્વાકાંક્ષા રાખી ન હતી. આચાર્ય પદના પણ તેઓ અભિલાષી રહ્યા ન હતા અને માટે જ આચાર્યની ગરિમા માટે અપેક્ષિત પ્રસ્થાનત્રયી પર તેમણે ભાષ્યની રચના કરવાની તત્પરતા દાખવી ન હતી. ભગવદ્ આજ્ઞા થતાં તેમણે પોતાના 'સુબોધિની' ગ્રંથના લેખનકાર્યને પણ અધૂરું મૂકી સંન્યાસ ગ્રહણ કરી લીધો અને ભૌતિક દેહનો ત્યાગ કર્યો.

શ્રી વલ્લભાચાર્યજી સમાજના પતિત-દલિત-ઉપેક્ષિત વર્ગ પ્રત્યે પણ કરુણામય વ્યવહાર કરતા. તેમણે સ્ત્રીઓ અને શૂદ્રો માટે પણ નિરંતર પ્રયાસ કર્યો હતો. માટે જ તેમને પતિતપાવન અને 'સ્ત્રીશૂદ્રાદિ ધ્યુતિક્ષમ' નામથી નવાજવામાં આવ્યા છે.

વાણી પર અજોડ પ્રભુત્વ ધરાવવા બદલ 'વાણીના પતિ'એ રૂપમાં **'વાકપતિ'** અને ભગવદ્મુખાર્વિંદ અવતાર **'વૈશ્વાનર'** નામ શ્રી વલ્લભાચાર્યના વ્યક્તિત્વને યથાર્થરૂપે અભિવ્યક્ત કરે છે.

શ્રી વલ્લભાચાર્યજીનું તત્ત્વદર્શન : શુદ્ધાદ્વૈત

શ્રી વલ્લભાચાર્યજી તેમના સુપ્રસિદ્ધ ગ્રંથ તત્ત્વદીપનિબંધના શાસ્ત્રાર્થ પ્રકરણમાં મંગલાચરણ કરતાં કહે છે :

"નમો ભગવતે તસ્યૈ કૃષ્ણાયાભદ્રુત કર્મણે,
રુપનામ વિભેદેન, જગત ક્રિડતી યો યતઃ"

અર્થાત્ - જે રૂપ અને નામના વિભેદે જગતરૂપ છે, જે રૂપ અને નામના વિભેદે ક્રીડા કરે છે અને જેથી-જેમાંથી (અભિન્ન નિમિત્તોપાદાનત્વે) રૂપ અને નામના વિભેદે જગત છે, એવા અદ્‌ભૂત કર્મા લોકવેદ પ્રસિદ્ધ ભગવાન શ્રીકૃષ્ણને નમસ્કાર હો.

'શુદ્ધાદ્વૈત'નું તત્ત્વદર્શન અહીં પ્રગટ થાય છે. પરમતત્ત્વ (Ultimate Reality) એ શ્રીકૃષ્ણ. તેઓ જ વિવિધ રૂપ અને નામથી જગતમાં વિલસે છે અને તેઓ જ જગતની ઉત્પત્તિ નિજ ક્રીડાર્થે કરે છે.

શ્રી વલ્લભાચાર્યજીનું તત્ત્વદર્શન **'અદ્વૈત'** વિચારધારા પર આધારિત છે. શાંકરમતના 'કૈવલાદ્વૈત'થી તેમના 'અદ્વૈતવાદ'ને સ્પષ્ટ કરવા તેમની વિચારધારા **'શુદ્ધાદ્વૈત'** કહેવાય છે. તેમણે આ શબ્દનો પ્રયોગ ભાગવતજીની ટીકા 'સુબોધિની'માં કર્યો છે, જ્યાં તેઓ કહે છે.

"અજ્ઞાનનાશકં વિજ્ઞાનમાત્માનુભવઃ ભેદનાશકં તુ ભગવદ્વિજ્ઞાનમ,
ઉભયોઃ સાક્ષાત્કારે દેહાદ્યધ્યાસ નિવૃતિઃ શુદ્ધાદ્વૈતં ચં સ્ફૂરતિ."

અર્થાત્ - અજ્ઞાનને દૂર કરનાર વિજ્ઞાન આત્માનો અનુભવ કરાવે છે, આત્માનું સ્વરૂપ જણાવે છે. આત્મા અને પરમાત્મા વચ્ચેના ભેદને દૂર કરનાર વિજ્ઞાન એ ભગવદ્ વિજ્ઞાન છે. આ બન્નેય પ્રકારનું વિજ્ઞાન આત્માનું સ્વરૂપ જણાવનાર અને આત્મા બ્રહ્મથી જુદો નથી, પણ તેનો અંશ છે, તેવું વિજ્ઞાનનો સાક્ષાત્કાર થતાં દેહાધ્યાસની નિવૃત્તિ થાય છે અને **શુદ્ધાદ્વૈત** સ્ફૂરિત થાય છે. એટલે કે **શુદ્ધાદ્વૈત** જ્ઞાન દેહથી આત્માની ભિન્નતા અને આત્માની બ્રહ્મ સાથેની

અભેદતાનું જ્ઞાન કરાવનારું જ્ઞાન છે.

'શુદ્ધાદ્વૈત' શબ્દનો અર્થ સમજાવતાં શ્રી વલ્લભાચાર્યજીના વંશજ શ્રી ગિરિધરજી તેમના ગ્રંથ **'શુદ્ધાદ્વૈત માર્તન્ડ'**માં કહે છે.

શુદ્ધાદ્વૈત પદે જ્ઞેયઃ સમાસઃ કર્મધારયઃ
અદ્વૈતં શુદ્ધયોઃ પ્રાહુ ષષ્ટી તત્પુરૂષં બુધાઃ

અર્થાત્ - શુદ્ધાદ્વૈત પદમાં 'શુદ્ધં ચ તદદ્વૈતમ' એ પ્રમાણે કર્મધારય સમાસ જાણવો, અર્થાત્ **'શુદ્ધ છે તેવું અદ્વૈત'** બ્રહ્મ-જગત-જીવ વચ્ચે અદ્વૈત રહેલું છે. તેમાં કોઈ ભેદ નથી, અને બીજી રીતે 'શુદ્ધનું અદ્વૈત' એટલે બન્ને શુદ્ધનું અદ્વૈત, બ્રહ્મ પણ શુદ્ધ છે, જગત પણ શુદ્ધ છે અને બન્ને શુદ્ધમાં ભેદ નથી.

પરમાત્માને જગત ઉત્પન્ન કરવાની ઈચ્છા થઈ, તેથી પરમાત્મા જગતની ઉત્પત્તિનું કારણ છે. પરમાત્માએ પોતાનાં સત્ અને ચિત્ તત્ત્વોમાંથી જડ-જીવાત્મક જગત ઉત્પન્ન કર્યું છે. જગત પરમાત્માનું કાર્ય છે, પરમાત્મા 'જગતના કારણરૂપ છે. પરમાત્માથી જગત જુદુ નથી. બ્રહ્મ પોતે શુદ્ધ છે. તેથી બ્રહ્મના કાર્યરૂપ જગત પણ શુદ્ધ છે. આમ, બન્ને શુદ્ધ તત્ત્વો, બ્રહ્મ અને જગત એકજ છે. તેમનું અદ્વૈત છે. બ્રહ્મ જગતથી અલગ નથી તેમ જ તેની ઉત્પત્તિ માટે માયા ઈત્યાદીનો આશ્રય નથી માટે તેને **'શુદ્ધાદ્વૈત'** કહેવાય છે.

પોતાના તત્ત્વજ્ઞાનનું પ્રતિપાદન કરવામાં શ્રીવલ્લભાચાર્યજીએ કેવળ શબ્દ પ્રમાણનો જ આધાર લીધો છે. અન્ય પ્રમાણો પ્રત્યક્ષ કે અનુમાનને ન સ્વીકારવાના કારણો આપતાં તેઓ કહે છે કે તે શુદ્ધ અને નિર્ભેળ હોતા નથી, ક્યારેક ભ્રાંતિ ઉપજવી શકે છે. બ્રહ્મ અચિન્ત્ય અને અલૌકિક હોઈ તેની સામાન્ય ઈન્દ્રિયો દ્વારા અનુભૂતિ કરી શકાય નહીં. માટે તેઓ કેવળ શાસ્ત્ર પ્રમાણો **'પ્રમાણ ચતુષ્ટય'**નો સ્વીકાર કરતાં કહે છે.

"વેદાઃ શ્રીકૃષ્ણ વાક્યાનિ વ્યાસ સુત્રાણી ચૈવહિ,
સમાધિભાષા વ્યાસસ્ય પ્રમાણં તચ્ચતુષ્ટયમ."

શ્રી વલ્લભાચાર્યજીએ સમગ્ર વેદોને પ્રમાણરૂપ સ્વીકાર્યા છે, કોઈ અમુક વિભાગને જ નહીં.

ઉપરોક્ત 'પ્રમાણ ચતુષ્ટ્ય'ના આધારે શ્રી વલ્લભાચાર્યજી કહે છે કેઃ

૧) બ્રહ્મ સત્-ચિત્ અને આનંદ એ ત્રણ તત્ત્વોયુક્ત 'સચ્ચિદાનંદ' સ્વરૂપ છે. તેમાંથી જડ-જીવ અને અંતર્યામીનો ઉદ્‌ગમ છે.

૨) તે એક, સાકાર, સર્વશક્તિમાન, સર્વ જાણનાર અને સર્વ કરનાર છે.

૩) જેમ સાપ પોતાની ઈચ્છા વડે કૂંડાળાના આકારે ગૂંચળું વળીને રહે છે છતાં તે વિકારવાળો થતો નથી તેમ બ્રહ્મ પણ જગદ્રુપ થવા છતાં તે વિકારવાળા થતા નથી.

૪) જેમ અગ્નિમાંથી તણખા નીકળે છે તેમ બ્રહ્મમાંથી જીવો છૂટા પડ્યા છે. જીવ અણુ છે અને ભગવાનના અંશ છે. તેમાં સત્ અને ચિત્ તત્ત્વ પ્રગટ હોય છે, આનંદ તત્ત્વ તિરોહિત હોય છે.

૫) જગત બ્રહ્મનું ઉપાદાન તેમ જ નિમિત્ત કારણ છે, માટે જગત સત્ય છે. જગત બ્રહ્મનું 'અવિકૃત પરિણામ' છે.

૬) અવિદ્યાના કારણે જીવની અહંતા અને મમતાને શ્રી વલ્લભાચાર્યજી 'સંસાર' કહે છે, જે મિથ્યા છે.

૭) જીવ 'જ્ઞાતા' છે, 'કર્તા' છે અને પોતાના કર્મફલનો 'ભોક્તા' પણ છે.

૮) ભગવાન જડ-જીવાત્મક જગતની ઉત્પત્તિ નિજ ક્રીડાર્થે કરે છે.

૯) ભગવદાનંદની પ્રાપ્તિ એ મોક્ષ છે, જેને ભક્તિ દ્વારા પ્રાપ્ત કરી શકાય છે.

૧૦) પૂર્ણ પુરુષોત્તમ શ્રીકૃષ્ણ એ જ પરબ્રહ્મ-પરમોચ્ચ તત્ત્વ છે.

૧૧) 'જગત' બ્રહ્મનું આધિભૌતિક સ્વરૂપ છે, 'અક્ષરબ્રહ્મ' તેનું આધ્યાત્મિક સ્વરૂપ અને 'શ્રીકૃષ્ણ' પોતે બ્રહ્મનું આધિદૈવિક સ્વરૂપ છે.

* * *

૧૧

શુદ્ધાદ્વૈતમાં બ્રહ્મ (સગુણ-નિર્ગુણ) જીવ - જગત - સંસાર - લીલા

(Nature Of Brahm, Jiv, Jagat, Sansar and Lila
in Shuddhadvait,)

'પરમ તત્ત્વ (Ultimate Reality)ને અનુલક્ષીને ત્રણ મુખ્ય પ્રશ્ન ઉદ્ભવે છે. 'પરમ તત્ત્વ' એક છે, બે છે અથવા અનેક છે? સાથે બીજો પ્રશ્ન એ છે કે બ્રહ્મ સગુણ છે, તે નિર્ગુણ છે, અથવા 'સગુણ નિર્ગુણ' બન્ને છે? વળી 'બ્રહ્મ'નો જીવ-જડાત્મક જગત સાથે શું સંબંધ છે?

ઉપરોક્ત ત્રણ પ્રશ્નોના સંદર્ભમાં આપણે શુદ્ધાદ્વૈત તત્ત્વદર્શનના પરિપ્રેક્ષ્યમાં બ્રહ્મના સ્વરૂપને જાણવા પ્રયત્ન કરીએ.

શુદ્ધાદ્વૈત તત્ત્વદર્શન મુજબ બ્રહ્મનું સ્વરૂપ -

બ્રહ્મ એક જ છે અને અદ્વિતીય છે.

શાસ્ત્રો કહે છે - **'એકમ્ એવમ્'** - સૃષ્ટિના પહેલા 'સત્' અથવા 'બ્રહ્મ' જ હતું એક અને અદ્વિતીય (One without Second).

આ શાસ્ત્રીય વચન એ બધા જ ભારતીય અદ્વૈતવાદી દાર્શનિકોનું પાયારૂપ વચન છે જેના પર તેઓએ પોતાની તત્ત્વદર્શીય ઈમારત રચી છે.

તે અખંડ છે એટલે કે તેમાં **'સજાતિય', 'વિજાતિય' કે 'સ્વગત'** ગુણો નથી અર્થાત્ ભેદશૂન્ય છે. (અનેક જાતિમાં રહેલા ભેદ એટલે સજાતીય, બે જાતિ વચ્ચેના ભેદ એટલે વિજાતીય અને એક જ વસ્તુમાં- તત્ત્વોમાં ભેદ એટલે સ્વગત), આવા ભેદ બ્રહ્મમાં નથી, તે સજાતીય-વિજાતીય-સ્વગત ભેદશૂન્ય છે.

બ્રહ્મ સર્વશક્તિમાન છે અર્થાત્ બ્રહ્મ-**કર્તુમ-અકર્તુમ અન્યથાકર્તુમ** છે.

બ્રહ્મનું સ્વરૂપ લક્ષણ - તે સત્-ચિત્ અને આનંદ તત્ત્વમાંથી બનેલું છે એટલે કે બ્રહ્મ **'સચ્ચિદાનંદ'** છે. અર્થાત્ બ્રહ્મમાં સત્-ચિત્ અને આનંદ એ ત્રણ તત્ત્વો સમાવિષ્ટ છે.

બ્રહ્મમાં રહેલા અનંત ગુણો આ મુખ્ય ત્રણ ગુણો સત-ચિત્ અને આનંદમાંથી પ્રગટ થાય છે.

બ્રહ્મનાં ત્રણ સ્વરૂપો -

શાસ્ત્રોમાં બ્રહ્મનાં ત્રણ સ્વરૂપ બતાવવામાં આવ્યાં છે.

(અ) **'અંતર્યામી સ્વરૂપ'** જેમાં બ્રહ્મનું 'સત' તત્ત્વ પ્રમુખપણે રહેલું છે. તેને બ્રહ્મનું **'આધિભૌતિક સ્વરૂપ'** કહેવાય છે.

(બ) **'અક્ષર'** જેમાં ચિત્ તત્ત્વ પ્રમુખપણે વિદ્યામાન છે, અર્થાત્ મુખ્યત્વે ચૈતન્યજ્ઞાન તત્ત્વ વિશિષ્ટરૂપે રહેલું છે. તેને બ્રહ્મનું **'આધ્યાત્મિક સ્વરૂપ'** કહેવાય છે.

(ક) **'પુરુષોત્તમ'** - જેમાં 'આનંદ તત્ત્વ'ની પ્રાધ્યાન્યત રહેલું છે. ભગવાન શ્રીકૃષ્ણ પરમોચ્ચ સ્વરૂપ, પૂર્ણ પુરુષોત્તમનું સ્વરૂપ છે. તે બ્રહ્મનું **'આધિદૈવિક સ્વરૂપ'** કહેવાય છે.

બ્રહ્મ 'સગુણ' અને 'નિર્ગુણ' બન્ને છે.

શ્રુતિમાં બે પ્રકારનાં વચનો પ્રાપ્ત થાય છે. કેટલીક શ્રુતિ બ્રહ્મને 'સગુણ' કહે છે, જ્યારે કેટલીક (નિર્ગુણ શ્રુતિ) તેને 'ગુણરહિત' કહે છે.

વલ્લભાચાર્યના મતે બ્રહ્મને અનુલક્ષીને સગુણ અને નિર્ગુણ બન્ને શ્રુતિનાં વચનો સાચાં છે. બન્ને પ્રકારનાં વચનોવાળી શ્રુતિ યથાર્થ છે. બન્નેનો યોગ્ય રીતે સમન્વય કરીને જોતાં બ્રહ્મ **સગુણ** અને **નિર્ગુણ** બન્ને હોઈ શકે છે.

ઉપરોક્ત દષ્ટિકોણથી નીચે મુજબ 'બ્રહ્મ' વિશે સમજી શકાય છે.

(અ) **નિર્ગુણ બ્રહ્મ** એટલે તેનામાં પ્રાકૃત અથવા માયીક ગુણો નથી. અર્થાત્ કે તે પ્રાકૃત ગુણરહિત છે. વિશિષ્ટ અર્થઘટન દ્વારા શ્રી વલ્લભાચાર્યે નિર્ગુણ બ્રહ્મનો અર્થ કરતાં કહ્યું છે કે તે અનંત-શુદ્ધ અને દિવ્ય ગુણો ધરાવે છે. પણ જન્મ-જરા-મૃત્યુ વગેરે ગુણો તેને લાગુ પડતા નથી. તેને ભૂખ કે તૃષા લાગતી નથી. તેને લોભ-મોહ વગેરે ધર્મો સ્પર્શતા નથી. તે અર્થમાં બ્રહ્મા ને **નૈધર્મિક** કહેવામાં આવે છે. તેને શારીરિક કે માનસિક ધર્મો બાધા કરી શકતાં નથી.

(બ) **સગુણ બ્રહ્મ** અનંત-સકળ ગુણનિધિ છે જેનો ઉલ્લેખ શાસ્ત્રો અને

ઉપનિષદમાં કરવામાં આવ્યો છે. તે બધા ગુણોનો ભંડાર છે. 'ભગવાન' શબ્દ જ 'ભગ' એટલે ગુણો પરથી બન્યો છે. 'ભગવાળા' એટલે 'ભગવાન' - જેમનામાં ષડ્ગુણો વિદ્યમાન છે. - તે ગુણો છે- (૧) **ઐશ્વર્ય**, (૨) **વીર્ય**, (૩) **યશ**, (૪) **શ્રી**, (૫) **જ્ઞાન** અને (૬) **વૈરાગ્ય**. તેમના અનંત ગુણો નિત્ય છે, સ્વાભાવિક છે, સહજ છે. બ્રહ્મ **'સકળ ગુણનિધિ'** છે.

(ક) બ્રહ્મમાં વિરુદ્ધ ધર્મો રહેલા છે. માટે તેને **'વિરુદ્ધ ધર્માશ્રયી'** કહેવાય છે, કારણ કે શ્રુતિમાં તેમના વિરુદ્ધ ધર્મોનું વર્ણન કરવામાં આવ્યું છે. માટે શ્રીવલ્લભાચાર્યજી સ્વાભાવિકપણે તારણ કાઢે છે કે બ્રહ્મ બધા વિરોધાભાસી ધર્મોના આશ્રયદાતા છે. બન્ને પ્રકારના ગુણો બ્રહ્મ વિશે શ્રુતિમાં સ્પષ્ટરૂપે બતાવવામાં આવ્યા છે. જે બતાવે છે કે બ્રહ્મ 'વિરુદ્ધ ધર્માશ્રયી' છે. શ્રુતિ કહે છે : તે હાથ અને પગ વગરનો છે; સાથે કહે છે તે ઝડપથી દોડે છે અને બધું જ પકડે છે. અન્ય શ્રુતિ કહે છે બેઠાં બેઠાં તે દૂર સુધી જઈ શકે છે અને એક સ્થળે પડ્યા રહેવા છતાં તે બધે જ ફરે છે.

આનો નિષ્કર્ષ એ કે - બ્રહ્મમાં આવા અનંત અને બાહ્ય દૃષ્ટિકોણથી દેખીતા પરસ્પર વિરોધી ગુણો હોવા છતાં તે એકદમ નિર્દોષ અને સરળ છે. બ્રહ્મમાં આ પરસ્પર વિરોધી ગુણોની સંવાદિતા જોવા મળે છે.

બ્રહ્મ **સાકાર** અને **નિરાકાર** બન્ને છે. તેમનામાં 'આનંદ' અને 'રસ' તત્ત્વ છે. **'રસૌવૈ સઃ'** એમ શ્રુતિ કહે છે. તેમનું લોહીમાંસયુક્ત પ્રાકૃત સ્વરૂપ નથી તે અર્થમાં તે 'નિરાકાર' છે.

બ્રહ્મ જગતનું 'અભિન્ન નિમિત્ત-ઉપાદાન' કારણ છે. જ્યારે તે જીવ-જડાત્મક જગતરૂપે પ્રગટ થાય છે ત્યારે તેનો **'આવિર્ભાવ'** થયો કહેવાય. પ્રલય સમયમાં તેનાં તત્ત્વો છુપાઈ જાય છે ત્યારે તેનો **'તિરોભાવ'** થયો તેમ કહેવાય.

બ્રહ્મનો જગતની રચનાનો કોઈ વિશિષ્ટ હેતુ નથી. તે પોતાની લીલા માટે તેણે રચ્યું છે. ભગવાનની અનેક થવાની ઈચ્છા મુખ્યત્વે તેમાં રહેલી છે અને સૃષ્ટિની રચનાના મૂળમાં તે જ છે.

શ્રી વલ્લભાચાર્યનો સિદ્ધાંત **'શુદ્ધ'** અને **'અદ્વૈત'**નો છે. પરમોચ્ચ બ્રહ્મ ઘણાં રૂપો ધારણ કરે છે, છતાં તે નિર્વિકાર રહે છે. જગતમાં વ્યાપ્ત બનવા છતાં બ્રહ્મમાં તત્ત્વતઃ કોઈ ફેરફાર થતો નથી. બ્રહ્મ અને તેની રચના-જગતમાં

એકરૂપતા રહેલી છે. તે એકત્વ (Identity)નો સિદ્ધાંત છે. તેમાં જગતની રચનામાં 'માયા'નો કોઈ હસ્તક્ષેપ નથી. માટે શ્રીવલ્લભાચાર્યનો સિદ્ધાંત માયાનિર્લેપ **'શુદ્ધાદ્વૈત'** કહેવાય છે. તે શુદ્ધ છે અને માયાના આશ્રય વગર છે.

ઈશ્વર મહાન છે અને બુદ્ધિગમ્ય નથી. કોઈ પાર્થિવ વ્યક્તિ દ્વારા તેના મૂળ સ્વરૂપને સમજવું મુશ્કેલ છે. આમ છતાં શ્રી વલ્લભાચાર્યજી કહે છે કે પ્રેમલક્ષણાભક્તિ દ્વારા અને તેમની કૃપાથી તેમને પામી શકાય છે.

બ્રહ્મ સગુણ કે નિર્ગુણ છે તે સમજવા કેટલીક પાયાની વાત ધ્યાનમાં રાખવી આવશ્યક છે. પ્રમાણ શાસ્ત્રની દૃષ્ટિથી સગુણ કે નિર્ગુણ બ્રહ્મમાં જે ફરક છે તે જાણવાનું સાધન માત્ર 'શાસ્ત્ર' જ છે. શંકરાચાર્ય કહે છે કે બ્રહ્મમાં નથી રૂપ કે નથી તેની આકૃતિ. કોઈ અન્ય બાબત સાથે તેની સરખામણી કરી શકાય તેવા કોઈ ચિહ્ન પણ નથી. ગંધ ઈત્યાદિ બાબતોની પરખ તો આંખ કાન ઈત્યાદિ ઈન્દ્રિયોથી કરી શકાય, પરંતુ બ્રહ્મને તો શાસ્ત્ર દ્વારા જ પારખી કે જાણી શકાય. બ્રહ્મની અનુભૂતિ શાસ્ત્ર દ્વારા જ પ્રાપ્ત થઈ શકે. કેટલાંક કહે છે કે તર્ક દ્વારા અમે બ્રહ્મને સિદ્ધ કરીશું. પરંતુ તર્ક કરવા માટે પણ શાસ્ત્રનો આધાર લેવો પડે. શાસ્ત્ર સિવાય તેને કઈ રીતે સિદ્ધ કરી શકાય?

બધા જ આચાર્યો બ્રહ્મને જાણવા માટે શાસ્ત્રોનો આધાર લેવો જરૂરી છે તે વાતને સ્વીકારે છે. શાસ્ત્રમાં પણ અલગ અલગ પરિભાષા પ્રાપ્ત થાય છે. કયા માપદંડનો ઉપયોગ બ્રહ્મને સમજવા માટે કરવો જોઈએ, તે આધારની બાબતમાં શાંકરમત અને વલ્લભમત મળતાં આવે છે. તેઓના મતાનુસાર બે માપદંડ સ્વીકારવામાં આવ્યા છે. (૧) **અનધિગતાર્થ** અને (૨) **અબાધિતાર્થ** જ્ઞાન. એટલે એવું જ્ઞાન જે અન્ય કોઈ સાધનથી મળી ન શકે અને તે મેળવેલું જ્ઞાન પાછું રદ ન કરી શકાય અથવા તેનો વિરોધ ન કરી શકાય કે ન તેનો છેદ ઉડાડી શકાય. ઉદાહરણ માટે જેમ અંધારામાં દોરડું લટકતું હોય તો તે સાપ માની લેવાની ભ્રાંતિ થાય, તેથી તે સાપ છે તેવું કહેવામાં આવે. પરંતુ અજવાળું થતાં તે દોરડું છે તે સ્પષ્ટ થાય. એટલે અગાઉનું વાક્ય કે તે સર્પ છે તે રદ કરવું પડે. આમ, આંખથી જે જ્ઞાન ઉત્પન્ન થયું તે પહેલાં જે ન હતું તેનું જ્ઞાન ઉત્પન્ન થતાં તે વાક્ય રદ થઈ જાય છે. શાસ્ત્ર બ્રહ્મની બાબતમાં જે વ્યાખ્યા કરે છે તેનો અન્ય વાતથી ઉચ્છેદ નથી થઈ શકતો, તેને રદ કરી શકાતો નથી. તે અર્થમાં

તેને પ્રમાણરૂપ સ્વીકારી શકાય છે. દરેક પ્રમાણ સાથે આવી ફિલોસોફી સંકળાયેલ છે. શાસ્ત્રના જ્ઞાનથી કે તર્ક દ્વારા તેને રદ કરી શકાતું નથી. તેટલા અર્થમાં તે પ્રમાણ સ્વરૂપ સ્વીકારી શકાય છે. આ બાબતે શાંકરમત અને વલ્લભમત સંમત છે.

શંકરાચાર્ય કહે છે કે જો બ્રહ્મને સગુણ માનીએ તો પ્રત્યક્ષ રૂપે કોઈનામાં પણ ગુણ પ્રગટ થઈ શકે છે. શૈવ-વૈષ્ણવ, શાક્ત, ગાણપત્ય, સૌર અને સ્કાંધ એ છ એ સંપ્રદાય સગુણ બ્રહ્મને સ્વીકારે છે. શાંકર મત અન્ય બધા જ સંપ્રદાયના દેવોને સ્વીકારે છે. તેઓએ અન્ય સંપ્રદાયના દેવોને ખંડિત કર્યા નથી જ્યારે અન્ય સંપ્રદાય કેવળ પોતાના ઈષ્ટ દેવતાને જ સ્વીકારે છે, અન્ય સંપ્રદાયના દેવોને નહીં.

સામાન્ય રીતે એમ માનવામાં આવે છે કે શંકરાચાર્ય બ્રહ્મને નિર્ગુણ માને છે. જ્યારે શ્રી વલ્લભાચાર્ય કેવલ સગુણ બ્રહ્મવાદી છે. પરંતુ તે સાચું નથી. શ્રી વલ્લભાચાર્ય બ્રહ્મને નિર્ગુણ-સગુણ બન્ને માને છે. તેઓના મતે બ્રહ્મ નિરાકાર પણ છે અને સાકાર પણ છે. તેઓ કહે છે કે જો બ્રહ્મને સગુણ માનો તો તે અપ્રમાણ કે પ્રમાણ છે તેમ સાચા કે ખોટા એવા સંદર્ભમાં નહીં, પરંતુ જે પ્રમાણને અન્ય કોઈ રીતે રદ કરી શકાય તેમ નથી તે રીતે તેને પ્રમાણરૂપ માની શકાય. સાચું એટલે પ્રમાણ અને ખોટું એટલે અપ્રમાણ તે રૂપમાં નહીં. જેને શાસ્ત્રથી જાણી શકાય અને અન્ય કશા દ્વારા તેને રદ ન કરી શકાય, તેટલા અર્થમાં તે પ્રમાણ તરીકે સ્વીકારી શકાય, બ્રહ્મને જાણવાનું સાધન શાસ્ત્ર છે અને શાસ્ત્ર બ્રહ્મને સગુણ અને નિર્ગુણ એમ બન્ને રીતે બતાવે તો આપણે કઈ રીતે તેને નકારી શકીએ?

શ્રી વલ્લભાચાર્ય કહે છે - બ્રહ્મ સગુણ છે અને નિર્ગુણ પણ છે. તેઓ કેવળ સગુણવાદી નથી કે કેવળ નિર્ગુણવાદી પણ નથી. તેમના મતે બ્રહ્મ સાકાર અને નિરાકાર બન્ને છે કારણ કે શાસ્ત્ર તે પ્રમાણે કહે છે. જેમ આજનું વિજ્ઞાન માને છે કે પ્રકાશ પદાર્થ છે અને કાર્યશક્તિ પણ છે. આઈન્સ્ટાઈન કહે છે પ્રકાશ બન્ને છે. એ જ પ્રમાણે બ્રહ્મમાં આપસમાં વિરોધાભાસી ગુણો દશ્યમાન થાય છે તે સ્વીકારવું જ જોઈએ.

શ્રી વલ્લભાચાર્યજી કહે છે- 'નિર્ગુણ બ્રહ્મ' એ અપ્રાકૃત-અલૌકિક ગુણોથી સંપન્ન હોવા છતાં પ્રાકૃત કે લૌકિક ગુણોથી રહિત છે. તે અર્થમાં તે 'નિર્ગુણ' પણ છે.

સગુણ-નિર્ગુણ શ્રુતિ કહે છે - **'એકમેવા દ્વિતીય તદક્ષત બહુસ્યાં પ્રજાયેય'** તે એકલો છે - તેને વિચાર્યું 'હું બહુ થઈ જાઉં, એટલે બધી વિવિધતા ધારણ કરી.' જે ગુણો પ્રગટ થયા તે બધા ગુણો બ્રહ્મમાંથી પ્રગટ થયા, તો તે ગુણો બ્રહ્મમાં હતા જ. જેમ સમુદ્રના પાણીમાંથી વરાળ બને. તે વાદળરૂપે અસ્તિત્વ ધરાવે. પછી તે વાદળ વરસાદ બની પુનઃ જળરૂપે નદીમાં આવે અને નદી સમુદ્રમાં ઠલવાય. આવી જ પ્રક્રિયા બ્રહ્મમાં થાય છે. જે નિર્ગુણ છે તે જ સગુણ બને છે. પહેલાં ગુણ પ્રગટ ન હતાં માટે 'નિર્ગુણ કહેવાય'. ત્યારે ગુણ બ્રહ્મની ભીતર હતા. જ્યારે તે બહાર પ્રગટ થાય ત્યારે તેનું સગુણ રૂપ અસ્તિત્વમાં આવે છે માટે તે 'સગુણ બ્રહ્મ' કહેવાય.

પરબ્રહ્મનું અસ્તિત્વ નીચેના પાંચ પ્રકારે સંભવી શકે છે.

૧) તે **સગુણ+સાકાર** હોઈ શકે. આ શક્યતાને શૈવ-વૈષ્ણવ શાક્ત-ગાણપત્ય, સૌર, સ્કાંધ એ છ સંપ્રદાયો ઉપરાંત ઈસાઈ, યહૂદી અને માયાવાદી પણ સ્વીકારે છે.

૨) **સગુણ+નિરાકાર.** આ સ્વરૂપને ઈસ્લામ, ન્યાયવાદી તેમ જ વૈશેષિકો માને છે.

૩) **નિર્ગુણ+સાકાર.** આ શક્યતા ખાલી છે. આ સ્થિતિનો કોઈ સ્વીકાર કરતાં નથી.

૪) **નિર્ગુણ+સગુણ+નિરાકાર+સાકાર.** આ શક્યતાનો જૈન-બૌદ્ધ તથા વલ્લભમત સ્વીકાર કરે છે.

૫) **નિર્ગુણ+નિરાકાર.** કેવલાદ્વૈતવાદી - શાંકરમતની એ માન્યતા છે.

માયાવાદીઓનો ઈશ્વર સગુણ-સાકાર છે, જ્યારે કેવલાદ્વૈતવાદી તેને નિર્ગુણ-નિરાકાર માને છે. જૈન અને બૌદ્ધ વેદાંત મુજબના બ્રહ્મને માનતા નથી. તેઓ ઈશ્વરવાદી છે, પરંતુ તેમનો ઈશ્વર વિશેનો વિચાર અલગ પ્રકારનો છે. જૈન-બૌદ્ધ ધર્મમાં ઈશ્વર હોતો નથી, પરંતુ ઈશ્વર બની શકાય છે. કોઈ પણ વ્યક્તિ પ્રયાસ કરવાથી ઈશ્વર બની શકે છે તેમ તેઓનું માનવું છે. મહાવીર

સ્વામીને તપ દ્વારા જ્ઞાન પ્રાપ્ત થયું તો તે ભગવાન બની ગયા. ગૌતમ બુદ્ધને બૌદ્ધત્વ પ્રાપ્ત થયું ત્યારે તે બૌદ્ધ બન્યા.

વલ્લભ મત પ્રમાણે પણ બ્રહ્મ સગુણ તેમજ નિર્ગુણ બન્ને છે. વૈષ્ણવિઝમ એ સગુણ સાકારવાદી છે અને નિર્ગુણ-નિરાકારવાદી પણ છે. અક્ષરબ્રહ્મ એ બ્રહ્મનું નિરાકાર સ્વરૂપ છે. જ્યારે બ્રહ્મનું સગુણસ્વરૂપ તે 'પુરુષોત્તમ' છે. શ્રી વલ્લભાચાર્યજીનો આ મત છે કારણ કે તે શ્રુતિનો મત છે અને તેઓ શ્રુતિના કથનને માન્ય રાખે છે.

વસ્તુસ્થિતિ એ છે કે સગુણ-નિર્ગુણ કે સાકાર-નિરાકારનો જે વિવાદ છે તેમાં ગુણને એક ચોક્કસ અર્થમાં પકડી લેવામાં આવ્યું છે. ગુણ અને આકારને બાલીશ-ક્ષુલ્લક અર્થમાં સમજી તેને એક ચોક્કસ માપદંડ આપી દીધાં છે. માટે તેને અન્ય સંદર્ભમાં કે યથાર્થ રૂપે આપણે સમજી શકતા નથી.

ગુણોના પ્રકાર

ગુણોના આઠ પ્રકારો બતાવવામાં આવ્યા છે. બ્રહ્મમાં આ આઠે પ્રકાર કઈ રીતે અસ્તિત્વ ધરાવે છે અને કઈ રીતે તે નિર્ગુણ બ્રહ્મમાં બંધ બેસે છે તે જાણવું આવશ્યક ગણાય. એ આઠ ગુણો છે:

(૧) ધર્મ્યાત્મકતા, (૨) તદાત્મકતા, (૩) ઉત્પત્તિ, (૪) સ્વરૂપ, (૫) દૃશ્યોપાધિક, (૬) દૃષ્ટોપાધિક, (૭) અકલ્પિત, (૮) કલ્પિત.



ગુણ

વસ્તુગત ગુણ
Cobjectively અસ્તિત્વ ધરાવે છે

આરોપિત ગુણ

નિરપેક્ષ
જે Essential qualtities
કે Allnbules હોય તે ગુણ

સાપેક્ષ

(૫) દૃશ્યોપાધિક
જે ગુણ
લોકેશનના
કારણે પ્રગટ થાય.
જેમ સૂર્ય-અંતરના
કારણે નાનો
દેખાય છે

(૬) દૃષ્ટોપાધિક
જે ગુણ
જોનારના
કારણે
ઉત્પન્ન
થાય છે

(૧) ધર્મ્યાત્મક જેને
Differtiani કે
Disection
કરી શકાય. ઉદા-
નદીનો પ્રવાહ
નદીથી અલગ ન કરી
શકાય ઘડાની આકૃતિ-
ઘડા સાથે જોડાયેલ છે

(૨) આકાર
તદાત્માત્મક
સોનાનું પીળાપણું પ્રત્યેક
પીળી વસ્તુ સોનું ન
હોઈ શકે

(૭) અ કલ્પિત (Imposed
quality) દર્પણ સામે ઊભા
રહીએ ત્યારે જે પ્રતિબિંબ
દેખાય તે દર્પણના કારણે
દેખાય છે

(૮) અકલ્પિત

(૩) ઉત્પત્તિ
ઉદા-પુત્ર-પિતા
જ્યાં બીજાની
અપેક્ષા રહે છે

(૪) સ્વરૂપ
ઉદા-ધનિકતા.
ધન હોય તો ધનિકતાનો
ગુણ હોઈ શકે

જ્યારે બ્રહ્મનો સગુણ કે નિર્ગુણ હોવા વિશેનો વિચાર કરવામાં આવે ત્યારે તે કેવળ ગુણોના સંદર્ભમાં જ નહીં, પરંતુ તેના આકાર વિષયક ગુણોના પ્રભેદ પણ વિચારવાના આવશ્યક હોય છે. શ્રુતિવાક્ય **'એકમેવા દ્વિતીય'**માં બ્રહ્મ અલગ અને તેના ગુણો અલગ તેમ વિચારી શકાય નહીં. ગુણોના વિવેચનમાં સમજાવવામાં આવ્યું છે કે ગુણ કોઈ એક પ્રકારનો નહીં, પરંતુ અનેક પ્રકારના હોય છે. કયા કયા સંદર્ભમાં બ્રહ્મને 'સગુણ' સ્વીકારવા અને કયા ગુણ ન હોવાને કારણે તેને 'નિર્ગુણ' કહેવા તે સમજવું જોઈએ. સગુણ-નિર્ગુણનો એવા અર્થ નથી કે તેમનામાં ફક્ત ગુણો છે માટે તેને 'સગુણ' કહેવાય છે. અથવા કોઈ પણ પ્રકારના ગુણોરહિત છે માટે તે 'નિર્ગુણ' કહેવાય છે. શંકરાચાર્ય પણ કબૂલ કરે છે કે તેમાં માયીક ગુણો છે, પરંતુ પારમાર્થિક ગુણો નથી.

મૂળભૂત બ્રહ્મમાં બે પ્રકારના ગુણો હોય છે- (૧) વસ્તુગત અને (૨) આરોપિત.

વસ્તુગત ગુણો એટલે જે બ્રહ્મામાં તત્વતઃ તાત્ત્વિક સ્વભાવને અનુરૂપ અને તેના તાત્ત્વિક સ્વરૂપને ગ્રહણ કરવાના પ્રમાણથી ગ્રહિત થતા હોય છે. જ્યારે આરોપિત ગુણો અન્ય વસ્તુને કારણે તેમાં સ્પષ્ટ થતાં હોય છે.

વસ્તુગત ગુણોના બે પ્રકાર છે. (૧) નિરપેક્ષ અને (૨) સાપેક્ષ.

(૧) જેમ નદી એટલે જળનો પ્રવાહ. આમ પ્રવાહ એ નદીનો ગુણ છે, પરંતુ જો પ્રવાહ ન હોય, નદી વહેતી ન હોય તો તે કેવળ જળસંગ્રહ કહેવાય. આમ, નદીનું નદીપણું એ તેના પ્રવાહની અપેક્ષાથી છે. પ્રવાહ વધે કે ઘટે તો પણ નદી તો નદી જ રહે છે. તે જ પ્રમાણે ઘડાની આકૃતિને ઘડાને ગુણ કહી શકાય. પરંતુ જો ઘડો ખંડિત થાય, અર્થાત્ તેની આકૃતિ બદલાય તો પણ ઘડાને ઘડો જ કહેવાશે. તે તેની આકૃતિ પર નિર્ભર કરતો નથી. આ નિરપેક્ષ ગુણોનું ઉદાહરણ છે. નદી અને પ્રવાહમાં અથવા ઘડો અને તેની આકૃતિમાં કોઈ તાદાત્મ્ય વસ્તુ છે. બ્રહ્મને આપણે 'સચ્ચિદાનંદ' કહીએ છીએ. જો નદીની સાથે બ્રહ્મને સરખાવીએ તો બ્રહ્મમાં આનંદનો ગુણ ભાસે છે, પરંતુ તે 'તાદાત્મ્યભાવાપન્ન' ગુણ છે. આને બ્રહ્મનો 'નિરપેક્ષ-વસ્તુગત' ગુણ કહેવાય.

(૨) 'સાપેક્ષ' પ્રકારના ગુણમાં બે પ્રકારની સ્થિતિ છે - (અ) ઉત્પત્તિ અને (બ) સ્વરૂપ. સાપેક્ષ ગુણ એટલે અન્ય વસ્તુ કે બાબતના સંદર્ભમાં સ્પષ્ટ થતો ગુણ.

જગતની ઉત્પત્તિના સંદર્ભમાં જેમ ભગવાન ગીતાજીમાં કહે છે કે, 'આ સમગ્ર જગતનો આધાર હું છું અને મારા ક્ષુદ્ર અંશમાં વિશ્વ રહેલું છે.' અહીં ભગવાન કારણ છે, વિશ્વ કાર્ય છે. કારણ જ્યારે કાર્ય રૂપે પ્રગટ થાય ત્યારે કારણ ખતમ (Exhast) થઈ જાય, પરંતુ કોઈ અન્ય કાર્યમાં તે વધારાની ભૂમિકામાં (Additional factor) હોઈ શકે. અંશના સંદર્ભમાં અંશી એટલે કે સમષ્ટિની ઓળખ થાય છે. અંશીમાથી અંશ ઉત્પન્ન થાય, પરંતુ અંશના કારણે અંશીની ઓળખ ઊભી થાય. ઉદાહરણ - ઈરાનનો 'શબસ્તરી' કહે છે કે તમે કહો છો કોઈ પરમ તત્ત્વએ મને પેદા કર્યો છે. પણ હું એમ કહું છું કે મેં તેને પેદા કર્યો છે. Creator તરીકે કોની વધુ મહત્તા? હું તેને પરમતત્ત્વ કે પરમેશ્વર માનું ત્યારે તો તેનું મહત્ત્વ છે. મારી માન્યતા તેના વિશેની પરમતત્ત્વ રૂપમાં ન હોત તો તે પરમેશ્વર કેવી રીતે હોત? તદનુસાર કાકાએ કાકા કહેવડાવવા માટે ભત્રીજાની જરૂર હોય છે. ભત્રીજાના કારણે જ કાકા, 'કાકા' તરીકે ઓળખાય છે. તે જ પ્રમાણે બ્રહ્મમાં પણ એવા સાપેક્ષ ગુણો છે જેને નકારી ન શકાય.

બીજો પ્રકાર છે સ્વરૂપ-સાપેક્ષ. બ્રહ્મનું સ્વરૂપ અંતર્યામીના રૂપમાં પણ છે, પરંતુ તેનું અંતર્યામી સ્વરૂપ ત્યારે જ જળવાય જ્યારે તેને બિરાજવાની કશીક જગ્યા હોય. પ્રાણીના હૃદયમાં બિરાજવાના સ્થાન હોવાથી તે ત્યાં અંતર્યામી રૂપે પ્રગટે છે. આ પ્રકારનો ગુણ પણ બ્રહ્મમાં નિહિત છે.

ઉપરોક્ત પ્રકારો **વસ્તુગત ગુણો**ના પ્રભાગ છે. બીજો પ્રકાર છે **'આરોપિત ગુણ.'**

આરોપિત ગુણો પણ બે પ્રકારના હોય છે. (૧) સંયુક્તોપાધિક અને (૨) અસંયુક્તોપાધિક.

સંયુક્તોપાધિકમાં પાછા બે પ્રકાર હોઈ શકે (૧) દશ્ય, (૨) દષ્ટા



બ્રહ્મમાંથી સમગ્ર સૃષ્ટિ ઉત્પન્ન થયેલ છે, પરંતુ તેના ત્રણ પ્રભેદ છે. પુષ્ટિ, મર્યાદા અને પ્રવાહી. બ્રહ્મના ષડ્ગુણોમાંના ચાર ગુણ શ્રી, યશ, વૈરાગ્ય અને જ્ઞાન તે આ સૃષ્ટિના અલગ અલગ પ્રભેદમાં પ્રગટ થાય છે. ઈશ્વર હોવું તેને જ ઐશ્વર્ય ગુણ કહેવાય. ઈશ્વરનું ઐશ્વર્યપણું અન્ય તેને સ્વીકારે તેના કારણે પ્રગટ થાય છે. કોઈનામાં ઐશ્વર્ય હોય, પરંતુ બીજો તેના 'ઐશ્વર્ય'નો સ્વીકાર કરનાર ન હોય તો તે ગુણ તેનામાં પ્રગટ થઈ શકે નહીં. બ્રહ્મમાં આ ષડ્ગુણો સ્વાભાવિક છે. તે ક્યાંકથી પ્રાપ્ત કરેલાં (acquired) નથી. મનુષ્યમાં આમાંના કોઈક ગુણ પ્રગટ થાય તો તે તેને મેળવેલો હોય છે, પ્રાપ્ત કરેલો હોય છે. ભગવાનમાં રહેલ શ્રી અને યશ ગુણને પુષ્ટિ સૃષ્ટિ અનુભવ કરે છે. 'શ્રી' એટલે 'શોભા' અને 'યશ' તેમની 'કીર્તિ'. પુષ્ટિ-સૃષ્ટિમાં ભગવાનના 'શ્રી' અને 'યશ' ગુણ દશ્ય બને છે. તદ્નુસાર મર્યાદા સૃષ્ટિમાં 'ઐશ્વર્ય' અને 'જ્ઞાન' પ્રગટ થાય છે, અથવા દશ્યમાન થાય છે. બીજી રીતે કહીએ તો મર્યાદાસૃષ્ટિ સિવાય અન્ય બ્રહ્મના ઐશ્વર્ય અને જ્ઞાન ગુણને માણી શકતાં નથી. ભગવાનના, 'ઐશ્વર્ય'નો અને 'જ્ઞાન'નો સ્વીકાર કરવો તે મર્યાદા જીવોના ઉપર નિર્ભર કરે છે. તેવી જ રીતે પ્રવાહી સૃષ્ટિનો 'અજ્ઞ' જીવ ભગવાનને માણી શકતો નથી, જ્યારે દુર્જ્ઞ જીવ ભગવાનનો દ્વેષ કરે છે. ભગવાનમાં અજ્ઞ જીવની અપેક્ષાઓથી 'વૈરાગ્ય' ગુણ પ્રકટે છે, જ્યારે દુર્જ્ઞ જીવોની અપેક્ષાઓથી ભગવાનમાં 'વીર્ય' ગુણ પ્રગટ થાય છે. આમ, ભગવાનના ષડ્ગુણો આ ત્રણે પ્રકારની સૃષ્ટિમાં પ્રગટ થાય છે અને દશ્યમાન બને છે. ભગવાનની આ દશ્યનીં ઉપાધિને કારણે તે 'ભજનીય' બને છે તેમ જ 'શરણીય' બને છે. પુષ્ટિ સૃષ્ટિના કારણે બ્રહ્મમાં ભજનીય હોવાનો ગુણ પ્રગટ થાય છે. કારણ કે પુષ્ટિ સૃષ્ટિને પરમાત્માનું 'ભજન' કર્યા વગર ચાલી શકતું નથી. જ્યારે 'શરણીય' એટલે જ્ઞેય અથવા ઉપાસ્ય-ગુણ મર્યાદા જીવોના કારણે ઉત્પન્ન થાય છે. પુષ્ટિ જીવો ભગવાનને માણવાની ઈચ્છા રાખે છે, જ્યારે મર્યાદા જીવો ભગવાનને જાણવાની ઈચ્છા રાખે છે. પ્રવાહી સૃષ્ટિમાં 'અજ્ઞ' જીવ ઉપેક્ષા કરે છે. 'દુર્જ્ઞ' જીવ દ્વેષ કરે છે. ભગવાન તો આનંદરૂપ છે. દુર્જ્ઞ જીવ દુઃખથી આનંદિત થાય છે, જ્યારે સુખથી તે દુઃખી બને છે. પ્રવાહીની આ વિચિત્રતા છે. આ પ્રકારે દશ્યમાન થતાં ભગવાનના ષડ્ગુણો-પુષ્ટિ-મર્યાદા અને પ્રવાહી સૃષ્ટિમાં પ્રગટ થાય છે.

આરોપિત ગુણોનો બીજો પ્રકાર છે **'અસંયુક્તોપાધિ'**. એના બે પ્રભેદ સંભવી શકે છે- (૧) અકલ્પિત અને (૨) કલ્પિત.

ગુણ અને અવગુણની સ્થિતિ સામેની વ્યક્તિ તેને કઈ રીતે અથવા કયા સંદર્ભમાં જોઈ રહી છે તેના પર નિર્ભર કરે છે, અથવા તે પ્રગટ થાય છે.

ભગવાન જો આપણી સાથે Interact કરવા માગે તો તેને અનુરૂપ ગુણ તેમાં પ્રગટ થઈ શકે છે. જેમ પાણીનો કોઈ આકાર હોતો નથી, જેમાં તે સ્થિત હોય તેવો આકાર તે ધારણ કરી લે છે. 'અજ્ઞ' જીવોની સ્થિતિ પાણી જેવી હોય છે. તેમની કોઈ 'વિશિષ્ટ સ્થિતિ' હોતી નથી. પરમાત્મા જે પ્રકારના જીવો સાથે Interact કરે - પુષ્ટિ, પ્રવાહ-અથવા મર્યાદા, તદ્નુસાર તેમાં પોતાના ગુણોને પ્રગટ કરે છે.

આમ, બ્રહ્મના વિવિધ પ્રકારના ગુણો વિવિધ સ્થિતિમાં પ્રગટ હોવાના સંદર્ભમાં તે 'સગુણ' હોવાનો નિર્દેશ મળે છે અથવા સગુણ રૂપે પ્રગટ થાય છે.

બ્રહ્મવાદ

ઉપર શુદ્ધાદ્વૈતની વ્યાખ્યામાં સમજાવ્યું તેમ શ્રી વલ્લભાચાર્યના મતે જગત અને બ્રહ્મ વચ્ચેનો શુદ્ધાદ્વૈત સંબંધ છે. શુદ્ધ એટલે જ્યાં માયાનો સંબંધ નથી તે શુદ્ધ. બ્રહ્મ કાર્ય અને કારણ રૂપે શુદ્ધ છે, માયિક નથી. શુદ્ધ (માયા સંબંધ રહિત) બ્રહ્મ પોતાની સર્વ વ્યક્ત શક્તિથી જગતરૂપ બને છે. તે માટે તેને અન્ય કોઈ પદાર્થોની જરૂર પડતી નથી.

શુદ્ધ બ્રહ્મ (કારણ) અને શુદ્ધ જગત (કાર્ય) આ બે શુદ્ધનો અભેદ તે 'શુદ્ધાદ્વૈત'. જગતના સ્વરૂપને ધ્યાનમાં લઈ જેમ શંકરાચાર્યનો મત 'જગત માયાના કારણે છે' માટે તેમના વાદ ને 'માયાવાદ' કહેવાય છે તેમ શ્રી વલ્લભચાર્યનો મત છે કે 'જગત બ્રહ્મનું રૂપ છે', માટે તેમના સિદ્ધાંતને **'બ્રહ્મવાદ'** કહેવામાં આવે છે. જગત પરબ્રહ્મ પરમાત્માનું સર્જન છે. તેમણે પોતાના સામર્થ્ય વડે તે રચ્યું છે અથવા તેઓ સ્વયં જગતરૂપ બન્યા છે'. **'પ્રપંચો ભગવત્કાર્ય સ્તુદ્રુપો માયયાડભવત'**. માયા ભગવાનની અલૌકિક શક્તિ છે. તે સ્વતંત્ર નથી. જેમ માટીના કુંભમાં માટી અસ્તિત્વ ધરાવે છે. સુવર્ણના આભૂષણમાં સુવર્ણ નિહિત છે. તેમ જગત પણ બ્રહ્મરૂપ છે. આને કારણે તેને 'બ્રહ્મવાદ' કહે છે.

બ્રહ્મવાદના સિદ્ધાંતનાં મૂળ ત્રણ સૂત્રો છે. **'બ્રહ્મ સત્યં જગત્કાર્ય જીવોડશં એવનાપરઃ'** બ્રહ્મ સત્ય છે, જગત (મિથ્યા નથી પરંતુ) બ્રહ્મનું કાર્ય છે અને જીવ એ બ્રહ્મનો અંશ છે. જગત અને જગદીશનો સંબંધ અંશ-અંશીના છે.

બ્રહ્મવાદ બ્રહ્મને **'નિધર્મક'** નહીં પરંતુ **'સધર્મક'** કહેવું યોગ્ય ગણે છે. જો બ્રહ્મ નિધર્મક હોય તો પછી એને જાણવાની, ભજવાની કે પ્રાપ્ત કરવાની સંભાવના જ રહેતી નથી. સધર્મક એટલે 'ધર્મ યુક્ત'. વસ્તુમાં જે ગુણ હોય છે તેને ધર્મ કહેવાય છે. જેના માટે નિર્ગુણ શબ્દનો પ્રયોગ થયો છે, ત્યાં નિર્ગુણનો અર્થ નિધર્મક થતો નથી. પરંતુ તેનો અર્થ છે જેના પર પ્રકૃતિના સત્વ, રજ અને તમ ગુણના પ્રભાવ નથી. નિર્ગુણ શબ્દનો અર્થ ગુણરહિત કે ગુણહીન એમ નથી. બ્રહ્મમાં અધ્યક્ષપણું, દેવત્વ, સર્વ વ્યાપકત્વ, સર્વના અંતર્યામી હોવાપણું એવા ગુણો પણ છે. માટે બ્રહ્મવાદ નિર્ગુણનો અર્થ કરે છેઃ 'સત્વદિ ગુણોથી પર.' બ્રહ્મવાદમાં બ્રહ્મ નિર્ગુણ હોવા છતાં 'સધર્મક' છે. બ્રહ્મવાદનો અભિપ્રાય છે કે 'વેદાર્થ' અલૌકિક છે, તે લૌકિક યુક્તિથી જાણી શકાતો નથી, પરંતુ તપ, વેદને અનુકુળ યુક્તિ અને પરમાત્માની કૃપાથી જાણી શકાય છે. શ્રી વલ્લભાચાર્ય કહે છે વેદાદિ શાસ્ત્રોમાં બ્રહ્મનું જે કાંઈ નિરૂપણ કરવામાં આવેલ છે તેવું જ તેનું સ્વરૂપ જાણવું, અણુ માત્ર પણ અન્યથા કરવાથી તે દોષરૂપ બને છે.

બ્રહ્મવાદ નામ અને રૂપને પણ મિથ્યા માનતો નથી. છાંદોગ્ય ઉપનિષદ કહે છે કે બ્રહ્મ જ નામ રૂપનું કર્તા છે. 'જે તારી અંદર છે તે બ્રહ્મ છે.' **'સર્વ ખલ્વિદં બ્રહ્મ'** એ શ્રુતિ અનુસાર કશું જ મિથ્યા નથી.

નિરાકાર એટલે પ્રાકૃત સાકાર રહિત અને સાકાર એટલે આનંદાકાર. શ્રી વલ્લભાચાર્યજી કહે છે **'આનંદકર પાત્ર મુખોદરાદિ'** બ્રહ્મનું સ્વરૂપ મનુષ્યવત લોહીમાંસ યુક્ત નથી, પરંતુ સર્વત્ર આનંદરસઘન અલૌકિક છે.

પરબ્રહ્મ પરમાત્મા શ્રીકૃષ્ણ એ બ્રહ્મનું આધિદૈવિક સ્વરૂપ છે. અક્ષરબ્રહ્મ એ તેનું આધ્યાત્મિક સ્વરૂપ છે અને જગત એ તેનું આધિભૌતિક સ્વરૂપ છે. આ ત્રણે સ્વરૂપો અનન્ય અને અભિન્ન છે. જ્ઞાનીને અક્ષર બ્રહ્મની પ્રાપ્તિ થાય છે જ્યારે ભક્તો પ્રેમ વડે, ભક્તિ વડે તે બ્રહ્મના આધિદૈવિક સ્વરૂપ પામે છે.

જગતના વિષયમાં બ્રહ્મવાદ 'અવિકૃત પરિણામવાદ' માને છે. જગતનું ઉપાદાન અને નિમિત્ત કારણ બ્રહ્મને જ માને છે. માટે તે બ્રહ્મવાદ કહેવાય છે. અવિકૃત નિર્ગુણ બ્રહ્મ પોતાની અવિર્ભાવ તિરોભાવ નામની શક્તિ વડે અક્ષર, જીવ, જગત એમ સર્વરૂપે લીલા કરે છે. **'અયમેવ બ્રહ્મવાદઃ શિષ્ટં મોહાય કલ્પિતમ્'** અર્થાત્ આ જ બ્રહ્મવાદ છે, બીજું બધું મોહરૂપ છે.

જીવ :

શુદ્ધાદ્વૈત દર્શનમાં જીવસૃષ્ટિ એ બ્રહ્મની લીલા માટે છે. શ્રુતિ કહે છે - **'સ એકાકી ન રમતે, દ્વિતીય મૈચ્છત'** અર્થાત્ તેને એકલું સારું ન લાગ્યું તેથી બીજાની ઈચ્છા કરી. માટે તેણે વિચાર્યું, **'એકોડહમ્ બહુસ્યામ્'** અર્થાત્ 'હું એક છું તે અનેક થાઉં.' આમ, જીવની ઉત્પત્તિનું કારણ ભગવદીચ્છા છે. 'હું અનેક રૂપે થાઉં' એવી પરબ્રહ્મની ક્રીડા કરવાની ઈચ્છા થતાં તે પોતાના પૂર્ણ પ્રકટ આનંદનો તિરોભાવ કરીને જીવસ્વરૂપ ગ્રહણ કરે છે. નરસિંહ મહેતાએ કહ્યું છે - **'વિવિધ રચના કરી અનેક રસ લેવાને જીવ થકી શિવ થયો એ જ આશે** પોતાના નિબંધ ગ્રંથમાં શ્રી વલ્લભાચાર્ય કહે છે, **'બહુસ્યાં પ્રજાયેયેતિ વીક્ષા તસ્ય હયભૂત્સતી, તદીચ્છા માત્રસીસ્માદ બ્રહ્મભૂતાંશચેતનઃ'** એકમાંથી અનેક થવાની સત્ય સંકલ્પ એવી ભગવાનની ઈચ્છા થતાં તે ઈચ્છા માત્રથી બ્રહ્મમાંથી બ્રહ્મભૂત અંશરૂપ જીવોનું વ્યુચ્ચરણ થયું (જીવો છુટ્ટા પડ્યા).

મુંડક ઉપનિષદ કહે છેઃ 'જેમ અત્યંત પ્રજ્વલિત થયેલા અગ્નિમાંથી સૂક્ષ્મ તણખા નીકળે છે તેમ એ આત્મા (પરબ્રહ્મ)માંથી સર્વ પ્રાણ, સર્વ લોક અને દુરાચારી તેમજ સદાચારી એવા બધા (આસુરી તેમ જ દૈવી) જીવો છૂટા પડે છે.' **'અંશોનાના વ્યપદેશાત્'** એ સૂત્ર અનુસાર જીવ ભગવાનનો અંશ છે એમ અનેક પ્રકારે કહેવામાં આવેલ છે. માટે તેને અંશ માનવો. ગીતામાં પણ શ્રીકૃષ્ણ કહે છે. **'મમૈવાંશો જીવ લોકે જીવભૂત સનાતન'**. અહીં નિઃસંદેહ રૂપે જીવ ભગવાનનો અંશ હોવાનું પ્રતિપાદિત થાય છે.

શુદ્ધાદ્વૈત દર્શનમાં જીવ અને બ્રહ્મનો સંબંધ અંશ અને અંશીનો છે. ઉપરોક્ત મુંડકોપનિષદનું વાક્યથી બ્રહ્મ અને જીવનો સંબંધ સ્પષ્ટ થાય છે. શ્રી વલ્લભાચાર્ય સમજાવે છે કે જે પ્રકારે અગ્નિ અને તેની ચિનગારીઓમાં કોઈ ભેદ નથી તે જ પ્રકારે બ્રહ્મ અને જીવમાં પણ સ્વરૂપગત અભેદ છે. આમ

છતાં શંકરાચાર્યની જેમ તેઓ 'જીવ બ્રહ્મજ' છે તેમ નથી માનતા કારણ કે અહીં જીવ કેવળ અંશી બ્રહ્મનાં અંશ માત્ર છે. જે પ્રકારે નાની મોટી ચિનગારીઓમાં અગ્નિનો ન્યૂનાધિક અંશ વિદ્યમાન રહે છે તેમ જીવોની સ્થિતિ છે. જીવ અને બ્રહ્મમાં અંતર માત્ર એટલું છે કે જીવની શક્તિ પોતાની સત્તાનુસાર સીમિત છે, જ્યારે બ્રહ્મની શક્તિ અસીમ અને અનંત છે.

જીવ અણુરૂપ છે તે કર્તા તેમજ ભોક્તા બન્ને છે. તે એકજ નથી, પરંતુ તેનું બહુત્વ છે. તે અંતર્યામી પરમાત્માની સાથે હૃદયસ્થ બને છે. તેમાં બ્રહ્મના સદાંશ અને ચિદાંશ છે, પરંતુ આનંદ તત્ત્વનો તેનામાં તિરોભાવ છે: અને માટે જ તે દુઃખનો અનુભવ કરે છે. જીવનો આનંદથી તિરોહિત થઈ જવાથી તે જ વખતે ભગવદીચ્છાથી ભગવાનમાં રહેલા ઐશ્વર્યાદિ જડધર્મોનો પણ તિરોભાવ થઈ જાય છે. ઐશ્વર્ય ધર્મ તિરોહિત થતાં જીવમાં દીનતા, પરાધીનતા આવે છે, વીર્યધર્મનું તિરોધાન થતાં તેને અનેક દુઃખો ભોગવવાં પડે છે, યશનું તિરોધાન થતાં તે સર્વથી હીન બની જાય છે, શ્રી ધર્મ તિરોહિત થતાં જન્મ આદિ વિપત્તિ આવી પડે છે, જ્ઞાનનાં અભાવથી તેને વિપરિત જ્ઞાન ઉત્પન્ન થાય છે અને વૈરાગ્યના તિરોધાનને કારણે તે વિષયાસક્ત બને છે.

આમ, ઐશ્વર્ય, વીર્ય, યશ અને શ્રીના તિરોધાનથી 'બંધ'- સંસારનું બંધન થાય છે અને જ્ઞાન-વૈરાગ્યના તિરોધાનથી જીવને 'વિપર્યાસ' એટલે વિપરીતપણું પ્રાપ્ત થાય છે.

શુદ્ધાદ્વૈતમાં જીવની ત્રણ અવસ્થાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. (૧) શુદ્ધ, (૨) સંસારી અથવા બદ્ધ (Bonded) અને (૩) મુક્ત. જીવ બ્રહ્મમાંથી છૂટો પડે ત્યારે તે શુદ્ધ અવસ્થામાં હોય છે. પંચપર્વા અવિદ્યાની જાળમાં ફસાતાં તે જન્મ-મરણના ચકરાવામાં ફરવા માંડે ત્યારે તેની 'સંસારી' અથવા બદ્ધ અવસ્થા હોય છે અને જ્યારે તે ભગવદ્ શરણ સ્વીકારે, ભગવદ્ કૃપા પ્રાપ્ત કરી શકે છે ત્યારે તે 'મુક્ત' બને છે.

ગીતામાં જીવોના બે ભેદ - આસુરી તેમજ દૈવી બતાવવામાં આવ્યા છે. શ્રી વલ્લભાચાર્ય આસુરી જીવોને પ્રવાહી જીવો કહે છે. જ્યારે દૈવી જીવોના પ્રભેદ બતાવી તેમને મર્યાદા જીવ અને પુષ્ટિ જીવ એમ બે કક્ષામાં મૂકે છે. પ્રવાહી જીવો હંમેશાં બુદ્ધ અવસ્થામાં જ રહે છે. તેમની સંસારાશક્તિ ક્યારેય

જતી નથી જ્યારે મર્યાદા જીવો વેદ માર્ગને અનુસરીને મોક્ષપ્રાપ્તિ કરી શકે છે. પુષ્ટિ જીવોને ભગવાનની નિષ્કામ ભક્તિમાં રુચિ થતાં તે ભગવદ્સેવા દ્વારા ભગવાનની પુનઃ પ્રાપ્તિ કરી શકે છે.

જગત

જગતની ઉત્પત્તિ વિશે અનેક વિચારધારાઓ પ્રવર્તે છે. **સૃજત્ત્વનો સિદ્ધાંત (Theory of Creation)** વિશે મુખ્યત્વે ત્રણ પ્રકારના વિચારો પ્રતિપાદિત થયા છે.

૧. ઈશ્વરે શૂન્યમાંથી આ વિશ્વની રચના કરી છે. (God created this universe out of nothing) આ વિચારધારા ખ્રિશ્ચન તત્ત્વજ્ઞાનની છે.

૨. ઈશ્વરે પદાર્થ અર્થાત્ પરમાણુમાંથી આ વિશ્વ રચ્યું છે. (God created this universe out of matter or atoms) આ મત નૈયાયીકો અને વૈશેષિકોનો છે.

૩. ઈશ્વરે પોતાનામાંથી આ વિશ્વ ઉત્પન્ન કર્યું છે. જેનાં પોતાનાં કેટલાંક તત્ત્વો તિરોહિત કર્યાં છે. (God created this universe out of Himself by concealing some of his aspects partially or wholly). શ્રી વલ્લભાચાર્યજી જગતની ઉત્પત્તિ આ રીતે થયેલી બતાવે છે.

આ બધું ઈશ્વર જ છે. (All is God.) એ વિચારધારાને Pen-en-theism કહેવાય છે. જગત એ બ્રહ્મનું જ રૂપ છે. જેમાં તેમનાં ચિત્ (જ્ઞાન) અને આનંદ (Bliss) તત્ત્વનું તિરોધાન થયેલું છે.

શ્રી વલ્લભાચાર્ય માને છે કે પરબ્રહ્મને અનેક રૂપે પ્રકટ થવાની ઈચ્છા થઈ તેથી રમણ કરવા, ક્રીડા કરવા માટે તેણે જગતરૂપ ધારણ કર્યું. બ્રહ્મ જ જગતનું ઉપાદાન, સમવાયી અને નિમિત્ત કારણ છે. કાર્ય કારણને સમજવા માટે છાંદોગ્ય ઉપનિષદ એક નવી જ દૃષ્ટિ આપે છે. ઘડો-કોડિયું વગેરે બધા ભેદ તો નામ માત્ર જ છે. વસ્તુતઃ તો સર્વ માટી જ છે. માટી રૂપે જેમ તે સત્ય છે, તે પ્રમાણે આ સર્વ વિશ્વ પણ બ્રહ્મરૂપ છે, તેથી તે સત્ય છે. શ્રી વલ્લભાચાર્યજી કહે છે જગત એ 'બ્રહ્મનું અવિકૃત પરિણામ' છે. જેમ સુવર્ણમાંથી અલંકાર બનાવવામાં આવે તો અલંકારમાં સોનું રહેલું હોય છે. તે તેનાથી ભિન્ન નથી કે નથી તેમાં કોઈ વિકાર આવતો. તેથી ફરીને અલંકારને

ગાળતાં તે પાછું સોનાના અસલી રૂપમાં પરિવર્તિત થઈ જાય છે. તેજ પ્રમાણે બ્રહ્મે પોતે જ પોતાનામાંથી જગત ઉત્પન્ન કર્યું છે. અર્થાત્ પોતે જ જગતરૂપ બન્યા છે. આમ, બ્રહ્મ અને જગત અભિન્ન છે. પ્રલયના સમયમાં જગત પાછું બ્રહ્મરૂપે જ પરિણમે છે. આમ જો બ્રહ્મ સત્ય હોય તો તેનું જ આધિભૌતિક સ્વરૂપ જગત પણ સત્ય જ હોય. તે મિથ્યા ન હોઈ શકે એમ શ્રીવલ્લભાચાર્ય માને છે. આ 'શુદ્ધાદ્વૈત દર્શન'નો સિદ્ધાંત છે.

માટે નરસિંહ મહેતા કહે છે :

'વેદ તો એમ વદે', શ્રુતિ-સ્મૃતિ શાબદે, કનક કુંડલ વિશે ભેદ નહીયે, ઘાટ ઘડિયા પછી નામ રૂપ જૂજવા, અંતે તો હેમનું હેમ હોય... અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રી હરિ જૂજવે રૂપે અનંત ભાસે!

સંસાર

જર્મન ફિલોસોફર શોપેનહોવર એક બગીચામાં દાખલ થયો. કોઈકે તેને પૂછયું કે ત્યાં કોણ છે? તેણે કહ્યું 'તે હું છું' અને મને અર્થાત્ (I)ને શોધી રહ્યો છું. આ વાક્ય આમ તો વિચિત્ર લાગે છે. પરંતુ અહીં બન્ને (I) અલગ અલગ અર્થમાં છે. તું કોણ છે? તેના જવાબમાં જ્યારે પ્રત્યુત્તરમાં આપણું હું (I) 'અમુક અમુક' એમ ઓળખાણ આપીએ ત્યારે હું (I) એ આપણો અહંભાવ (Ego) છે. મને શોધવું એટલે મારા સ્વરૂપને (Spiritual Identity) શોધવું, અર્થાત્ મારી સાચી ઓળખાણને સમજવી. જ્યારે આપણામાં અહંભાવ આવે છે ત્યારે આપણે Ego-centric બનીએ છીએ. ત્યારે ઘણી સમસ્યાઓનો સામનો કરવો પડે છે. જ્યારે આપણે કોઈકને સંબોધીએ છીએ ત્યારે તેની વ્યક્તિગત ઓળખાણમાં 'I' ના કયા સ્વરૂપની વાત કરતાં હોઈએ છીએ - શરીર કે આત્મા? તે સમજવું આવશ્યક છે. જ્યાં 'હું'ના રૂપમાં અહંભાવ પ્રગટ થાય છે ત્યાં 'સંસાર' શરૂ થાય છે. શરીરના રૂપમાં 'I'ના એક ખોળિયામાંથી બીજા ખોળિયામાં ફર્યા કરે છે. (It is technically transmigration i.e. migration from one body to another body) કોઈ પદાર્થ અર્થાત્ આત્મા એક શરીર છોડી બીજામાં પ્રવેશે છે. એટલે કે સ્થળાંતર કરે છે. પુનર્જન્મની વાત અહીં ઉદ્ભવે છે. સંસારના સ્વરૂપમાં આ અહંભાવ Egocentric Attitude જ ભાગ ભજવે છે. અહંભાવમાંથી 'મમભાવ - આ મારું (This is mine) એમ અહંતા

(I-ness) અને મમતા (My-ness) ઉદ્ભવે છે. આપણે માનતા થઈએ છીએ કે આ બધું મારું છે. મારી સંપત્તિ, મારું ઘર, મારા ઓફિસ, વગેરે. વાસ્તવમાં આ બધું જ અહીં રહી જાય છે અને આપણે ચાલી નીકળીએ છીએ. આમ, આ અહંતા-મમતાની આપણી સમજને શ્રી વલ્લભાચાર્ય સંસાર કહે છે અને તે આપણા અજ્ઞાન-અવિદ્યાને કારણે ઉત્પન્ન થયેલ છે, તે વાસ્તવિક નથી. માટે તે મિથ્યા છે.

મોટે ભાગે મનુષ્યોને જગત અને સંસાર વચ્ચેના ભેદનું જ્ઞાન નથી. તેથી મોહ થાય છે. ભગવાનની રમણ કરવાની ઈચ્છાથી તેમણે આ જગતનો આવિર્ભાવ કર્યો છે જ્યારે સંસારનો જીવના અહંતામમતાત્મ ભાવના કારણે ઉદ્ભવે છે. જો જીવ અહંતા મમતામાંથી મુક્ત થઈ જાય અર્થાત્ ego-centric attitude ને બદલે theo-centric અથવા God-Centric attitude અપનાવે તો સંસાર નષ્ટ થઈ જાય છે, પરંતુ ગમે તેટલું જ્ઞાન થાય તો પણ જગતનો લય થતો નથી. જગતનો તિરોભાવ તો સર્વસમર્થ ઈશ્વરની ઈચ્છા થાય ત્યારે જ થાય છે.

જીવને સંસાર દશાના કારણરૂપ અવિદ્યાનાં પાંચ પર્વ છે - દેહાધ્યાસ, ઈંદ્રિયાધ્યાસ, પ્રાણાધ્યાસ, અંતઃકરણાધ્યાસ અને સ્વરૂપ વિસ્મૃતિ. ભગવાનની માયાની જેમ અવિદ્યાના પણ શક્તિ જીવને બંધન કરે છે તેમ વિદ્યા નામની શક્તિ જીવને સંસારમાંથી મુક્તિ આપે છે. વિદ્યાનાં પણ પાંચ પર્વ છે - વૈરાગ્ય, સાંખ્ય, યોગ, જ્ઞાન અને ભક્તિ. આ પંચપર્વા વિદ્યા વડે પંચપર્વા અવિદ્યાનો નાશ થતાં જીવ સંસારના બંધનમાંથી મુક્ત થઈ જાય છે. સંસારનો નાશ થઈ શકે છે તે જ બતાવે છે તે સંસાર સત્ય નથી, પરંતુ મિથ્યા છે.

લીલા

શ્રુતિ કહે છે, 'તે એકલા રમી શકે નહીં માટે બીજાની ઈચ્છા કરી' પોતાના એકમાંથી અનેક થવાની ઈચ્છા માત્રથી ભગવાને સૃષ્ટિની રચના કરી છે. આમ, જગતની ઉત્પત્તિ ભગવાને પોતાની લીલા (sport) માટે કરી છે, નિજાનંદ માટે છે. ભગવાન કૌતુકવાળા થઈને પ્રયાસ વિના જો કર્મ કરે અથવા પ્રયાસ વિના હર્ષથી કરવામાં આવતી ચેષ્ટા એટલે 'લીલા'.

ભગવાનની અનેક લીલાઓનાં વર્ણન ભાગવતમાં આલેખાયેલાં છે.

પ્રત્યેક લીલા પાછળ કાંઈને કાંઈ વિશિષ્ટ હેતુ રહેલા છે. ભગવાનની એક લીલા જુદા કાર્યની પ્રવૃત્તિ કરાવનાર છે. સંમતિ પ્રત્યેક લીલાનાં અનેકાનેક પ્રયોજનો સંભવે છે.

જેમ બાળક નિજાનંદને માટે રમે છે તેમ ભગવાનનું જ રમણ નિજાનંદ માટે છે. સૃષ્ટિની ઉત્પત્તિ, સ્થિતિ સર્વ લય જેવાં મહાન કાર્યો પણ ભગવાનને માટે એક ક્રીડા જેવી સમગ્ર ચરાચર વસ્તુઓને એકઠી કરવી, એમની સાથે ક્રીડા કરવી અને પાછી તેને વિખેરી નાખવી એ જ સૃષ્ટિના સર્જન-પાલન અને લયનો હેતુ છે.

શ્રી વલ્લભાચાર્યજી કહે છે જો બધું જ ભગવાનની ઈચ્છાથી અને તેમના દ્વારા જ નિર્મિત છે તો સુખ-દુઃખ, સદાચાર કે બૂરાઈ અને તેનું પરિણામ પણ ભગવાનની ઈચ્છાના કારણે જ હોઈ શકે. આપણને વિશ્વાસ હોવો જોઈએ કે જો હરિ કરશે તે મમહિતનું, તે નિશ્ચય બદલાય નહીં જે કાંઈ થાય છે તે ભગવાનની ઈચ્છાથી થાય છે અને તે યોગ્ય જ કરશે તેવો વિશ્વાસ હોવો જરૂરી છે.

સામાન્યતઃ મનુષ્ય વિચારે છે કે ભગવાન અમુકને સુખ અને કેટલાકને દુઃખ આપે છે. શું ભગવાન સર્વેને સુખ આપવા શક્તિમાન નથી? શું તેમનામાં સંપૂર્ણ સામર્થ્ય નથી? (Is he not all powerful) પરંતુ વાસ્તવમાં આવું નથી. ભગવાનની લીલાના દૃષ્ટિકોણથી વિચારીએ તો આનો જવાબ આપણને મળી રહે છે. ઉદાહરણ રૂપે જોઈએ તો જ્યારે બે છોકરા રમતા હોય ત્યારે ઘડીકમાં એકબીજા સાથે લડી પણ પડે, વાદ-વિવાદ થાય. પાછા થોડીવારમાં ભેગા મળી રમવા માંડે. અહીં, લડાઈ ઝઘડા એ રમતનો એક ભાગ છે. આપણે ભગવાનની લીલાનું એક અંગ છીએ. આપણા ભાગે આવેલ પાત્રને આપણે નિષ્ઠાપૂર્વક ભજવવાનું છે. આપણા પાત્રને આપણે યોગ્ય ન્યાય આપવાનો છે.

Let us be sincere in this play of God, then, we can sustain every thing - whether good or bad. We should keep this spirit. Let us rise above our ego-centric attitude and move toward Him with gratitude.

◆

૧૨

મુક્તિ અથવા મોક્ષ

(Liberation)

મનુષ્યજીવનના ચાર લક્ષ્ય હોય છે, તેને 'પુરુષાર્થ' કહેવામાં આવે છે. તે છે - ધર્મ, અર્થ, કામ અને મોક્ષ. ધર્મ એ પાયો છે, મોક્ષ એ અંતિમ ધ્યેય છે. તે બેની વચ્ચે આવે છે- અર્થ અને કામ. એ બન્ને પુરુષાર્થો સાધન છે જેના દ્વારા મોક્ષનું અંતિમ લક્ષ્ય પ્રાપ્ત કરવાનું છે. મોક્ષ એટલે જ 'મુક્તિ'. જીવની સંસારમાં જે બધ્ધ અવસ્થા છે - જન્મ-મરણના ફેરામાં તેને અટવાવું પડે છે, તેમાંથી છૂટી જવું એટલે મુક્તિ અથવા મોક્ષ. ચાર્વાક સિવાયનાં બધાં જ ભારતીય દર્શનોમાં મોક્ષ વિશે ચર્ચા કરવામાં આવી છે. ચાર્વાકને બાદ કરતાં ભારતનાં તમામ વેદાંતદર્શનોમાં જીવનના અંતિમ લક્ષ્ય તરીકે મુક્તિની ચર્ચા કરવામાં આવી છે. જોકે તેના સ્વરૂપ વિશે તેઓ વચ્ચે મતમતાંતર છે. મુક્તિનાં સ્વરૂપ, તેનાં સાધનો તેમ જ તેના ઉપાય વિશે બધાં દર્શનો એકમત નથી.

મુક્તિના પ્રકાર તેમ જ મોક્ષનું સ્વરૂપ અલગ અલગ દર્શનોમાં જુદું જુદું બતાવવામાં આવ્યું છે. તે વિશેના કેટલાક મુદ્દાઓ જોઈએ-

મુક્તિના પ્રકાર (Nature of Mukti i.e. Liberation)

બધાં દર્શનો અલગ અલગ રીતે વિચારે છે. તે વિચારોના ભેદને તેના આધ્યાત્મિક દૃષ્ટિકોણના આધારે જાણી શકાય, અથવા વેદાંતના સિદ્ધાંતના આધારે એટલે કે તેઓના પરમતત્ત્વ **(Ultimate Reality)** તેમ જ આત્માના સ્વરૂપ વિશેની માન્યતાના આધારે જાણી શકાય. જેમ શંકરાચાર્યના મતે બ્રહ્મ નિર્ગુણ છે. 'પરમ સત્ય' વિશેનો તેમનો વિચાર ભિન્ન છે. તેઓ આત્મા એ જ પરમાત્મા માને છે. ઉપનિષદના વાક્ય **'તત્ત્વમસિ'**નો અર્થ તેઓ 'તે તું જ છે' તેમ કહે છે. તેઓના મતે આત્મા સ્વભાવથી નિત્ય શુદ્ધ, ચૈતન્ય, મુક્ત અને અવિનાશી છે, પરંતુ અવિદ્યા અથવા અજ્ઞાનવશ થઈ તે બંધનમાં ફસાય છે. આત્મા શરીર તથા મન જોડે પોતાપણાંનો સંબંધ રાખે તે બંધન છે. શંકરાચાર્યના મતે મોક્ષ મેળવવા માટે અવિદ્યાનો અંત લાવવો જરૂરી છે.

અવિદ્યાનો અંત જ્ઞાન દ્વારા લાવી શકાય તેમ તેઓ માને છે. તેઓ કહે છે કર્મ અને ભક્તિ જ્ઞાનની પ્રાપ્તિમાં ભલે મદદરૂપ નીવડતાં હોય, પરંતુ મોક્ષ માટે તે જરૂરી નથી. તેઓ 'જ્ઞાન'ને જ મોક્ષના ઉપાય તરીકે ગણે છે. તેઓ બે પ્રકારની મુક્તિનો સ્વીકાર કરે છે. (૧) **જીવનમુક્તિ** અને (૨) **વિદેહ મુક્તિ**. આ લોકમાં જ અવિદ્યાએ રચેલાં કર્મ અને કર્મનાં બંધનોમાંથી મનુષ્ય છૂટી જાય છે તેને 'જીવનમુક્તિ' કહેવાય છે. જે જ્ઞાની પુરુષના મનમાં કોઈ પ્રકારની કામના રહેતી નથી, જેઓ સર્વથા નિષ્કામ અને પૂર્ણકામ થયા હોય તેમને અહીં જ બ્રહ્મની પ્રાપ્તિ થાય છે. તેઓને સર્વાત્મભાવ સિદ્ધ થાય છે. અર્થાત્ સર્વત્ર તેઓ બ્રહ્મનો જ અનુભવ કરે છે. આનાથી વિપરીત જ્યારે મનુષ્ય અજ્ઞાનને લઈને થતાં કર્મ તેમ જ તેના બંધનમાંથી મુક્ત થઈ પુનઃ શરીર ધારણ કરતો નથી અને જ્યારે તેના પ્રારબ્ધ કર્મનો ક્ષય થાય છે ત્યારે તે 'વિદેહમુક્ત' બને છે.

અન્ય આચાર્યોના મત મુક્તિ વિશે અલગ અલગ છે. રામાનુજાચાર્ય કેવલ વિદેહ મુક્તિને જ માને છે. તેમના મતાનુસાર મુક્તિ ભગવાનના અનુગ્રહથી પ્રાપ્ત થાય છે. મુક્તાવસ્થામાં આત્મા પરમાત્મા સમાન થઈ જાય છે. મધ્વાચાર્ય પણ ભગવાનના અનુગ્રહથી જ મોક્ષપ્રાપ્તિ માને છે. તેઓ મોક્ષના ચાર પ્રકાર બતાવે છે (૧) **કર્મક્ષય** (૨) **ઉત્ક્રાન્તિ** (૩) **આર્ચિરાદિ માર્ગ** અને (૪) **ભોગ**. તેના ચાર પ્રકાર છે- **સાલોક્ય, સામીપ્ય, સારુપ્ય** અને **સાયુજ્ય**. આમાં સાયુજ્ય સર્વશ્રેષ્ઠ છે. તે સ્થિતિમાં જીવ ભગવાનમાં લય પામી એકત્વ અનુભવે છે.

'વિદેહ મુક્તિ'ના બીજા બે પેટા પ્રકાર છે - (૧) **ક્રમ મુક્તિ** અને (૨) **સદ્યોમુક્તિ**. જ્યારે વેદવિદિત અગ્નિહોત્રાદિ કર્મો દ્વારા સાધકની ચિત્તશુદ્ધિ થઈ જાય છે, ઉપાસના વગેરે દ્વારા જ્ઞાનનો ઉદય થાય છે અને જ્ઞાની જ્ઞાનનિષ્ઠાથી સંપન્ન થઈ જાય છે ત્યારે તેવો જ્ઞાની મૃત્યુ પછી અગ્નિ, વાયુ, વરુણ, ઇન્દ્ર વગેરે લોકોમાં જઈ ત્યાં શુભ ફળોનો ભોગ કરે છે અને અંતમાં બ્રહ્મમાં લીન થઈ જાય છે. મર્યાદામાર્ગીય ભક્ત વેદ મર્યાદાનુસાર જીવન યાપન કરતાં **'નવધા ભક્તિ'**નું નિષ્ઠાપૂર્વક આચરણ કરે છે તો તેને ઉપરોક્ત ચાર પ્રકારની મુક્તિ પ્રાપ્ત થાય છે. તેને **'સાયુજ્ય મુક્તિ'** પણ મળી શકે છે, પરંતુ

ભગવાનની પુષ્ટિ લીલાનો રસ પ્રાપ્ત થતો નથી જે કેવળ પુષ્ટિ ભક્તને જ પ્રાપ્ત થઈ શકે છે.

પુષ્ટિભક્ત 'જીવનમુક્તિ' પ્રાપ્ત કરી શકે છે. જ્યારે ભક્ત ભગવદ્‌વિરહની પ્રચંડ અગ્નિમાં અંદર-બહારથી સંતપ્ત થતાં તેનો અહંતા-મમતાત્મક સંસાર નષ્ટ થઈ જાય અને બહારના પ્રપંચની સંપૂર્ણપણે વિસ્મૃતિ થઈ જાય ત્યારે વિપ્રયોગની રસાત્મક સ્થિતિ પ્રાપ્ત કરે છે. આ અવસ્થામાં રસરૂપ ભગવાન ભક્તના હૃદયમાં આવિર્ભુત થઈ જાય છે અને પોતાની રસાત્મક લીલાઓનો અનુભવ કરાવે છે. આવી વિલક્ષણ અને અનિર્વચનીય રસાનુભૂતિની સ્થિતિને **'જીવનમુક્તિ'** કહેવાય છે.

આવી રસાત્મક સ્થિતિનો ઉલ્લેખ શ્રી વલ્લભાચાર્યજીએ સુબોધિનીમાં કર્યો છે. જ્યારે પુષ્ટિ જીવના બધા પ્રતિબંધો સમાપ્ત થઈ જાય છે, પ્રારબ્ધ કર્મોનો નાશ થઈ જાય છે અને તે સતત ભગવદ્ ચિંતનમાં નિરુદ્ધ રહે છે ત્યારે જીવનમુક્તિ પ્રાપ્ત થતાં અલૌકિક આનંદનો અનુભવ કરે છે. અને દેહ છૂટતાં આવા ભક્તોને વિભિન્ન લોકોની યાત્રા કરવી પડતી નથી, પરંતુ તત્કાળ ભગવાનની નિત્ય લીલામાં સ્થાન પ્રાપ્ત કરે છે અને ભગવદ્ લીલા રસનો આનંદ લે છે. આ **'પુષ્ટિમાર્ગીય મોક્ષ'**નો પ્રકાર છે. અહીં પુષ્ટિભક્ત જીવનપર્યંત ભગવદ્ લીલા રસમાં મગ્ન થઈ જાય છે અને આ લોકમાંથી જતાં ભગવદ્ લીલામાં સ્થાન પ્રાપ્ત કરે છે.

શ્રી વલ્લભાચાર્યજીના શુદ્ધાદ્વૈતવાદમાં મુક્તિના કોઈ પ્રકારનો અસ્વીકાર કરવામાં આવ્યો નથી. શ્રી વિઠ્ઠલનાથજી (શ્રી ગુસાંઈજી)એ 'મુક્તિ તારતમ્યવાદ' ગ્રંથની રચના કરી છે. મુક્તિમાં છેલ્લા બધા પ્રકાર એક જ થઈ જશે એવું બધા માને છે પરંતુ શ્રી વલ્લભાચાર્યજીના શુદ્ધાદ્વૈતે બધા પ્રકારની મુક્તિનો સ્વીકાર કર્યો છે.

શ્રી વલ્લભાચાર્યજી માને છે કે કોઈ પણ સહારા વગર પણ જીવ પોતાના સાધનથી મુક્ત બની શકે છે. સામાન્યતઃ એવો ભ્રમ પ્રવર્તે છે કે ઈશ્વર જ મુક્તિ આપી શકે છે. જૈન અને બૌદ્ધની ફિલોસોફી પ્રમાણે માણસ પોતાની જાતે બંધનમાં મુકાય છે, અને મુક્ત પણ થઈ શકે છે.

શ્રી વલ્લભાચાર્યજી એમ માને છે કે મુક્ત થવું તે પ્રત્યક્ષ (Perception)થી

જોઈ શકાતું નથી.

ગીતામાં ભગવાન કહે છે કે આત્માથી આત્માનો ઉદ્ધાર થાય છે. શ્રી વલ્લભાચાર્યજી આ વાત સ્વીકારે છે. સાંખ્ય અને યોગમાં પણ જીવનો ઉદ્ધાર પોતાના દ્વારા જ થાય છે - તે વાતનો તેઓ સ્વીકાર કરે છે. નિષ્કામ કર્મ દ્વારા જીવ મુક્ત થઈ શકે છે. તેમાં આત્મસુખનો અનુભવ કરે છે. જે જ્ઞાન અક્ષરબ્રહ્મના સંદર્ભમાં હોય તો તેનાથી મુક્તિ મળે છે. કોઈ પણ દેવ જેની ઓળખ (Identity) અક્ષરબ્રહ્મ સાથે કરવામાં આવે તો તેના દ્વારા મુક્ત થઈ શકાય છે. જો દેવને ક્ષુદ્ર બનાવી દેવામાં આવે તો તે મુક્તિ આપી શકતા નથી. જ્યારે દેવનું સામર્થ્ય એક દાયરામાં સીમિત કરી દેવામાં આવે ત્યારે તે ક્ષુદ્ર બની જાય છે. કોઈ પણ દેવની ભક્તિ કર્યા વગર ફક્ત જ્ઞાનથી મુક્તિ મળી શકે છે, તેવું શ્રી વલ્લભાચાર્યજી માને છે.

બ્રહ્મસ્વરૂપે જે કોઈ ઈષ્ટ દેવને ભજે તો તે મુક્તિ આપી શકે છે. કૃષ્ણને બ્રહ્મ સમજી તેની ભક્તિ કરીએ તો તે મુક્તિ આપી શકે. શ્રી વલ્લભાચાર્યજી કહે છે કૃષ્ણ મળ્યા પછી મુક્તિની કામના તે આપણો નીચા સ્તરનો વિચાર છે. ત્યારે તો મુક્તિનો સવાલ જ ઊભો થતો નથી. ભક્તિ જ પસંદ કરવાની વાત હોય. સાક્ષાત શ્રીકૃષ્ણને બ્રહ્મ તરીકે ભજીએ તો તે માત્ર મુક્તિ જ ન આપે, પરંતુ ભક્તિ આપે.

ધર્મ-અર્થ-કામ અને મોક્ષ એ ચારેયનું સમન્વય જાળવીને જે પુરુષાર્થ આદરે છે, તે મુક્તિ પ્રાપ્ત કરી શકે છે. ચારેયનું સમન્વયત્વ (Equilibrium) જાળવવાની આવશ્યકતા હોય છે.

શ્રી વલ્લભાચાર્યજી ભક્તિને પાંચમો પુરુષાર્થ માને છે. આ તેમનો વિશિષ્ટ વિચાર (Unique Concept) છે. મુક્તિ બધા જ પુરુષાર્થથી મળી શકે છે. ભક્તિ એ ઉત્કૃષ્ટ પુરુષાર્થ છે જેના દ્વારા જીવને ભગવદ્ સાંનિધ્ય અને ભગવદ્સેવા પ્રાપ્ત થાય છે. આને તેઓ **'પુષ્ટિમાર્ગીય મોક્ષ'** કહે છે. તેને ઉત્તમોત્તમ પ્રકાર કહી શકાય.

મુક્તિના પ્રકાર જે શાસ્ત્રમાં વર્ણવામાં આવ્યા છે તે નીચે મુજબ છે.

(૧) **સાલોક્ય-** જે દેવના ભજન કરતાં તેના લોકમાં વાસ મળવો તે 'સાલોક્ય મુક્તિ' કહેવાય. તે લોકમાં જીવ સ્થળાંતરિત (Migrat) થાય છે.

(૨) **સાર્ષ્ટિ-** જીવ જે લોકમાં પહોંચે ત્યાં તે દેવના ઐશ્વર્યને ભોગવવાનો તેને અધિકાર પ્રાપ્ત થાય તે 'સાર્ષ્ટિ મુક્તિ' કહેવાય.

(૩) **સામીપ્ય-** તે દેવની સાથે સામીપ્ય (Proximity) જળવાય તેને 'સામીપ્ય મુક્તિ' કહેવાય.

(૪) **સારુપ્ય-** તે દેવના જેવું રૂપ થવું - ('To identify with the deity') તેને 'સારુપ્ય મુક્તિ' કહેવાય. અને

(૫) **સાયુજ્ય-** તે દેવમાં એકત્વ થવું - જેમાં ભિન્નતા ન રહે તેમાં લય પામવું (Merge થઈ જવું) તે 'સાયુજ્યમુક્તિ' કહેવાય.

આ સર્વે પ્રકારની મુક્તિ- પોતપોતાના ઈષ્ટ દેવ દ્વારા પ્રાપ્ત કરી શકાય છે.

મુક્તિનાં સ્વરૂપ અથવા 'અવસ્થા'નો ભેદ - આ વિશે બે રીતે વિચારવામાં આવે છે.

(૧) મોક્ષ માટે કેટલાંક દર્શનોની કલ્પના નકારાત્મક (Negative) છે. તેમના મતે 'દુઃખનો અભાવ અથવા દુઃખની નિવૃત્તિ એટલે મોક્ષ', એમ તેઓ માને છે. મોટા ભાગના વેદાંતીઓની માન્યતા આ રીતની છે.

(૨) કેટલાક વેદાંતીઓના મતે દુઃખનો અભાવ એ મુક્તિ નથી. તેઓનો અભિગમ હકારાત્મક (Positive) છે. અર્થાત્ તેઓ પરમાનંદની અનુભૂતિને મોક્ષ માને છે. શ્રી વલ્લભાચાર્યજીના મતે ભગવાનની લીલામાં સહભાગી બનવું એટલે મોક્ષ મેળવવો છે.

એ વિશે શ્રી વલ્લભાચાર્યજીની વિચારધારા અપૂર્વ- અભિન્ન અને વિશિષ્ટ છે. તેઓએ પરમાનંદના સ્વરૂપ વિશે અદ્ભુત રહસ્યયુક્ત વિચાર આપ્યો છે. દિવ્યાનંદનાં વિવિધ પાસાંઓના ઊંડાણમાં ઊતરી મુક્તિ તરફ દોરી જતાં વિવિધ સોપાનોની ચર્ચા તેમણે કરી છે. વ્યક્તિગત તેમ જ આધ્યાત્મિક ગુણવત્તા-યોગ્યતાના આધાર પર ક્રમશઃ જીવાત્માને મુક્તિ પ્રાપ્ત થાય છે. મુક્તિની અંતિમ અવસ્થામાં કોઈ પણ પ્રકારનો ભેદ રહેતો નથી. તે નિરપેક્ષ છે. એ અવસ્થામાં તે શાશ્વત આનંદનો અનુભવ કરે છે કારણ કે તેને પૂર્ણાનંદ એવા પરબ્રહ્મનું સાંનિધ્ય પ્રાપ્ત થાય છે.

મુક્તિની તબક્કાવાર અવસ્થા.

આનાં ત્રણ ચરણ છે.

(૧) નિર્ગુણ બ્રહ્મની ઉપાસના કરતાં જીવાત્મા બ્રહ્મમાં લીન થઈ જાય છે. અર્થાત તેનું અલગ અસ્તિત્વ રહેતું નથી. આ પ્રકારની મુક્તિથી અક્ષરબ્રહ્મની પ્રાપ્તિ થાય છે.

(૨) આ અવસ્થામાં વ્યાપિ વૈકુંઠની પ્રાપ્તિ થાય છે.

(૩) પરમોચ્ચ અવસ્થા અથવા ટોચની અવસ્થા જ્યાં પહોંચવા સગુણ સાકાર બ્રહ્મ પૂર્ણ પુરુષોત્તમ પરમાત્મા શ્રીકૃષ્ણની ભક્તિ કારણભૂત બને છે. શ્રી વલ્લભચાર્યજીએ સર્વોચ્ચ ભક્તિની અને તેના દ્વારા પ્રાપ્ત થતા પરમાનંદના અનુભવની વાત કરી છે. આ અવસ્થા મુક્તિથી પર હોઈ તેમણે તેને 'પંચમ પુરુષાર્થ' કહ્યો છે. આ અવસ્થામાં પરમાત્માની નિત્ય લીલામાં સહભાગી થવાય છે અને દિવ્યાનંદ પ્રાપ્ત થાય છે.

મુક્તિના ઉપાય (Path of Libration)

શ્રી વલ્લભાચાર્યના મતે મુક્તિ શા માટે?

શ્રી વલ્લભાચાર્યજીની વિચારધારાનુસાર બ્રહ્મ એક જ છે. તે શુદ્ધ અને અદ્વૈત છે. બ્રહ્મ સિવાયની બધી જ વસ્તુ એ તેના જ આવિર્ભાવનું સ્વરૂપ છે, તેમાંથી જ પ્રગટ થયું છે અને તેમાં જ પરત લીન થવાનું છે. તેમના મતે જીવો બ્રહ્મમાંથી છૂટા પડ્યા છે અને તેને પુનઃ મળવા અથવા તેનાથી જોડાવા માટેનો તેને પુરુષાર્થ કરવાનો છે. આમ પરમાત્મા આ જીવોને છોડી દેવા માંગતાં નથી, પરંતુ ફરી પોતાની સાથે જોડાવા માટેની પ્રવૃત્તિ કરે છે. અહીં પરમાત્મા જીવોને મુક્તિ માટે છોડી દેતા નથી, પરંતુ વિવિધ સોપાનો દ્વારા પોતાના તરફ તેમને લાવવાનો પ્રયત્ન કરે છે. ધીરે ધીરે તેમને પોતાના તરફ ખેંચે છે. પરમાત્માનો આ પ્રયત્ન અથવા પુરુષાર્થ એ એમની લીલાનો જ એક પ્રકાર છે. જો કોઈ ખોટો રસ્તો લેવાઈ ગયો હોય તો તેઓ સ્વયં કૃપા કરી તેને સુધારે છે.

જીવની સંસાર નિવૃત્તિ એ જ મુક્તિ છે. કર્મ અને વાસનાના તાણાવાણાથી સંસારનું નિર્માણ થાય છે. કર્મનો નાશ શક્ય નથી. પરંતુ જો ભગવાનની પ્રસન્નતા માટે કર્મ કરવામાં આવે તો સંસાર નાશ થઈ જાય છે અથવા વાસનાને ભગવાન તરફ વાળતાં તેનું રૂપાંતર ઉપાસના સ્વરૂપે થઈ જાય છે. ભક્તિમાર્ગમાં તો સર્વાત્મભાવથી ભગવાનના થઈને રહેવું એ જ મોક્ષ છે.

ભક્તિમાર્ગમાં મુક્તિ નહીં પરંતુ ભક્તિ જ પરમપુરુષાર્થ છે. મુક્તિ કરતાં ભક્તિ અધિક છે. મુક્તને મોક્ષમાં અક્ષરબ્રહ્મની અનુભૂતિ સાંપડે છે જે અવ્યક્ત છે. પરંતુ ભક્તિમાર્ગમાં તો પરમાનંદના અનુભવની પ્રાપ્તિ છે. આ અનુભૂતિ વ્યક્ત છે. માટે જ ભક્તો સદા ભક્તિની જ કામના કરે છે. શ્રી વલ્લભાચાર્યજી તેથી જ ચતુઃશ્લોકી ગ્રંથમાં મોક્ષ પુરુષાર્થના નિરૂપણમાં **'સ્મરણં ભજનં ચાપિ ન ત્યાજ્યમ'** અર્થાત્ સ્મરણ અને ભજનનો ત્યાગ ન કરવો- એમ સમજાવે છે.

શ્રી વલ્લભાચાર્યજીએ મુક્તિ મેળવવા કયા રસ્તાઓ સૂચવ્યા છે?

શ્રી વલ્લભાચાર્યજીએ મુક્તિ માટેના નીચે મુજબના માર્ગો બતાવ્યા છે-

(૧) **પ્રવાહમાર્ગ** - જે જીવાત્માઓને અધ્યાત્મ માર્ગે ચાલવા માટેનું સૌભાગ્ય પ્રાપ્ત થયું નથી તેઓ માટેનો આ માર્ગ છે. તેઓ સ્વેચ્છાથી લૌકિક કામનાઓ માટેનાં કર્મો કરે છે જેના ફળ સ્વરૂપે તેમનાં કર્મોના આધારે તેઓ જન્મ-મરણના ચકરાવામાં ફર્યા કરે છે. અને વિવિધ 'યોનિ' પ્રાપ્ત કરે છે. એવી સ્થિતિ તેમની પ્રલય પર્યંત રહે છે. આ માર્ગને 'પ્રવાહમાર્ગ' કહેવાય છે. આમાં ચાર મુદા છે-

(i) આ જીવાત્મા સૌભાગ્યશાળી નથી.

(ii) તેઓ આધ્યાત્મિક માર્ગે પ્રશસ્ત થતા નથી.

(iii) તેઓ પોતાના કર્મફળને આધીન રહે છે.

(iv) તેઓ જન્મ અને મરણના ચકરાવામાં ફર્યા કરે છે.

(૨) **મર્યાદામાર્ગ** - કર્મ, જ્ઞાન અને ઉપાસનાના માર્ગને 'મર્યાદા માર્ગ' કહેવાય છે. તેને **'વૈદિક ધર્મ-કર્મ માર્ગ'** અથવા **'વિધિ-નિષેધ'**નો માર્ગ પણ કહેવાય છે.

આના બે પેટા વિભાગ છે

(i) **કર્મમાર્ગ** - કેટલાક જીવો જે ભગવાનથી છૂટા પડ્યા છે તેઓ શાસ્ત્રના જ્ઞાન દ્વારા પરમાત્મા તરફ પાછા ફરવા માટે કર્મ માર્ગનું પગથિયું

અપનાવે છે. વેદના બ્રાહ્મણ ગ્રંથોમાં કર્મ દ્વારા (અર્થાત્ યજ્ઞ દ્વારા) પરમાત્માને રિઝવવાની વાતો કહેવામાં આવી છે જેને 'કર્મકાંડ' કહેવાય છે. આમાં વિધિ અને નિષેધ બતાવવામાં આવ્યા છે. 'વિધિ' એટલે શું કરવું જોઈએ અને નિષેધ એટલે શું ન કરવું જોઈએ. જે કર્તવ્ય કરવાં જોઈએ તેને 'વિધિ' રૂપે બતાવવામાં આવ્યું છે. અને નિષેધ એટલે શાસ્ત્રોએ જે કાર્યો કરવાની મનાઈ કરેલી હોય તે. આ વિધિ-નિષેધનું પાલન કરવાની ચર્ચા વેદના પૂર્વકાંડ જેને 'કર્મકાંડ' પણ કહેવાય છે, તેમાં છે. તેમાં ત્રણ પ્રકારનાં કર્મો બતાવવામાં આવ્યાં છે (૧) **નિત્ય કર્મો** (Daily Duties), (૨) **નૈમિત્તિક કર્મો** (Occassional Duties) અને (૩) **કામ્ય કર્મ** (Duties for wish fulfilment)- ઈચ્છાપૂર્તિ માટે કરવામાં આવતાં કર્મો. આ કર્મ દ્વારા મુક્તિ મેળવવાના માર્ગને **'કર્મમાર્ગ'** કહેવામાં આવે છે. આ મર્યાદા માર્ગનો જ એક પ્રકાર છે. શ્રી વલ્લભાચાર્યજી કર્મમાર્ગને મુક્તિ મેળવવાનો માર્ગ ગણતા નથી. આ માર્ગ આત્મસંયમ કેળવવાનો માર્ગ છે. જીવ ઘણી બધી ઈચ્છાઓ કરતો હોય છે જેની પૂર્તિ કરવી સંભવ ન બને. માટે સંયમ કેળવવો આવશ્યક છે, જે આ માર્ગ દ્વારા શીખી શકાય છે.

કર્મમાર્ગની નીચે મુજબની મર્યાદાઓ છે.

(અ) કર્મકાંડમાં આલોક અને પરલોકમાં સુખની પ્રાપ્તિનાં સાધનો બતાવવામાં આવ્યાં છે. એવાં કર્મને 'સકામ કર્મો' કહેવાય છે, કારણ કે તે લૌકિક ઈચ્છાપૂર્તિ માટે કરવામાં આવતાં હોય છે. જેમ કે, ધનપ્રાપ્તિ-પુત્રપ્રાપ્તિ વગેરે). આવાં કર્મો દ્વારા મુક્તિ સંભવી શકતી નથી. આનાથી લૌકિક સુખની જ પ્રાપ્તિ થઈ શકે છે.

(બ) આ પ્રકારના કર્મમાર્ગથી વિષયાનંદ- ઈન્દ્રિયોના આનંદની પ્રાપ્તિ થઈ શકે છે. તેનાથી પરમાનંદની પ્રાપ્તિ થઈ શકતી નથી. અને વિષયાનંદ મેળવવો એ ઉત્તમ લક્ષ્ય નથી. અહીં જીવાત્મા નીચેના સ્તર પર હોય છે.

(ક) આ કર્મ માર્ગ 'જેવું વાવો તેવું લણો'ના સિદ્ધાંત મુજબ કાર્ય કરે છે. આના દ્વારા પ્રાપ્ત થતાં 'ફળ' ભોગવ્યા પછી પાછું જન્મમરણના ચકરાવામાં આવી જવું પડે છે અને પુનર્જન્મ લેવો પડે છે.

(ડ) આ કર્મ માર્ગ ખૂબ જ લાંબો, કઠિન અને કંટાળાભર્યો છે. વિશેષમાં આજના કલિકાળમાં જ્યાં કર્મ, કર્તા, સાધન, મંત્ર ઈત્યાદિ સાધનો શુદ્ધ અને

પવિત્ર હોવા શક્ય નથી, માટે તેના દ્વારા ફળની પ્રાપ્તિ સંભવિત નથી.

ઉપરોક્ત બાબતોને ધ્યાનમાં લઈ શ્રી વલ્લભાચાર્યજી કહે છે કે, ભગવાને જીવોના ઉત્કર્ષના ઉચ્ચતમ માર્ગની ભૂમિકા માટે કર્મ માર્ગ બતાવ્યો છે. કર્મ માર્ગનો સંપૂર્ણ ઈતિહાસ જોતાં જણાય કે મનુષ્ય જાતિને વધુ ઉન્નત અને શક્તિશાળી લક્ષ પર લઈ જવા માટે પ્રથમ સોપાન તરીકે તે દર્શાવાયો છે.

(ii) **જ્ઞાનમાર્ગ** - મર્યાદા માર્ગનો આ બીજો પ્રકાર છે.

જો આપણે કર્મ માર્ગને વફાદાર અને વિશ્વાસુ રહીએ તો આપણને સમજાશે કે વિષયાનંદ એ જીવનનું લક્ષ્ય ન હોઈ શકે અને ત્યારે આપણે ગૌરવપૂર્ણ સાચા અર્થમાં જે લક્ષ્ય પ્રાપ્ત કરવાનો છે તેના પ્રયત્ન કરવા લાગીએ. તેને માટે શાસ્ત્રોમાં જ્ઞાનમાર્ગનું વિધાન કરવામાં આવ્યું છે. જે માર્ગથી બ્રહ્મ-જીવ—જગત ઈત્યાદિનું સાચું જ્ઞાન પ્રાપ્ત થાય તેને જ્ઞાનમાર્ગ કહેવાય છે. જ્ઞાનમાર્ગ પર ચાલવા માટે તન-મન શુદ્ધ હોવા જરૂરી છે, ચિત્ત સ્થિર થવું જરૂરી છે. ગીતાજીના તેરમા અધ્યાયમાં જ્ઞાનીનાં લક્ષણો બતાવ્યાં છે જે આચરવાં જરૂરી છે. એ રીતે જ્ઞાન પ્રાપ્ત થતાં જ્ઞાનીને બ્રહ્મલોકની પ્રાપ્તિ થાય છે, જે અંતે મોક્ષ તરફ દોરી જાય છે.

જ્ઞાન માર્ગ એ આત્માનો માર્ગ છે. મનુષ્યની ગરિમાને અનુરૂપ લક્ષની તે ખોજ કરે છે અને ત્યારે સમજાય છે કે નિષ્કામ કર્મ જે આત્મસંયમ પર આધારિત છે તે સાચા લક્ષ્ય તરફ દોરી જાય છે. જ્ઞાન માર્ગમાં અહંતાને બ્રહ્મની સાથે જોડવાની વાત કહી છે.

જો જ્ઞાન માર્ગ પર મનુષ્ય ટકી રહે અને સત્ય-અસત્યના વિવેકને સમજવા માટે સાચું જ્ઞાન પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરે જે ઉપનિષદમાંથી પ્રાપ્ત થઈ શકે છે, તો તે અંતે 'અક્ષરબ્રહ્મ'ની પ્રાપ્તિ - નિર્ગુણ નિરાકાર બ્રહ્મની પ્રાપ્તિ માટે સક્ષમ બની શકે છે.

જ્ઞાન માર્ગમાં અક્ષરબ્રહ્મની પ્રાપ્તિ એ ઉચ્ચતમ કક્ષા છે

જ્ઞાન માર્ગની મર્યાદા -

આ માર્ગ દ્વારા જીવ અક્ષરબ્રહ્મમાં લીન થઈ જાય છે, નિરાકાર નિર્ગુણ બ્રહ્મ સાથે એકાકાર થઈ જાય છે, તેનું અલગ અસ્તિત્વ રહેતું નથી, પરંતુ આ હજી નિમ્નસ્તરની ઉપલબ્ધિ છે. આપણે હજુ આનાથી વિશેષ લક્ષ્ય પ્રાપ્ત

કરવાનું છે.

(૩) પુષ્ટિ ભક્તિ માર્ગ -

શ્રી વલ્લભાચાર્યજીએ ચતુઃશ્લોકી ગ્રંથમાં 'પુષ્ટિમાર્ગીય મોક્ષ'નું નિરૂપણ કર્યું છે. તેઓએ સમજાવ્યું છે કે જો સર્વભાવથી આપણે ભગવાનની સેવા કરીએ તો તેઓ આપણા 'સર્વાત્મા' બને છે અને આવો સર્વાત્મભાવ ભગવાનમાં થાય એ જ **'પુષ્ટિમાર્ગીય મોક્ષ'** છે માટે જ તેમણે આજ્ઞા કરી છે, 'ભગવાનનું સ્મરણ અને 'ભજન'નો ક્યારેય ત્યાગ કરવો નહીં.' સર્વાત્મભાવથી શ્રીકૃષ્ણના બની જવું એ જ પુષ્ટિમાર્ગીય મોક્ષ છે. સર્વાત્મથી શ્રીકૃષ્ણના બની જવાનો અર્થ છે પ્રપંચની વિસ્મૃતિ અને શ્રીકૃષ્ણમાં દૃઢ આસક્તિ, એટલે કે ભક્તને કૃષ્ણની ભક્તિનું વ્યસન થઈ જાય એવી સ્થિતિ. સંયોગમાં ભજન 'ધર્મ' તથા વિયોગમાં સ્મરણ રૂપ સ્મર-'કામ' નિરંતર ચાલુ રહે તો ભક્ત મુક્તિ પામ્યો છે તેમ કહી શકાય. આ અનુભૂતિ જો આ ભૂતલ ઉપર થવા માંડે તો તેને 'જીવન્મુક્તિ' સમજવી જોઈએ. આને જ શ્રી વલ્લભાચાર્યજીએ 'તનુનવત્વ' અથવા 'અલૌકિક સામર્થ્ય' કહ્યું છે. ભગવાનની નિત્યલીલા-વ્યાપિવૈકુંઠમાં જો આ અનુભૂતિ થાય ત્યારે તેને 'વિદેહમુક્તિ' સમજવી જોઈએ.

ઉપરોક્ત સ્થિતિને પુષ્ટિભક્તિ માર્ગમાં 'મોક્ષ' માનવામાં આવે છે. નિબંધના ભાગવાર્થ પ્રકરણમાં શ્રી વલ્લભાચાર્યજી કહે છે- 'ભગવાનના વિયોગમાં ભગવાનના ગુણોનું ગાન જ્ઞાનરૂપ છે. તથા સંયોગમાં- પ્રત્યક્ષમાં ભજન શ્રેષ્ઠ છે. આ થવાથી જીવ ભગવાનમાં નિરુદ્ધ બની જાય છે. વ્રજની સ્ત્રીઓ તથા પુરુષોને અતમાં તથા દિવસમાં આ જ જ્ઞાન તથા ભક્તિનો નિરંતર અનુભવ ચક્રની જેમ ચાલુ જ રહેતો હતો. તેમને પરમાનંદરૂપ શ્રીકૃષ્ણનો અનુભવ મળી ગયો હતો.

પુષ્ટિ ભક્તિ તેની પોતાની અંદર માર્ગ પણ છે, ગંતવ્ય પણ છે, સાધન પણ છે અને ફલ પણ. એટલા માટે જ સંયોગ-વિયોગમાં ભજન-સ્મરણનાં ચઢાણ ઉતરાણોમાં નિરંતર ચાલતાં રહેવું એ જ અહીં 'મુક્તિ' છે. આને જ શ્રી વલ્લભાચાર્યજી ઉત્તમોત્તમ 'મોક્ષ'નો પ્રકાર બતાવે છે.

◆

૧૩

ભક્તિ અને તેના પ્રકાર-પુષ્ટિમાર્ગ

(Devotion- Path of Guru)

મનુષ્યની ત્રણ મહેચ્છાઓ હોય છે. (૧) પોતાના દુ:ખની નિવૃત્તિ (૨) સુખની પ્રાપ્તિ અને (૩) સર્વકાલમાં પોતાની સ્થિતિ રહે. પ્રત્યેક મનુષ્ય આ ઈચ્છાઓની પૂર્તિ માટે પ્રયત્નશીલ હોય છે.

બધાં જ ભારતીય દર્શનોનો મુખ્ય હેતુ મોક્ષપ્રાપ્તિ છે. ષડ્દર્શનોનું છેલ્લું લક્ષ્ય મોક્ષ (Liberation અથવા Salvation) રહ્યું છે. ઉપરોક્ત ત્રણેય મહેચ્છાઓની પૂર્તિ માટે કે મોક્ષ પ્રાપ્ત કરવા માટે શાસ્ત્રોએ અનેક માર્ગો સૂચવ્યા છે. જોકે પ્રત્યેક માર્ગ અથવા તેનું તત્ત્વજ્ઞાન એકબીજા સાથે સંમત ન પણ થાય અથવા તેમાં અસહમતિ હોય, પરંતુ શાસ્ત્રોમાં ચીંધેલા પ્રત્યેક માર્ગ મોક્ષ તરફ દોરી જનારા છે.

કર્મમાર્ગ-જ્ઞાનમાર્ગ-ભક્તિમાર્ગ

ઉપરોક્ત લક્ષ્ય પ્રાપ્તિ માટે શાસ્ત્રોએ ત્રણ ઉપાયો બતાવ્યા છે- કર્મમાર્ગ, જ્ઞાનમાર્ગ અને ભક્તિમાર્ગ. મનુષ્ય આ ત્રણમાંથી કોઈ પણ એક માર્ગ પર ચાલે તો તે ઈચ્છિત ફળની પ્રાપ્તિ કરી શકે છે.

અધિકારની દૃષ્ટિએ વિચારીએ તો આ ત્રણ માર્ગોના અધિકારમાં ભેદ છે. જે માનવીનું ચિત્ત અનેક પ્રકારની કામનાઓથી ભરેલું છે અને સંસાર સુખથી તેમ જ વિવિધ કર્મકાંડથી વિરક્ત નથી તેને માટે 'કર્મમાર્ગ' શ્રેયકર છે. કર્મમાર્ગમાં શાસ્ત્રોમાં બતાવેલ વિધિ-વિધાનો દ્વારા જે તે કામનાઓની પૂર્તિ માટે અનુષ્ઠાન કરવાનાં હોય છે. જેઓ દૃઢ વૈરાગ્યયુક્ત અનાસક્ત હોય છે તેને માટે **જ્ઞાનમાર્ગ** કલ્યાણકારી નીવડે છે, કારણ કે જ્ઞાનમાર્ગનું ફળ ઐહિક કે પારલૌકિક સુખો નહીં, પરંતુ મોક્ષ છે. **ભક્તિમાર્ગ**ની વિશેષતા એ છે કે જેમને કર્મ અને કર્મ દ્વારા સુલભ ઐહિક-પારલૌકિક કામનાઓમાં આસક્તિ નથી અને જેમાં દૃઢ વૈરાગ્ય પણ નથી એવા અધિકારીને ભગવાનની કૃપાથી તેમની શ્રવણ-કીર્તનાદી બાબતોમાં શ્રદ્ધા થાય અને ભગવાનની ભક્તિ-

આરાધનામાં વિશેષ સુખનો અનુભવ થાય.

શંકરાચાર્ય કેવળ જ્ઞાનમાર્ગને જ મુક્તિ અથવા મોક્ષપ્રાપ્તિનું સાધન માને છે, જ્યારે રામાનુજાચાર્ય મધ્વાચાર્ય, વલ્લભાચાર્ય વગેરેએ ભક્તિમાર્ગનું પ્રતિપાદન કર્યું છે.

વૃત્તિ અનુસાર માર્ગ રુચિ

આધુનિક મનોવિજ્ઞાન પ્રમાણે મન સાથે ત્રણ બાબતો સંકળાયેલ છે:

(૧) **વિચારવું** (Thinking) (૨) **લાગણી** (Feeling or affecting) (૩) **કરવું અથવા ઈચ્છવું** (doing or willing)

પ્રત્યેક વ્યક્તિમાં બુદ્ધિચાતુર્ય ઓછુંવત્તું હોય પરંતુ તેનામાં ઉપરોક્ત ત્રણમાંથી કોઈ પણ વૃત્તિ વધારે કે ઓછા પ્રમાણમાં જરૂર હોય છે, અને તે મુજબ તેનું વ્યક્તિત્વ (Personality) ઘડાય છે. તદનુસાર તે ઈશ્વર પ્રાપ્તિનો રસ્તો અખત્યાર કરે છે.

(૧) **વિચારશીલતા** (Thinking Aspect) - જેનામાં વિચારવાની વૃત્તિ વિશેષ હોય તેવી વ્યક્તિને 'જ્ઞાનમાર્ગ'માં વધુ રુચિ હોયછે.

(૨) **લાગણીશીલતા** (Affecting or feeling Aspect) - લાગણીશીલ વૃત્તિ જેનામાં વિશેષ હોય તેમને 'ભક્તિમાર્ગ'માં વિશેષ રુચિ થાય છે.

(૩) **કાર્યશીલતા** (Doing or willing Aspect) - કાર્ય કરવાની વૃત્તિવાળી વ્યક્તિને 'કર્મમાર્ગ' વધુ રુચિકર લાગે છે.

આમ જે પ્રકારની રુચિ મનુષ્ય ધરાવતો હોય તેના આધારે સ્વીકાર કરેલા કોઈ એક માર્ગથી તે મોક્ષ (Liberation) પ્રાપ્ત કરી શકે છે.

શ્રી વલ્લભાચાર્યજીના મત પ્રમાણે બ્રહ્મના ત્રણ સ્વરૂપે વિચારી શકાય-

(૧) **આધિભૌતિક**- જીવાત્માના હૃદયમાં **'અંતર્યામી'** રૂપે જે સ્થિત રહે છે તે બ્રહ્મનું આધિભૌતિક સ્વરૂપ છે.

(૨) **આધ્યાત્મિક**- 'અક્ષરબ્રહ્મ'ના સ્વરૂપે જે વ્યાપ્ત છે તે બ્રહ્મનું આધ્યાત્મિક સ્વરૂપ છે. અને

(૩) **આધિદૈવિક**- 'પૂર્ણ પુરુષોત્તમ શ્રીકૃષ્ણ'નું સાક્ષાત સ્વરૂપ તે બ્રહ્મનું આધિદૈવિક સ્વરૂપ છે.

અક્ષરબ્રહ્મ એ નિર્ગુણ નિરાકાર સ્વરૂપ છે. પૂર્ણ પુરુષોત્તમ શ્રીકૃષ્ણ એ સગુણ સાકાર સ્વરૂપ છે. શ્રી વલ્લભાચાર્યના મતે શ્રીકૃષ્ણ એ અવતાર નથી, પરંતુ તેઓ અવતારી છે, સ્વયં ભગવાન છે.

'કર્મમાર્ગીય ભક્ત' આધિભૌતિક સ્વરૂપ વિશે ચિંતન કરે છે, 'જ્ઞાનમાર્ગીય ભક્ત' આધ્યાત્મિક સ્વરૂપની ઉપાસના કરે છે, જ્યારે 'ભક્તિમાર્ગીય ભક્ત' આધિદૈવિક સ્વરૂપનું ભજન કરે છે.

જીવના અધિકાર મુજબ શાસ્ત્રોમાં ભક્તો ત્રણ પ્રકારના બતાવવામાં આવ્યા છે- (૧) **હિન અધિકારી**, (૨) **મધ્યમ અધિકારી** અને (૩) **ઉત્તમ અધિકારી**.

હિન અધિકારી ભક્તને કર્મમાર્ગમાં વિશેષ રુચિ તેમ જ આસ્થા હોય છે. મધ્યમ અધિકારી ભક્ત જ્ઞાનમાર્ગમાં પ્રવૃત્ત બની નિર્ગુણ બ્રહ્મની ઉપાસના કરે છે, જ્યારે ઉત્તમ અધિકારી ભક્ત ભક્તિમાર્ગે પ્રશસ્ત થાય છે,

કર્મમાર્ગમાં પ્રવૃત્ત જીવાત્મા સકામ ભાવના રાખે છે, અથવા કંઈક મેળવવાના હેતુથી તે આ માર્ગને અપનાવે છે. તેને વિષયાનંદ પ્રાપ્ત થાય છે. વિષયાનંદનું સુખ જ્યારે પૂરું થાય ત્યારે તેને પુનર્જન્મ લેવો પડે છે, પરંતુ જો તે નિષ્કામ કર્મ કરે, કોઈ ફળની આશા ન રાખે અને કેવળ પોતાની સહજ ફરજ રૂપે કર્મમાં પ્રવૃત્ત થાય તો તે ઉપનિષદમાં નિહિત જ્ઞાન- **'તત્ત્વમસિ'** પ્રમાણે જ્ઞાનમાર્ગનો અધિકારી બની 'અક્ષર'માં લય પામે છે. તેને પુનર્જન્મ લેવો પડતો નથી. જ્ઞાનમાર્ગી ભક્ત પણ અક્ષરબ્રહ્મને પામી તેમાં તે લીન થઈ જાય છે.

આ કલિકાળમાં કર્મમાર્ગે પ્રવૃત્ત થવું સરળ નથી. તે અતિકઠિન છે કારણ કે અત્યારના સમયમાં વેદોના બ્રાહ્મણ વિભાગમાં બતાવેલા યજ્ઞ-યાગાદિ કર્મોનુસાર મંત્રશુદ્ધ નથી, તેના કર્તા મળવા મુશ્કેલ છે અને દ્રવ્ય પણ પ્રાપ્ત નથી. એટલે કે કાળશુદ્ધિ, દ્રવ્યશુદ્ધિ સ્થળશુદ્ધિ ઈત્યાદિ સંભવ નથી. તેથી તે કર્મોની ફળદાયીતા બની શકતી નથી, જેના કારણે કર્મમાર્ગ દ્વારા મુક્તિ મેળવવી હાલના સમયમાં લગભગ અશક્ય છે.

જ્ઞાનમાર્ગ પણ ઘણો લાંબો અને કંટાળાજનક છે. વૈરાગ્ય કેળવી સંન્યાસ

ગ્રહણ કરવો વગેરે બાબતો કલિયુગમાં સહજ રીતે સંભવ બની શકે તેમ નથી. આમ જ્ઞાનમાર્ગનો રસ્તો પણ અતિ કઠિન છે, સામાન્ય મનુષ્યને માટે સુલભ નથી.

આવા સમયમાં અને સંજોગોમાં શ્રી વલ્લભાચાર્ય કહે છેઃ ભક્તિમાર્ગ એ જ એકમાત્ર સહજ અને સરલ માર્ગ છે, સર્વોષયોમી માર્ગ છે. સ્ત્રી-શૂદ્રાદિ જેઓ માટે અન્યથા વૈદિક કર્મો બાધિત છે તેઓ પણ કોઈ જાતના જાતિ-વર્ણ ઈત્યાદિના ભેદભાવ વગર ભક્તિ માર્ગને અપનાવી શકે છે અને મુક્તિ મેળવવા પ્રશસ્ત થઈ શકે છે.

શ્રી વલ્લભાચાર્ય પહેલાં રામાનુજાચાર્યે સર્વપ્રથમ ભક્તિને તત્ત્વદર્શીય દૃષ્ટિકોણ (Philosphical Aspect) નું રૂપ આપેલું. જોકે તેમના પહેલાં પણ કેટલાંક સંતો-વિદ્વાનોએ ભક્તિનું પ્રતિપાદન કરેલું. છતાં એક સુસ્પષ્ટ સ્વરૂપે રામાનુજે ભક્તિને એક માર્ગના રૂપમાં અપનાવેલી. ભક્તિની સાથે જ્ઞાન અને કર્મની વૃત્તિ પણ ઓછીવત્તી જોડાયેલ હોય છે. તે અંતરનિહિત (Subdued) અવસ્થામાં હોય છે અને ભક્તિનો પ્રભાવ વિશેષ હોય છે. ભક્તિ માટે જ્ઞાન અને કર્મ બન્ને આવશ્યક અંગ ગણાય. ભક્તિનો વિપુલ પ્રમાણમાં ઉલ્લેખ ભાગવતમાં જોવામાં આવે છે. માટે જ ભાગવતને ભક્તિનો ગ્રંથ કહેવાય છે.

ભક્તિની વ્યાખ્યા

વેદ તથા ઉપનિષદમાં ભક્તિ કે પ્રેમ વિશે ખાસ ઉલ્લેખ મળતો નથી, પરંતુ તેનું વર્ણન (૧) ગીતા (૨) ભાગવત (૩) નારદ ભક્તિસૂત્રો તથા (૪) શાંડિલ્ય ભક્તિસૂત્રોમાં પ્રાપ્ત થાય છે. નારદજીએ ભક્તિસૂત્રોમાં કરેલી વ્યાખ્યા પ્રમાણે સંસ્કૃતના 'ભજ' ધાતુમાંથી 'ભક્તિ' શબ્દ બન્યો છે. 'ભજ' એટલે 'ભજવું' અથવા 'સેવવું'. અંગ્રેજીમાં Participation અથવા Partaking ના અર્થમાં આ શબ્દ છે જે પાછળથી Worship અથવા Devotionના અર્થમાં પણ વપરાવા માંડ્યો. તે પછી તે 'સેવા'ના અર્થમાં લેવામાં આવ્યો.

શ્રી વલ્લભાચાર્ય ભક્તિનો અર્થ કરે છે- **'પ્રેમપૂર્વક સેવા'**. ભગવાનની પ્રેમપૂર્વક સેવા કરે તેને ભક્તિ કહેવાય. નારદ ભક્તિસૂત્રમાં ભક્તિની વ્યાખ્યા આ પ્રમાણે કરવામાં આવી છેઃ **'માહાત્મ્ય જ્ઞાન પૂર્વકસ્તુ સુદૃઢ : સર્વતોધિક સ્નેહો ભક્તિરિતિ પ્રોક્ત'** અર્થાત્ **'માહાત્મ્ય જ્ઞાનપૂર્વક, સુદૃઢ અને સર્વથી અધિક ભગવાનમાં સ્નેહ તેનું નામ ભક્તિ'** અહીં ભગવાનનું માહાત્મ્ય એટલે કે તેમના સ્વરૂપ-સ્વભાવ અને ગુણો વિશેનું સંપૂર્ણ જ્ઞાન સાથે તેમનામાં સારી રીતે દૃઢ થયેલ અર્થાત્ ન ડગે તેવો અને જે જગતના સર્વ પદાર્થો કરતાં અધિક હોય એવો સ્નેહ થાય તેને ભક્તિ કહેવાય. ભગવાન પ્રત્યેનો આવો અનુરાગ-અક્ષુણ્ણ પ્રેમ એ જ ભક્તિ. ભગવાનનું માહાત્મ્ય- તેમની મહાનતા સમજવા માટે એક લૌકિક ઉદાહરણ જોઈએ.

એક ભરવાડના હાથમાં 'હીરો' આવ્યો. તેને તે હીરાની કિંમતની ખબર નહોતી. તેણે પોતાની બકરીના ગળે તે હીરો બાંધી દીધો. એક વેપારીની નજર તેના પર પડી. તેણે થોડા પૈસા આપી તે ભરવાડ પાસેથી હીરો ખરીદી લીધો અને બીજા વેપારીને ઊંચી કિંમતે તે વેચી દીધો. ઉત્તરોત્તર વધુ ને વધુ કિંમતે તે હીરો એકથી બીજા વેપારીઓ પાસે ફરતાં છેવટે એક રાજા પાસે તે વેચાવા ગયો. રાજાને તેના ઝવેરીએ સલાહ આપી કે તમારો ખજાનો લૂંટાવી દઈને હીરો ખરીદી લો. આમ છતાં રાજાને લાગ્યું કે જાણે તેને તે હીરો મફતમાં મળી ગયો છે. આવો અનમોલ તે હીરો હતો.

ભગવાનનું માહાત્મ્ય આ પ્રકારનું છે. તે અસીમ છે, અનંત છે, અમૂલ્ય છે. જ્યારે ભગવાનના માહાત્મ્યનું જ્ઞાન થાય ત્યારે બીજું બધું જ્ઞાન ફિક્કું લાગવા લાગે. ભગવાનના સ્વરૂપ-ગુણ-તેમના ધર્મો ઈત્યાદિ જાણીને પછી તેમનામાં સાચો સ્નેહ ઉત્પન્ન થાય તેને સાચી ભક્તિ કહેવાય.

શાંડિલ્ય ભક્તિસૂત્રમાં પ્રેમસ્વરૂપા ભક્તિનો ઉલ્લેખ મળે છે. તેમાં કહેવાયું છે- 'ભક્તિ એટલે ભગવાન વિશેનો અત્યાધિક પ્રેમ.' એવો પ્રેમ જ્યાં કોઈ શર્ત ન હોય. સાચો પ્રેમ વ્યક્તિના અંતરમાંથી ઉદ્‌ભવે છે. બીજા અર્થમાં કહીએ તો પ્રેમ એટલે નિર્બાધ ભાવની-લાગણીની અભિવ્યક્તિ. ભગવાન પ્રત્યે સ્વાભાવિક કે પ્રાકૃતિક પ્રેમ એ ભક્તિની ઉચ્ચતમ કક્ષા છે. શ્રી વલ્લભાચાર્યે નારદ ભક્તિસૂત્ર અને શાંડિલ્ય ભક્તિ સૂત્ર એ બન્નેનો આધાર લઈ ભક્તિની મહત્તાનું નિરૂપણે કર્યું છે અને તેના દ્વારા ભક્તિમાર્ગની સર્વશ્રેષ્ઠતા પ્રતિપાદિત કરી છે. ગીતાના છઠ્ઠા અધ્યાયના અંતિમ ચરણમાં શ્રીકૃષ્ણ કહે છે - 'મને તો કર્મમાર્ગીય, જ્ઞાનમાર્ગીય તપસ્વી સાધકોમાં જે યોગી છે તે અધિક માન્ય છે. યોગીઓમાં પણ શ્રદ્ધાપૂર્વક જેઓ પોતાના અંતરાત્માને મારી સાથે જોડી

દઈને મારું ભજન કરે છે તેઓ મને બધામાં યુક્તતમ લાગે છે.

ભક્તિના ત્રણ ભેદ બતાવવામાં આવ્યા છે

૧. ભગવત્સ્વરૂપનું બાહ્ય ભજન
૨. ભગવત્સ્વરૂપનું આંતર ભજન
૩. ભગવન્નામાત્મક ભાગવતનું શ્રવણ-ચિંતન-કિર્તન.

બાહ્યાભ્યન્તર ભેદેન રૂપે ભેદદ્વયં મતમ્
નામ્નિ ચૈકું તતસ્ત્રૈધા ભક્તિ માર્ગો નિરૂપિત :

અર્થાત્- ભક્તિમાર્ગમાં ભજન ત્રણ પ્રકારે છે :

બાહ્ય અને આભ્યાન્તર પરમાત્માના સ્વરૂપભેદથી એમ બે અને ત્રીજો પ્રભુના નામાત્મક ભાગવતજીનું શ્રવણ કીર્તન.

ભાગવત ભક્તિનો ગ્રંથ

ભાગવત એ ભક્તિનો ગ્રંથ છે. ગીતાને ભાષ્ય કહી શકાય. વેદોનો તેમાં સાર છે. માટે તે ફલરૂપ છે. ભગવાનના વિવિધ અવતારો તેમજ તેમની અનંત અલૌકિક લીલાઓનું રસસભર વર્ણન તેમાં છે. ભક્તિનું તેમાં પ્રતિપાદન છે. ગોપીજનોના નિર્વ્યાજ પ્રેમની તેમાં કથા છે. સર્વ પુરાણોમાં ભાગવત શિરમોર છે. માટે જ તેને **'મહાપુરાણ'** કહેવાય છે. તેને **'પાંચમો વેદ'** પણ કહેવામાં આવે છે.

ભાગવત મહાપુરાણની રચના

વેદવ્યાસજીએ અનેક પુરાણોની- ગ્રંથોની રચના કરી હતી. વેદના મર્મને સમજાવવા બ્રહ્મસૂત્રોની રચના પણ તેમણે કરી, આમ છતાં તેમનું મન અશાંત, વિષાદયુક્ત રહેતું. એક સમયે તેઓ પોતાના આશ્રમમાં એક વૃક્ષ નીચે ચિંતાતુર થઈને બેઠા હતાં. એટલામાં દેવર્ષિ નારદ 'નારાયણ નારાયણ' બોલતાં ત્યાં આવ્યા. વ્યાસજીને ઉદ્વિગ્ન મને બેઠેલાં જોઈ તેમની ચિંતાનું કારણ પૂછ્યું. વેદ વ્યાસજી કહે, 'નારદજી આપ તો સંત છો, સર્વજ્ઞ છો, આપ જ બતાવો મારા વિષાદનું કારણ શું હોઈ શકે? શા માટે મારું મન અશાંત રહે છે?' નારદજીએ જવાબ આપ્યો. 'હે મુનિ, તમે વેદોનું સંકલન કર્યું છે, બ્રહ્મસૂત્રોની રચના કરી છે, આટઆટલાં પુરાણો આલેખ્યાં છે, ધર્મની સુંદરતમ મીમાંસા કરી છે, પરંતુ જે તત્ત્વના આધારે આ જગત સ્થિત છે, જે પરમતત્ત્વ શ્રીકૃષ્ણ આ સમગ્ર

વિશ્વના આધારરૂપ છે તેમની રસમય લીલાઓ વિશે કશું જ લખ્યું નથી. કલિયુગમાં કર્મ અને જ્ઞાનમાર્ગે મોક્ષપ્રાપ્તિ દુર્લભ બનશે જ્યારે ભક્તિમાર્ગ જ લોકોના કલ્યાણનો માર્ગ બની રહેશે. ભગવાનના વિવિધ અવતારો અને તેમની અદ્ભુત અલૌકિક લીલાઓ જ મનુષ્યને ભક્તિરસ પ્લાવિત થવા પ્રેરિત કરશે અને તેના દ્વારા જ તેઓ મોક્ષના માર્ગે પ્રશસ્ત થઈ શકશે. માટે આપ પૂર્ણ પુરુષોત્તમ શ્રીકૃષ્ણના અવતારો અને તેમની લીલાઓના વર્ણનયુક્ત ગ્રંથની રચના કરો.' વાસ્તવમાં પરબ્રહ્મ પરમાત્માએ જ નારદજી દ્વારા વ્યાસજીને એક વિશિષ્ટ ભક્તિગ્રંથની રચના કરવા પ્રેરણા આપી.

તે સમયે નારદજીએ વ્યાસજીને પોતાના પૂર્વજન્મની કથા કહી સંભળાવી. ઋષિમુનિઓના એક આશ્રમમાં તેમની માતા રહેતી હતી. તે તેમની સેવાચાકરી કરી પોતાનો જીવનનિર્વાહ કરતી. ખૂબ જ ગરીબ તેવી તેની સ્થિતિ હતી. પોતે નાના હતાં ત્યારે મા તેને ઋષિમુનિઓની પાસે મૂકી પોતાનું કામ કરવા જતી. તેઓ ઋષિઓના ખોળામાં ઊછર્યા. તેમણે જ બાળકનું નામ 'નારદ' રાખેલું. ઋષિમુનિઓના સંસર્ગના કારણે તેમને ઈશ્વરમાં આસ્થા થવા માંડી. તેઓ તેમની સાથે હાથમાં તંબુર લઈ ભજનમાં જોડાતા. ઈશ્વરભક્તિમાં તેમને ખૂબ રસ પડવા માંડેલો.

એક સમયે તેમની મા એક રાત્રે ગાય દોહવા વાડામાં ગઈ. ત્યાં સર્પદંશ થતાં તે મૃત્યુ પામી. નાની ઉંમરના નારદ માવિહોણા થઈ ગયા. ઋષિઓએ તેમને સાંત્વન આપ્યું. થોડા સમય પછી તેઓ આશ્રમમાંથી નીકળી હાથમાં તંબુર લઈ હરિ નામ લેતા અનેક સ્થળે વિચરવા લાગ્યા. એક નદીના કાંઠે પીપળાના ઝાડ નીચે એક સમયે તેઓ પલાંઠી વાળી હરિભક્તિમાં લીન થયા. તેને ભગવદ્ લીલાનાં દર્શન થયાં. હૃદયમાં એક પ્રકારનો અલૌકિક આનંદ વ્યાપ્ત થઈ ગયો. તેમનું મન એકદમ નિર્મળ અને શાંત બની ગયું. ચિત્તમાં પ્રફુલ્લિતતા વ્યાપી ગઈ. બસ ત્યારથી નારદજીએ ભગવાનનું ભજન કરવામાં જ સંપૂર્ણ જિંદગી ગાળી.

નારદજીની આત્મકથામાંથી વ્યાસજીને પ્રેરણા મળી. પોતે સમાધિમાં બેસી ગયા અને ભગવાનનું ધ્યાન ધરવા માંડયા. સમાધિમાં જ તેમણે ભગવાનની અનેક અલૌકિક લીલાઓનાં દર્શન કર્યાં. તેમણે પોતાની તે ભગવદ્

અનુભૂતિઓને શબ્દમાં કંડારી જે ગ્રંથ **'ભાગવત'** નામે ઓળખાયો. ભક્તિસભર એવો અદ્‌ભુત તે ગ્રંથ બન્યો. એમ કહી શકાય કે પરમાત્મા શ્રીકૃષ્ણે સ્વયં વ્યાસજીના હૃદયમાં બિરાજી આ ગ્રંથની રચના કરી.

ભક્તિના પ્રકાર

શાસ્ત્રોમાં ભક્તિના બે પ્રકાર બતાવવામાં આવ્યા છે - (૧) **મર્યાદા ભક્તિ** (૨) **પુષ્ટિ ભક્તિ.** મર્યાદા ભક્તિ એ મનુષ્યના દ્વારા કરવામાં આવતાં સાધનો પર અવલંબિત છે, જ્યારે પુષ્ટિભક્તિ એ ભગવાનની સ્વયંની કૃપા દ્વારા પ્રગટે છે. ભક્તિના આ બન્ને પ્રકારને સમજાવવા શાસ્ત્રોમાં વાંદરી અને બિલાડીનું સુંદર ઉદાહરણ આપેલું છે.

જ્યારે એક વાંદરી તેના બચ્ચાને લઈ એક વૃક્ષ પરથી બીજા વૃક્ષ પર કૂદે છે ત્યારે તે તેના બચ્ચાને પકડતી નથી હોતી, પરંતુ તેનું બચ્ચું તેની માને-વાંદરીને પકડી રાખે છે. આમાં સાધન બચ્ચાએ કરવાનું હોય છે, તેની માએ નહીં. જો બચ્ચાનું વાંદરીને પકડવાનું સાધન છૂટી જાય તો તે નીચે પડે. આવી જ સ્થિતિ મર્યાદા ભક્તની છે. તેમાં ભક્તિનો આધાર ભક્તના સાધન પર નિર્ભર કરે છે, ભગવાનને શરણાગત થવા ભક્ત પોતે પુરુષાર્થ કરે છે. માટે તેને 'મર્યાદા શરણાગતિ' અથવા 'મર્યાદા ભક્તિ'નો પ્રકાર કહે છે. અહીં ભક્ત સક્રિય છે. ભગવાન નિષ્ક્રિય રહે છે. આ પ્રકારની મર્યાદા શરણાગતિને **'તદાશ્રય'** પણ કહેવાય છે.

આથી વિપરીત બિલાડીનું ઉદાહરણ આપવામાં આવ્યું છે. જ્યારે બિલાડી તેના બચ્ચાને દાંત વડે પકડી એક સ્થળેથી બીજા સ્થળે સ્થળાંતર કરે છે ત્યારે જે તીક્ષ્ણ દાંતથી તે તેના ભક્ષ્ય ઉંદરનો સંહાર કરે છે તે જ તીક્ષ્ણ દાંત વડે સાવધાનીપૂર્વક બચ્ચાને ઈજા ન પહોંચે તે રીતે તેને ઉપાડી એક સ્થાનેથી બીજા સ્થાને લઈ જાય છે. આમાં બચ્ચાએ કોઈ જ પ્રયત્ન કરવાનો હોતો નથી. જે કાંઈ કરવાનું છે તે તેની મા-બિલાડીએ કરવાનું હોય છે. તેવી જ રીતે 'પુષ્ટિ શરણાગતિ' અથવા 'પુષ્ટિભક્તિ'માં ભક્ત ભગવાન પર નિર્ભર રહે છે. તેણે નિસાઃધન થઈ ભગવાનની શરણાગતિ સ્વીકારવાની હોય છે અને ભગવાન નિજેચ્છાથી ભક્તનો ઉદ્ધાર કરે છે. પુષ્ટિ શરણાગતિને **'તદીયતા'** પણ કહેવામાં આવે છે. અહીં ભક્તે સાચા દિલથી, એટલું જ કહેવાનું હોય

છે કે, 'હું તમારો છું, તમને ફાવે તેમ મને રાખો'. પુષ્ટિભક્તિમાં સ્વયં ભગવાન જ ભક્તના શ્રેયની જવાબદારી ઉઠાવે છે. ભક્તે નિઃસાધનતાપૂર્વક દૈન્ય ભાવથી ભગવાનને શરણે જવાનું હોય છે.

મર્યાદાભક્તિ

વેદમાં વિવિધ પ્રકારની પ્રાર્થના, પૂજા તથા ભક્તિનો ઉલ્લેખ છે. પરંતુ તેને આચરવાની કોઈ પદ્ધતિ કે પ્રયોગનું વર્ણન નથી જ્યારે ઉપનિષદમાં ભક્તિની વિવેચના મળે છે. મર્યાદાભક્તિને **'ધર્મ-કર્મ માર્ગ'** અથવા **'સાધન માર્ગ'** કે **'સાધન ભક્તિ'** પણ કહેવાય છે, કારણ કે તેમાં શાસ્ત્રોમાં બતાવેલ પૂજા-અર્ચન ઈત્યાદિ સાધનો આવશ્યક હોય છે. શાસ્ત્રોમાં નવ પ્રકારની **'નવધા ભક્તિ'** બતાવવામાં આવી છે. અર્થાત્ ભક્તિનાં નવ ચરણ સમજાવવામાં આવ્યાં છે. જે અનુક્રમે આ પ્રમાણે છે- (૧) શ્રવણ (૨) કીર્તન (૩) સ્મરણ (૪) અર્ચન (૫) પાદસેવન, (૬) વંદન (૭) દાસ્ય (૮) સખ્ય અને (૯) આત્મનિવેદન. આ નવ પ્રકારની ભક્તિની વ્યાખ્યા નીચે મુજબ કરવામાં આવી છે.

(૧) શ્રવણ- અધિકારી વક્તના મુખેથી કહેવાયેલ ભગવાનના દિવ્ય ગુણાનુવાદનું શ્રવણ-ઉદાહરણ 'રાજા પરીક્ષિત'-વેદવ્યાસજીના મુખે શુકદેવનું ભાગવત્ શ્રવણ.

(૨) કીર્તન- ભગવાનની પ્રશસ્તિનું ગાન અથવા ભગવદ્ નામનો જાપ ઉદાહરણ- 'શુકદેવજી', સુરદાસ, ચૈતન્ય.

(૩) સ્મરણ- ભગવાનની લીલાઓ અને ગુણોનું મનમાં સ્મરણ ઉદાહરણ- 'પ્રહ્‌લાદ'.

(૪) વંદન- ભગવાનના સ્વરૂપને બે હાથ જોડી વંદન કરવું અથવા સાક્ષાત દંડવત્ કરવા. ઉદાહરણ- 'અક્રુરજી'.

(૫) અર્ચન- ભગવાનના સેવ્ય સ્વરૂપને વસ્ત્ર-શૃંગાર ધરવાં અને તેમની સેવાપૂજા કરવી. ઉદાહરણ-'પૃથુરાજા'.

(૬) પાદસેવન- ભગવનનાં ચરણાર્વિંદની સેવા કરવી તેમ જ તેમની આજ્ઞા માનવી. ઉદાહરણ- 'શ્રીલક્ષ્મીજી'.

(૭) **દાસ્ય-** અત્યંત વિનમ્રતાપૂર્વક ભગવાનનું દાસત્વ સ્વીકારવું. ભગવાનને સ્વામી ગણી તેમની સેવા કરવી. ઉદાહરણ- 'હનુમાનજી'.

(૮) **સખ્ય-** મિત્ર ભાવે ભગવાનનું સાંનિધ્ય પ્રાપ્ત કરવું.- ઉદાહરણ- 'અર્જુન'.

(૯) **આત્મનિવેદન-** સંપૂર્ણ સમર્પણપૂર્વક શરણાગતિ સ્વીકારવી. ઉદાહરણ- 'બલિરાજા'.

મર્યાદાભક્તિમાં 'ભક્તિ' એ સાધન છે અને મુક્તિ સાધ્ય છે અથવા લક્ષ્ય છે. આ નવે પ્રકારની ભક્તિમાંથી કોઈ એક ભક્તિ દ્વારા પણ મુક્તિ સંભવે છે. તેનાં ઉદાહરણો ઉપર બતાવ્યાં તેમ પુરાણોમાં પ્રાપ્ત થાય છે. આ નવ પ્રકારની ભક્તિમાં છેલ્લા ત્રણ પ્રકાર- દાસ્ય, સખ્ય અને આત્મનિવેદન એ પુષ્ટિભક્તિ તરફ દોરી જતાં પગથિયાં છે. દાસ્યમાં દૈન્યભાવ (Sense of humuliation) હોય છે. દાસ્યભક્તિ એટલે ભગવાનની દૈન્યભાવપૂર્વકની સેવા (Humble Service of God). હનુમાનજીની મર્યાદા પુરુષોત્તમ રામચંદ્રજી પ્રત્યેની નિષ્ઠા એ દાસ્યભક્તિનું સર્વોત્તમ ઉદાહરણ છે. તે પછી 'સખ્ય ભક્તિ'નું જ્વલંત ઉદાહરણ અર્જુનનું છે. મિત્રતાના ભાવમાં દુરત્વ રહેતું નથી. સખ્યભાવમાં દુરત્વના ભાવનો નાશ થાય છે અને ભગવાન સાથેની વધુ નિકટતા અનુભવાય છે. છેલ્લે આત્મનિવેદન ભક્તિમાં સમર્પણનો ભાવ છે જે 'પુષ્ટિભક્તિ'નો પાયો છે. પુષ્ટિભક્તિનો અહીંથી વિકાસ થાય છે. આત્મનિવેદન દ્વારા ભક્ત જે કાંઈ પોતાનું માને છે તે સર્વ પદાર્થો ભગવાનને સમર્પણ કરી, ભગવાનનો શરણાગત થઈ પોતે ભગવાનનો દાસ હોવાનું અને ભગવાન તેના સ્વામી હોવાનું સ્વીકારે છે.

પુષ્ટિ ભક્તિ

'પુષ્ટિભક્તિમાર્ગ'ને પ્રકટ કરવા માટે જ ભગવાનની આજ્ઞાથી શ્રી વલ્લભાચાર્યજીએ પૃથ્વી પર જન્મ ધારણ કર્યો હતો. તેમના પ્રાકટ્યનો આ વિશિષ્ટ ઉદ્દેશ્ય હતો. ભગવાન સ્વયં જ્યારે ભૂતલ પર અવતાર ધારણ કરે છે, ત્યારે શાસ્ત્રોપુરાણોમાં બતાવેલ અન્ય અનેક કારણોની સાથે એક વિશિષ્ટ કારણ પોતાની લીલા દ્વારા પોતાના જીવોને આકર્ષી તેમનું કલ્યાણ કરવા માટે હોય છે. ભગવાન જે કાંઈ કરે છે તેને **'લીલા'** અર્થાત્ 'Sport' કહેવામાં આવે

છે. તેનો હેતુ નિજાનંદની સાથે લોકોનું કલ્યાણ કરવાનો હોય છે. ભગવાન શ્રીકૃષ્ણનું પ્રાગટ્ય એટલે સ્વયં પરબ્રહ્મનું પ્રાગટ્ય. તેઓ અન્ય અવતારોની માફક એક અવતાર રૂપ માત્ર ન હતા, પરંતુ સ્વયં 'અવતારી' હતા. પુષ્ટિ ભક્તોના ઉદ્ધાર માટે તેઓ પ્રગટ થયા હતા. અહીં સ્વયં ભગવાન શ્રીકૃષ્ણ પોતે જ ઉદ્ધારક બન્યા છે. પુષ્ટિ જીવોનો પોતાના પ્રત્યે પ્રેમ ઉત્પન્ન થાય માટે શ્રીકૃષ્ણે વિવિધ લીલાઓ કરી છે. એ લીલાઓ દ્વારા તેમણે બતાવ્યું છે કે ભક્તને મુક્ત કરવા ભગવાન સ્વયં મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

પુષ્ટિભક્તિ એટલે ભક્તિનું તે સ્વરૂપ છે જેમાં ભગવાનની કૃપા તેનું આવશ્યક અંગ છે. (Grace is important). પુષ્ટિભક્તિને **'પ્રેમલક્ષણાભક્તિ'** પણ કહેવામાં આવે છે, કારણ કે તેમાં પ્રેમનું આધિક્ય હોય છે, નિર્વ્યાજ પ્રેમ તેનું વિશિષ્ટ પાસું છે. ભક્ત તરફથી ભગવાન માટેનો પ્રેમ અને ભગવાનની ભક્ત ઉપર કૃપા એ 'પ્રેમલક્ષણા ભક્તિ'નું લક્ષણ છે. આમાં લૌકિક પ્રેમ અથવા સ્વાર્થમય પ્રેમની વાત નથી, પરંતુ સાહજિક (Natural) નિસ્વાર્થ પ્રેમની વાત છે. ભગવાન પરત્વે સ્વાભાવિક પ્રેમ હોય તો જ ભગવાનનો સ્વાભાવિક અનુગ્રહ પ્રાપ્ત થાય. આ એક જાતની પ્રતિબિંબિત (Reflex) ક્રિયા છે. સ્વાભાવિક રૂપે મન અને હૃદયમાં પ્રેમનો સંચાર થાય તો ભગવાન તરફથી અનુગ્રહ વૃષ્ટિ અવશ્ય થાય છે. તેમાં કોઈ અવરોધ રહેતો નથી. જેમ એક પાત્રમાંથી બીજા પાત્રમાં તેલની ધાર વહે તેમ આવો અનુગ્રહ અક્ષુણ્ણ વહે છે. શ્રી વલ્લભાચાર્યજીએ બતાવેલ પુષ્ટિભક્તિ આ પ્રકારની છે.

પુષ્ટિમાર્ગની વ્યાખ્યા

પુષ્ટિનો સરળ અર્થ છે: 'ભગવાનની કૃપા'. કૃપા થકી મળતા માર્ગને **'પુષ્ટિમાર્ગ'** કહેવાય. પુષ્ટિ મેળવવાના માર્ગને 'પુષ્ટિ' ન કહેવાય. 'માર્ગ'ની વ્યાખ્યા કરવામાં આવી છે : **મૃગ્યતે અનેન ઈતિ માર્ગ.** આપણે જેનાથી ગંતવ્ય શોધી કાઢીએ તેને માર્ગ કહેવાય. આમ પુષ્ટિમાર્ગ એટલે ભગવાનની કૃપા દ્વારા ગંતવ્ય શોધવાનો માર્ગ. ભક્તિ દ્વારા કૃષ્ણને શોધી શકીએ તે પુષ્ટિમાર્ગ. જેમ સ્વયંવરમાં કન્યા પોતાની ઈચ્છાથી વરના ગળામાં માળા પહેરાવે તેમ ભગવાન જેને વરમાળા પહેરાવે, જેને ભક્તિ કરવા ભગવાનકૃપા કરે, તે પુષ્ટિમાર્ગ- 'Path of Grace or Path found by Grace.'

પુષ્ટિને દિવ્ય અનુગ્રહ અથવા દિવ્યકૃપા અથવા હરિનો પ્રસાદ પણ કહેવાય. પુષ્ટિ શબ્દનો ઉલ્લેખ ભાગવતમાં મળે છે. તેમાં કહેવાયું છે **'પોષણં તદ્ અનુગ્રહ'**. અહીં પોષણ શબ્દ જીવના પોષણના અર્થમાં કહેવાયો છે. પોષણ બે પ્રકારનાં હોય. (૧) શારીરિક (૨) આધ્યાત્મિક. 'શારીરિક પોષણ એટલે સમૃદ્ધ આહાર દ્વારા શરીરનું પોષણ થાય તે. 'આધ્યાત્મિક પોષણ' એટલે આત્માનું અથવા જીવનું આધ્યાત્મિક પોષણ.

આધ્યાત્મિક પોષણનો ઉપાય શું? શ્રી વલ્લભાચાર્યે પુષ્ટિમાર્ગ પ્રગટ કર્યો તે શું શાસ્ત્રોમાં નિહિત છે? અગર છે તો તે કયા અર્થમાં શાસ્ત્રોમાં ઉપલબ્ધ થાય છે? આ પ્રશ્નો વિચારવા જેવા છે. 'પુષ્ટિ'નો સામાન્ય અર્થ થાય 'સદ્ભાવ', 'પક્ષપાત' કે 'ઉપકાર'. (Favor, Nurishment, Grace).

વેદોમાં આપણને આ પ્રકારનો સીધો અર્થ પ્રાપ્ત થતો નથી, પરંતુ ઉપનિષદ તેમ જ ઋગ્વેદમાં પોષણ શબ્દ Nurishment ના અર્થમાં જોવા મળે છે, જ્યાં ભક્ત ભગવાનને પ્રાર્થના કરે છે કે 'આપ અમારા ઉપર કૃપા કરો'. અહીં ભગવાનને દયાળુ બનવાની પ્રાર્થના છે. તે અર્થમાં 'પોષણ'નો પર્યાય પ્રાપ્ત થાય છે.

કઠોપનિષદ અને મુંડકોપનિષદમાં પણ આવો જ ઉલ્લેખ મળે છે, જ્યાં કહેવાયું છે. **'યમે વૈષ વૃણુતે તેનલભ્ય'** અર્થાત 'તે જેનું વરણ કરે તેને તે પ્રાપ્ત થાય છે'. જ્યારે ભગવાન સ્વયંની પસંદગી હોય ત્યારે તે માટે કોઈ પૂર્વાવશ્યકતા હોઈ શકે નહીં. જેમ ભગવાને ગોપીજનોનું વરણ કર્યું હતું. અહીં ભક્તની યોગ્યતાનો તો વિચાર જ નથી. ગોપીઓ, સ્ત્રી, અભણ, નીચ કુલ ઇત્યાદિ બધી જ પ્રતિકૂળ બાબતો હોવા છતાં ભગવાને તેમને કૃપાનું દાન કર્યું હતું. ઋગ્વેદમાં પણ વિધાન છે કે 'હે પ્રભુ અમારા ઉપર કૃપા કરો'. આપણને પ્રશ્ન થાય કે ભગવાન ભક્ત પર કૃપા શા માટે કરે? તેનું કારણ છેઃ શુદ્ધ શીલયુક્ત (નિર્વિકાર) અને સરળ પ્રેમ. ભગવાનની કૃપા મેળવવા માટે ભક્તનું આ આવશ્યક લક્ષણ છે. ભગવદ્ કૃપા પ્રાપ્તિ માટેની તેને પૂર્વશરત કહી શકાય.

શ્રી વલ્લભાચાર્ય દ્વારા રચાયેલ 'પુષ્ટિભક્તિમાર્ગ'ની ઇમારતનો પાયો પુષ્ટિ અથવા ભગવદ્ અનુગ્રહ છે, અને પુષ્ટિના પાયામાં ભગવાન પ્રત્યેનો નિસ્વાર્થ નિર્વિકાર પ્રેમ છે. ભાગવતના દશમસ્કંધને **'નિરોધલીલા'** કહેવાય છે. તેમાં કૃષ્ણ અને ગોપીના અલૌકિક પ્રેમની અનેક કથાઓ વર્ણવવામાં આવી છે. તે કથા પ્રસંગો દ્વારા ભાગવતકાર સર્વોચ્ચ પ્રેમ કોને કહેવાય તે દર્શાવવા માંગે છે. પુષ્ટિભક્તિમાર્ગનો પાયો એ દિવ્ય-અલૌકિક પ્રેમ છે તે સાતત્યની ભાગવતના દશમ સ્કંધમાં પ્રતીતિ થાય છે. પુષ્ટિભક્તિ એટલે પરમાત્મા માટેનો પરમ-ઉત્કટ-નિસ્વાર્થ-નિષ્કામ-નિર્હેતુક-ઉચ્ચતમ પ્રેમ.

અહીં સ્વાભાવિક અને સહજ પ્રેમની વાત છે. તેમાં પ્રવાહ જરૂરી છે. ભગવાન પ્રત્યે પ્રેમ સહજરૂપે વહેતો હોવો જોઈએ. પુષ્ટિભક્તિ એ કેવળ સાધન નથી, પરંતુ ફળ પણ છે. મર્યાદાભક્તિમાં અને પુષ્ટિભક્તિમાં આ જ તફાવત છે. મર્યાદાભક્તિ એ મોક્ષપ્રાપ્તિ માટેનું સાધન છે, જ્યારે પુષ્ટિભક્તિ સ્વયં એક 'લક્ષ્ય' છે. પરબ્રહ્મ પરમાત્મા શ્રીકૃષ્ણને મેળવવા એ અહીં ઉદ્દેશ્ય છે. પૂર્ણાનંદનું સાક્ષાત સ્વરૂપ એટલે શ્રીકૃષ્ણ અને તેની પ્રાપ્તિ એ જ પુષ્ટિભક્તિનું ધ્યેય.

પુષ્ટિભક્તિ એટલે પરમાત્માની કૃપા વડે પરમાત્માની પ્રાપ્તિ. અહીં બધુ જ પરમાત્મા છે. સાધન અને સાધ્ય બન્ને પરમાત્મા છે. પૂર્ણ પુરુષોત્તમની પ્રાપ્તિ એજ પુષ્ટિભક્તિ છે.

જો ભગવાન સ્વયંને પ્રાપ્ત કરવા હોય તો પુષ્ટિભક્તિમાર્ગ સિવાય અન્ય કોઈ માર્ગ-પ્રવાહમાર્ગ કે મર્યાદા માર્ગ ઉપયોગી ન બની શકે. કર્મ-જ્ઞાન કે ઉપાસના માર્ગોનો 'સોપાન' તરીકે ઉપયોગી કરી શકાય, પરંતુ અંતિમ લક્ષ્યની પ્રાપ્તિ માટે પુષ્ટિભક્તિમાર્ગે જ આગળ વધવું પડે.

શાસ્ત્રોમાં 'વિધિ' અને 'નિષેધ' બતાવવામાં આવ્યાં છે. 'શું કરવું અને શું ન કરવું' તેનો સ્પષ્ટ ઉલ્લેખ શાસ્ત્રોમાં નિર્દિષ્ટ છે. આવા નિર્દેશથી આપણને સમજ આવે કે સકામ ભાવથી શાસ્ત્રમાં વર્ણન કરેલી ક્રિયાઓ-પૂજા-અર્ચના-જપ-નૈવેદ્ય ઇત્યાદી ન કરી શકાય, કારણ કે એ દેહાદિ ભાવ છે. તેનાથી આગળ વધી જો નિષ્કામ ભાવથી એ ક્રિયાઓ કરવામાં આવે તો 'જ્ઞાનમાર્ગ'માં આગળ વધી શકાય જેના દ્વારા 'અક્ષરબ્રહ્મ'ની પ્રાપ્તિ થઈ શકે અને તેનાથી પણ નિઃસ્વાર્થ પ્રેમયુક્ત ભક્તિના સોપાને ચઢીએ તો પુષ્ટિભક્તિ સિદ્ધ થતાં પરમતત્ત્વને પામી શકાય.

પુષ્ટિભક્તિ સેવાપ્રધાન છે. પુષ્ટિમાર્ગીય ભક્તિ એટલે નિર્પેક્ષ, સ્વતંત્ર, શુદ્ધ આનંદરૂપ સ્નેહાત્મિકા એવી ભગવાનની સેવારૂપ ભક્તિ. આ ભક્તિ વિધિપ્રધાન નથી, ભાવપ્રધાન છે. આ જ કારણે પુષ્ટિમાર્ગીય સેવા ક્રિયાત્મક ન રહેતાં ભાવાત્મક બને છે. શ્રી વલ્લભાચાર્યજીએ સેવાના બે પ્રકાર બતાવ્યા છે. **તનુ-વિત્તજા** અને **માનસી.** તનુ-વિત્તજા એ પોતાના તન દ્વારા અને પોતાના દ્રવ્ય દ્વારા થતી એવી સાધનરૂપ સેવા છે, જ્યારે માનસી એ પુષ્ટિભક્તિનો ઉત્તમોત્તમ પ્રકાર અથવા ફલરૂપ સેવા છે, જે મન અને હૃદયના ઊંડાણપૂર્વક કરવામાં આવે છે. માનસી સેવા એટલે ચિત્તની ભગવાનમાં પ્રવણતા, મનની એકાગ્રતા.

પુષ્ટિભક્તિનો એક જ હેતુ હોય છે કે ભગવાનનું સુખ અને તેમની પ્રસન્નતા. નિષ્કામભાવે ભગવાનના સેવા-સ્મરણ-ગુણગાન થાય તે પુષ્ટિભક્તિ છે. પુષ્ટિભક્ત ક્યારેય પોતાની શક્તિ કે સાધનનું અભિમાન રાખતો નથી. પુષ્ટિભક્તિમાં સાધન અને શક્તિ બેઉ કેવળ ભગવાન છે. પુષ્ટિભક્તિનું પરમ રૂપ ભગવલ્લીલામાં ભગવદ્ સુખના અનુભવની પ્રાપ્તિ છે.

પૂજા અને સેવામાં ભેદ

વેદ શાસ્ત્ર આદિમાં જેને 'પૂજા' કહે છે તેમાં અને પુષ્ટિમાર્ગમાં જેને 'સેવા' કહે છે તેમાં ઘણો મોટો મૌલિક ભેદ છે.

પૂજા અને સેવા (Worship) એટલે કે ભક્તિ એકબીજાથી ભિન્ન છે. પુષ્ટિભક્તિમાર્ગમાં સેવાની મહત્તા છે, પૂજાની નહીં, પૂજામાં વિધિ, વૈદિક કર્મ નિયામક છે, જ્યારે સેવામાં ભગવાન પ્રત્યેનો સ્નેહ નિયામક છે. પૂજામાં 'કાલ'નો નિયમ છે, સેવામાં 'કાલ'નો કોઈ નિયમ નથી. ભક્તનો મનોરથ થાય ત્યારે સેવા થઈ શકે છે. પૂજા મર્યાદાભક્તિનો પ્રકાર છે, જેમાં 'કર્મ'ના સાધન દ્વારા અંતે તે મોક્ષ પ્રાપ્ત કરવામાં સહાયભૂત થાય છે, જ્યારે સેવાક્રમમાં તો સાક્ષાત પ્રભુ ભક્ત દ્વારા સમર્પિત પદાર્થોનો સાક્ષાત ઉપભોગ કરે છે અને તેનાથી પ્રસન્ન થઈ જીવ ઉપર અનુગ્રહ કરી તેને દુર્લભ ફલની પ્રાપ્તિ કરાવે છે. ભાગવતમાં આલેખિત ઋષિપત્નીઓના ભગવાનની કૃપાના અધિકારી બનવાનો પ્રસંગ આ બાબતને સ્પષ્ટ કરે છે. કોઈક અનુષ્ઠાન માટે વનમાં બ્રાહ્મણો યજ્ઞ કરી રહ્યા હતા. ભગવાન શ્રીકૃષ્ણે પોતાના સખાઓને તેમની પાસે મોકલી ભોજનની માગણી કરી, તો તેમને એમ કહી પાછા વાળ્યા કે આ તો 'યજ્ઞ' માટેની સામગ્રી છે. તેમાંથી તમને આપી શકાય નહીં. પુનઃ શ્રીકૃષ્ણે તેમને તે બ્રાહ્મણોની પત્નીઓ પાસે મોકલ્યા કે જેઓ પોતાના પતિઓ માટે ભોજન બનાવી રહી હતી. જ્યારે તેઓએ જાણ્યું કે સાક્ષાત શ્રીકૃષ્ણે તેમની પાસે ભોજનની અપેક્ષા રાખી છે. ત્યારે તેમણે તરત પોતાના પતિઓ માટે તૈયાર કરેલ ભોજન આપી કૃતાર્થતા અનુભવી. આ પુષ્ટિભક્તિની વિશિષ્ટતા બતાવે છે જ્યાં ભગવાન માટેનો અત્યાધિક પ્રેમ અને તેના દ્વારા ભગવાનના અનુગ્રહની પ્રાપ્તિનું મહત્ત્વ છે.

ભક્તિનો ઉદય કઈ રીતે થાય છે?

પુષ્ટિભક્તિમાં મુખ્ય ભૂમિકા ભગવાનની રહે છે. જેમ પાણી ભરવા જતી પનિહારી પોતાની સાથે બાળકને લઈને જાય છે; માથે પાણી ભરેલું બેડુ લઈ તેનું નાનું બાળક જે બાજુમાં ઊભું હોય તેને કહે છે 'જરા ઊંચો થા એટલે તને તેડી લઉં'. બાળક સહેજ ઊંચું થાય એટલે તરત મા તેને પોતાની કેડ પર તેડી લે છે. ભક્તિનો આવો જ પ્રકાર છે. ભગવાન કહે : 'થોડોક પ્રયત્ન કર'. મારા પ્રત્યે તારો પ્રેમ ઉદ્ભવે પછીનું કામ મારું છે.

ભક્તિની વૃદ્ધિ અથવા વિકાસ-

ભક્તિનો વિકાસ ત્રણ બાબતો પર આધારિત છે.

(૧) આત્મસમર્પણ- આત્મનિવેદન-શરણાગતિ-(Self dedication).

(૨) પ્રેમ- શુદ્ધ-નિર્વિકાર-સહજ પ્રેમ. - (Love).

(૩) કૃપા- ભગવદ્ કૃપા- (Grace).

આ ત્રણે બાબતો આપસમાં એકબીજા સાથે સંકળાયેલ છે. કયું પહેલાં તે નક્કી કહી શકાય નહીં.

જેમ એક ખાડામાં ઘડો પાણી નાખીએ તો તેનાથી તળાવ ન બને પરંતુ તેમાં ટીપું ટીપું પાણી પડ્યા કરે તો અંતે તે તળાવનું સ્વરૂપ ધારણ કરી શકે. તે મુજબ ભક્તિ માટે 'પોષણ' આવશ્યક છે. એ ભક્તિના પોષણ માટેનાં આવશ્યક તત્ત્વો છે- ત્યાગ, વૈરાગ્ય અને ભગવાનના ગુણાનુવાદ. આ ત્રણે તત્ત્વો દ્વારા ભક્તિનું પોષણ થઈ શકે છે.

શ્રીકૃષ્ણે જ્યારે ઉદ્ધવને ગોપીઓ પાસે પોતાનો સંદેશ લઈ મોકલ્યા ત્યારે તેઓ વિચાર કરે કે શા માટે કૃષ્ણ ગોપીઓ-નંદ-યશોદા વગેરેને યાદ કરે છે? વ્રજમાં જઈ તેમણે જોયું કે તેઓ માટે તો સંસારના સુખની કોઈ વિસાત જ નથી. ઉદ્ધવજી તેઓને નિર્ગુણ બ્રહ્મની ઉપાસના તથા ત્યાગ-વૈરાગ્ય ઈત્યાદિ બાબતો વિશે શિખામણ આપે છે, તેઓને શાસ્ત્રોની વાતો કરે છે, ત્યારે ગોપીઓ તો અલગ અલગ સ્થળે કેવળ કૃષ્ણની લીલાઓનું ગુણગાન કરે છે. આનું કારણ એ હતું કે તેઓ કૃષ્ણને પોતાની વચ્ચે અનુભવવા માગતા હતાં. કૃષ્ણનો ગુણાનુવાદ તેઓને કૃષ્ણનો અહેસાસ કરાવતા હતાં, કૃષ્ણમય બનાવતા હતાં. ભગવદ્ ગુણાનુવાદ ભક્તિનું પોષક તત્ત્વ છે.

ભક્તની ત્રણ અવસ્થાઓ

શ્રી વલ્લભાચાર્યજી એ ભક્તિવર્ધિની ગ્રંથમાં ભક્તની ત્રણ અવસ્થાઓનું વર્ણન કર્યું છે.-

૧. પહેલી અવસ્થા છે - **'પ્રેમ'**. ભક્તને સર્વપ્રથમ ભગવાન પ્રત્યે આકર્ષણ થાય. તેને તે ગમવા માંડે. ભક્તના હૃદયમાં ભગવાન પ્રત્યેના આકર્ષણમાંથી તેમનામાં અનુરાગ જાગે. જગતની વસ્તુઓ પ્રત્યેના 'પ્રેમનું ઉર્ધ્વગમન થઈ તેનામાં 'ભગવદ્ પ્રેમ' ઉદ્ભવે છે.

આમ થતાં ભક્તનું મન ભગવાનમાં જોડાઈ જાય છે. કૃષ્ણમાં ચિત્ત ચોંટી જાય છે. તેમના જ વિચારો તેને આવ્યા કરે છે, તેની લાગણીઓનું કેન્દ્રબિંદુ કૃષ્ણ બની જાય છે તે કૃષ્ણ-વિચારોમાં ખોવાઈ જાય છે - કૃષ્ણપ્રેમની આ પરાકાષ્ઠા છે.

૨. બીજી અવસ્થા છે **'આસક્તિ'**-

અહીં બે પ્રકારની પ્રક્રિયા બને છે.

(૧) જગતમાં વૈરાગ્ય ઉત્પન્ન થવો અને (૨) પ્રભુ પ્રત્યે મન આસક્ત થવું. ભક્તને ભગવાન સાથે જ કાયમ રહેવાની ઈચ્છા પ્રબળ બને છે, જે એટલી તીવ્ર હોય છે કે તેની આડે કશું આવી શકે નહીં. જાગતીક બાબતોમાં તેને રુચિ રહેતી નથી. ભગવાનમાં જ તેનું મન ચોંટેલું રહે છે.

૩. ત્રીજી અવસ્થા છે **વ્યસન.**

વ્યસન અવસ્થામાં પરમાત્મા સાથે જોડાઈ જવાની તાલાવેલી અતિ તીવ્ર થઈ જાય છે. જો તે પૂરી ન થાય તો વિરહની વેદના અનુભવાય છે. હવે ભગવાન સિવાય એક પલ પણ રહી ન શકાય તેવી સ્થિતિ આવી જાય છે. ત્યારે 'જે હરિ કરે તે જ સારું' એવી ભાવના તેનામાં ઉત્પન્ન થાય છે. સર્વત્ર હરિનાં જ દર્શન થાય છે - **સર્વાત્મભાવ**ની સ્થિતિમાં તે આવી જાય છે. આમ ભક્તિમાં ઉત્તરોત્તર પ્રેમ, આસક્તિ અને વ્યસનનાં સોપાન ચઢી ફલદશાને પામે છે.

પુષ્ટિ ભક્તિમાર્ગનાં મુખ્ય લક્ષણો

પુષ્ટિ ભક્તિમાર્ગમાં મુખ્યત્વે નીચે મુજબનાં લક્ષણો દૃષ્ટિગોચર થાય છે-

(૧) સ્વયંસ્ફુરિત, નૈસર્ગિક, સહજ, નિર્હેતુક, નિષ્કામ, નિસ્વાર્થ અને સાતત્યયુક્ત વિક્ષેપ વગરનો પ્રેમ એ મુખ્ય લક્ષણ છે.

(૨) પ્રેમથી હૃદય સભર થવાથી પરમાત્મા પ્રત્યેની તેની ભાવના કે લાગણી તીવ્ર બને છે.

(૩) એ નિષ્ક્રિય પ્રેમ નથી. તે સેવા દ્વારા અભિવ્યક્ત કરી શકાય છે.

(૪) ભગવાનનું સ્મરણ પણ ક્યારેક અવરોધરૂપ બને છે. અહીં જુદાપણાનો ભાવ થતો નથી, જેમ ગોવર્ધનલીલામાં જ્યારે ભગવાને ગોવર્ધન પર્વત ઉપાડ્યો ત્યારે ગોપીઓ કહે 'અમે ગોવર્ધન ઉપાડ્યો'. આમ બન્ને એકાકાર થઈ ગયા હતા.

(૫) પરમાત્માનો પરમોચ્ચ આનંદ પ્રાપ્ત કરવા ભગવાન સાથે એકરૂપ થઈ જવાય છે.

(૬) આમાં વર્ણાશ્રમ-જાતિ-રંગ વગેરેના કોઈ ભેદ નથી.

(૭) અહંકારી વ્યક્તિના હૃદયમાં આવી ભક્તિનો ઉદય થઈ શકતો નથી. દૈન્યભાવ અતિ આવશ્યક છે.

(૮) ભાવાવેશ અથવા કામવાસના એ ભક્તિમાં અવરોધરૂપ છે. જેમ દૂધમાં ઝેર ભળે તેમ તે ભક્તિમાં વિઘ્નરૂપ છે.

(૯) શાસ્ત્ર વિધાન- શુદ્ધ પ્રેમમાં આવશ્યક રહેતાં નથી. અર્થાત્ શાસ્ત્રોની મર્યાદા પુષ્ટિ ભક્તિમાં આડે આવતી નથી.

૧૪

શુદ્ધાદ્વૈતમાં 'પુરુષ' (Person) વિશે સંકલ્પના

(Concept of Human Person in Shuddhadvait)

ભારતીય દર્શન પરંપરામાં 'Person' શબ્દનો અન્વયાર્થ છે- **'પુરુષ'.** 'જીવ' તરીકે પણ શાસ્ત્રમાં તે વર્ણવાયેલ છે, પરંતુ તે 'Person'ના સંપૂર્ણ અર્થમાં નથી. શાસ્ત્ર Personને 'પુરુષ' તરીકે દર્શાવે છે. આ શબ્દ ઋગ્વેદમાંથી આવેલ છે. અહીં શુદ્ધાદ્વૈતના સંદર્ભમાં આપણે 'Person' શબ્દને જાણવાનો છે કારણ કે આપણે **'વલ્લભવેદાંત'**ને સમજવા કોશિશ કરી રહ્યા છીએ.

'વેદાંત' એટલે વેદોનો અંત જ નહીં, પરંતુ વેદોનો નિચોડ, જેને **'ઉપનિષદ'** પણ કહેવાય છે. ઉપનિષદને વેદોના અર્થમાં પણ લેવાય છે. તે સિવાય ગીતા અને બ્રહ્મસૂત્રોને પણ પ્રમાણરૂપે સ્વીકારાયાં છે. શ્રી વલ્લભાચાર્યજીએ ભાગવતને પણ પ્રમાણ તરીકે સ્વીકાર્યું છે અને આમ તેઓ **'પ્રમાણ ચતુષ્ટયી'**ને આધારરૂપ ગણે છે.

'પુરુષ' શબ્દ આપણને ભારતના પ્રત્યેક ખૂણામાં થઈ ગયેલ અલગ અલગ વૈષ્ણવ સંતોની વાણીમાં પ્રાપ્ત થાય છે. સર્વ સંતોએ 'પુરુષ'ના Conceptને સ્વીકાર્યો છે. આપણાં પ્રાચીન પવિત્ર શાસ્ત્રોમાં ઉલ્લેખેલા 'પુરુષ'ની ભક્તિના રૂપમાં સંતોએ આ શબ્દ પોતાની કૃતિઓમાં આલેખ્યો છે.

શાસ્ત્રોની વ્યાખ્યા સમય સમય પર થતી રહે છે જેમ શ્રી વલ્લભાચાર્યજીએ તે પોતાના સમયમાં શાસ્ત્રોના આધારે પોતાનો 'શુદ્ધાદ્વૈત'વાદ પ્રતિપાદિત કર્યો હતો. બારમી શતાબ્દીમાં થયેલ સંત જ્ઞાનેશ્વરે ગીતાની વ્યાખ્યા કરી હતી જે 'જ્ઞાનેશ્વરી ગીતા'ના નામથી ઓળખાય છે. શાસ્ત્રોની આવી પુનર્વ્યાખ્યા સત્તરમી શતાબ્દી પછી થઈ નથી, કારણ કે ત્યારથી આપણા ઉપર પાશ્ચાત્ય સંસ્કૃતિનો પ્રભાવ પડવા માંડ્યો હતો.

સંત સાહિત્યમાં પ્રદર્શિત 'પુરુષ'ની સંકલ્પનાને સમજીએ.

મૂળભૂત રૂપે 'પુરુષ' શબ્દ ઋગ્વેદમાં આવેલ છે. વૈદિક સાહિત્યમાં તેનો ઉલ્લેખ મળે છે. વેદ વ્યાસજી દ્વારા વેદને ચાર ભાગમાં વહેંચવામાં આવેલ

છે- ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ. પ્રત્યેક વેદનું વિભાગીકરણ કરવામાં આવ્યું છે. જે છે 'સંહિતા' (આમાં મંત્રો છે) જે પદ્યમાં છે, તેના સમકક્ષ (Corresponding) 'બ્રાહ્મણ' છે જે ગદ્યમાં છે. પ્રત્યેક બ્રાહ્મણનું 'આરણ્યક' હોય છે અને છેલ્લે તેનું 'ઉપનિષદ'. આ સર્વ સાહિત્યને એકત્રિત રૂપમાં **'બ્રહ્મવિદ્યા'** કહેવાય છે. વેદ જેમ ભગવાનની વાણી છે તેમ ગીતા પણ પરમાત્મા કૃષ્ણની વાણી છે માટે તે પણ બ્રહ્મવિદ્યા છે. વ્યાસજીએ રચેલ વેદ પરના ભાષ્યને 'બ્રહ્મસૂત્ર' કહેવાય છે. આ ગ્રંથ સૂત્રાત્મક છે. નાનાં નાનાં સૂત્રોમાં વ્યાસજીએ આમાં તથ્યો કહ્યાં છે. સૂત્ર એટલે ઓછામાં ઓછા શબ્દોમાં વધુમાં વધુ કહેવું. તે જમાનામાં ઋષિઓ ખૂબ જ કંજૂસાઈપૂર્વક શબ્દ પ્રયોગ કરતાં. જો તેઓ પોતાની વાત કહેવા અડધી માત્રા પણ બચાવે તો તેમને પુત્ર જન્મ જેટલો આનંદ થતો.

આ શાસ્ત્રો પર તત્પશ્ચાત અનેક ભાષ્યોની રચના કરવામાં આવી, જે તત્ત્વભાસ્કર, તત્ત્વકૌમુદિ, તત્ત્વ પ્રકાશ, તત્ત્વ દર્પણ એમ અનેક નામોથી પ્રકાશિત થયાં. તેનો ઉદ્દેશ્ય શાસ્ત્ર પરંપરાને વધુ ને વધુ સરલ બનાવવાનો હતો જે મનુષ્યના નૈતિક ઉત્થાન (moral elevation), તેમ જ સામાજિક ઉત્થાન (social elevation) માટે ઉપયોગી છે.

આ રચનાઓનું ધ્યેય 'સ્વાંતસુખાય' છે એટલે કે નિજાનંદ માટે તે કરવામાં આવી હતી. તેમાંથી આનંદ પ્રાપ્ત કરવો તે તેનો ઉદ્દેશ્ય હતો.

ઋગ્વેદ અતિ પ્રાચીન છે. તેના **'પુરુષ સુક્ત'**માં બતાવેલું છે કે સર્જન (Creation) પહેલાં 'સત્' તત્ત્વ હતું, જે અવ્યક્ત (unmenifest) હતું, અનંત હતું. તેમાં શબ્દ છે- **'આત્મવિદ્'.** 'આત્મવિદ્' એટલે જે પોતાને જાણે છે. ઉપનિષદમાં એક સંવાદ આવે છે. તેમાં Divine Receptor અને નારદ વચ્ચે સંવાદ આવે છે. તે કહે છે કે 'હું બધાં શાસ્ત્ર જાણું છું. તે ઘણા શાસ્ત્રોના નામ આપે છે. તે કહે છે કે, પરંતુ હું સુખી નથી કારણ કે હું 'આત્મવિદ્' નથી. તો આ બધી શિક્ષાનો શું અર્થ? અંદરથી જાણે પોલું હોય તેવી લાગણી તે અનુભવે છે. તે કહે છે. હું શોકગ્રસ્ત છું. માટે મારે આત્મવિદ્ બનવું છે. તો આ આત્મવિદ્ કઈ રીતે બની શકાય?

કહેવાયું છે - **'એકમ્ સત વિપ્રં બહુધા વદન્તિ'.** એક જ સતને બધા

અનેક રીતે વર્ણવે છે. તો આ 'સત્' (Ultimate Reality) શું છે?

સંતો શા માટે દિવ્યજ્ઞાન (Divine Massage) પ્રસારિત કરતાં હોય છે? શા માટે આધ્યાત્મિક રચનાઓ રચતાં હોય છે? તેનું કારણ એ છે કે સંતો દયા અને ક્ષમાના અવતાર છે. ભગવાનના આ ગુણો તેઓમાં પ્રગટ થયેલ છે. તેઓ લોકોને ભવસાગરમાં ડૂબતાં જોઈ રહ્યા છે, જે તેઓ સહન કરી શકતાં નથી. તેઓને તારવા માટે દિવ્યજ્ઞાન સંતો પ્રસારિત કરતાં હોય છે. સત્યને અનેક રીતે સમજાવવાની તેઓ કોશિશ કરે છે.

માનવ એ ભગવાનની શ્રેષ્ઠતમ રચના છે. તેને જ ''શાસ્ત્રોમાં 'પુરુષ' અથવા જીવ, જીવચૈતન્ય, બ્રહ્મચૈતન્ય, કાલચૈતન્ય ઈત્યાદિ નામોથી વણવામાં આવેલ છે. બ્રહ્મ (Creator) દ્વારા તેને પ્રગટ કરવામાં આવેલ છે - મનુષ્ય માટે **'અમૃતસ્ય પુત્રાઃ'** કહેવાયું છે. મનુષ્ય અમૃતના પુત્રો છે. મનુષ્ય અંતિમ સત્ય (બ્રહ્મ)નું મૂર્ત સ્વરૂપ છે, અર્થાત્ આપણા વૈદિક સત્ય (બ્રહ્મ)નું મૂર્ત સ્વરૂપ છે. આપણા વૈદિક ઋષિઓએ આ તથ્ય પ્રગટ કર્યું છે. એ તથ્યને સમજાવવા કાંઈક નામ-રૂપ આપવાં જરૂરી છે, જેથી તેને સંજ્ઞાત્મક રૂપે સ્પષ્ટ કરી શકાય- વૈદિક સંતો Plulralistic Expressionમાં માને છે. તેઓ અનેક શબ્દો દ્વારા વસ્તુનું વર્ણન કરે છે. માટે અનેક પ્રકાશિત વસ્તુ દર્શાવતા શબ્દોનો તેઓએ પ્રયોગ કર્યો છે. જે પરમ સત્ય (ultimate Reality) છે તેને અનેક પ્રકાશિત વસ્તુઓના નામથી બતાવવામાં આવી છે- જેમ કે સૂર્ય, સોનું, હિરણ્ય, અગ્નિ, પ્રકાશ, ઈત્યાદિ શબ્દપ્રયોગ તેને માટે કરવામાં આવ્યો છે. આને પ્રગટ રૂપે યજ્ઞની પ્રક્રિયામાં પ્રદર્શિત કરાવાયા છે.

યજ્ઞ માટે યજ્ઞવેદી બનાવવામાં આવે છે. તેમાં એક ચોક્કસ પ્રકાર અને માપની ઈંટો વપરાય છે. વેદીને ગરૂડના રૂપમાં બનાવવામાં આવે છે. કારણ કે ગરૂડ વિષ્ણુનું વાહન છે. યજ્ઞવેદી પર 'પુરુષ'ની સોનાની મૂર્તિ રાખવામાં આવે. અંદર અગ્નિ પ્રગટ કરવામાં આવે જે આદિત્યનું સ્વરૂપ છે. ભાગવતમાં પણ આનું વર્ણન છે. મૂર્તિપૂજાની શરૂઆત પણ આ યજ્ઞવેદીના કારણે જ થયેલ છે, જે વલ્લભવેદાંતને ટેકો આપે છે.

આ જગત એ પરમ સત્યનું વિસ્તારીકરણ છે. શ્રુતિ કહે છે- **'એકોહં બહુસ્યામ્'**. એકમાંથી અનેકની ઉત્પત્તિ. અને પ્રલય સમયે પુનઃ એકમાં જ

વિલીન થવું. વલ્લભવેદાંતનું આ મૂળ છે. બ્રહ્મનું મૂળ તત્ત્વ અંશરૂપે-ચૈતન્ય સ્વરૂપે મનુષ્યમાં રહેલ છે. ચૈતન્ય અને મહાભૂત (Spirit and Matter) આ બન્નેનું સમતોલ પ્રમાણમાં પ્રગટવું તે 'પુરુષ'- (Human Being) નું સ્વરૂપ. જો તેનું અસમતોલ પ્રમાણ હોય, જેમાં ચૈતન્યનું પ્રમાણ વધારે હોય તો તે ગાંધર્વ-કિન્નર-દેવની કક્ષામાં ઉત્પન્ન થાય. અને ચૈતન્યનું પ્રમાણ ઓછું હોય તો તેનું ભૂત-પ્રેત ઈત્યાદિ નીચેના સ્તરની સૃષ્ટિમાં પ્રગટીકરણ થાય છે. વૈદિક ઋષિઓ કહે છે કે 'પુરુષ' એ સૃષ્ટિનું શ્રેષ્ઠતમ સર્જન છે. 'પુરુષ' Person એ બ્રહ્માંડ (Cosmos)ની પ્રતિકૃતિ (Replica) છે.

બ્રાહ્મણ ગ્રંથમાં વિશ્વપુરુષ અથવા વિરાટ પુરુષનું વર્ણન છે. તેમાં 'વૈશ્વાનર'ની પણ સંકલ્પના છે. હિરણ્યમય પુરુષ-વિરાટ પુરુષના વર્ણનમાં સૂર્ય ચંદ્ર રૂપ આંખો ઈત્યાદિનું વર્ણન કરવામાં આવ્યું છે. બ્રહ્મનું ચિત્ તત્ત્વ-ચૈતન્ય એ પ્રાણ છે જે મનુષ્યને જીવિત રાખે છે. પ્રાણ હોય ત્યાં સુધી ભૌતિક ઈન્દ્રિયો કામ આપે છે. જો ચૈતન્ય ન હોય તો મનુષ્ય શરીરનું કાંઈ મૂલ્ય નથી. જીવન ટકવું- શરીરમાં ચૈતન્ય રહેવું તે અતિ આવશ્યક છે. મનુષ્યતામાંથી દિવ્યતા તરફ પ્રયાણ કરવા માટે ચૈતન્ય અને મનુષ્ય શરીર આવશ્યક અંગ છે. માનવ શરીર પ્રાપ્ત થવું તે એક દિવ્યતા (Divinity) છે.

આપણે દિવ્યતાના આરે ઊભા છીએ. નર 'સૂર' બની શકે છે અને 'અસૂર' પણ બની શકે છે, અર્થાત્ દેવ પણ બની શકે - અને દાનવ પણ બની શકે. પરંતુ મનુષ્યે દેવ બનવાની કોશિશ કરવી જોઈએ- દાનવ બનવાથી દૂર રહેવું જોઈએ.

કહેવાય છે કે મનુષ્ય જ્યારે ગર્ભવાસમાં હોય છે ત્યારે તેને તેના પૂર્વજન્મનાં કર્મોનું ભાન હોય છે. જ્યારે તે બહાર આવે છે ત્યારે તે બધું ભૂલી જાય છે. તેણે જે પ્રકારનાં કર્મો ભોગવવાનાં હોય છે તે વિશે તે સભાન રહેતો નથી અને પુનઃ તે સારાં-નરસાં ફળ ભોગવવાં પડે તેવાં કર્મોમાં પ્રવૃત્ત બને છે.

ભગવાન એક કઠોર પરીક્ષક છે. ફળ આપવાની બાબતમાં તે નિષ્પક્ષ રહે છે. મનુષ્યને તેનાં કર્મો અનુસાર ફળ ભોગવવાં પડે છે. તેમાં તેની કોઈ ચાલાકી કામ આવી શકતી નથી.

મનુષ્ય વિચારશીલ પ્રાણી છે - (Man is a Rational Animal). મનુષ્યમાં સારા-નરસાને પરખવાની શક્તિ હોય છે, વિવેક હોય છે. મનુષ્ય હોવાને નાતે તે સારું કરવા જ પ્રેરાય છે. પરંતુ જ્યારે સારું કરવા કે વિચારવા છતાં માઠું પરિણામ આવવાનું હોય ત્યારે તે ખોટું કરતાં પણ અચકાતો નથી. પરંતુ સ્વભાવગત મનુષ્ય- (Human Being) સારું કરવાની વૃત્તિ ધરાવે છે.

‘પુરુષ’ના વિચારના મૂળમાં શું છે?

ઋગ્વેદમાં બે શબ્દો આવે છે. ‘ઋત’ અને ‘ઋણ’. ભગવદ્ ગીતામાં શ્રીકૃષ્ણ કહે છે - **‘કર્મણ્યેવાધિકારસ્તે મા ફલેષુ કદાચન’**. અહીં જે કર્મની વાત કહી છે તે જ મૂળ સ્રોત છે. કર્તવ્ય- (Duty)ની અહીં વાત કહી છે.

અવ્યક્તમાંથી વ્યક્તરૂપે પરિણીત થવાનો એક ઉપક્રમ સૃષ્ટિમાં જોવા મળે છે. (It is a transition of manifestation from unmanifestation). તેમાં એક પરિવર્તન દૃશ્યમાન થાય છે. ઉપનિષદમાં કહ્યું છે- **‘એકોહં બહુસ્યામ્ પ્રજાયેય’**. સૃષ્ટિમાં એક ચોક્કસ ક્રમ છે- વ્યવસ્થા છે. આપણે જોઈએ છીએ કે એક પછી બીજી ઋતુ આવે છે. ઠંડી પછી ગ્રીષ્મ અને પછી વર્ષા. મનુષ્ય બાળકના રૂપે જન્મે છે; તે યુવા થાય છે, પુખ્ત થાય છે અને પછી વૃદ્ધ થાય છે. આમ વિવિધ વ્યવસ્થા કાર્ય કરતી હોય છે. (Nature observes definit system). અવ્યક્ત-એક મહાન ઋત્ છે. તે એક Moral orderના રૂપે પોતાને અભિવ્યક્ત કરે છે. બીજી રીતે કહીએ તો ‘ઋત્’ is moral order. આ સમગ્ર વિશ્વ એક સર્જક છે. (Entire universe is a creator) મનુષ્ય આ સર્જનનું પરિણામ છે. તેમાં ઓળખ (Identity) ઇત્યાદિ ગુણો રહેલા છે. આ ચૈતન્યના કારણે પુરુષ (Human Being)ને એક વિશેષ જવાબદારી સોંપવામાં આવેલ છે, કારણ કે તે એ સમગ્ર અવ્યક્ત ચેતનાનો એક ભાગ છે જે વ્યક્તિરૂપે અસ્તિત્વ ધરાવે છે. તેથી સૃષ્ટિના ક્રમને જાળવવાની તેની નૈતિક ફરજ, (Moral obligation) છે. સૃષ્ટિની સામાન્ય વ્યવસ્થાને જાળવી રાખવી તે તેની ફરજ જ નહીં તેની જવાબદારી છે. માટે તેનું અસ્તિત્વ કેવળ ભોગવવા (Enjoyment) માટે નથી, તેનું ભોક્તૃત્વ પ્રગટ કરવા માટે નથી. માટે જ ભારતને ‘ભોગભૂમિ’ ન કહેતાં ‘કર્મભૂમિ’ કહી છે, કારણ કે ભારતીય તત્ત્વજ્ઞાન મુજબ મનુષ્યે સૃષ્ટિના ક્રમને નભાવવાનો છે. સૃષ્ટિ-રચનાના કેટલાક નિયમો-કાયદાઓ બનેલા છે. એ નિયમો-કાયદાઓ ઋણ, ઋત્, આશ્રમ વ્યવસ્થા અને પુરુષાર્થ દ્વારા વ્યક્ત થાય છે. (It is our responsibility to maintain the system of law of dinine order.) આનાથી માનવ સમાજ (Human society) ટકે છે. Natural order ને Sustain કરવા માટે ઉપનિષદમાં કર્મ રૂપે યજ્ઞનું વિધાન છે. યજ્ઞ એ સાંકેતિક અભિવ્યક્તિ છે. આ જ યજ્ઞ રૂપે કર્મનું વિધાન પાછળથી સૂત્રોમાં ‘ધર્મ’ રૂપે વર્ણવામાં આવ્યું છે. યજ્ઞને જ ‘ધર્મ’ તરીકે ઓળખવામાં આવ્યો છે. ધર્મ એટલે-કર્મ અથવા કર્તવ્ય (Duty). મનુષ્ય ધર્મ સાથે જ જન્મ લે છે. તેણે વિશિષ્ટ જવાબદારી નભાવવાની હોય છે, અને માટે જ મનુષ્ય જન્મને ગૌરવપૂર્ણ રીતે જોવાય છે. મનુષ્ય જન્મ એ અવ્યક્તનું (Infinite) વ્યક્ત (Finite) સ્વરૂપ છે. ઉર્ધ્વગતિ પ્રાપ્ત કરવાની આ એક અમૂલ્ય તક છે. જે માનવ યોનિમાં જ એ સંભવ છે.

ઉપનિષદમાં સંવાદ આવે છે : પુત્ર ઉચ્ચ શિક્ષા પ્રાપ્ત કરી ઘેર પાછો ફરે છે ત્યારે પિતા તેને પૂછે છે કે તું શું ભણી આવ્યો? પુત્ર પોતે કરેલા વિવિધ વિષયોના જ્ઞાન અર્જન વિશે પિતાને જણાવે છે. પિતા ફરી પૂછે છે કે ‘તું બ્રહ્મ વિશે-આત્મા વિશે શું જાણે છે?’ પુત્ર કહે છે- ‘આવું તો હું કાંઈ ભણ્યો નથી, આવું કંઈ મારા ભણવામાં આવ્યું નથી’. ત્યારે પિતા કહે છે કે ‘ત્યારે તો તું કશું જ ભણ્યો નથી. તું જો તારા વિશે કશું નથી જાણતો તો તું કંઈ જ જાણતો નથી. તારી વિદ્યા બેકાર છે.- તે કોઈ કામની નથી. તારે તું કોણ છે તે વિશે જાણવું જોઈશે. તારે તારી પોતાની ખોજ કરવાની છે, તારા સ્વરૂપ વિશે-આત્મા પરમાત્મા વિશે તું આ મનુષ્ય યોનિમાં જ જાણી શકીશ, અન્ય કોઈ પણ યોનિમાં તે સંભવ નથી.’

મનુષ્ય ત્રણ કે ચાર ઋણ સાથે જન્મ લે છે.

આપણે જ્યારે આ જગતમાં આવ્યા છીએ તો તેના નિયમો પાળવા જરૂરી છે. મનુષ્ય ચાર ઋણ સાથે જન્મ લે છે. તે છે - (૧) માતૃ-પિતૃ ઋણ, (૨) આચાર્ય ઋણ અથવા ઋષિ ઋણ, (૩) ભૂદેવ ઋણ અને (૪) માનવ ઋણ. શતપર્થ બ્રાહ્મણમાં આનો ઉલ્લેખ છે.

માતા-પિતા દ્વારા આપણે જન્મ લઈએ છીએ, અર્થાત્ આપણને આ જગતમાં લાવનાર આપણાં માતા-પિતા છે. માટે આપણે આપણાં માતા-

પિતાના ઋણી કહેવાઈએ અને તે ઋણ અદા કરવું તે આપણી ફરજ છે. તેમના પ્રત્યે કૃતજ્ઞતા (Gratitude) વ્યક્ત કરી તેમનું અભિવાદન કરવાથી આપણે તેમનું ઋણ અદા કરી શકીએ છીએ. કૃતજ્ઞતા અને ક્ષમાયાચના દ્વારા ઋણ ચૂકવી શકાય, પરંતુ એટલું જ પૂરતું નથી. આપણે મનુષ્ય જન્મ લીધો છે, જેથી આપણે કોઈ વિશિષ્ટ સ્થિતિ સુધી પહોંચી શકીએ છીએ. આપણામાં જે અમર્યાદ ક્ષમતા છે તેના કારણમાં આપણાં માતાપિતા છે. માટે આપણે પણ માતા-પિતા (Parent) બની આપણું ઋણ અદા કરવાનું છે. માતાપિતા પૂરતી કાળજીપૂર્વક આપણો ઉછેર કરે છે. માટે આપણે પણ વિવાહ કરી તે પરંપરાને આગળ વધારવાની છે. સંતતિ માટે વિવાહ આવશ્યક છે. આમ વિવાહ એક પવિત્ર ફરજ છે. વિવાહ કેવળ ભોગ માટે જ નથી, પરંતુ એક પવિત્ર ફરજના રૂપમાં, આવશ્યક કર્મના રૂપમાં તેને સમજવાનું છે. માનવજાતિ અવિચ્છિન્ન રૂપે ચાલતી રહે, (To maintain continuity of Human Race), તે માટે વિવાહ જરૂરી છે, કારણ કે 'Humanity' એક દિવ્ય તત્ત્વ છે, અને તેને ટકાવી રાખવા માટે મનુષ્ય જાતિનું અસ્તિત્વ ટકાવી રાખવું જરૂરી છે. માટે જ શાસ્ત્રોમાં ગર્ભવતી સ્ત્રીના સંરક્ષણની વાત કહી છે, તેના ગર્ભની જાળવણીની વાત કહી છે. ગર્ભવતી સ્ત્રીની સારી દેખભાળ કરવાની શાસ્ત્રોએ આજ્ઞા કરી છે. ઋગ્વેદમાં સ્ત્રીને સામ્રાજ્ઞીનો દરજ્જો આપેલો છે. તે પુરુષની દાસી તરીકે નહીં, પરંતુ એક સામ્રાજ્ઞીની માફક પુરુષ સમોવડી થઈને રહે તેવી વેદની કલ્પના છે. જો સ્ત્રીની સાથે દુર્વ્યવહાર કરવામાં આવે તો ઈશ્વર પ્રસન્ન થઈ શકે નહીં. 'વિવાહ સુકત'માં બતાવવામાં આવ્યું છે- 'આ અગ્નિની સાક્ષીએ. ગૃહમાં પ્રજ્વલિત અગ્નિની રક્ષા કાજે હું તને સોંપું છું.' આ પ્રકારની પ્રતિજ્ઞા વધુના પિતા કરતાં હોય છે. તેનું કારણ છે કે જે અગ્નિહોત્રી છે તેને માટે અગ્નિની પૂજા સપત્ની કરવી આવશ્યક છે. અન્યથા તે ફળદાયી બની શકતી નથી. વેદોમાં સ્ત્રીઓને અધ્યયન ઈત્યાદિ સર્વે પ્રકારના અધિકાર આપેલા છે. આ બધાનું કારણ એ છે કે મનુષ્ય જીવનની દિવ્યતા- (Divinity of Human life)ને ટકાવી રાખવી આવશ્યક છે. મનુષ્યજીવનને દિવ્ય-ગૌરવશાળી બનાવવા માટે આ જરૂરી છે જે વેદમાં પ્રતિપાદિત છે.

કુટુંબમાં 'સ્ત્રી' એ હૂંફનો સ્રોત કહ્યો છે. - કુટુંબને સુવ્યવસ્થિત અને

સુસંસ્કૃત બનાવવા ઉપર ભાર મૂકવામાં આવ્યો છે. સંતાનની સુખાકારી અને હિત, તેનું ધ્યાન રાખવા પાછળનો હેતુ માનવજીવનને સુરક્ષિત રાખવાનો છે. આમ માતાપિતાનું ઋણ અદા કરવા માટે પ્રત્યેક મનુષ્યે વિવાહ કરી સંતતિ પેદા કરવાનું મહત્ત્વ બતાવવામાં આવ્યું છે જેથી 'પુરુષ'નું અસ્તિત્વ અને તેની દિવ્યતા નભી રહે - ટકી રહે. આ એક ધર્મ છે. આવશ્યક ફરજ અને જવાબદારી છે. લાખો યોનિમાં ભટક્યા પછી અમૂલ્ય મનુષ્યજન્મની પ્રાપ્તિ થાય ત્યારે જ આવા વિચારો 'પુરુષ' કરી શકે છે, અને માટે જ તેના અસ્તિત્વની મહત્તા સમજાવવામાં આવી છે.

આચાર્ય ઋણમાંથી મુક્ત થવા આચાર્ય પૂજા આવશ્યક છે. જે જ્ઞાન વિષયક યોગદાન કરે તે 'આચાર્ય' છે. જેઓ જ્ઞાનમાં વૃદ્ધિ કરે છે તેનું સન્માન કરવું આવશ્યક ગણાય. તેઓની પૂજા ન કરનારા કે તેઓને સન્માન ન આપનાર સમાજની અવનતિ થાય છે. જ્ઞાનની વૃદ્ધિ અને સંરક્ષણ માટે તેમ જ સાંસ્કૃતિક મૂલ્યોની જાળવણી માટે શાસ્ત્રોએ આચાર્યપૂજાની આજ્ઞા કરી છે.

પુરુષ (Person) વિશે પાશ્ચાત્ય દૃષ્ટિકોણ

પાશ્ચાત્ય વિદ્વાનોએ પણ વર્ષોથી 'concept of a Person'ને વિશ્લેષણાત્મક રીતે જાણવાના પ્રયત્ન કર્યા છે. Human Being ની વ્યાખ્યા કઈ રીતે કરી શકાય? કઈ રીતે એક વ્યક્તિ બીજી વ્યક્તિથી જુદી પડે છે? આ મહત્ત્વના પ્રશ્નો છે.

જ્યારે આપણે તત્વજ્ઞાનના સંદર્ભમાં વિચારીએ તો શરૂઆતમાં ગ્રીસમાં માનવ મગજના અભ્યાસને 'Rational Psycology' કહેતાં. 'Psyco' એટલે 'Soul' (આત્મા). તે જમાનામાં મનોવિજ્ઞાન (Psycology)ના અભ્યાસમાં માનવવ્યવહાર-વર્તણૂકનાં બધાં પાસાં આવરી લેવાયાં હતાં. તે પછી તેને 'Anthropological Philosophy' કહેવામાં આવ્યું. 'Anthropose' એટલે 'મનુષ્ય'. માનવ ઉત્પત્તિ-વિકાસનું શાસ્ત્ર (Anthropology)માં મનુષ્યના ભૌતિક અને આધ્યામિક વિકાસની બાબત આવરી લેવામાં આવી છે. Anthropologyને મનુષ્ય (Human Being)ના વ્યક્તિત્વના વિકાસના તત્ત્વદર્શન તરીકે લેખી શકાય.

ગ્રીસમાં મધ્યયુગમાં 'માનવ વ્યક્તિ'ના તત્ત્વનો વિચાર.

'Person' શબ્દ ઉત્ક્રાંતિના ઈતિહાસમાં વિશિષ્ટ સ્થાન ધરાવે છે. તે ગ્રીક શબ્દ 'Persona' ઉપરથી બનેલ છે. તે જમાનામાં ગ્રીકમાં અલગ અલગ લોકો ડ્રામામાં પોતાની ખાસ ઓળખ ઊભી કરવા વિવિધ પ્રકારના મુખવટા (Mask)નો ઉપયોગ કરતાં. મુખવટાના કારણે તેઓ પોતાનું વિશિષ્ટ વ્યક્તિત્વ પ્રગટ કરી શકતા. તેને 'Prosopon' કહેવામાં આવતાં. સોળમી શતાબ્દીમાં લેટિન ભાષામાં Person ને 'Prosopon' કહેવામાં આવતું. ત્યારે જુદાં જુદાં પાત્રો ભજવવા માટે અલગ અલગ પ્રકારના મુખવટા (Mask) લોકો પહેરતાં જેથી તેમની વિશિષ્ટ ઓળખ ઊભી થઈ શકતી. જ્યારે આવા વિવિધ વ્યક્તિત્વને કાયદાકીય માન્યતા પ્રાપ્ત થઈ ત્યારે તેમને Citizen તરીકે ઓળખવામાં આવ્યા. આ રીતે Prosoponમાંથી Persona અને તેમાંથી Person શબ્દનો વિકાસ થયો છે.

બ્રહ્મજ્ઞાન (Theology)- ઈશ્વર વિશેનું વિજ્ઞાન (Science dealing with God)

બ્રહ્મજ્ઞાન (Theology) ઈશ્વર અને ધર્મ (God & Religion)ના રહસ્યને સમજાવે છે. ખ્રિસ્તી ધર્મમાં એક ઈશ્વરને માને છે. તેઓ ઈશ્વરને પિતા તરીકે, ઈશ્વરના પુત્ર તરીકે અથવા એક પવિત્ર આત્મા તરીકે જાણે છે. તેઓ માને છે કે વ્યક્તિને ઈશ્વર દ્વારા બનાવવામાં આવેલ છે, અર્થાત્ 'Person' એ ઈશ્વરનું સર્જન છે. Person એ છે જેનામાં ગુપ્ત મૂલ્યો અથવા ગુપ્ત વિશિષ્ટતાઓ અર્થાત્ ગૌરવ રહેલાં છે.

ગ્રીકમાં પાંચમી શતાબ્દીમાં Boethivs અને બારમી શતાબ્દીમાં Thomas Aqvivas થઈ ગયા. એ બન્ને તત્ત્વજ્ઞાનીઓએ Personની ફિલોસોફીમાં સારું યોગદાન આપેલ છે. તેઓએ Personની વ્યાખ્યા કરી છે કે તે એક વ્યક્તિગત વસ્તુ (Individual Substance) છે, જે પ્રાકૃતિક સૂઝબૂઝ ધરાવે છે અર્થાત્ યથાર્થ પ્રકૃતિ ધરાવે છે. પ્રત્યેક વ્યક્તિ તેની કૌટુંબિક ભૂમિકા, સંસ્કાર, ઈતિહાસ વગેરે બાબતોમાં બીજી વ્યક્તિથી જુદી પડે છે. જ્યારે આપણે 'Individual Substance' કહીએ ત્યારે તે અસ્તિત્વ (Existance)ના રૂપમાં લેવાનો છે, એટલે કે જે Subsist કરે - જે અસ્તિત્વ ધરાવે છે તે. તેને એ રીતે પણ સમજી શકાય કે તે એક એવી વસ્તુ છે જે સ્વતંત્ર રીતે જીવન બળ ધરાવે છે તેમજ જે યથાર્થ સૂઝબૂઝ, લાગણીઓ-ગમોઅણગમો વગેરે ગુણો ધરાવે છે.

પાશ્ચાત્ય તત્ત્વજ્ઞાન પ્રમાણે Person અથવા મનુષ્ય (Human being)માં નીચે પ્રમાણે ગુણો (Properties) હોવા જોઈએ.

(1) Substance- એટલે કે 'અસ્તિત્વ' હોવું જરૂરી છે. ઈશ્વર એ પરમ તત્ત્વ (Supreme being) હોઈ મનુષ્ય, (Human being) પણ અસ્તિત્વ (Subsistance)નો ગુણ ધરાવે છે. ઈશ્વર પર આધારિત હોઈ 'Person' ધાર્મિક (Religious) હોવો જરૂરી છે, કારણ કે ઈશ્વરે તેને પેદા કરેલ છે. 'Person' એ પછીના જન્મમાં પણ અસ્તિત્વ ધરાવે છે.

(2) Rationality- મનુષ્યને ઈચ્છા (will) અને સ્વતંત્રતા હોય છે. તે પોતાને યોગ્ય લાગે તે રીતે સારું-ખોટું ગમા-અણગમા વગેરે તફાવત કરી શકે છે.

(3) Dynanism જ્યારે મનુષ્ય જન્મે છે ત્યારે તે સ્વતંત્ર નથી હોતો અર્થાત તે ધારે તે કરી શકતો નથી. પરંતુ જેમ જેમ તેનો વિકાસ થાય તેમતેમ તે ગતિશીલ બને છે તે પોતાનો વિકાસ જાતે કરી શકે છે.

(4) મનુષ્ય (Human beings) પ્રકૃતિના કેન્દ્રબિંદુમાં છે. વાસ્તવમાં જે પણ વિકાસ થાય છે તે મનુષ્યની આવશ્યકતાઓની પરિપૂર્તિ માટે હોય છે.

(5) બધાં જ પ્રાણીઓમાં 'Person' એક ઉમદા પ્રાણી છે.

(6) સામાજિક પરિમાણ - (Social Dimensions). - મનુષ્ય (Human beings) એકલો રહેતો નથી પરંતુ સામાજિક રીતે બીજા મનુષ્યો સાથે આપસમાં સંકળાયેલ રહે છે. તે હું અને તું (I & Thou) શબ્દોનો ઉપયોગ કરે છે.

ગ્રીક તત્ત્વજ્ઞાનની ઉત્ક્રાંતિ ક્રાઈસ્ટ પહેલા પાંચમી અને છઠ્ઠી શતાબ્દીમાં થયેલ હતી.

સામાન્ય રીતે સર્વ સ્થાનો પર મનુષ્ય (Human Being) એકસરખા હોય છે. ભારતીય માનવ પણ અમેરિકા, આફ્રિકા અથવા ઈંગ્લેડ વગેરેના મનુષ્યો જેવા જ હોય છે. ભારતીય તત્ત્વજ્ઞાન મુજબ 'Human being'ની

વ્યાખ્યા જરા જુદી રીતે કરવાના પ્રયત્ન થયા છે. તદનુસાર 'Human being'ની એક લાક્ષણિક પરિભાષા આપવામાં આવી છે. તેમાં આત્મા, જીવ અથવા પુરુષનો એક દૃષ્ટિકોણ વિચારવામાં આવ્યો છે. તેના પ્રમાણે 'Human being' કેવળ ભૌતિક રૂપ જ નથી, પરંતુ તેમાં બે તત્ત્વો સામેલ છે- એક શરીર અને બીજો આત્મા. ગ્રીસમાં પ્લુટોએ મનુષ્યની એક 'આત્મા'ના રૂપે જ વ્યાખ્યા કરી છે, જ્યારે એરિસ્ટોટલે મનુષ્યને આત્મા અને શરીર એમ બન્ને તત્ત્વો યુક્ત બતાવ્યો છે.

પાશ્ચાત્ય તત્ત્વજ્ઞાન, અને બ્રહ્મજ્ઞાન (Theology) પ્રમાણે શૂન્યમાંથી સર્જન થયેલું છે. આને 'Exmihilo' કહેવાય છે. જ્યારે ભારતીય તત્ત્વજ્ઞાન મુજબ બધું જ સર્જન ઈશ્વરમાંથી અને ઈશ્વર દ્વારા કરવામાં આવેલું છે. તદનુસાર આત્મા એ જીવનતત્ત્વ છે. ભારતીય તત્ત્વદર્શન અનંત આત્મા એટલે કે પરમાત્મા અને જીવાત્મા વચ્ચે ભેદ સમજે છે અનંત આત્મા અથવા પરમાત્માને 'બ્રહ્મ' તરીકે ઓળખવામાં આવે છે જ્યારે આત્માને 'જીવ' તરીકે ઓળખાવાય છે. તેમ કહેવાયું છે કે 'તત્ત્વમસી'- આત્મા જ બ્રહ્મરૂપ છે. શંકરાચાર્ય દ્વારા આ તત્વદર્શન આપવામાં આવેલું છે. તેમના મતાનુસાર આત્મા અને પરમાત્મામાં કોઈ જ ભેદ નથી. બન્ને અભિન્ન અને સરખાં છે. આનાથી વિપરીત રામાનુજાચાર્ય આત્મા અને પરમાત્મમાં ભેદ બતાવે છે અને સાથે એમ પણ કહે છે કે બન્ને સરખાં છે.

ભારતીય તત્ત્વજ્ઞાન મુજબ વેદાંત અર્થાત્ ઉપનિષદ સર્જન માટે વિવિધ રૂપકનો નિર્દેશ કરે છે. તેમાં ઉત્ક્રાંતિ-વિકાસના પાંચ સ્તર બતાવેલાં છે. તેને 'પંચકોષ' કહેવામાં આવ્યા છે. આ પંચકોષ - (૧) અન્નમય કોષ (૨) પ્રાણમય કોષ, (૩) મનોમય કોષ, (૪) વિજ્ઞાનમય કોષ અને (૫) આનંદમય કોષ. તૈત્તિરીય ઉપનિષદમાં આત્માનાં પાંચ સ્તર બતાવવામાં આવ્યાં છે. ભારતીય તત્ત્વજ્ઞાન અનુસાર 'પુરુષ' શબ્દનો પ્રયોગ 'સંપૂર્ણ' સમાવિષ્ટ કરવાના અર્થમાં વપરાયેલ છે. એટલે કે પૂર્ણ પુરુષ એ અર્થમાં, જ્યારે જીવ અથવા જીવાત્મા એ 'Human being'ના સંદર્ભમાં વપરાયેલ છે. રામાનુજાચાર્યના મતાનુસાર ઈશ્વર એ સર્વશક્તિમાન-સર્વ સત્તાધીશ છે જે પોતાનામાં (Self) તેમ જ જગતમાં (World)માં વ્યાપ્ત છે.

સોળમી શતાબ્દીમાં પ્રાદુર્ભૂત થયેલ વલ્લભાચાર્યે **'શુદ્ધાદ્વૈત તત્ત્વદર્શન'**નું પ્રતિપાદન કર્યું છે. તેમણે શુદ્ધ-અદ્વૈતની વિચારધારા રજૂ કરી છે. તેમના મતાનુસાર પરબ્રહ્મ એ સર્વ સત્તાધીશ શક્તિ છે જેમાં ત્રણ ગુણો અસ્તિત્વ ધરાવે છે, એટલે કે તેમાં ત્રણ તત્ત્વો સમાવિષ્ટ છે. (૧) **'સત્'** એટલે કે અસ્તિત્વ, હોવું, (૨) **'ચિત્'** અર્થાત્ જ્ઞાન અને (૩) **આનંદ**- (Bliss). આ ત્રણે તત્ત્વો તેમનામાં રહેલ હોવાના કારણે તેમને **'સચ્ચિદાનંદ'** કહેવાય છે.

વલ્લભાચાર્યજી કહે છે કે આત્મા એ બ્રહ્મનું જ તત્ત્વ હોઈ તે તેનો 'અંશ' છે, જેમાં બ્રહ્મના ગુણો મર્યાદિત માત્રામાં અસ્તિત્વ ધરાવે છે. ઉત્પત્તિના માધ્યમથી પરબ્રહ્મમાંથી આત્મા છૂટો પડે છે. આત્મા જેને 'જીવ' કે જીવાત્મા પણ કહેવાય છે તે અતિ પ્રાચીન અથવા અનાદિ છે. અને ખોળિયા સાથે, શરીર સાથે જોડાયેલ છે. તેને શરીરનું બંધન છે. 'Person' એટલે કેવળ શરીર જ નહીં, પરંતુ આત્મા સહિતનું સંયોજિત સ્વરૂપ. વલ્લભાચાર્યજીએ જીવાત્માનું અનેક પ્રકારે વિભાગીકરણ કરેલું છે જેવા કે પુષ્ટિ, મર્યાદા, પ્રવાહી વગેરે.

વલ્લભાચાર્યે અંતિમ મોક્ષ પ્રાપ્ત કરવા માટે અનુરાગ અથવા અનુગ્રહનો માર્ગ અર્થાત્ 'ભક્તિનો માર્ગ' બતાવ્યો છે. તેમણે બે પ્રકારની ભક્તિ સમજાવી છે- (૧) મર્યાદાભક્તિ અને (૨) પુષ્ટિભક્તિ. મર્યાદાભક્તિ ભક્તનાં પોતાનાં સાધનો ઉપર નિર્ધારિત છે, જ્યારે પુષ્ટિભક્તિ પરમાત્માની કૃપા પર આધારિત છે. ઈશ્વરકૃપા તો વરસાવે છે, પરંતુ મનુષ્યે તેને ગ્રહણ કરવાની ક્ષમતા પેદા કરવી આવશ્યક ગણાય.

પરબ્રહ્મ અને જીવના તફાવતને સમુદ્ર અને ઘડામાં ભરેલા પાણીના ઉદાહરણથી સમજી શકાય. પરબ્રહ્મ એ સમુદ્રની માફક અસીમિત-વિશાળ સર્વવ્યાપી છે જેમાં સત્, ચિત્ અને આનંદ એ ત્રણ તત્ત્વો સમાવિષ્ટ છે, જ્યારે જીવ ઘડામાં ભરેલા પાણીની માફક સીમિત પરિમાણમાં છે જેમાં સત્ અને ચિત્ એ બે તત્ત્વો અંશરૂપે છે. જીવ બ્રહ્મને પ્રાપ્ત કરે છે ત્યારે તે તેનામાં લીન થઈ જાય છે, એકાત્મ બની જાય છે.

મનુષ્ય ઈશ્વરનો અંશ છે. તે એક સામાજિક પ્રાણી પણ છે. તે એવું પ્રાણી છે જે જાણે છે અર્થાત્ તે જ્ઞાની છે, કર્તા છે, તેમ જ ભોક્તા પણ છે. જ્યારે આપણે હું (I) કહીએ છીએ ત્યારે ખરેખર તે આપણે પોતે નથી,

પરંતુ જ્યારે આપણો સંબંધ ઈશ્વર સાથે જોડાય છે ત્યારે સાચો હું (I) અસ્તિત્વમાં આવે છે. આપણી સાચી ઓળખ, આપણું વ્યક્તિત્વ ત્યારે વ્યક્ત થાય છે.

ઓગણસમી શતાબ્દીમાં Nietzche નામનો ફિલોસોફર થઈ ગયો. તે 1900 ADમાં મૃત્યુ પામ્યો હતો. તેણે 'Superman'નો સિદ્ધાંત પ્રતિપાદિત કર્યો હતો. તેણે કહ્યું કે મનુષ્યના વિકાસ માટે ઈશ્વર (God)ની કોઈ આવશ્યકતા નથી. અર્થાત્ ઈશ્વરની કલ્પના અસંગત છે. તેણે એક વાક્ય લખ્યું હતું, ''ઈશ્વર મૃત્યુ પામ્યો છે'' અને નીચે પોતાની સહી કરી હતી. બીજો એક સ્પેનિશ ફિલોસોફર તત્કાલીન સમયમાં થયો. તેણે બીજું વાક્ય લખ્યું, 'Nietzche મૃત્યુ પામ્યો છે.'અને નીચે 'ઈશ્વર'ના નામની સહી કરી.

ઉપરોક્ત બાબત આજના યુગમાં ફેલાઈ રહેલી ભૌતિકવાદી વિચારસરણી બતાવે છે, ખાસ કરીને પાશ્ચાત્ય જગતમાં, કે જે હવે એશિયન દેશોમાં પણ ફેલાઈ રહી છે. લોકો હવે ઈશ્વરથી વિમુખ થઈ રહ્યા છે.

ધર્મ (Religion) :

ભારતીય તત્ત્વજ્ઞાનમાં **'ધર્મ'** શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો છે, જે પશ્ચિમમાં વપરાતા 'Religion' શબ્દનો પર્યાયવાચી નથી. 'ધર્મ'નો અર્થ તેનાથી ઘણો વ્યાપક છે. વાસ્તવમાં અંગ્રેજીમાં તેનો પયાર્યવાચી યોગ્ય શબ્દ જ નથી જે 'ધર્મ'ના સંદર્ભમાં વાપરી શકાય.

ભારતીય તત્ત્વજ્ઞાન મુજબ ધર્મની નીચે પ્રમાણે વ્યાખ્યા થઈ શકે અથવા નીચેની બાબતોને તેમાં આવરી લેવાઈ છે-

(૧) Vedic Injections - વિવિધ વૈદિક પરંપરા મુજબ આચરવામાં આવતાં વિવિધ કાર્યો.

(૨) Morality - સત્ય, વફાદારી, ઈમાનદારી, નૈતિક મૂલ્યો ઈત્યાદિ.

(૩) Self - Realisation એટલે કે વ્યક્તિની સ્વયંની ઓળખાણ, પરમ તત્ત્વ સાથેની તેની ઓળખ.

'ભાગવત પુરાણ'માં 'ધર્મ' એટલે 'આધ્યાત્મિક ઉન્નતિ માટે કરવામાં આવતી નિષ્ઠાપૂર્વકની અને નિખાલસતાપૂર્વકની ભક્તિ' તેવી વ્યાખ્યા કરવામાં આવી છે. 'ધર્મ'નું આચરણ વ્યક્તિની ધાર્મિક ભાવનાની અભિવ્યક્તિ માટે આવશ્યક હોય છે.

Religion શબ્દ લેટિનમાંથી આવ્યો છે. તેને છૂટો પાડીએ તો તેમાં બે શબ્દ છે - Re-ligare, જેનો અર્થ થાય 'એક થવું', 'આત્મસાત થવું' અથવા 'જોડાવું.' Religion— મનુષ્યના આંતરિક વ્યક્તિત્વના વિકાસમાં મદદ કરે છે. તે તેને પરમાત્માની તરફ દોરી જાય છે, અથવા ઈશ્વર સાથે સંબંધ બાંધવામાં મદદરૂપ થાય છે. 'Human being' એક સામાજિક માળખામાં રહેવા ટેવાયેલ હોવાના કારણે 'Religion'ને સામાજિક પરિમાણ પણ હોય છે. મનુષ્યને એક સુવ્યવસ્થિત Religionની આવશ્યકતા રહે છે કારણ કે તે એક સમૂહમાં રહેવા ટેવાયેલ છે. જો કોઈ પોતાના Religionનું આચરણ કરવા માગતો હોય તો તે વિશેના નિયમો તેને જાતે ઘડવા પડે છે. પરંતુ જ્યારે સામાજિક રૂપે -સમૂહમાં તેનું આચરણ કરવામાં આવે ત્યારે તે બધાને અનુકૂળ આવે તે મુજબની ધાર્મિક ક્રિયાઓ અપનાવવી પડે છે, જેને આપણે 'સામાજિક ધર્મ' (Social Religion) કહી શકીએ.

ધર્મ અને મોક્ષનો સંબંધ

ગ્રીક ફિલોસોફર એરિસ્ટોટલે લખ્યું છે કે જીવનનો અંતિમ હેતુ સુખ (Happines) કે આનંદ છે. મોક્ષ અથવા મુક્તિ જીવનના અંતે પ્રાપ્ત કરવાની સૌ ઈચ્છા ધરાવે છે. Thomas Acquino એ 'Theory of Inperfect happiness and Perfect Happiness' પ્રતિપાદિત કરી છે. Perfect Happiness એટલે નિતાંત (Eternal) આનંદ. પ્રસન્નતા (Happiness) એ આંતરિક અનુભવનો વિષય છે. તેને આધ્યાત્મિક અનુભૂતિ કહી શકાય.

મનુષ્ય કેવળ સામાજિક પ્રાણી જ નથી, પરંતુ ધાર્મિક વૃત્તિવાળો છે. એટલે કે ધાર્મિક હોવું એ મનુષ્યની સ્વાભાવિક પ્રકૃતિ છે. આપણે ઈશ્વરને કે તેના અસ્તિત્વને છોડી શકીએ કે નકારી શકતા નથી. મનુષ્યને સ્વાભાવિક રૂપે ધાર્મિક વૃત્તિ ધરાવનાર પ્રાણી કહી શકાય, કારણ કે તેની પ્રકૃતિના મૂળમાં દૈવીતત્ત્વ રહેલું છે. તેમાં ધાર્મિક પરિમાણ (Religious Dimension) સ્વાભાવિક રૂપે નિહિત છે. એમ કહી શકાય કે મનુષ્ય સામાજિક પણ છે અને ધાર્મિક પણ છે - (Social as well as Religious both together).

ઈશ્વર આધ્યાત્મિક તત્ત્વ છે- (God is spiritual). તે અનંત (Infinite) છે. આપણી ચેતના સીમિત (fininite) છે ત્યારે તેની ચેતના અસીમિત (Infinite) છે. ઈશ્વર એ પરમચેતના હોવાને કારણે આપણી બૌદ્ધિક ક્ષમતાની ઉપર છે, બહાર છે.

ધાર્મિક આવશ્યકતાઓની પરિપૂર્તિ માટે 'ધર્મ'ની આવશ્યકતા રહેલી છે. ગીતા તેમ જ અન્ય શાસ્ત્રોમાં **'Person'**ને 'પુરુષ' તરીકે સંબોધવામાં આવેલ છે. પુરુષ હંમેશા અમુક લક્ષ્ય સિદ્ધ કરવા માંગે છે, જેને માટે તેણે કેટલાક પ્રયત્નો કરવા પડતાં હોય છે. આવા પ્રયત્ન એ **'પુરુષાર્થ'** તરીકે ઓળખાય છે. ચાર પ્રકારના પુરુષાર્થ શાસ્ત્રોમાં બતાવવામાં આવ્યા છે. (૧) **ધર્મ** (૨) **અર્થ** (૩) **કામ** અને (૪) **મોક્ષ.** પહેલા ત્રણ એટલે કે ધર્મ, અર્થ અને કામ ને 'ધર્મ'ના નામથી પણ કહેવાય છે, જેના આચરણ દ્વારા 'મોક્ષ' તરફ આગળ વધી શકાય છે, જે જીવનનું અંતિમ લક્ષ્ય છે. તે જીવનોપરાંતની સ્થિતિ કે પરિણામ છે. મનુષ્યના બીજા જીવન માટે તે અગત્યની ભૂમિકા ભજવે છે.

ધર્મની બાધાઓ (Obstacles in Religion)

ધર્મમાં નીચે મુજબની બાધાઓ કે અડચણો આવતી હોય છે.

(૧) **પાપ (Sin)** - નૈતિક રીતે જે કાર્યો પ્રતિબંધિત હોય અથવા ધાર્મિક દૃષ્ટિકોણથી જે આચરણ ન કરી શકાય તેવાં કાર્યો જો કરવામાં આવે તો તેની અવળી અસર થતી હોય છે. તે ગુનાહિત ભાવના પેદા કરે છે જે મનુષ્યના ઉપર એક પ્રકારનું દબાણ-(Pressure) લાવે છે તે જ પાપ છે. પાપ પોતે એટલું હાનિકારક નથી હોતું જેટલું તેના વિષયક સભાનતા.

(૨) **ભૌતિકવાદ (Materialism)** - ભૌતિક વસ્તુઓ કે બાબતો સામાજિક વિકાસ માટે સારી છે. આપણે જાણીએ છીએ કે ભૌતિક પ્રાપ્તિ મનુષ્યની પ્રસન્નતા-વિકાસ તેમ જ સુખાકારીનું માધ્યમ છે. અઢારમી શતાબ્દીમાં એક Comte- નામક ફિલોસોફરે કહ્યું હતું કે ભૌતિક વિકાસ અથવા ભૌતિક વિજ્ઞાન એ મનુષ્યની પ્રસન્નતાનું કારણ છે. અનેક પ્રકારના પ્રયોગો દ્વારા જીવનનું લક્ષ્ય પ્રાપ્ત કરવામાં સહાયતા મળે છે. વિજ્ઞાન દ્વારા જીવનની ઘણી ઉન્નતિ થયેલ છે. યુરોપમાં ઔદ્યોગિક ક્રાંતિ થઈ અને વિજ્ઞાનનો સારો એવો વિકાસ થયો ત્યારે મનુષ્યને લાગ્યું કે ઈશ્વરની આવશ્યકતા નથી. મનુષ્ય ઈશ્વર વગર પણ પ્રગતિ કરી શકે છે. આના કારણે ભૌતિકવાદ અસ્તિત્વમાં આવ્યો.

આવી વિચારધારાને કારણે 'Nihilism' વિકાસ પામ્યો. તેનાથી એક ખાલીપણું-(Void) ઉત્પન્ન થયું. નિરાશાજનક સ્થિતિ બની. એમ લાગે કે જાણે જીવનમાં કાંઈ જ નથી. આ પ્રકારની વિચારસરણી 'Nihilism'ના કારણે માનવજીવનમાં હતાશા (Frustration) અને ઉદાસીનતા (Depression)ની સ્થિતિ ઉદ્ભવે છે.

અત્યારના સમયમાં ભારતે ઘણો વિકાસ-પ્રગતિ કરી છે. આર્થિક તેમ જ આધ્યાત્મિક બન્ને પ્રકારે વિકાસ જરૂરી છે. ભૌતિક મૂલ્યો તેમ જ આધ્યાત્મિક મૂલ્યો બન્ને સાથે વિચારવાં જોઈએ. કાર્લ માર્ક્સ જ્યારે 'જાતિવિહીન સમાજ'ના વિચારો પ્રતિપાદિત કર્યા, તે 'ઈશ્વર વિહિન સમાજ' (Classless Society)ની વાત હતી. તેનાથી પણ ભૌતિક વિચારસરણીને પ્રોત્સાહન મળ્યું હતું, જે ધર્મ માટે બાધારૂપ હતું.

ડાર્વિનના ઉત્ક્રાંતિવાદે પણ એવી જ માન્યતા - 'ઈશ્વરનું અસ્તિત્વ નથી' અથવા 'ઉત્ક્રાંતિ દરમિયાન ઈશ્વરની આવશ્યકતા નથી'ને પ્રભાવિત કરી છે. આ એક પાશ્ચાત્ય વિચારસરણી છે જે માને છે કે ઈશ્વરનું અસ્તિત્વ છે જ નહીં. Froudના વિચારો પણ આ બાબતના પોષક હતાં.

(૩) **વિવેક અને વિશ્વાસ (Reason v/s Faith)** - વિવેકબુદ્ધિથી વિશ્વાસ અથવા આસ્થા વધે છે અને આસ્થા વિવેક-વિચાર કરવાની પ્રેરણા આપે છે.

(૪) **વિવેક અને લાગણી (Reason and Emotions)** - સંવેદનશીલ લાગણીઓની ધર્મ (Religion) ઉપર વિશેષ અસર પડે છે. ઘણી વખતે વિપરીત લાગણીઓ પ્રગટ થાય છે- ગમો-અણગમો, આનંદ-વિષાદ, આશા-નિરાશા વગેરે, જેના કારણે મનુષ્યના મનમાં અનેક વિચારો જન્મ લેતા હોય છે, પ્રશ્નો ઊભા થતાં હોય છે.

૫) **ધાર્મિક ક્રિયાઓ (Rituals)** - ધાર્મિક ક્રિયાઓ પણ પડકારરૂપ

બનતી હોય છે. પ્રાર્થનાનું ઘણું મહત્ત્વ હોવા છતાં જો પ્રાર્થનાનો અર્થ ન જાણતા હોય તો તે નિરર્થક બની જાય છે.

(૬) **સભ્યતા (Culture)** - સભ્યતાનો વિકાસ પણ ધાર્મિક માન્યતાઓમાં પડકારરૂપ બની શકે છે. જેમ જેમ માનવીય મૂલ્યો વિકસે તેમ સાંસ્કૃતિક મૂલ્યોનો પણ વિકાસ થાય છે. પ્રત્યેક વ્યક્તિ પોતાના કુટુંબ કે સમાજ પાસેથી શીખતો રહે છે.

(૭) **રાજ્ય અને ધર્મનો સંબંધ (Relation between State and Religion)** - રાજ્ય પણ ધર્મ અપનાવવામાં એક મહત્ત્વની ભૂમિકા ભજવે છે. આજે ભારતમાં ધર્મ નિરપેક્ષતાની નીતિ હોવાના કારણે લોકોના જીવનમાં ધર્મ (Religion)ના મહત્ત્વ વિશે ઘણો પ્રભાવ પડ્યો છે, જેના કારણે ધર્મની આવશ્યકતાનો વિચાર ક્ષીણ થતો જાય છે.

◆

૧૫

કાશ્મીર શૈવિઝમ

(Kashmir Shaivism)

શૈવિઝમ અને વૈદિક તત્ત્વજ્ઞાન વિશે વાત કરીએ ત્યારે પરમતત્ત્વ (Ultimate Reality)નું જે પણ નામ આપીએ તે એક જ તત્ત્વ છે. આપણે સીમિત-વ્યક્તિ (Finite) છીએ માટે તે આપણી મર્યાદા છે. વિશ્વનાં બધાં જ દર્શનોમાં પરમતત્ત્વ- (Ultimate Reality) સંબંધી કોઈ મતભેદ નથી પરંતુ આપણી બુદ્ધિ (Intelect) કે વિવેક વિચાર (Rational)ની મર્યાદા આપણને નડતી હોય છે. અધ્યાત્મવાદના દષ્ટિકોણ (Ontological Point of view)થી બ્રહ્મના 'નિર્ગુણ-સગુણ'ના કે 'વ્યક્ત-અવ્યક્ત' સ્વરૂપ વિશે જાણવા કોઈ માધ્યમની આવશ્યકતા રહે છે, કોઈ મૂર્તિ જોઈએ જેના દ્વારા તેના વિશે વિચાર કરી શકાય.

ઘણી વખત આપણે મૂળભુત બાબતને ભૂલી જઈએ છીએ. તાઓ માસ્ટર કહે છે કે, એક વખત માછલી પકડાઈ જાય ત્યારે તેને પકડવાની બાસ્કેટ ભુલાઈ જવી જોઈએ, કારણ કે મહત્ત્વ માછલીનું છે- નહીં કે બાસ્કેટનું. પરંતુ ક્યારેક તે બાસ્કેટ સાથે એટલો લગાવ થઈ જાય છે કે જે ધ્યેય છે- (માછલી) તેને આપણે ભૂલી જઈએ છીએ અને બાસ્કેટમાં જ આપણે અટવાતા રહીએ છીએ.

ભગવાનને પ્રાપ્ત કરવાની ક્રિયા કરતાં ભગવાનનું માહાત્મ્ય વિશેષ છે એ ભૂલવું ન જોઈએ. મહારાષ્ટ્રના વારકરી સંપ્રદાયના સંત કહે છે કે 'હું મારા બગીચામાં જે કાંઈ ઉગાડું છું તે મારા ભગવાન માટે છે' - આ ખૂબ મહત્ત્વનો દષ્ટિબિન્દુ છે કારણકે ભગવાનના માહાત્મ્યની અહીં મહત્તા બતાવી છે. ગુજરાતના સંતો અખા-નરસિંહ મહેતા-ઇત્યાદિનો પણ આવો જ અભિગમ દેખાય છે.

શૈવ દર્શનના પ્રકાર

પ્રાપ્ત સાહિત્ય અનુસાર શૈવ ફિલોસોફીના આઠ પ્રકાર અસ્તિત્વમાં છે. (૧) પાશુપત (૨) સિદ્ધાંત (૩) લાકુલીશા પાસુવત (૪) વિશિષ્ટા દ્વૈત

શૈવ (૫) વિશેષાદ્વૈત શૈવ (૬) નંદિકેશ્વર શૈવ (૭) રામેશ્વર શૈવ અને (૮) કાશ્મીરના અદ્વૈત શૈવ. પંચ અભિનવ વિભાગીકરણ પ્રમાણે ત્રણ પ્રકારની શૈવ શૈલી અસ્તિત્વ ધરાવે છે - (૧) દ્વૈત, (૨) દ્વૈતાદ્વૈત અને (૩) અદ્વૈત.

શૈવ દર્શનનો મૂળભૂત સિદ્ધાંત

શૈવ દર્શનનું મૂળ કાશ્મીરમાં રહેલું છે. આઠમી શતાબ્દીમાં વિકાસ પામેલા ત્રિક, માહેશ્વર, પ્રત્યભિજ્ઞ-ઈશ્વરીય દર્શન એવાં નામોથી જાણીતા થયેલ દર્શનને **'કાશ્મીર શૈવ દર્શન'**ના નામથી ઓળખવામાં આવે છે. 'પ્રત્યભિજ્ઞ' એટલે ઓળખવું-જાણવું. પોતાની જાતને જાણવું (To recognise oneself) એવો અર્થ **'પ્રત્યભિજ્ઞ'**થી અભિપ્રેત છે. આપણે 'પરમતત્ત્વ' ના પુત્રો છીએ, અર્થાત્ મૂળભૂતરુપે આપણે દિવ્ય છીએ, શુદ્ધ છીએ, ચૈતન્ય છીએ. પરંતુ આપણે અજ્ઞાનથી ઢંકાયેલ -આચ્છાદિત છીએ. આપણે પોતાને અનાચ્છાદિત કરવાના છે. માટે આ વિચારધારાને **'પ્રત્યભિજ્ઞ'** કહેવાય છે.

કાશ્મીર શૈવિઝમનો વિકાસ

ભગવાન શિવને પરમોચ્ચ તત્ત્વ માનનારા તત્ત્વદર્શનનો ઈતિહાસ અતિ પ્રાચીન છે. ભારતમાં શૈવિઝમની અનેક તત્ત્વદર્શીય પરંપરાઓનો વિકાસ થયો છે, પરંતુ ઉત્તરમાં કાશ્મીરમાં કેટલાક વિદ્વાનો દ્વારા નવમી શતાબ્દીમાં એક વિશિષ્ટ તત્ત્વદર્શન અસ્તિત્વમાં આવ્યું છે જે **'કાશ્મીર શૈવિઝમ'** અથવા **'પ્રત્યભિજ્ઞ દર્શન'**ના નામે પ્રસિદ્ધ છે.

એમ કહેવાય છે કે સ્વયં ભગવાન શિવે આગમોમાં દર્શાવેલ વિરોધાભાસી વિધાનોની સ્પષ્ટતા કરવા તેમ જ પ્રાચીન અદ્વૈતવાદ ઉપર પ્રહાર કરતાં દ્વૈતવાદનું ખંડન કરવા આ વિશિષ્ટ શૈવિઝમને પ્રગટ કર્યું હતું. વસુગુપ્ત નામક એક વિદ્વાન શ્રીનગરમાં મહાદેવ પર્વત ઉપર રહેતાં હતાં. એક રાત્રે ભગવાન શિવે તેને સ્વપ્નમાં આજ્ઞા કરી કે અમુક સ્થળે શીલામાં કેટલાક શ્લોકો આલેખેલા છે તેની તપાસ કરો. વસુગુપ્તે બતાવેલ સ્થળે તપાસ કરતાં પથ્થર ઉપર ૭૭ શ્લોકો કોતરાયેલ જોયા. તેમણે આ શ્લોકોને **'શિવ-સૂત્ર'** નામ આપ્યું. આ શિવ-સૂત્રોની વ્યાખ્યા કરી તેમણે તે પોતાના શિષ્યોને સમજાવ્યા, જે એક વિશિષ્ટ તત્ત્વદર્શનરૂપે પ્રસાર પામ્યું. આને જ 'કાશ્મીર શૈવિઝમ' અથવા 'પ્રત્યભિજ્ઞ દર્શન' કહેવાય છે. આને 'ત્રિક શાસન' પણ કહેવામાં આવે છે, કારણ કે દિવ્ય શિવ, શક્તિ અને આત્મા (Soul) એ ત્રણનું સામંજસ્ય તેમાં બતાવવામાં આવ્યું છે.

કાશ્મીર શૈવિઝમનું મુખ્ય સાહિત્ય 'સ્વચ્છંદ', 'નેત્ર' અને 'વિજ્ઞાન-ભૈરવ' નામક આગમોમાં પ્રાપ્ત થાય છે. પાછળથી કેટલાંક વિશિષ્ટ ગ્રંથો જેમાં (૧) વાસુગુપ્તનું શિવસૂત્ર (જે શીલા ઉપરથી પ્રાપ્ત થયેલું), (૨) વસુગુપ્તનું સ્પંદ સૂત્ર (તેમના મુખ્ય શિષ્ય કલ્લાટાનું સ્પંદ સૂત્ર વૃત્તિ સહિત) (૩) નવમી શતાબ્દીમાં થયેલ સોમાનંદની શિવદૃષ્ટિ અને ઉત્પલનું ઈશ્વરપ્રત્યાભિજ્ઞ મુખ્ય છે.

તેમના પછી દશમી શતાબ્દી (૯૫૦-૧૦૦૦ AD)માં થયેલ પ્રકાંડ વિદ્વાન અભિનવ ગુપ્તે લખેલ ઉત્પલના 'ઈશ્વર પ્રત્યાભિજ્ઞ' ઉપર વૃત્તિ અને તેમનું પોતાનું સ્વતંત્ર 'તંત્રલોક' અને 'પરમાર્થ સાર' અતિ પ્રસિદ્ધ થયેલ છે. આ સિવાય ક્ષેમરાજ (૯૭૫-૧૦૨૫ AD), ભાસ્કર અને વર્દરાજનું આ વિચારધારાનું અનોખું સાહિત્ય અવિસ્મરણીય છે.

વસગુપ્તનું અલંકાર શાસ્ત્ર (Aesthetics) પ્રસિદ્ધ છે. તેમની Classical Poetry મનને શાશ્વત શાંતિ પ્રદાન કરનારી છે. એ કાવ્યમાં શાંતરસની અદ્‌ભુત અભિવ્યક્તિ છે. શૈવ દર્શનની પરંપરા એ આગમ-, સ્પંદ અને પ્રત્યભિજ્ઞ છે. તે કુંડલિનીને મહત્ત્વ આપે છે. ''સ્પંદ'' એટલે શરીરમાં અનુભવાતું કંપન (Vibration). તેના કારણે જ્ઞાન (Recogntion)નો અનુભવ કરી શકાય છે. જેમ કેરીને વિશે જાણકારીથી કેરીની મીઠાશનો અનુભવ અલગ હોય છે તેમ આ દર્શન દ્વારા થતી અનુભૂતિ વિશિષ્ટ પ્રકારની છે.

'તંત્ર' એટલે Order અથવા System - એક ચોક્કસ ક્રમ. જેનો પદ્ધતિસર વિકાસ થયો હોય તેને 'Scientific Order' કહેવાય. 'મૃગેન્દ્ર તંત્ર' વગેરે ૬૪ પ્રકારનાં આગમો છે. કાશ્મીર શૈવિઝમની વિચારધારા મુજબ વેદોનુ મૂળ તત્ત્વ 'શિવ' છે.

'સ્પંદ'- એ સૂત્ર છે જેના પર કારિકા (Explanations) લખાયેલ છે. તેને 'વૃત્તિ' અથવા ટીકા કહેવાય છે. આ વૃત્તિ ઉપર 'વાર્તિક' (Commentary) એટલે કે ટીકા ઉપર ટીકા લખાયેલ છે. સ્પંદ સૂત્ર મૂળ (Originalō) છે. આમ સ્પંદ સૂત્ર-સ્પંદ વૃત્તિ અને સ્પંદ કારિકા તૈયાર થયેલ છે.

કાશ્મીર શૈવિઝમનું તત્ત્વદર્શન :

કાશ્મીર શૈવિઝમ- **'શૈવાદ્વૈત દર્શન'**ના નામથી પણ ઓળખાય છે. સોમાનંદે આપેલ **'શિવદૃષ્ટિ'** એ સૌપ્રથમ સુવ્યવસ્થિત પ્રતિપાદન કરવામાં આવેલું તત્ત્વજ્ઞાન હતું જે પછીથી કાશ્મિર શૈવિઝમની **'પ્રત્યાભિજ્ઞાન વિચારધારા'** તરીકે જાણીતું થયું. સોમાનંદે પોતાની પાયાગત રચના- 'શિવદૃષ્ટિ' રચી હતી જેમાં સાત અધ્યાયોમાં સાતસો શ્લોકો છે. તેમાં સ્પષ્ટ કહેલું છે કે ભગવાન શિવ એ પ્રાણીમાત્રનું મૂળ તત્ત્વ અને ઓળખરૂપ છે. તે સર્વ પ્રાણીમાં પ્રકાશિત છે. તે આનંદરૂપ તેમ જ ચેતનારૂપ છે. તેની સ્વતંત્ર ઇચ્છાને કોઈ અટકાવી શકે નહીં. અને તે પોતાના જ્ઞાન અને કર્મની સત્તા દ્વારા પ્રગટે છે.

આ વિચારધારા મુજબ મનુષ્ય મૂળભૂત રૂપે સ્વતંત્ર છે. સ્વાતંત્ર્ય એ વ્યક્તિનો મૂળભૂત સ્વભાવ છે, પરંતુ અજ્ઞાનનો પડદો મનુષ્યના સ્વાતંત્ર્યને ઢાંકી રાખે છે જેના કારણે તેનામાં રહેલ ઈશ્વરથી તે દૂર રહે છે. મનુષ્યે પોતાના અસલી સ્વરૂપને, પોતાના શાશ્વત, સર્વજ્ઞતા અને સામર્થ્યને ઓળખવા અજ્ઞાનના પડદાની ભીતર ઝાંકવું જોઈએ. 'સ્વ'ની ઓળખ એ ગુમાવેલું સ્વાતંત્ર્ય પાછું મેળવવાનો રસ્તો છે.

શિવ દર્શનનો મૂળભૂત સિદ્ધાંત :

'પરમ શિવ' અથવા 'મહેશ્વર' એ પરમોચ્ચ તત્ત્વ છે. મહેશ્વર એ સર્વજ્ઞ (Omniscient) અને સર્વ સમર્થ (Omnipotent) છે. તે સ્વતંત્ર છે તેથી સંપૂર્ણ વિશ્વને પ્રગટ કરવા માટે તે તેની બહારની કોઈ વસ્તુ પર નિર્ભર નથી. વિશ્વ એ તેનો પોતાનો વિચાર છે. તે સ્વયં પ્રકાશિત (Self luminous) અને 'આત્મનિર્ભર (Self sufficient) હોઈ બધા વિચારો અને કાર્યોને પૂર્વ નિયોજિત કરે છે. માટે સદ્જ્ઞાનના સાધનની તેને આવશ્યકતા નથી કારણ કે જેમ જ્યોતમાંથી કિરણો ફેલાય તેમ તે તેમાંથી સ્વયં સ્ફૂરે છે. તે વસ્તુલક્ષી (Objective) નથી પરંતુ કેવળ આત્મલક્ષી (Subjective) છે. શિવ અને શક્તિ બન્ને તત્ત્વો તેમાં સમાવિષ્ટ છે. તે બન્ને વચ્ચે અનન્ય અને અતૂટ આપસી સંબંધ છે જેને **'અવિનાભાવ સંબંધ'** એટલે કે અલગ ન કરી શકાય તેવો (Inseprable) સંબંધ કહેવાય છે. એ બન્ને તત્ત્વો મળીને એક આંતરિક કેન્દ્રબિન્દુ (Core) બને છે. જેમ પાણીમાં મીઠું ઓગળી જાય પછી તેને અલગ

ન કરી શકાય તેમ શિવ અને શક્તિ એ બે તત્ત્વોને જુદાં પાડી શકાય નહીં. **'શિવ'**ને પુરુષત્વનો ગુણ કહી શકાય, જ્યારે **'શક્તિ'** એ સ્ત્રીત્વનો ગુણ છે. એ બન્ને તત્ત્વોના મળવાથી સર્જન થાય છે. આ બન્નેનું ઐક્ય એ **'પરમશિવ'**નું પૂર્ણ સ્વરૂપ છે.

'શિવ' એટલે 'પ્રકાશ' અને 'શક્તિ' એટલે 'વિમર્શ'. પ્રકાશ + વિમર્શ અર્થાત્ પ્રકાશ અને વિમર્શનું આપસી રમણ (Play) એ સૃષ્ટિ છે. 'અવ્યક્ત'માંથી 'વ્યક્ત' બનવાની પ્રક્રિયા એ સર્જન (Creation) છે. 'વ્યક્ત'માંથી જ જીવ-જગત-ઈશ્વરનો ઉદ્ભવ છે. વાસ્તવમાં તત્ત્વતઃ એ 'પરમશિવ' જ છે.

પરમશિવ દ્વારા પોતાની ઈચ્છાથી ધારણ કરેલું આવરણ એ જ જીવ-જગત છે. હકીકતમાં 'પરમશિવ'ને કોઈ ઈચ્છા હોતી જ નથી- અહીં તેમની લીલાનો ભાવ છે. શિવ પોતાની ઇચ્છાથી લીલા માટે વ્યક્ત રૂપ બન્યા છે. શિવે સર્જન કર્યું છે. જેને માટે તેણે કોઈ સાધનનો ઉપયોગ કર્યો નથી. માટે તે 'જાદુઈ' (Magical) છે.

'આવરણ' એ સ્વૈચ્છક તિરોધાન (Concealment) છે. 'જીવ' પરમ ચૈતન્ય રૂપ છે, પરંતુ અજ્ઞાન-માયા-મલ કે અવિદ્યાના કારણે તે બધ્ધ (Bonded) બને છે. માટે આપણું લક્ષ્ય મુક્તિ છે. એટલે કે આવરણમાંથી અનાવૃત્ત થવાનું છે. અજ્ઞાનમાંથી જ્ઞાન તરફ જવાનું, વ્યક્તમાંથી અવ્યક્ત બનવાનું છે. માટે કહેવાયું છે- **'તમસો મા જ્યોતિર્ગમય'**- અંધકારમાંથી પ્રકાશમાં જવું. જ્યારે સીમિતતા દૂર થાય ત્યારે 'મુક્ત' થવાય. પ્રકાશની analogy બધા જ દર્શન પરંપરામાં છે. આ એક હકારાત્મક અભિગમ છે. જ્યારે બધ્ધ અવસ્થામાંથી મુક્ત થવાય ત્યારે પરમશિવના મૂળ તત્ત્વને પામી શકાય. આને **'પ્રત્યભિજ્ઞ'** કહેવાય. આને જ શ્રુતિમાં **'અહંબ્રહ્માસ્મિ'** કહેવાયું છે.

બધ્ધ અવસ્થામાંથી મુક્તિ તરફ કેવી રીતે જવાય?

આ વિચારધારા પ્રમાણે - સાધકના ત્રણ પ્રકાર બતાવવામાં આવ્યા છે. (૧) **પશુસાધક**, (૨) **વીર સાધક** અને (૩) **દિવ્ય સાધક.** દિવ્ય સાધક માટે કોઈ અવરોધ હોતો નથી, જ્યારે વીર સાધકને મધ્યમ વિભાગમાં ગણવામાં આવે છે - પશુ સાધક એ સામાન્ય કક્ષા છે. તે એકદમ ધીમી ગતિએ ચાલનાર

(With snail's speed) છે. તેના કરતાં વીર સાધક થોડી વધુ ગતિએ આગળ વધે છે જ્યારે દિવ્ય સાધક તેજ ગતિથી લક્ષ્ય તરફ જાય છે. જ્ઞાનેશ્વરીમાં પણ 'પીપિલિકા સાધક'નો ઉલ્લેખ કરવામાં આવ્યો છે - પીપિલિકા સાધક એટલે કીડીની ગતિએ ચાલનાર.

સાધનાના ત્રણ પ્રકાર બતાવવામાં આવ્યા છે. (૧) **ક્રમ**, (૨) **કોલ** અને (૩) **પ્રત્યભિજ્ઞ.**

ક્રમ સાધના - તેને શાક્તોપાસના અર્થાત્ શાક્તની ઉપાસના પણ કહેવાય છે, કારણ કે કુંડલિની એક શક્તિ છે. કુંડલિનીને જાગ્રત કરવા 'ગુરુ'ની આવશ્યકતા પડે છે, કારણ કે ઉર્ધ્વગમન માટે 'ગુરુ' જરૂરી છે. ગુરુ વગર જ્ઞાન મળી શકે નહીં. ગુરુ દીક્ષા-મંત્ર-યંત્ર દ્વારા શિષ્યનું ઉર્ધ્વગમન કરાવે છે.

ગુરુ એક એવું વ્યક્તિત્વ છે, જેણે ઈશ્વરને આત્મસાત કરેલો હોય છે. માટે જ ગુરુને 'પરમશિવ'ની ઉપાધિ આપવામાં આવી છે. તેને ઈશ્વર કરતાં પણ વધુ મહત્ત્વ આપવામાં આવ્યું છે- 'શિવ'થી પણ ઉચ્ચ સ્થાને 'ગુરુ' હોય છે. એમ પણ કહી શકાય કે શિવ ગુરુના રૂપમાં પૃથ્વી પર આવેલ છે. (Guru is said to be the highest incarnation). ગુરુ પાસે કામની પૂર્તિ માટે જવાનું હોતું નથી. ગુરુ શિષ્યોનું કે શિષ્ય ગુરુનું શોષણ કરે તે અભિપ્રેત નથી. સામાન્યતઃ આપણે દુઃખનું તત્કાલ નિરાકરણ ઈચ્છતા હોઈએ છીએ, પરંતુ આ શક્ય નથી. ગુરુ નૈતિક પથ પર ચાલવાની હિંમત અને શક્તિ આપે છે. ગુરુ આવું સામર્થ્ય ધરાવનાર હોવા જોઈએ. ગુરુ માટે કશું અશક્ય હોતું નથી. તે દીક્ષા આપે છે. દીક્ષા એ એક ઓળખપત્ર (Identity Card) સમાન છે, જે ગુપ્ત માર્ગમાં પ્રવેશ કરાવી આપે છે. તેમાં એક બીજમંત્રને શિષ્યના કાનમાં કહેવામાં આવે છે. બીજમંત્ર એ 'Secret formula' છે. એનાથી વ્યક્તિનું ગુરુ દ્વારા ઈશ્વર સાથે અનુસંધાન થાય છે. પ્રત્યેક મનુષ્યની ફ્રિકવન્સી-કંપનમાત્રા વિશિષ્ટ પ્રકારની હોય છે. પ્રત્યેક જીવ અલગ અલગ પ્રકારના હોય છે. પ્રત્યેક જીવ વિશિષ્ટ છે. માટે દરેકના માર્ગ પણ જુદા જુદા હોય છે. તેની અસર અલગ અલગ હોય છે. આ એક ગુપ્ત બાબત છે. જેને લાક્ષણિક રૂપે સમજવું જોઈએ. આપણે પોતે સમજવાનું હોય છે કે આપણે આગળ વધી રહ્યા છીએ કે નહીં. આપણું ઉર્ધ્વગમન આપણી વર્તણૂક અથવા વ્યવહારમાં પ્રતિબિંબિત થવું જોઈએ.

પ્રશ્ન થાય કે આપણે સુધર્યા કે નહીં, તે શા માટે જાણવું જરૂરી છે? બધ્ધમાંથી મુક્તિ શા માટે? મોક્ષનો હેતુ શું? શા માટે મોક્ષની ચિંતા કરવી જોઈએ? બધ્ધમાંથી મુક્ત થવાની યાત્રા શા માટે કરવાની? આ બધા પ્રશ્નોનો જવાબ એ છે કે ઉપર ગયા પછી જ ખબર પડે કે આ બધું શું છે. આપણી ક્ષમતા (Potential) કેટલી છે. અનુભવથી જણાય કે તે અગણિત છે. ઉર્ધ્વગમન થયા પછી ખબર પડે કે ઉચ્ચતમ કક્ષાએ પૂર્ણ સ્વાતંત્ર્ય (Absolute freedom) છે. ત્યાં કોઈ ઉપાધિ નથી. પરમ ચૈતન્ય, પરમ શિવ એટલે જ સંપૂર્ણ સ્વાતંત્ર્ય. સ્વાતંત્ર્ય પ્રાપ્ત થયા પછી જે ઈચ્છા થાય તે કરવું. જેમ ગીતામાં શ્રીકૃષ્ણે અર્જુનને કહેલું 'યથેચ્છસિ તથા કુરુ'. પરમ શિવ એટલે પરમ સ્વાતંત્ર્ય. આ 'કાશ્મીર શૈવિઝમ'નું લાક્ષણિક તત્ત્વ છે, તેની વિશિષ્ટ અસર છે. વ્યક્ત સ્તરે-ઘણી વિરોધાભાસી બાબતો દશ્યમાન થાય છે. પરમશિવ માટે કશું જ અશક્ય નથી. ત્યાં બધા જ પ્રશ્નો ઊકલી જાય છે.

આપણે બધા પશુ સમાન છીએ જ્યારે ગુરુ એક દિવ્ય વિભૂતિ છે. ગુરુ પરમાત્માનું રૂપ છે. ગુરુનું અવ્યક્ત સ્વરૂપ એ જ 'પરમશિવ'.

આપણું માનસિક વલણ એવું હોવું જોઈએ કે ઉપરોક્ત વિચારો આપણા હૃદયમાં પ્રવેશે. એમ કહેવાય કે ફર્શને સાફ કરી નાખો, બારીને ખોલી નાખી હવા આવવા દો. બધ્ધ અવસ્થામાંથી મુક્ત અવસ્થા પ્રાપ્ત કરવાની જ આ વાત છે.

કૌલ સાધના - સાંભવોપાય, જેમાં પંચમકાર સાધનાનો ઉલ્લેખ છે. આ પશુસાધક કે વીર સાધક માટે બતાવવામાં આવેલી સાધના છે.

ગૃહસ્થ માટેની સાધનાઃ અહીં ગૃહસ્થ એટલે પુરુષ અને સ્ત્રી બન્ને. એક સ્વામી, બીજી સ્વામિની. કાયા-વાચા-મનસા બન્ને એક બીજામાં ઓતપ્રોત હોય. બન્નેનું ઐક્ય હોય. ઋગ્વેદમાં વિવાહ સુક્તમાં કહ્યું છે - કે તમારે બન્નેએ પ્રેમાળ અને સાંત્વન પમાડે તેવી ભાષા બોલવી જોઈએ. પશુ સાધના એ ગૃહસ્થ માટે છે. વૈદિક કાર્યોમાં પત્નીનું અસ્તિત્વ આવશ્યક છે. સપત્ની એટલે જ સાગ્નેય. - સ્ત્રી-પુરુષનું ઐક્ય એટલે શિવ-શક્તિનું સામંજસ્ય. શક્તિ વગર શિવ શવ સમાન છે. સ્ત્રી-પુરુષ વચ્ચે શિવ-શક્તિ જેવો અભિગમ જરૂરી છે. શિવ સ્વાતંત્ર્ય રૂપ છે, તેમજ આનંદરૂપ છે.

પ્રકાશ એટલે **'અહં'** પ્રત્યય અને વિમર્શ એટલે **'ઇદં'** પ્રત્યય. જ્યારે વિમર્શ અર્થાત્ ઇદં પ્રત્યય ઓગળી જાય અને અહંમાં સમ્મિલિત થાય ત્યારે શિવશક્તિનું ઐક્ય સધાય છે, ત્યારે જ લીલા પ્રગટે છે અને આનંદનો અનુભવ થાય છે.

શિવ દર્શનમાં ઈશ્વર અને જગતને અનુક્રમે દર્પણ અને બિંબ રૂપે માનવામાં આવ્યા છે. ઈશ્વર દર્પણ છે, જ્યારે જગત તે તેમાં દેખાતા પ્રતિબિંબ રૂપ છે. આમ આ સંબંધ 'દર્પણ બિંબવત્' કહેવાય છે.

કાશ્મીર શૈવિઝમનું ચિંતન

આ વિચારધારા સૃષ્ટિના સર્જન અથવા ઉદ્ભવ માટે ૩૬ તત્ત્વોનો નિર્દેશ કરે છે. આ તત્ત્વોને ત્રણ વિભાગમાં વહેંચવામાં આવ્યાં છે-

(૧) શુદ્ધ તત્ત્વ (૨) શુદ્ધાશુદ્ધ તત્ત્વ (૩) અશુદ્ધ તત્વ.

(૧) શુદ્ધ તત્ત્વ : આના પાંચ વિભાગ છે.

(i) શિવ તત્ત્વ - જે આ વિચારધારાનું મુખ્ય તત્ત્વ છે, તેને **'પરસંવિત'** અથવા પરમોચ્ચ અને શુદ્ધ ચેતના કહેવાય છે. એ અદ્વૈતવાદના નિર્ગુણ બ્રહ્મરૂપ છે. અદ્વૈતમાં 'સગુણ' અને 'નિર્ગુણ એમ બે રૂપ સ્વીકારવામાં આવ્યાં છે, જ્યારે અહીં પાંચ રૂપનો વિચાર કરવામાં આવ્યો છે. આ પરસંવિત એ મૂળ અતિપ્રાચીન તત્ત્વ છે. તેમાંથી બીજાં બધાં તત્ત્વો ઉત્પન્ન થાય છે. તે અનાદિ અને અવર્ણનીય છે.

(ii) શક્તિ તત્ત્વ - એ મુખ્યત્વે પ્રથમ સ્પદંન છે. તે પરસંવિતનું પહેલું Vibration છે. તેનું મુખ્ય લક્ષ્ય આનંદ (Bliss) આપવાનું છે. અને સર્જનાત્મક પ્રક્રિયામાં તે મુખ્ય છે. તેનાથી જ અહં (હું) ચેતના ઉત્પન્ન થાય છે.

(iii) સદાશિવ તત્ત્વ - તે પરસંવિતનો વિકાસ છે જેમાં અહં (હું) અને ઇદમ્ (આ)ની સભાનતા ઉત્પન્ન થાય છે. અહીં અહં (હું) મુખ્ય રૂપમાં છે જ્યારે ઇદમ્ (Creation) એ સૂક્ષ્મ રૂપમાં હોય છે. સદાશિવ તત્ત્વ સર્જનની પ્રક્રિયામાં - **અહં ઇદમ્**ના સ્વરૂપે પ્રત્યક્ષ બને છે.

(iv) ઈશ્વર તત્ત્વ - અહીં 'ઇદમ્' (સર્જન) ચેતના અહં (હું)ની બરાબરીમાં સ્પષ્ટ થાય છે.

(v) શુદ્ધવિદ્યા તત્ત્વ - એ 'પરસંવિતા'નું પાંચમું તત્ત્વ છે. જેમાં 'ઇદમ્' (સર્જન) સ્પષ્ટરૂપે અસ્તિત્વમાં આવે છે.

આમ આ તત્ત્વોથી સૃષ્ટિના સર્જનના વિકાસ અને વૃદ્ધિની પ્રક્રિયા શરૂ થાય છે.

આ પાંચ તત્ત્વના સિદ્ધાંતને **'સકત્યાન્દ'** (Saktyand) કહેવાય છે.

(૨) શુદ્ધાશુદ્ધ તત્ત્વ

તેના છ વિભાગ છે જેને 'માયાન્દ' (Mayand) કહેવાય છે.

'માયા' એ 'શિવ'ની વિશિષ્ટ શક્તિ છે. જે અશક્યને શક્ય બનાવી શકે છે. અદ્વૈતવાદ મુજબ અજ્ઞાન પ્રગટ કરનારી એ ભ્રાંત શક્તિ (Illusory power) નથી, પરંતુ વાસ્તવિક શક્તિ છે. જે શિવને આવૃત કરી નામ અને રૂપના વિવિધ ભેદ ઉત્પન્ન કરે છે. માયા દ્વારા પાંચ પ્રકારના આવરણથી આવૃત્ત થવાથી શિવની શક્તિ મર્યાદિત બને છે જેના કારણે તે જીવાત્મા સ્વરૂપે (Individul soul) પ્રગટ થાય છે અને કાલ, નિયતિ, રાગ, વિદ્યા અને કલાથી ગ્રસ્ત થાય છે.

(૩) અશુદ્ધ તત્ત્વ

આ ૨૫ પ્રકારનાં છે. પ્રકૃતિથી શરૂ થતાં આ તત્ત્વોમાં સમૂહને 'પ્રકૃત્યાન્દ' કહેવાય છે. પ્રકૃતિમાં ત્રણ તત્ત્વો-સત્વ, રજસ અને તમસ એક સમન્વયાત્મક સ્વરૂપે રહેલ છે. જ્યારે તે તત્ત્વોનું સમતોલપણું ડગે છે ત્યારે ક્રમશઃ બુદ્ધિ, અહંકાર, માનસ વગેરેની પ્રક્રિયા પ્રગટ થાય છે.

અન્ય તત્ત્વો છે-

પાંચ જ્ઞાનેન્દ્રિય - આંખ, કાન, નાક, જીભ અને ચામડી.

પાંચ કર્મેન્દ્રિય - મુખ, હાથ, પગ, ઉપસ્થ, ગુહ્યદ્વાર.

પાંચ તન્માત્રાઓ- શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ.

તેમ જ પંચ મહાભૂત- પૃથ્વી, જલ, વાયુ, તેજ અને આકાશ જેમના સંમિલનથી ઉપરોક્ત તન્માત્રા ઉત્પન્ન થાય છે.

આ સમગ્ર તત્ત્વો સર્જન માટે કારણભૂત બને છે.

PA21

આ વિચારધારાના મુખ્ય મુદ્દા

(૧) સૃષ્ટિ - શિવ શક્તિના વિકાસ દ્વારા તેનું સર્જન થાય છે.

(૨) જીવાત્મા (Individual Soul) સર્જન (Creation)ની સ્થિતિમાં જે બધ્ધ અવસ્થામાં હોય છે તે વાસ્તવમાં 'શિવ' સ્વયં જ છે.

(૩) સર્જનના નિમિત્ત રૂપ જે મુખ્ય તત્ત્વો છે તેની સંખ્યા છત્રીસની છે- નહીં કે સાંખ્ય માને છે તેમ પચ્ચીસ.

આ જગત એ શિવ દ્વારા સર્જિત હોઈ, તે તેનાથી અલગ નથી પરંતુ તે તેનું બીજું સ્વરૂપ છે. આને કારણે આ વિચારધારા ભેદાભેદના સિદ્ધાંતને સ્વીકારે છે. જીવાત્મા (Individual Soul) જેને પાસું (Bounded Soul) કહેવાય છે તે વાસ્તવમાં શિવ પોતે જ છે.

'પ્રત્યાભિજ્ઞ'ના અભ્યાસથી જીવ પોતાના આવરણને દૂર કરી શિવે સાથે એકા[illegible] આને જ મુક્તિ (Liberation) કહેવાય છે.

શ્રી વલ્લભ પુસ્તકાલય
કાંદિવલી મુંબઈ
સુખધામ : ૨૮૦૧૨૮૩૦
સુરેન્દ્ર જ શાહ : ૯૮૩૩૨૭૨૩૮૩
ક્રિષ્ણાબેન શાહ : ૭૫૦૬૦૮૭૪૬૨
No. P ૫૨)

PA21

આ વિચારધારાના મુખ્ય મુદ્દા

(૧) સૃષ્ટિ - શિવ શક્તિના વિકાસ દ્વારા તેનું સર્જન થાય છે.

(૨) જીવાત્મા (Individual Soul) સર્જન (Creation)ની સ્થિતિમાં જે બધ્ધ અવસ્થામાં હોય છે તે વાસ્તવમાં 'શિવ' સ્વયં જ છે.

(૩) સર્જનના નિમિત્ત રૂપ જે મુખ્ય તત્ત્વો છે તેની સંખ્યા છત્રીસની છે- નહીં કે સાંખ્ય માને છે તેમ પચ્ચીસ.

આ જગત એ શિવ દ્વારા સર્જિત હોઈ, તે તેનાથી અલગ નથી પરંતુ તે તેનું બીજું સ્વરૂપ છે. આને કારણે આ વિચારધારા ભેદાભેદના સિદ્ધાંતને સ્વીકારે છે. જીવાત્મા (Individual Soul) જેને પાસું (Bounded Soul) કહેવાય છે તે વાસ્તવમાં શિવ પોતે જ છે.

'પ્રત્યાભિજ્ઞ'ના અભ્યાસથી જીવ પોતાના આવરણને દૂર કરી શિવે સાથે એકા [illegible] આને જ મુક્તિ (Liberation) કહેવાય છે.

શ્રી વલ્લભ પુસ્તકાલય
કાંદિવલી મુંબઈ
સુખધામ : ૨૮૦૧૨૮૩૦
સુરેન્દ્ર જ શાહ : ૯૮૩૩૨૭૨૩૮૩
ક્રિષ્ણાબેન શાહ : ૭૫૦૬૦૮૭૪૬૨
No. P ૫૨૧